
॥ હરિઃૐ ॥



# જીવન અનુભવ ગીત

પૂજ્ય શ્રીમોટા હરિઃૐ હરિઃૐ આશ્રમ-સુરત

પૂજ્ય શ્રીમોટા

॥ હરિઃૐ ॥

પૂજ્ય શ્રીમોટા
વિરચિત

# જીવનઅનુભવગીત

હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત

❑ પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, (સ્થાપના વર્ષ ૧૯૫૬)
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫.
ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪
Email : hariommota1@gmail.com
Website : www.hariommota.org

© હરિઃૐ આશ્રમ, સુરત, નડિયાદ.

❑

| **આવૃત્તિ** | **વર્ષ** | **પ્રત** | **આવૃત્તિ** | **વર્ષ** | **પ્રત** |
|---|---|---|---|---|---|
| પ્રથમ | ૧૯૭૧ | ૧૨૫૦ | ત્રીજી | ૨૦૦૭ | ૨૫૦ |
| બીજી | ૧૯૯૮ | ૧૦૦૦ | ચોથી | ૨૦૧૨ | ૧૦૦૦ |

❑ પૃષ્ઠ : ૧૬ + ૪૮૪ = ૫૦૦

❑ કિંમત : **રૂ. ૨૫**/-

❑ **પ્રાપ્તિસ્થાન :**
હરિઃૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫
હરિઃૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧

❑ મુદ્રણશુદ્ધિ : **જયંતીભાઈ જાની,** ફોન : (૦૭૯) ૨૬૬૧૨૭૨૮

❑ ડિઝાઈનર : **મયૂર જાની,** મો. : ૯૪૨૮૪૦૪૪૪૩

❑ ટાઈપસેટિંગ :
**અર્થ કૉમ્પ્યૂટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટૅક્સ, અમદાવાદ-૧૪, ફોન : (૦૭૯) ૨૭૫૪૩૬૯૯

❑ મુદ્રક :
**સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨
ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

॥ હરિઃૐ ॥

# સમર્પણાંજલિ

## (ચોથી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટા પ્રત્યેના સમર્પણ અને ભક્તિભાવથી રંગાયેલા, હરિઃૐ આશ્રમ, સુરત સાથે, મુ. શ્રી ઝીણાકાકા સાથે અતિ નિકટથી સંકળાયેલા, હંમેશાં સપરિવાર આશ્રમની મુલાકાત લેનારા, પોતાનાં બાળકોમાં પણ ભક્તિના સંસ્કારો ઊંડા ઉતારનારા, સ્વભાવે શાંત અને સૌજન્યશીલ, નમ્ર એવા મુ. પો. નરોલી, દાદરાનગર હવેલીના રહેવાસી

**શ્રી મહેન્દ્રસિંહ ઉમેદસિંહ વનાથ**

તથા તેમનાં ધર્મપત્ની

**શ્રીમતી રંજનબહેન મહેન્દ્રસિંહ વનાથ**ને

**'જીવનઅનુભવગીત'**ની આ ચોથી આવૃત્તિ સમર્પિત કરતાં અમો આનંદની લાગણી અનુભવીએ છીએ.

પૂજ્ય શ્રીમોટાનો ૧૧૫મો જન્મદિન
ભાદરવા વદ ચોથ, સં. ૨૦૬૮
તા. ૪-૧૦-૨૦૧૨

**ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ,
સુરત

॥ હરિઃૐ ॥

# ‘જીવનઅનુભવગીત’ને
# પુષ્પાંજલિ

(પ્રથમ આવૃત્તિ)

અહો !

મોટા, તમે ગાઈ ‘સ્મરણ’ સંહિતાઓ !
પ્રબળ પ્રેમભક્તિ વિરલ કથાઓ !

શાં કઠિન તપ તપ્યા : કહે છે ‘કવન’ આ !
કસોટીએ ચઢી, કુંદન ઠર્યું જીવન અહા !

ધરી નૈવેદ્ય નવલાં ‘ચરણ’ દેવતાને-
કીધા પ્રસન્ન : કે વહી જ્ઞાનધારા !

હૃદય કૈં રસાવ્યાં, કૈં જીવન ફળાવ્યાં !
સંસારનાં કંઈક કિલ્મિષ વળાવ્યાં !

શી સાધના વિરલ, શિવદૃષ્ટિ પામ્યા !
નવયુગ પ્રીછી, વિભુમાં વિરામ્યા !

- **રતિભાઈ ભાવસાર**

॥ હરિઃૐ ॥

## • સપ્રેમ ભાવાંજલિ •

## (પ્રથમ આવૃત્તિ)

## શ્રી ચીમનલાલ દ્વારકાદાસ શાહને

(અનુષ્ટુપ)

કેવા સંબંધ તેં બાંધી આપ્યા છે જીવને મને,
તે ઉપયોગમાં આવ્યા કેવાયે ખપમાં ખરા ! ૧
બાંય પકડીને મારી કેવી ઓથ દીધી મને !
જાણે આકાશમાંથી શી વર્ષાને વરસાવી છે ! ૨
હિંમત, ખંત, કુનેહ, સાહસ, ધૈર્ય, ઉદ્યમ,
એવા અંકિત ગુણોથી કેવું રંગીન જીવન ! ૩
કેવી મુશ્કેલીમાંયે શા સ્વસ્થતા ધારીને હૃદે,
ગભરાયા વિના ગૂંચ મથ્યા ઉકેલવા પથે ! ૪
નીચેથી છેક શા ઊંચે પ્રયત્ને નિજ આવિયા !
દક્ષતા વ્યવહારેયે કરી છે કેવી વાપર્યા ! ૫
સત્કાર્યમાં મને કેવી આપમેળે જ પ્રેમથી,
અણધારેલી શી મોટી પ્રેરી મદદ આપથી ! ૬
ભાવ મારી પરે કેવો દાખવીને ખરેખરો,
પ્રભુપ્રીત્યર્થના યજ્ઞે આહુતિ કેવી આપી છે ! ૭
દોષ ને ગુણ બંનેયે પ્રત્યેક માનવી વિશે,
કિંતુ ગુણાનુરાગી થૈ નવાજ્યા દિલ તેમને ! ૮
કર્મને બિરદાવીને કર્મયજ્ઞ ફળાવવા,
કેવા ઉમળકાયે તે મને ટેકા રૂપે થયા ! ૯
તમે પ્રેરાવી છે સ્હાય અણધારી, અકલ્પ્ય જે,
પ્રભુની અણમોલી તે પ્રસાદી ગણું હું હૃદે ! ૧૦
એવા તે પ્રિય બંધુને હૈયાના ભાવથી કરી,
ભેટ નાનકડી અર્પું **આ** ભાવાંજલિ પ્રેમથી ! ૧૧

**— મોટા**

## ॥ હરિઃૐ ॥

# લેખકના બે બોલ

## (પ્રથમ આવૃત્તિ)

આ જીવના શરીરને આરામની જરૂર હતી અને ખાસ કરીને **'જીવનગીતા'**ની ત્રીજી આવૃત્તિ જે હવે છપાવવાની છે, તેમાં કેટલાક શ્લોકોનું વધારે સ્પષ્ટીકરણ કરવાનું દિલ પણ હતું. તેથી, એવું કોઈક એકાંત મળે કે જ્યાં કોઈ મને મળવા-કરવા ન આવી શકે, તો જ મારાથી તેવું બધું લખાઈ શકાય, કારણ કે આશ્રમમાં તો જે તે બધાં મળવા આવ્યા જ કરે અને તેથી નડિયાદ, સુરત આશ્રમમાં તેવું લખાઈ શકવાનું તો બને જ નહિ. તેથી કરી અમે દક્ષિણ ભારતમાંના હરિઃૐ આશ્રમે, કુંભકોણમ્ જવાનું નક્કી પણ કરી દીધું હતું જ.

તેવામાં સંજોગોવશાત્ અમારે શ્રી રમણભાઈ અમીન (એલેમ્બિકવાળા)ને ત્યાં વડોદરા તેમને બંગલે જવાનું થયું અને અમારા કુંભકોણમ્ આશ્રમ જવાની વાત નીકળી, અને તેનો હેતુ પણ કહ્યો. ત્યારે તેમણે સૂચવ્યું કે એવી જ સગવડ તમને મહી નદીને કિનારે ફાજલપુર ગામે અમારો એક બંગલો તદ્દન એકાંતમાં છે, તે તમે જોઈ જુઓ અને ફાવે તો ત્યાં જ રહો.

તે ઉપરથી અમે ત્યાં ગયા અને અમને તે જગા પસંદ પડી. શ્રીભગવાન કેવો કૃપાળુ છે કે એણે ઘર બેઠાં જ બધી સગવડ કરી આપી !

તા. ૨૨-૧૨-૧૯૭૦ની સવારે સાડા છ વાગ્યે અમે તે ઠેકાણે પહોંચ્યા. મારો વિચાર તો **'જીવનગીતા'**ના શ્લોકોનું સ્પષ્ટીકરણ કરવાનો જ હતો, ત્યાં તો મને તે દિવસની સવારના સાત વાગ્યાથી ગઝલો સ્ફુરવા લાગી અને તા. ૨૨-૧૨-૧૯૭૦ થી તા. ૧૨-૧-

૧૯૭૧ સુધીના ૨૨ દિવસોમાં દરરોજ સવારે કદીક સાત તો કદીક સાડા સાતથી તે સવારના સાડા નવ સુધી તે ગઝલો સ્ફુર્યાં કરતી અને લખાતી જતી. તેનો આ સમુચ્ચય છે. એનું નામ મેં રાખ્યું છે **'જીવનઅનુભવગીત'** ! કારણ કે એમાં શ્રીપ્રભુકૃપાથી મારા જીવનમાં જે ભાવે, જે રીતે અને જે પ્રતીકથી મારા વહાલા પ્રભુને ભજ્યા છે, તે તે રીતે વ્યક્ત થતાં કરેલાં મને અનુભવાયાં છે.

ચરણની આ જીવે અનેક રીતે અને અનેક ભાવે પ્રેમભક્તિ કરી છે. તે ઉપરાંત, સ્મરણના એકનિષ્ઠભાવે, તે સાધનને, શ્રીપ્રભુકૃપાથી દોહરાવ્યું છે.

'ચરણ' એ તો એક સૂક્ષ્મ પ્રતીક તરીકે વપરાયેલું છે. જેમાં સામસામી બાજુનાં તદ્દન વિરોધાત્મક ગુણો-લક્ષણોનો સમન્વય થતો હોય, તેને જ સાચો અનુભવ ગણાય અને 'ચરણ'માં પણ એવી સામસામી બાજુનાં પરસ્પર વિરોધી લક્ષણોનો પ્રત્યક્ષ સમન્વય થયેલો હોય છે.

શરીરનાં દર્દની ગાથાને પણ એ જ ભાવે જેમ સ્ફુર્યા છે તેમ તે લખ્યે ગયો છું. હુકમ તથા આ જીવનની બીજી એવી ભાવનાની ભૂમિકાની ગઝલો જેમ જે સ્ફુરેલી છે, તેમ તેનો પણ આમાં સમાવેશ થયેલો છે.

રોજની વીસ ઉપરાંત પણ ગઝલો સ્ફુરતી અને તે લખતો ગયેલો છું. અમારી સાથે શ્રી રામભાઈ તથા શ્રી નંદુભાઈ હતા. આ જે ગઝલો છપાઈ છે, તે જેમની તેમ જ છે. જેમ સ્ફુરી અને જે ઝડપથી તે લખાતું ગયું, તેને તેના તે જ રૂપમાં તેમની તેમ જ રહેવા દીધી છે. તેમાં કશા જ સુધારાવધારા કરેલા નથી. આને હું કાવ્યમાં ગણતો નથી. આ તો મારા દિલના ભાવનો માત્ર આછોપાતળો રણકો-

રણકાર છે. મારા ભગવાનને મેં તે પ્રેમભક્તિભાવે નિવેદિત કર્યું છે.

વળી પાછું તે સાવ અંગત છે અને તે સમાજ નારાયણનાં ચરણકમળે એક હૃદયની પ્રેમાંજલિ-ભાવાંજલિ તરીકે નમ્રભાવે પુષ્પની જેમ મૂકું છું, જે મારો વહાલો સ્વીકારી લેશે એવી પ્રાર્થના છે.

મારા સ્નેહી ભાઈ રતિભાઈ સો. ભાવસારને મેં વડોદરામાં **'જીવનઅનુભવગીત'** જે છપાય છે, તેનાં પ્રૂફ જોવાને લખ્યું હતું. અને મેં એમને તો મારા દિલના ખરા ભાવે લખ્યું હતું કે આ મારાં જોડકણાં છે અને સાચે જ એને કાવ્યની કોટિમાં તો મૂકી જ ન શકાય. તેવા લખાણ ઉપરથી સ્નેહી ભાઈ રતિભાઈએ એના પ્રત્યુત્તરમાં જે લખ્યું છે તે નીચે ઉતાર્યું છે, જેથી, વાચકને આ જોડકણાંની બીજી બાજુનો પણ ખ્યાલ જાગી શકે.

'...અને ખરું કહું તો, આધ્યાત્મિક પરિપાટીનાં-જ્ઞાનભક્તિ-પૂર્વકનાં આ અનુભવગીતો વાંચતાં ભાવવિભોર બની જવાય છે ! પૂજ્યશ્રી ભલે આ જીવન-કવનને 'જોડકણાં' ગણતા હોય ! પણ, હું તો આ કૃતિઓને જ 'ખરી કવિતા' કહું છું.

કેમ કે, હૃદયના ભાવમય ઉદ્‌ગારોના ચિત્રનું જ બીજું નામ कविता એમ સમજું છું. કશાક કારણસર, કોઈ વસ્તુનો હૃદય ઉપર પ્રભાવ પડતાં જ્યારે હૃદયના ઉમદા ભાવ હૃદયમાં સમાતા નથી ત્યારે તે છંદબદ્ધ શબ્દોનું રૂપ ધારણ કરી અનાયાસે બહાર નીકળી આવે છે. એ જ गीत કે कविता !

કવિતાનું ઉદ્‌ગમસ્થાન હૃદય છે, મગજ નહિ ! એની ભાષા અને એની ઢબછબ પણ ખુદ હૃદયની આગવી અને અનોખી હોય છે ! અને એટલે જ આવાં ભાવવાહી કાવ્યોને સોહામણા શબ્દોની, ઝળઝમકની કે કસબ-કારીગરીની કશી ગરજ હોતી નથી તેમ જ કાવ્યશાસ્ત્રના તંતોતંત નિયમોની પણ બહુ પડી હોતી નથી !

આ અર્થમાં, પૂજ્યશ્રીની આવી રચનાઓ જ સહજ-સરળ 'આધ્યાત્મિક સાહિત્ય કૃતિઓ' ઠરે છે. મારી ઉપરના પત્રમાં પૂજ્યશ્રીએ આ કૃતિઓને 'જોડકણાં' કહ્યાં છે, એ તો એમના દિલનો નમ્ર ભાવ સૂચવે છે. બાકી, ખરું જોતાં, પ્રભુની સ્મરણભક્તિ, આત્મ નિવેદન, દુઃખ-દર્દોની સહેતુકતા, અનન્ય શરણભાવ, સમર્પણભાવ અને હૃદયની ભાવુકતાના આ સ્વયં અનુભવિત અને સ્વયં સ્ફુરિત ઉદ્દ્ગારોમાં જ ઊંચામાં ઊંચી કળા અને સત્યનું સૌંદર્ય દેખાઈ આવે છે ! મણિના અંદરના ભાગમાંથી સ્વયં પ્રકાશિત તેજ જેવું !

સાચે જ, શુદ્ધ, સજ્જ અને સમૃદ્ધ ચિત્તની બીજરૂપ અવસ્થાઓનું યથાર્થ નિરૂપણ કરતી આ કાવ્ય કૃતિઓનું દસ્તાવેજી મૂલ્ય ઘણું મોટું છે !

જોકે, એટલી વાત સાચી કે આમાં જીવનવિકાસની ઉચ્ચતર ભૂમિકાનાં સોપાનની જે અનુભવાત્મક હકીકત છે, તેની તો આ માર્ગના પથિકોને સમજણ પડ્યા વગર રહેશે નહિ.

આ સાથે એક બીજી વાત પણ જણાવું:-નડિયાદ, હરિઃૐ આશ્રમના મૌનમંદિરમાં શ્રીમતી પુષ્પાબહેન દલાલે પ્રેમભાવે રોજના છસાત કલાકનું તપ કરીને આ બધી ગઝલો સારા અક્ષરે ઉતારી આપી છે.

પુષ્પાબહેનના મારા ઉપરના આવેલા એક કાગળમાં (આ ગઝલો ઉતારતાં ઉતારતાં) તેમણે લખ્યું છે, 'જીવનતર્પણના ઈતિહાસ સમાં કાવ્યો ઉતારવાનું કામ ચાલુ છે. ગઝલો ઉતારતાં મને ખૂબ આનંદ આવ્યો છે. ભાવમસ્તી પણ પ્રગટ્યાં છે. ગઝલો ઉતારતાં ઉતારતાં કોઈક વાર આંખમાંથી અશ્રુઓ પણ સર્યાં છે...લખતાં લખતાં, ફરી ફરી તે ગાતાં,જે ભાવ-આનંદ જાગ્યા છે, તે તો અનેરા છે. મારે મન તો તે સહુથી મોટો પુરસ્કાર છે...સહુથી અમૂલ્ય તો આ ગાળામાં મને મળેલો આનંદ જ છે.'

વળી, તેમને શરીરે કરોડરજ્જુના મણકાની ગાદી ખસી ગયેલી હોવાથી અને તે દર્દમુક્તિ માટે બે વાર તો નસ્તરની પ્રક્રિયા થયેલી છે, તે કારણથી તેમનાથી અડધા કલાકથી વધારે બેસી શકાય તેવું હતું નહિ. તેમ છતાં તે લખે છે કે 'રોજ ૬ થી ૭ કલાક પલાંઠી મારીને-વાળીને લખવાનું થતું હતું. પલાંઠી મારીને આટલા કલાક થાક્યા વગર લખવું, તે મારી શક્તિની બહાર છે !' આ ઉતારો લખવાનો હેતુ તો એ છે કે આ ગઝલો એટલી સરળ છે અને મારા જીવનની ભાવનાની ભૂમિકાનો અસલ-અદ્દલ પડઘો તેમાં શ્રીપ્રભુકૃપાથી પડેલો છે. પુષ્પાબહેન દલાલ આવા મારા જીવનના તેવા તબક્કાનાં જરાતરા માહિતગાર અને જાણકાર પણ છે અને આ ગઝલો એમને તેવો ભાવ જગાડી ગઈ છે, તે જાણી મને પણ હૃદયમાં રાજીપો જ થયો છે.

મૂળે-ગળથૂથીમાં જ વૈષ્ણવ કુટુંબના આચારવિચાર તેથી ચરણના મહિમાના સંસ્કાર દિલમાં તો ખરા જ. તેથી, ચરણની પ્રેમભક્તિ જીવનમાં એની કૃપાથી પ્રગટી અને એને વાચાથી વ્યક્ત થયાનું બન્યું, તે પણ શ્રીપ્રભુકૃપા જ છે. એવું જ બીજા પ્રકારની ગઝલોનું.

આ જોડકણાંથી કોઈ વાચકને થોડોઘણો પણ આનંદ પ્રગટશે, તો આનંદ પામીશ. બાકી, મેં તો ગાયું છે માત્ર મારે માટે જ. અને શ્રી રમણભાઈએ 'મોટા, અમારે માટે પણ કશુંક છાપવાનું કામ રાખજો જ !' અને એવી એમની ભાવભરી પ્રેમયુક્ત માગણીથી પ્રેરાઈ આ ગઝલો છપાવવાનું કર્યું છે.

ક્યાંક માત્ર ત્રણચાર ઠેકાણે ગઝલની લઢણમાં ટૂટ પડે છે, તે પણ નહિ જ જેવી, જે માટે સુજ્ઞ વાચકો ક્ષમા કરશે.

આ બધી ગઝલો જેમ લખાયે ગઈ છે, તેમની તેમ જ એ સર્વને છપાવી છે. ક્યાંય જરા સરખો પણ સુધારો તો કર્યો જ નથી.

શ્રી રમણભાઈ અમીને આ ગઝલો પુસ્તકાકારે છપાવી આપવાનું જે ભાવથી સ્વીકાર્યું છે, તે કાજે તો તેઓશ્રીનો ઋણી છું જ ! પરંતુ તે ઉપરાંત, અમને મહીસાગરને કિનારે તદ્દન એકાંતમાં એમના સગવડભર્યા બંગલે અમને જે સગવડ મળી છે, તેનો તો ઉપકાર કયા મોઢે કથું કે કઈ કલમે લખું ? તેમણે તથા શ્રીમતી ધીરજબહેને અમારી જે પ્રેમસંભાળ લીધી છે, એને હું તો શ્રીપ્રભુની પરમ કૃપાનું પ્રત્યક્ષ દર્શન-અનુભવ તરીકે સ્વીકારીને તે બંનેનો હૃદયથી આભાર માનું છું.

ભાઈશ્રી રમેશ ભટ્ટે આ બધી ગઝલોને ક્રમબદ્ધ કરી આપી અને શ્રી પુષ્પાબહેન દલાલે પ્રેમભાવે સારી રીતે ઉતારી આપી, તે કાજે તે બંનેનો ખરેખરા હૃદયથી આભાર માનું છું.

ઉપરાંત, શ્રી રતિભાઈ ભાવસારે ખૂબ પ્રેમભાવે આ પુસ્તકનાં પ્રૂફ તપાસવાનું સ્વીકારીને અમોને ઘણા સહાયરૂપ થવા માટે તેમનો પણ ખરા હૃદયથી ઘણો આભાર માનું છું.

હરિઃૐ આશ્રમ, સુરત — **- મોટા**

તા. ૫-૩-૧૯૭૧

॥ હરિ:ૐ ॥

# નિવેદન

## (બીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાએ પોતાની સાધનાકથા આશરે છ હજાર જેટલી ગઝલો દ્વારા આલેખી છે. એનાં ઓગણીસ પુસ્તકો પૈકી સૌથી પ્રથમ પ્રગટ થયેલ પુસ્તક **'જીવનઅનુભવગીત'**ની બીજી આવૃત્તિ પ્રગટ કરતાં આનંદ થાય છે.

**'જીવનઅનુભવગીત'** પુસ્તકનું મુદ્રણશુદ્ધિનું કાર્ય ઉમંગથી, ખંતથી, ભાવપૂર્વક અને ચીવટથી શ્રી જયંતીભાઈ જાનીએ કરી આપ્યું છે. તેમના આવા સદ્‌ભાવભર્યા સહકારની કદર કરીએ છીએ અને હૃદયપૂર્વક તેમનો આભાર માનીએ છીએ.

પૂજ્ય શ્રીમોટાના આ પ્રકારની શ્રેણીના ગ્રંથોની આવરણ ડિઝાઇન ખૂબ જ ઉત્સાહથી અને આકર્ષક રીતે તૈયાર કરી આપનાર શ્રી મયૂરભાઈ જાનીનો અમે હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

ટાઈટલને ચાર રંગમાં છાપી આપવા બદલ સાહિત્ય મુદ્રણાલયના નિયામકો શ્રી શ્રેયસભાઈ પંડ્યા તથા શ્રી યજ્ઞેશભાઈ પંડ્યાનો અમે હૃદયપૂર્વક આભાર માનીએ છીએ. આ પુસ્તકના પ્રકાશનખર્ચમાં શ્રી સી. ડી. શાહ પરિવારે આર્થિક સહયોગ આપ્યો છે, તે સાભાર ઉલ્લેખનીય છે.

પૂજ્ય શ્રીમોટા, આ પુસ્તકોના પ્રકાશન અને વેચાણ વખતે કહેતા હતા કે ભવિષ્યમાં આ પુસ્તકોનું મૂલ્યાંકન થશે. ભાવિ પેઢીને એનું મુદ્રણરૂપ સુલભ બનાવી આપવાનો હરિ:ૐ આશ્રમનો ઉદ્દેશ છે. આ પુસ્તકની ગુણવત્તા અને મૂલ્યનો સ્વીકાર કરીને આ પુસ્તક દરેક પરિવાર ખરીદે તો હવે પછીની પેઢી ઉપર પણ ઉપકાર કર્યો ગણાશે. અમને શ્રદ્ધા છે કે શ્રેયાર્થીઓ તથા પૂજ્ય શ્રીમોટાનાં સ્વજનો અને ચાહકો આ પુસ્તક તથા આ પ્રકારનાં અન્ય પુસ્તકો ખરીદી લેશે.

હરિ:ૐ આશ્રમ, **સી. ડી. શાહ**
નડિયાદ. મૅનેજિંગ ટ્રસ્ટી
તા. ૬-૧૨-૧૯૯૭

॥ હરિઃૐ ॥

# નિવેદન (ચોથી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાએ શ્રીપરમાત્માની પ્રાપ્તિ અર્થે જીવનમાં જે સાધના કરી છે, તેના ઈતિહાસની એક કડી એટલે- **જીવનઅનુભવગીત**. શ્રીભગવાનના જ શરણે અને સહારે સહારે પૂજ્યશ્રી જીવનમાં કેટકેટલું પામી ગયા, પણ વહેવારમાં તે કેવી રીતે કરી શક્યા તેનો ઉલ્લેખ તેઓશ્રીએ અત્રે સરળ ભાષામાં રજૂ કર્યો છે. પૂજ્યશ્રીની લેખનશૈલી એકદમ સરળ અને સૌ કોઈ સમજી શકે એવી છે.

અત્યંત ઉચ્ચ કોટિના સાહિત્યમાં સ્થાન પામી શકે એવું આ પુસ્તક સરળ ભાષામાં રજૂ થયેલું હોવાથી વાચકના હૃદયમાં ઊંડી છાપ મૂકી જાય છે. સમાજનાં ચરણે પોતાના જીવનની હકીકતોને અક્ષરશઃ રજૂ કરીને, આજના યુગના અંધારામાં અથડાઈ પડતા જનસમુદાયને ઈશ્વરના શરણે જવાનો સરળ માર્ગ બતાવીને પૂજ્ય શ્રીમોટાએ અમૂલ્ય માર્ગદર્શન આપ્યું છે.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય શ્રી જયંતીભાઈ જાનીએ પૂરા સદ્‌ભાવથી, ખંતથી અને ચોકસાઈપૂર્વક કર્યું છે, તે બદલ અમો તેમના ખૂબ આભારી છીએ.

સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુપ્રસાદ પંડ્યાએ પૂજ્ય શ્રીમોટા પ્રત્યેના ભક્તિભાવથી આ પુસ્તકનું મુદ્રણ કરી આપ્યું છે. તેઓશ્રીના આવા અમૂલ્ય અને ઉદારતાભર્યા સહયોગના કારણે જ પૂજ્ય શ્રીમોટાનો અક્ષરદેહ ઘણી ઓછી કિંમતે સમાજચરણે મૂકી શકીએ છીએ. શ્રી શ્રેયસભાઈ પંડ્યાના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

પૂજ્ય શ્રીમોટાનો ૧૧૫મો જન્મદિન — **ટ્રસ્ટીમંડળ,**
ભાદરવા વદ ચોથ, સં. ૨૦૬૮ — હરિઃૐ આશ્રમ,
તા. ૪-૧૦-૨૦૧૨ — સુરત

# અનુક્રમણિકા


| ખંડ | વિષય | | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | શરીરનો દર્દ ઇતિહાસ | ... | ૧ થી ૨૪ |
| ૨ | સ્મરણ તુજ નામનું લાધ્યું | ... | ૨૫ થી ૬૪ |
| ૩ | અમારે પંથ | ... | ૬૫ થી ૧૨૩ |
| ૪ | રહેમત છે, રહેમત છે | ... | ૧૨૪ થી ૧૮૨ |
| ૫ | હુકમનું શાસ્ત્ર પરખે જે- | ... | ૧૮૩ થી ૧૯૮ |
| ૬ | ‘માત્ર શરણું છે’ | ... | ૧૯૯ થી ૨૧૨ |
| ૭ | ચરણની જે હકીકત છે | ... | ૨૧૩ થી ૨૮૫ |
| ૮ | હરિની શી રમતલીલા ! | ... | ૨૮૬ થી ૩૨૯ |
| ૯ | પ્રીતમના પ્રેમની દુનિયા | ... | ૩૩૦ થી ૩૭૩ |
| ૧૦ | બધી દુનિયા અમારી છે | ... | ૩૭૪ થી ૪૧૧ |
| ૧૧ | પ્રભુપ્રીત્યર્થે જે તે સૌ | ... | ૪૧૨ થી ૪૨૦ |
| ૧૨ | અમારાં છે, અમારાં સૌ ! | ... | ૪૨૧ થી ૪૫૦ |
| ૧૩ | હવે – | ... | ૪૫૧ થી ૪૭૬ |


❑

# જીવનઅનુભવગીત

❏

પૂજ્ય શ્રીમોટા

**‘હું સર્વત્ર વિદ્યમાન છું.’**


‘જીવનદર્શન’, ૧૧મી આ., પૃ. ૪૩૧

**- શ્રીમોટા**

હરિઃૐ

## ખંડ - ૧

# શરીરનો દર્દ ઇતિહાસ



શરીરને રોગ શો દઈને, થવાવા મુક્ત તેનાથી,
ગરજ ઉત્કટ જગાડીને, સ્મરણ તારું કરાવ્યું છે.

હરિઃૐ

## ગરજ ઉત્કટ જગાડીને

ચરણઆશ્રય હૃદય લેવા, મતિ તેં તો સુઝાડી છે,
સુઝાડી તેં મને કેવી કૃપા અનહદ કરેલી છે !

શરીરને* રોગ શો દઈને, થવાવા મુક્ત તેનાથી,
ગરજ ઉત્કટ જગાડીને, સ્મરણ તારું કરાવ્યું છે.

મૂઓ હું શો પડેલો જે, સ્મરણથી જ્યાં ચડ્યો ચરણે,
ચરણઆશ્રય મળ્યાથી શો ફરી જીવતો થયેલો છે !

જીવનમાં ઓથ લાધી છે, જીવનની ઓથથી કેવું-
અનુપમ સાંપડ્યા બળથી, ચરણ શા સાહી લીધા છે !

---

* શરીરને ફેફરાનો રોગ થયો હતો.

હરિઃૐ

# ઉગારી શો લીધો મુજને

*જીવનને નાખી દેવાનું, નકામું જાણીને નદીએ,
અને જ્યાં તેમ કીધું છે, ઉગારી શો લીધો મુજને !

ઉગારીને, બચાવીને, નિરાશા ઘોરમાંથી તે,
મને કેવા હૃદયબળની શી ઝાંખી તેં કરાવી છે !

મહા ઉપકાર કેવા તેં કર્યા મુજ પર રહમ કરીને,
ગણાવે પાર ના'વે કૈં, કૃપાસાગર પ્રભુ તું છે !

ભયંકર મૃત્યુ જેવી તે, નિરાશાથી ઊગરતાં જે,
હૃદય સમજાયું કે 'કરવા કશુંક' જન્મ્યો છું તે કાજે !

* નર્મદા નદીમાં શરીરના ફેફરાના રોગના કારણે આપઘાત કરવા પડતું નાંખેલું તેનો ઉલ્લેખ છે.

હરિઃૐ

## કરવવા ભાન તેં

કંઈક વેળા શરીર કેવું, પૂરું બેભાન બનતાંમાં,
હૃદય શી પેરથી મુજને, હરિ તું યાદ આવ્યો છે !

અને બસ યાદ તારી તે, મને પૂરતી શી નીવડે છે !
અકસ્માતતણી વેળે, મને ઉપાડી શો લે છે !

મને* પહાણો શિરે પડતાં, જરી જાણે ન વાગ્યું છે !
કરામત એવી તારાની, ખબર ત્યારે મને ના છે !

કંઈક પળ કારમીમાં તેં, મને કેવો બચાવ્યો છે !
કરવવા ભાન તેં તારું, કળા મુજ પર શી કીધી છે !

* કુંભકોણમ્ આશ્રમનું મકાન ચણાતું હતું, તે વેળા માથા ઉપર પહાણો પડેલો હતો.

હરિઃૐ

# સ્મરણ તારું જગાડીને

શરીરને* સર્પ કરડાવી, સ્મરણ તારું કરાવ્યું છે,
શરીરને સર્પના દંશે ભયંકર વેદના શી તે !

છતાંયે જ્યાં સહન કરવાતણી હદ આવી ઊભી છે,
અને જ્યાં મૃત્યુ ઊભું છે, પ્રભુ ત્યાં સહાય દોડ્યો છે.

શરીરની તે ભયંકરતા ભરી શી વેદનામાં તે !
શરીર તૂટી પડી કેવું, બધું જ્યાં ભાન ચૂકે છે !

પ્રભુ તે વેળ કેવો તું, ચઢી સહાયે સ્મરાવીને,
સ્મરણ તારું જગાડીને મને પાછો જિવાડે છે.

---

* બોદાલ (તા. બોરસદ) આશ્રમના ઉદ્‌ઘાટન વેળાની રાત્રીએ ખેતરમાં સદ્‌ગત શ્રી ઠક્કરબાપા તથા શ્રી શ્રીકાંત શેઠ એ બંનેની વચ્ચે આ જીવ સૂતો હતો, તે વેળા સાપ કરડ્યો હતો એ પરત્વેનું આ કાવ્ય છે.

હરિઃૐ

# શરીરનાં દર્દ-નૂપુરઝંકાર

શરીરનો દર્દ ઈતિહાસ, જુદો જુદો જુદી વેળા,
દશા તે સર્વમાં મુજને, ભજન કરવા જ પ્રેર્યો છે !

બલિહારી પ્રભુ તારી, અનુભવથી હૃદય મુજને,
જીવનમાં શી જુદી જુદી, દશામાં નિરખાવી છે !

દરદ એ તો પ્રભુ મારે, શરીરથી છો પ્રભુ ભારે,
પરંતુ એ ચરણ તુજનો, નૂપુરઝંકાર મારે છે !

દરદ ને દુઃખમાં કેવો, હૃદય પ્રત્યક્ષ મુજને છે,
જીવન લેવા અનુભવ તે, જીવન લાખો ભલે વીતે !

હરિઃૐ

# શરીરની દશા

* કમ્મર કટકા થતી શી છે ! ન બેઠુંયે રહેવાયે,
ન સુવાયે નિરાંતે ના, દશા એવી શરીરની છે.

ન બેસાયે, ન સુવાયે, ન રે'વાયે, ન બોલાયે,
કશાથી ચેન ના ક્યાંયે, પ્રભુ શાતા તહીં દે છે.

બધું જે જે થતું તે તે, દશામાંયે સ્મરણ તુજ તે,
મને જીવતું રખાવીને, કરાવે સહેલું સહેવું તે.

સહેવાના જીરવવામાં, શરીરના બળથીયે જુદું,
પ્રભુ તુજ બળતણું ભાન, સહેવામાં કરાવે છે.

પ્રભુ તુજથી જુદો તોયે ભળેલો તારી સંગાથે,
જીવનના તાર તુજ જોડે, સતત સંધાયેલા શા છે !

* શરીરની કરોડરજ્જુના બે મણકાની બે ગાદી ખસી ગયેલી તેને કારણે, અને દમ જ્યારે પૂરેપૂરો દમ કાઢતો હતો તે વેળાનું.

હરિઃૐ

## દમનાં દર્દમાં

શરીરનું દર્દ દમનુંયે, સતાવે છે શરીરને તે,
જરા વળવા ન કળ દે છે, ન વદવાયે કશું દે છે.

ભજન લલકારવા તોયે, તને સ્મરવા કવિતાથી,
હૃદય રાહત શી પ્રેરીને, ગઝલ શી શી સ્ફુરાવી છે !

અનુભવની જ કથની તે, કંઈક શા સાક્ષી તેના છે,
શરીરનાં દર્દથી કંઈ જે, નવું સર્જન થયેલું છે.

તું શેમાંથી અકળ એવું, કંઈક જન્માવી શો દે છે !
ન કોઈને જ જાણ્યામાં કદીયે તે જ આવે છે !

હરિઃૐ

## સતત શી વેદનામાં

કળા અદ્ભુત કંઈ કંઈથી, હૃદય તુજ સાથ ભેળવવા,
શરીરને દર્દ શાં બક્ષ્યાં ! કરામત કેવી તારી છે !

જીવનમાં શી જુદી રીતે, જુદી તુજ ભાત પાડી છે,
હરિ તેં એમ કરવાને, શરીરને દર્દ આપ્યાં છે !

ભલે હોય ગમે જે તે, સ્મરાવે જે હૃદય તુજને,
જીવનમાં પ્રાણપ્યારું છે, જિગરનું ભાન પ્રેરે છે !

શરીરનાં કારમાં દર્દો, સતત શી વેદના થાયે !
છતાં વહાલા ! ટક્યો તું છે, જીવન તેથી જિવાયું છે !

હરિ:ૐ

## પ્રભુનો દોષ કાં કાઢે ?

*સખત ફટકાતણા મારે, શરીર પર સોળ લાગ્યા છે,
અમારી પર ગુજરવામાં ન કૈં બાકી રહેલું છે.

કસોટી કારમી કેવી ! ન કોઈની કદી કરશો,
ન જીરવાઈ શકાયે છે, હૃદય ખફગી પ્રભુ તુજ તે.

પ્રભુનો દોષ કાં કાઢે ? નજર અંદર તું વાળીને,
બધું તુજ નીરખી લઈને, પછી તું બોલજે જે તે.

પ્રભુએ જે કર્યું છે તે, બરાબર છે, બરાબર છે,
ગણી નિજનો હૃદય મુજને, શું ઠપકાર્યો, બરાબર તે.

---

* ૧૯૩૦ના સત્યાગ્રહના સમયે એક તસુ પણ ખસ્યા વિના પોલીસના લાઠીમાર શ્રીપ્રભુકૃપાથી સહન કરવાનું થયું હતું, તેનો ઉલ્લેખ.

હરિઃૐ

# થયો છું ત્યારથી 'મોટા'

શરીરનાં દર્દનાં દુઃખોતણી શી વેદનાઓ છે,
પ્રભુનાં ભાવ તાકાતે, સહેવાયે બધું તે તે.

છતાંયે રાડ પાડી દે, શરીરના રોમરોમેયે,
પહોંચી વેદના તે તે, શરીરમાં શૂળ પ્રગટાવે.

પ્રભુ ત્યાંયે પહોંચી તું, અસર તારી પમાડે છે,
અને તે દર્દના શૂળને, પ્રભુ કેવો હરાવે છે !

જીવન શો એમ જય તારો થતો, અનુભવ વિશે પ્રગટ્યો,
થયો છું ત્યારથી 'મોટા' હું રાજાનોય રાજા શો !

હરિ:ૐ

## હૃદયપોકાર ચાલે છે

શરીરને એક ના રોગ, જુદા શા કેટલાયે છે !
અનેકે હુમલા શા શા, શરીર પર તે થયેલા છે !

જુદા તે દર્દનું જુદું, શરીરનું દુઃખ કેવું છે !
અનેકે દુઃખ એવાંનો, જબરજસ્ત હુમલો શો છે !

શરીરની શી જુદી જુદી, અનેકે વેદનાઓમાં,
શરીર રેંસાય કેવું ત્યાં, હૃદયપોકાર ચાલે છે.

વિકટમાંયે વિકટ પળમાં, મને હરિ યાદ આવે છે,
જીવનની તે કમાણી શી ખરેખર કામ લાગી છે !

હરિઃૐ

## સમર્પણકળા

શરીરની કેવી લાચારી, અનેકે દર્દના દુઃખથી,
છતાં લાચારી તેં દિલની, જરા ટકવા ન દીધી છે.

અનેકે વેળ શું કુમકે ચઢી તુરંત તું આવ્યો છે,
ખભે તેં ઊંચકી મુજને, ખરો કેવો તરાવ્યો છે !

જીવનમાં શી શી દિક્કત તે, પ્રભુ માથે પડેલી છે,
શિરે ના બોજ વહોર્યો છે, પ્રભુચરણે સમર્પ્યો છે.

સમર્પણની કળા મુજને, કળાથી શિખવાડી છે,
જીવનમાં કેટલી વેળા, ખરી ઉપયોગ આવી છે.

હરિઃૐ

## તું યાદ આવે છે

વધારે દુઃખ પડ્યાં શરીરે, મને તું યાદ આવે છે,
તને સંભારતાં હૃદયે, હૃદયમાં ભાવ સ્ફુરે છે.

શરીરનાં દુઃખને કારણ મને સંભાળનારું છે-
જીવનનું કોઈક ને કોક, અનુભવ શો થયેલો તે !

પ્રભુ ! સેવા વિશે મારી, તું રાખે કોઈક જેથી હું,
તને પ્રત્યક્ષ મુજ સાથે, પરોવાયેલ નીરખું છું.

અનુભવની ખૂબી એવી, હૃદય એકવાર ઊપજ્યો જે,
જીવન સમજણની નિષ્ઠા તે હૃદય જીવંત રહેલી છે.

હરિઃૐ

## દર્દ કીમિયો છે

શરીર-તાકાત-મર્યાદા સહન કરવાય હદ તેને,
નિયમ ‘હદ, છેક બેહદના’, વટવવા દર્દ કીમિયો છે.

મળેલાં દર્દ શાં શાં તે ! પ્રસાદીનાં મળેલાં છે,
કરવવા શા અનુભવ તે, કૃપા બક્ષિસ ચરણની છે.

મળ્યાં તેને વધાવ્યાં છે, વધાવી, હેતુ જાણ્યો છે,
હૃદય તે હેતુ સમજીને, અનુભવમાં પિછાન્યો છે.

જગત રિવાજથી ઊંધું-મળે, તેમાંય શુભ મુજ છે,
પરખવા દિલ અનુભવ તે, બધું જે તે મળેલું છે.

હરિઃૐ

## શરીર શું કેળવાયું છે !

સહેતાંયે, સહેતાંયે, શરીર પણ હદ વટાવીને,
ટકી શકવા જ બેહદમાં, શરીર શું કેળવાયું છે !

પ્રભુ તુજ ભાવ હૈયામાં, જીવંત શો ટકેલો છે !
અનેકે રીતથી વ્યક્ત, જીવન કેવો થયેલો છે !

અનુભવથી જ જીવનનું, બધું કલ્યાણ ચલવે છે,
જીવનના યોગનું ક્ષેમ બધી રીતનુંય ચાલે છે.

જીવન આ જીવતાં જીવતાં, અનુભવ શા જુદા જુદા-
કરાવીને જીવનમાં તે, મને શો ઠામ પાડ્યો ત્યાં.

હરિઃૐ

# ખબરદારી

શરીરથી બોલવાકેરી ન બાહોશી જરાયે છે,
અને દુઃખ દર્દથી કળ શી ! જરાયે ના વળે છે તે !

તહીં તુજ નામ આધાર, લૂલાને શો મળેલો છે !
શહૂર શું એણે પ્રગટાવી, ખબરદારી ટકાવી છે !

હૃદય તેવા અનુભવથી, પ્રભુ મુજ સાથ પ્રત્યક્ષ-
વણાઈ શો ગયેલો છે ! જીવનમાં તું પ્રભુ મુજ છે !

થયું સગપણ હૃદય સાચું, મને શું કામ આવ્યું છે !
નિભાવીને જીવન તેણે ખરું શોભાવી દીધું છે !

હરિઃૐ

# હૃદય દિલદાર

ગમે તેવું શરીર છોને, ન તેને હોંશ કશીયે છે,
અનેકે રીત ઢીલું છો, છતાં પડખે હરિ શો છે !

અનુભવથી હૃદય પાકો પૂરો વિશ્વાસ બેઠો છે,
હરિ સંભાળી તે લેશે, અવસ્થા સર્વમાં શો તે !

સમર્થ છે હરિ કેવો, જીવનના સર્વ વ્યવહારે !
હરિ ખપમાં જ લાગ્યો છે, હૃદય દિલદાર કેવો છે !

જીવન મારાથીયે કેવો, વધારે તું જ પ્રત્યક્ષ !
જીવનમાં કેટલી વારે, હૃદય તેવો જણાયો છે.

હરિઃૐ

## શરીર જ્યાં હામ ચૂકે છે

શરીરનાં શાં ગતકડાંએ, પજવવા બાકી રાખી ના,
છતાં તે વેળ કેવોયે, હરિ પડખે ઊભેલો છે !

અનેકે દર્દનાં દુઃખથી, શરીર જ્યાં હામ ચૂકે છે,
હરિ ત્યાં દોડતા આવી, ખરેખર ઊંચકી લે છે.

હૃદય આભાર, ઉપકાર, કઈ રીતે મૂરખ માને !
મને જેમાં અને તેમાં, ઊંચે તું તારવે શો તે !

ભલે જે જે બધું હોયે, સ્થિતિ તે તે વિશે તોયે,
હરિ મુજ સાથ હોઈને, ન આધારે ટકે છે તે.

હરિઃૐ

## મને કેવો તપાવ્યો છે !

બધા શા હોશ ને કોશ, ઊડી જાયે દશા એવી-
થતાં, શી કારમી વેળા મને કેવો તપાવ્યો છે !

થતા તનના ચૂરેચૂરા, બધું ભાંગી પડે પૂરું,
ટકી જ્યાં ના શકે કશુંયે, પ્રભુ ત્યાંયે ખડો તું છે !

જીવનની ભીડનો ભેરુ, ખરેખર एक સાચો તું !
ખરી શી ભીડની વેળા, ખરો ખપમાં તું આવ્યો છે !

મદદ સાચી જીવનમાં તે, ગરીબને એક તારી છે !
કંઈ વેળા મદદ ધાયો, મને હૃદયે લગાડીને !

હરિઃૐ

# શરીરનાં દર્દનાં દુઃખે

શરીરનાં દર્દનાં દુઃખે, ઊપજતી વેદનાકેરી-
હવે ફરિયાદ કરવાની, કશી ઉમેદ ના કૈં છે !

બધો સ્વીકાર કરવાનો, અમારે તો મળે જે જે,
પ્રભુને શો પરખવાનો, ચમત્કાર મળેલો તે.

બધું અસ્તિત્વ જે તે-નું સ્મરણ તારું ભુલાવે છે,
ભુલાવીને પછી તુજમાં, અનેરું દર્શન તું દે છે.

હૃદય તારે-અમારે તો, પરસ્પર ભાળ લાગી છે,
જીવન જેમાં અને તેમાં, હવે તે ભાળ, ધોરણ છે.

હરિઃૐ

# જતું છોને બધું

મરી પરવારવું જીવતાં, ખરું તે મરવું યોગ્ય જ છે,
અમે તે ભેટીને મૃત્યુ, જીવનને શું સ્વીકાર્યું છે !

શરીર આ નાશવંત જ છે, જતન એનું શું કરવું છે ?
જીવનઅમૃત તત્ત્વે તે, અમે અમૃત્વ પરખ્યું છે.

જતું છોને બધું તોયે, રહેવાનું જ રહેશે તે,
શરીરની કંઈ દશામાં શો ! અનુભવ તેં કરાવ્યો છે.

બધુંયે દૃશ્ય જે તે છે, જતું રહેવાનું તે તે છે,
પરંતુ હાર્દ તે સૌનું, નિરંતર જીવતું રહે છે.

હરિઃૐ

# ન કૈં વિચારવાનું છે

અમારે જીવવું, મરવું, ન કૈં વિચારવાનું છે,
બધું જે પ્રિય જે કરશે, હૃદય તે સર્વ વહાલું છે !

અમારે તો હૃદયમનથી, સતત શી એકધારી તે !
નયન એકીટશે તારી તરફ જોવું સતત રહે છે !

નયન પલકાર ના ખાયે, નયન છલકાય આંસુએ,
ઘડીક ઘડી લાગણીથીયે, તને જોયા જ કરવો છે !

તને નીરખી હૃદય ભાવે, હૃદય આનંદ મહાલે છે,
હૃદય આનંદથી કેવું, જીવન છલકાયેલું રહે છે !

હરિઃૐ

# માંહ્યલો મુક્ત

શરીરનું કેવું જે તે કૈં બધું લબડી પડેલું છે,
છતાંયે માંહ્યલો કેવો, ટટારીયુક્ત બાંકો છે !

હૃદયના માંહ્યલાને તો, ન ટેકો બહારનો એકે,
જીવે પોતાની પર એ શો, પૂરેપૂરો જ મસ્તાનો !


કશી ના ખેંચ એને છે, કશી ના માંગ એનીયે,
કશી ના ભૂખ એને છે, બધું જે તે ભરેલો છે.

કશાની ખોટ એમાં ના, બધું સંપૂર્ણ જે તે ત્યાં,
અધૂરું ત્યાં કશું ના છે, બધું રસથી ભરેલું છે !

હરિ:ૐ

## ખંડ - ૨

# સ્મરણ તુજ નામનું લાધ્યું



નિરાશા અંધકારે તે ડૂબેલો છો હતો, કિંતુ-
સ્મરણનો આશરો મળતાં, ઝબકી જાગી ગયેલો છું !

હરિઃૐ

## સ્મરણનો આશરો મળતાં

નિરાશાના હું શા તળિયે, વમળમાં છેક ડૂબ્યો'તો,
તહીં હૃદયે કૃપાથી તે, સ્મરણકિરણ શું ઝબક્યું'તું !

નિરાશા અંધકારે તે ડૂબેલો છો હતો, કિંતુ-
સ્મરણનો આશરો મળતાં, ઝબકી જાગી ગયેલો છું !

કૃપા તારી વિના કોઈ, બીજો ઉપાય જ્યાં નહોતો,
સ્મરણનું દૈ હલેસું તેં, મને ઉગારી લીધો શો !

હૃદય નહોતી કશી સમજણ 'જગત શું છે, જીવન શું છે !'
સ્મરણ ગુરુએ હૃદય મુજને, અગમની સૂઝ પાડી છે !

હરિઃૐ

# ઉગાર્યો ત્યાં મને

જીવનથી સાવ કંટાળી, થઈ નામર્દ શો ત્યારે !
પડ્યો'તો નર્મદા જળમાં, મરણ સ્વીકાર કરવાને.

ઉગાર્યો ત્યાં મને પ્રભુએ, જીવનને તે સમજવાને,
તરણ ઉપાય દર્શાવ્યો, ભયંકર અબ્ધિ તરવાને.

હૃદય વિશ્વાસ શ્રદ્ધાયે નહોતાં જે વિશે મુજને,
સ્મરણ ઉપાય બતલાવ્યો, મને મૃત્યુથી બચવાને.

છતાંયે મેં ગરજમાર્યો સ્મરણ ઉપાય લીધો છે,
સ્મરણ તો એ હવે જીવન, ખરેખર મુજ બનેલું છે.

હરિઃૐ

# પ્રભુએ દિલ લીધો'તો

શરીરનો અંત આણીને, મરણનેયે સ્વીકાર્યું'તું,
મને તેં ત્યાં ઉગારીને, પ્રભુએ દિલ લીધો'તો શો !

બચ્યો ડૂબતાં, હૃદયમાં તે, મળ્યું આશાકિરણ મુજને,
'સમર્થ છું કશુંક કરવા' હૃદય વિશ્વાસ જાગ્યો તે !

ઊઠ્યો ત્યાંથી સફર કરવા, સ્મરણ તેજે મહાલીને,
ગલીકૂંચીઓ થકી નીકળી, સીધે પંથે અવાયું છે !

સ્મરણ જેવો અવર કોઈ, સહારો ના મળે જીવતો,
પ્રભુના મહેલના દ્વારે સ્મરણ પહોંચાડી તે દેશે !

હરિઃૐ

## સ્મરણ સાધન

મહા તોફાની દરિયામાં, ભટકતું નાવ જીવનનું,
અહીંથી આમ ને તેમ, બધે તે કેવું અફળાતું !

જવું છે ક્યાં કશી એની, હૃદય સમજણ નહોતી તે,
ખડક ત્યાં શા ભયંકર છે ! ત્યહીં અફળાટ ખાતું તે.

અહા ! ત્યાં દિલ ઓચિંતું, અચાનક સ્મરણ સાધન તે
રવડતા મૂર્ખને કેવું ઊગરવા કામ આપ્યું છે !

તણખલુંયે જ પકડી લે, ખરેખર ડૂબતો જે છે !
મને બોથડને મધદરિયે, શું સાધન એવું બક્ષ્યું છે !

હરિઃૐ

# સ્મરણ નાવ

કુછંદે શા ચઢેલાનું જીવન ભાંગી ગયેલું જે,
સ્મરણ વિના બીજું સાધન, સમર્થ ના બચવવા છે.

અહા ! દરિયા વિશે અધવચ, જીવનનું નાવ ભાંગ્યું છે !
સ્મરણના નાવનો ટુકડો, ઊગરવા હાથ લાગ્યો છે !

અહીંતહીં ઊછળ્યો કેવો ! ન છેડો ક્યાંય લાધ્યો છે,
સ્મરણનેડાતણા કેડે, કિનારો હાથ લાગ્યો છે !

સ્મરણ આનંદના ભાવે, જીવનનાં રૂપ વિવિધ તે,
અનેકે તે ઉદય પામી, પછી લય શાં થયેલાં છે !

હરિ:ૐ

## સ્મરણ ડંકા

સ્મરણ ડંકા વગાડીને, અમે નોબત બજાવી છે,
થઈ શી સ્તબ્ધ ઇંદ્રિયો ! સ્મરણ પેઠું કરણમાં છે.

સ્મરણની છાલકેથી શું ! નર્યું ભીંજાયેલું જે તે,
અનુભવથી હૃદય ઊગ્યું, 'અસર કેવી સ્મરણની તે !'

જતાં અંદર, ઊંડું અંદર, જતાંમાં ને જતાંમાં તે,
જૂનું સૌ વેગળું કરીને, નવાંકુર શાં ફુટાડ્યાં છે !

નયનની જૂની સમજણમાં, નૂતન સમજણ ઉગાડી છે.
નવી ને તે નવી ખૂબી, સ્મરણની શી જણાઈ છે !

હરિઃૐ

## સ્મરણનો મહાવરો

સ્મરણના મહાવરાથી શી ! હૃદય ધરપત ઊગેલી છે,
જીવન, ગુણ, ભાવ, શક્તિ, રસ, સ્મરણથી ખીલતાં રહે છે.

સ્મરણ મળતાં જીવનદાન, મને કેવું મળેલું છે !
સ્મરણના ઔષધે કેવા ! જીવન રોગો મટેલા છે !

મને જે ડૂબતાને શું ! તણખલુંયે સ્મરણનું તે,
કૃપાથી હાથ આવ્યું ત્યાં, નવી આશા ફૂટેલી છે.

'હવે પૂરો હું બચવાનો', હૃદય શ્રદ્ધા વસેલી છે !
'બચાવનારો જ પડખે છે' હૃદય વિશ્વાસ જાગ્યો તે !

હરિઃૐ

## સ્મરણના હળ વડે જીવન

જીવન ઊલટપાલટ કીધું, સ્મરણના હળ વડે શું તે !
ખૂંપેલાં ઝાંખરાં સઘળાં, જમીનમાંથી હઠાવ્યાં છે !

જીવનકેરી જમીનમાં શાં, સ્મરણથી બી વવાયાં છે !
સ્મરણના જળ વડે પાછાં, જીવંત શાં થયેલાં છે !

સ્મરણ કેવાં કરે કામ, અનેકેયે મળે જે જે !
કશાની 'ના' નથી એને, ભલો સ્વીકાર એને છે !

જગતજનના નઠારાને, જીવન ઉપયોગમાં લે છે,
બધાનેયે જીવન લાભે, સ્મરણ શું ફેરવી લે તે !

હરિઃ ૐ

## સ્મરણનો કીમિયો

સ્મરણનો કીમિયો કેવો ! સ્મરણનું જાદુ અદ્‌ભુત છે !
સ્મરણથી શી કળા ખીલે ! અનુભવીને જ સમજણ છે !

ગરજ જેને હૃદય લાગે, મીઠું તેને જ તે લાગે,
ગરજને કારણે તેમાં, પરોવાયેલ દિલ રહે છે.

સ્મરણ સાધન હૃદય બક્ષી, જીવનમાં આપવાનું જે,
ગરીબ કીધો શું તાલેવંત, બધું આપી જ દઈને તે !

પૂરેપૂરો જ શો અંધ, સ્મરણની લાકડી લઈને,
ભટકી ભટકી પથે અંતે, સીધોસટ માર્ગ લાધ્યો છે !

હરિઃૐ

## સ્મરણ છત્ર

કૃપા તે શી પતિતની પર, હૃદય વહાલાની વર્ષી છે !
સ્મરણનું છત્ર ઓઢાડી, જીવનરક્ષા કરી શી છે !

નહોતું ઠામઠેકાણું, રવડી મરતો હતો જીવને,
સ્મરણથી ઠામ પાડીને, જીવન રાહત શી દીધી છે !

અહા ઉપકાર તારા શા ! ગણાવું દિલથી શી રીતે ?
ગણાવ્યે પાર ના આવે, ખરે તુજ પ્રેમ એવો છે !

કૃપા કીધી, કૃપા કીધી, કૃપા અનહદ શી કીધી છે !
પતિત ઉગારી શો લઈને, નવાજિશ કેવી બક્ષી છે !

હરિઃૐ

## સ્મરણનું ફળ

સ્મરણનો માર્ગ સીધો છે, ન તેમાં અટપટું કૈં છે,
સ્મરણમાં વળગી રહી રહીને, સ્મરણનું ઘેલું લાગ્યું છે !

સ્મરણનો શો નશો હૃદયે, ખરો રસ જાગતાં જામે,
વફાદારી જીવનકેરી, સ્મરણના ભાવથી પામે !

સ્મરણ ક્યાં ક્યાં જવાનું તે, જીવન પથને સુઝાડે છે,
પડાયે છો ભૂલું તોયે, સીધે તે માર્ગ લાવે છે !

સ્મરણનો ભોમિયો જેને, મળી ચૂક્યો જીવનમાં છે,
જીવનની આરપારે શો ! જરૂર તે પહોંચવાનો છે !

હરિઃૐ

# કિરણ આશા

પૂરેપૂરા જીવન-બાર, ખરેખર વાગી ચૂક્યા'તા !
અચાનક ક્યાંકથી ફૂટી, જીવન બચવા કિરણ આશા !

સ્મરણની લહે સ્મરણથી શી, હૃદય થનગનતી લાગી છે !
થયો ઉઠાવ જીવનનો, સ્મરણ એવાથી શો જીવને !

સ્મરણના લાભ શા ગાવું ! સ્મરણ દિલથી કરી કરીને,
સ્મરણને જીવતું કરતાં, ખુમારી દિલ પ્રગટી છે !

અમારું તે જીવનમાત્ર, સ્મરણકેરું જીવન જે છે,
સ્મરણજળને હૃદય પીતાં, ખરો આધાર મળિયો છે !

હરિ:ૐ

# સ્મરણથી દિલ ચેતાવી

ન આધાર કશો જેને, જીવનમાં કોઈનોયે છે,
સ્મરણ જેવો જીવન બીજો, ન બળિયો કોઈ ટેકો છે !

હું ઝંઝાવાતમાં કેવો ! ફસાયેલો હતો તેને
સ્મરણથી દિલ ચેતાવી, સફાળો શો જગાડ્યો છે !

જગાડીને, મથાવ્યો છે, મથાવીને સુઝાડ્યું કે :
'પ્રભુ ઉદ્ધારનારો તે, ખરે તુજ પડખે ઊભો છે !'

હૃદયપોકાર પાડી સૌ જીવનનું સંભળાવ્યું છે,
તને વાતો કરી કરી દિલ કરી ખાલી જ નાખ્યું છે !

હરિઃૐ

## સ્મરણનો છંદ

સ્મરણસાધન શું નાનકડું, કૃપાથી લાધ્યું અમને તે !
ભલે નાનું છતાં કેવું ! ગહન શક્તિ ભરેલું છે !

ગરજ માર્યા સ્મરણને મેં, સ્વીકાર્યું'તું જીવનમાં તે,
છતાંયે ટેવ અભ્યાસે, પછી તો બોલતું થયું છે !

સ્મરણની જ્યાં થઈ આદત, હૃદયમાં લત પડી ગઈ છે,
સ્મરણનો છંદ લાગ્યો છે, સ્મરણ સાધન શું અદ્‌ભુત છે !

સ્મરણ એ તો પ્રભુની શી, કૃપાકેરી પ્રસાદી છે !
સ્મરણ બક્ષી પ્રભુએ શો, જીવનમાં ન્યાલ કીધો છે !

હરિઃૐ

# સ્મરણની નિરંતરતા

સ્મરણ કરતાં સ્મરણ કરતાં, સ્મરણમાં હેત લાગ્યું છે,
નિરંતર દિલ સ્મરણ બનતાં, સ્મરણથી ભાવ જાગ્યો છે !

હૃદય જ્યાં ભાવ જાગેલો, રહે છે એકધારો તે,
ઝલક મસ્તી નયન-હૃદયે, અનોખી કેવી ઝળકે છે !

નિરંતરના સ્મરણકેરી, અજબ દુનિયા રસીલી છે !
નિરંતર ભાવની દુનિયા, અધિક તેથીય ન્યારી છે !

જુદા જુદા બન્યા કેવા, સ્મરણના પાસથી જીવ તે,
સ્મરણથી ઊગર્યા છીએ, સ્મરણ દાવો અમારો તે !

હરિઃૐ

## સ્મરણથી સાંપડેલી છે

બીજાં સાધનતણી પરવા, અમારે ના જીવનમાં છે,
સ્મરણસાધન અમારે બસ, ખરેખર યોગ્ય પૂરતું છે !

સ્મરણનો ઝોક જીવનમાં, ધીમે ધીમે જ લાગ્યો છે,
પછીથી તો પવન ઝડપે, ગતિ ઉત્કટ શી લાગી છે !

હૃદયઝરણું સ્મરણકેરું, નિરંતર જ્યાં વહેતું છે,
જીવનની ભાવના સૂક્ષ્મે, પથે શી ફેરવાયે છે !

નવો વા, ને નવી દિશા, નવા શા દેશ આવે છે,
રસીલી પ્રેમની દુનિયા, સ્મરણથી સાંપડેલી છે !

હરિ:ૐ

## જીવનનો દાવ

સ્મરણ ફંદે ચઢી કેવો, જીવનનો દાવ ફેંક્યો છે !
અજાણ્યામાં અમે પડતું, સ્મરણ શ્રદ્ધાથી નાખ્યું છે !

મરેલા તો હતા પૂરા, ન બચવા આશ કોઈએ,
સ્મરણનો તાંતણો ઝાલી, પ્રયત્નો શા કરેલા છે !

કદીક પડતાં જ, આથડતાં, કદીક પથ બેસતાં ખોઈ,
છતાં ત્યાં જંપ વાળીને, નથી બેઠા સ્મરણ ખોઈ !

ગમે તેમ થતાં તોયે, સ્મરણ દિલ પકડી રાખ્યું છે,
હવે ઉદ્ધાર એનાથી થયેલો, સાવ નીરખ્યો છે !

હરિઃૐ

# સ્મરણથી પ્રાપ્તિ

મળ્યું શું શું સ્મરણથી છે, સ્મરણની સૂઝ ના જેને,
કહેવું ત્યાં નિરર્થક તે, કહેવાથી ન કૈં વળશે !

હતા જીવનથી શા પાજી ! પૂરા બદતર જગતકાજી,
સ્મરણ અભ્યાસથી રાજી થતાં, કેવા બન્યા હાજી !

ભલે છો નર્ક હોઈએ, સ્મરણનું લાધ્યું સાધન છે,
જીવનમાં સ્વર્ગથીયે પર જઈને પહોંચશું સ્મરણે !

સ્મરણ જેવું બીજું સાધન, નથી તરવા કશું ઉત્તમ,
સ્મરણ મળતાં જ બેઠો છે, હૃદય વિશ્વાસ સંપૂર્ણ !

હરિઃૐ

# સ્મરણ આધાર લઈ લઈને

સ્મરણથી તો કમાયા શા ! જીવનમૂડી બધીએ તે,
સમર્પી પ્રેમથી ચરણે, અમે ખાલી રહ્યા છીએ !

સ્મરણ આધાર લઈ લઈને, અમે કેવું ચઢ્યા છીએ !
ન કોઈને ચઢે ખ્યાલે, ભયંકર આકરું તે જે !

સ્મરણના ભાવથી પંથે, અકારું કૈં ન લાગ્યું છે,
જીવંતું દિલ સ્મરણ ટકતાં, સીધું ત્યાં સર્વ ઊતર્યું છે !

સ્મરણ જેનું કર્યું દિલ છે, સ્મરણનો સ્વામી તે જીવને,
અમારે ઊગી આવ્યો છે, હવે નિસ્બત તે એક જ છે.

હરિઃૐ

# હવે તેનું ખરું ભાન

સ્મરણ આપી, ખરેખર તેં પ્રભુ અમને બચાવ્યા છે !
હવે તેનું ખરું ભાન, હૃદયમાં આજ જાગે છે !

પડેલા સાવ ઊંધા ને નજર ઊંધી વળેલી છે,
પ્રભુને પ્રીછવાની ગમ, નથી જેને કશી હૃદયે,

પડી જ્યાં લાત તુજ પદની જરીક તોયે ન સળવળિયા !
અહા ! શો ફેંકી દાવાનળ, અમો પર તેં જગાડ્યા શા !

કૃપા એવી પતિતની પર, કંઈ કંઈ વાર કીધી છે,
ઊગરવા તો જ વારો, ખરેખર આવિયો આજે !

હરિઃૐ

# સ્મરણ એકધારાનું સમર્પણ

સ્મરણથી લાભ લેવાને, સ્મરણમાં ઝંપલાવ્યું છે,
ઊગરવા તે સ્મરણથી તો, અમે સ્મરવાનું રાખ્યું છે.

જીવનનાં મૂળ તાળાંની, ઊઘડવાની કૂંચી જે છે,
સ્મરણના માપમાં કેવી, છુપાયેલી પડેલી છે !

કરી કરીને સ્મરણ દિલમાં, સ્મરણ જીવંત રાખ્યું છે,
સ્મરણની એકધારા શી ! અમે ચરણે ચઢાવી છે.

સ્મરણથી જે મળ્યું પંથે, અમે તે સોંપી દીધું છે,
અમારી માલિકીનું કૈં, અમે રહેવા ન દીધું છે !

હરિઃૐ

## સ્મરણનો ભાવ

સ્મરણનો ભાવ હૈયાનો, ન પુરાઈ હૃદય રહે છે,
બધે આધારમાં ક્યાં ક્યાં ! ખરો રેલાયેલો રહે છે !

સ્મરણના રસતણા ભાવ, ખૂણેખૂણા મહીંનો જે,
બધોયે મળ હઠાવી દૈ, કરે તે સ્વચ્છ કેવુંયે !

પ્રભુને તે ચરણ ધરવા સ્મરણ, ભૂમિકા બનાવે છે,
બનાવીને ભૂમિકા તે, પ્રભુને નોતરે છે તે !

પ્રભુનો ભાવ પયગંબર, પ્રથમ આધારમાં ઊગે,
પસારો ભાવનો જ્યાં ત્યાં, થતાં સઘળે, પધારે તે !

હરિઃૐ

## સ્મરણની શક્તિ

સ્મરણ ભૂત ભરાયેલું, હવે ના દિલથી નીકળે છે,
સ્મરણ ઠરતાં, જીવન પોતે બધાયે ઢંગ બદલે છે !

સ્મરણ આધાર જીવંત થતાં ચેતનભર્યું હૃદયે,
જીવનનાં મૂળિયાં કેવાં, અસલ રસ મૂળ બદલે છે !

સ્મરણથી 'કંઈક કંઈનું તે ભરાયેલું બધું' જે તે,
મળંતાં ના અસલ રસ શું, બધું મૂળથી જ સુકાયે છે !

સ્મરણની શક્તિ તે કેવી, અજબની ને ગજબની છે !
સ્મરણ ભાવે જીવન ટકતાં બધું આવી મળે પોતે !

હરિઃૐ

# સ્મરણ વિકાસ

જીવનને ફૂલ કરી ચરણે જીવન આરંભ કીધો છે,
પીછેહઠ ના હવે રહી છે, ધપ્યા કરવાનું આગળ છે.

સ્મરણ કરતાં, સ્મરણ કરતાં, સ્મરણની ધૂન ચઢેલી છે,
સ્મરણની ધૂનથી કેવું ! સ્મરણનું તાન લાગ્યું છે !

સ્મરણના તાનથી કેવું ! જીવનનું ભાન સ્ફુર્યું છે !
સ્મરણના ભાવથી કેવો ! સ્મરણરસ દિલ ફૂટ્યો છે !

હૃદય જાગંત રસથી તે, પ્રભુ વહાલો પધારે છે,
જીવનને આંગણે પગલાં, પ્રભુ કુમકુમથી પાડે છે !

હરિ:ૐ

## સ્મરણનું સ્થાન

સ્મરણનું આગવું સ્થાન, જીવનવિકાસમાં તે છે,
સ્મરણ અખંડથી કેવો ! જીવનનો ભાવ જાગે છે !

શી એકાકારતા સ્ફુરે ! હૃદય એકતાન કેવું રહે !
હૃદય એકાગ્રતાથી તે, જીવનનું કેંદ્ર લાધે છે !

કૃપાથી રંક જીવનમાં, સ્મરણ ઉપાય જડિયો છે,
સ્મરણથી ફેરફારોયે, નવા કેવા થતા રહે છે !

સ્મરણ તો કેવું જીવનને, ઘડી ઘડી ફેરવ્યા કરશે,
સુઝાડીને નવું નવું દિલ, કશામાં બાંધી નહિ રાખે !

હરિઃૐ

# સ્મરણ સ્ફુલિંગ

સ્મરણને મેં હૃદય જાણ્યું, 'જીવન જીવવાની ચાવી છે !'
કૂંચી તે એક એવી કે, સકળ તાળાં ઉઘાડે છે !

'મળ્યું શું શું સ્મરણથી તે' કથું કથની હું શી રીતે ?
સ્મરણ સ્ફુલિંગ જીવનને, ખરેખર ચેતવી દે છે !

જીવનવિકાસકેરાં શાં, જુદાં જુદાં જ સાધન છે,
બધાં તે સાધનો વિશે સ્મરણ શું સર્વશ્રેષ્ઠ જ છે !

સ્મરણની યારી જીવનમાં હૃદય લાગી ગયેલી છે,
સ્મરણ શું શક્તિવર્ધક છે ! સ્મરણથી તો બચાયું છે !

હરિઃૐ

## સ્મરણની કળા

સ્મરણમાં ભાવ દિલ જો છે, સ્મરણ શું ગુણ વિકાસક છે,
સ્મરણનું તાન ચઢતાંમાં, હૃદય શી મસ્તી સ્ફુરે છે !

સ્મરણ જો યારી આપે છે, બધું પલટાવી નાખે છે,
'ગધેડાની કરે ગાય', કળા એવી સ્મરણની છે !

સ્મરણથી પારખું લેવા, ચઢાવેલું જીવન જૂગટે,
કદી હારી ચૂક્યો પાસાં, કદી જીતની સલામી છે !

ગણી પાસાં સ્મરણનાં સૌ, સ્મરણ આશ્રય શું લીધો છે !
હૃદયના પ્રેમનું યોગ્ય સ્મરણ શું વ્યક્ત લક્ષણ છે !

હરિઃૐ

## અખંડાકાર સ્મરણ

જીવન યૌવનની ખુમારી, સ્મરણમાં વાપરી દેવા,
કમર કસીને પડેલો છું, સ્મરણથી ઇષ્ટ મેળવવા !

જીવન યૌવનની શક્તિને, સ્મરણમાં જોતરી લેવા,
પ્રયત્નો શા કર્યા કીધા, સ્મરણ તેનું રહ્યું છે ના !

ભુલાતાંયે સ્મરણ પળ ત્યાં, હ્રદય શો આંચકો લાગે !
ભયંકર ફાળ પડતાંમાં, સ્મરણ લાગી પડાયું છે !

સ્મરણમાં શો હ્રદય ડૂબ્યો, હ્રદય શું ફૂલ્યુંફાલ્યું છે !
જીવનમાં તો સ્મરણ કેવું અખંડાકાર ચેત્યું છે !

હરિઃૐ

## સ્મરણનો પ્રતાપ

અમે કેવી સ્મરણ સાથે જીવન દોસ્તી લગાવી છે,
સ્મરણની યારીએ ભાત જીવનમાં કેવી પાડી છે !

સ્મરણથી જો ભુસાંયાં છે, જૂનાં પાસાં જીવનનાં તે,
અનન્ય શાં નવાં પાસાં, સ્મરણથી તે જડેલાં છે !

સ્મરણ અજવાળું પાડે છે, જીવનઅંધારું ટાળે છે,
જીવન લહાવો અનુભવવા, સ્મરણની ભસ્મ ઉત્તમ છે !

અનંત શાં જુદાં જુદાં સ્મરણથી સત્ય લાધ્યાં છે,
બધાંનાં આખરી સત્ય, જુદાં જુદાં અનેરાં છે !

હરિઃૐ

## સ્મરણનો નાદ અનુભવતાં

સ્મરણનાં સર્વ પાસાંની, પરખ દિલથી લીધેલી છે,
સ્મરણનો સર્વ બાજુથી, અનુભવ દિલ મળેલો છે !

સ્મરણમાત્રાતણું જોશ, દિવસ દિવસે વધાર્યું છે,
સ્મરણનો નાદ અનુભવતાં ચડસ કેવો ચઢેલો છે.

હૃદયસ્ફૂર્તિ નશો કેવો, સ્મરણથી દિલ લાગ્યો છે !
શું એકાકાર તાનેથી, સ્મરણ લાગી પડેલું છે !

સ્મરણનું ગાવું શું શું હું ? સ્મરણ બહુવિધ લીધું છે,
સ્મરણથી ધ્યેય અનુભવતાં, અમે તો દાવ ફેંક્યો છે !

હરિઃૐ

## સ્મરણની લહાણ

સ્મરણની લહાણથી કેવો ! હૃદય પરચો મળેલો છે,
જીવનમાં રફતે રફતે શો, અનુભવમાં પચેલો છે !

સ્મરણની યારીથી કેવું ! જીવન શું ધન્ય લાગ્યું છે,
સ્મરણની કેવી ખુમારી થકી જીવન ટટારી છે !

જીવનની મસ્તીમાંયે શું ! સ્મરણ નૂતન ઉગાડે છે,
સ્મરણમાંથી ઉગાડીને, જીવનદૃષ્ટિ પમાડે છે !

જીવનના રોગનો વૈદ, સ્મરણ કેવો ખરેખર છે !
સ્મરણ પ્રગટાવી ચેતનને, જીવન સૌંદર્ય બક્ષે છે !

હરિઃૐ

# સ્મરણની ભસ્મ

સ્મરણના ભાનના ભાવે, જીવનપલટો થયેલો છે,
અનુભવના સ્મરણથી શો જીવન નારો ચલાવ્યો તે !

હવે તો તે પછી કેવા, જીવન ભસકા ફરેલા છે,
જીવનની આળપંપાળ બધી બદલી ગયેલી છે.

સ્મરણની ભસ્મનું ઔષધ-, જીવન સુધારવા કાજે,
લઈ લઈને નિરંતર શું નૂતન જીવન મઠાર્યું છે !

જીવનનૌકા સ્મરણથી શી ! તરાવી પાર લેવી છે,
અહાહા ! પાર તેવીનો, કહીં ના પાર આવ્યો છે !

હરિઃૐ

## જીવનચેતન અનુભવ

ફસાયેલ ફંદમાંથી સૌ, સ્મરણથી મુક્તિ લાધી છે,
અનેકે વાર ડૂબ્યો જ્યાં, સ્મરણશરણું ગ્રહેલું છે !

સ્મરણ કરતાં હૃદય કેવો ! સ્મરણનો રાગ મહાલ્યો છે !
સ્મરણની ખુશબોથી શી, જીવનસુવાસ જન્મી છે !

જીવનશક્તિ સ્મરણમાં છે, સ્મરણ ચેતન જગાડે છે,
જીવનચેતન અનુભવવા, સ્મરણનો માર્ગ સહેલો છે.

ફૂલ્યોફાલ્યો જીવનબગીચો, સ્મરણ ખાતરજળે શો તે !
નીપજ કેવી જુદી જુદી, ખરે તેમાંથી ઊપજી છે !

હરિ:ૐ

## જીવનની ખુશનસીબી

સ્મરણની સોબતે કેવો, કુટેવોથી બચાવ્યો છે !
બચાવીને હૃદય પાસે, સ્મરણથી શો લગાવ્યો છે !

પૂરું સ્વચ્છંદી નાલાયક, ચરણને ચૂમવાને તે,
છતાં બરબાદીથી સ્મરણે, જીવન કેવું ઉગાર્યું છે !

સ્મરણ તાકાત જીવનમાં અનુભવતાં હૃદયથી તે,
સ્મરણઆનંદ બક્ષીને, સ્મરણઅમૃત ચખાડ્યું છે !

સ્મરણથી માતબર જીવન બનેલું, તે અનુભવ છે,
અનુભવના બળે તેવા જીવનની ખુશનસીબી છે !

હરિ:ૐ

## સ્મરણના શા ચમત્કાર !

જીવન ચસકેલું કેવુંયે ! સ્મરણથી ઠામ બેઠું છે,
તૂટેલા સાવ જીવનને, સ્મરણ તારે સીવેલું છે !

જીવનની ના પડી સહેજે, જીવન કથળી ગયેલું તે,
સ્મરણથી સાવ ઠેકાણે, જીવન લાવી દીધેલું છે !

સ્મરણનો શો ચમત્કાર, અનુભવથી જણાયો છે,
સ્મરણનો તે પછી મહિમા, જીવનમાં ઓર લાગ્યો છે !

ચમત્કાર વિના ક્યાંયે, નમસ્કાર નથી જીવને,
સ્મરણના શા ચમત્કાર, જુદા જુદા મહાલ્યા છે !

હરિઃૐ

# સ્મરણ ફૂટ્યું

સ્મરણ ફૂટ્યું, સ્મરણ ફૂટ્યું, સ્મરણ ઝરણું ફૂટેલું છે,
હૃદયથી નીકળી કેવું ! જીવન આગળ વહેલું છે.

વહેતાં ને વહેતાં એ, કહીં અટકી પડેલું તે,
સ્મરણ ધક્કાથી પાછું શું, ફરી પાછું વહેલું છે.

ખડક કેવા ઊભા આડા, ઝરણને રોકી તે લે છે,
કદીક જુસ્સો અચાનકનો, ખડકને તોડી નાખે છે !

નિરંતરનું સ્મરણ ઝરણું, મહત શક્તિ ધરાવે છે,
બધાયે આડબંધોને, વિખેરી તુર્ત નાખે છે !

હરિઃૐ

## સ્મરણનો ગાવું શો મહિમા ?

ઊંચે ઊંચે વિનાશે શો, જીવનફુગ્ગો ચગેલો તે !
સ્મરણદોરેથી ઠેકાણે, શું ઠામે પાડી દીધો છે !

સ્મરણની એક બલિહારી, સ્મરણમાં જ્યાં હૃદય ડૂલે,
સ્મરણમાં મસ્ત ગુલતાન, હૃદય ત્યાં કેવું ડોલે છે !

સ્મરણનો ગાવું શો મહિમા ? મહિમા જ્યાં હૃદયથી તે,
અનુભવમાં જ આવ્યો છે, અનુભવ આપ બોલે છે.

સ્મરણયાત્રા થતાં ઉત્કટ, ભળે પોતે હૃદયરસથી,
ખુમારી ઘેલછા મસ્તીતણી ઝળકે ઝલક ન્યારી !

હરિઃૐ

## હૃદય તુજ નામને સ્તવતાં

સ્મરણ તુજ નામનું લાધ્યું, ભલે નાનકડું સાધન તે,
મને શો મારવા કૂદકો, મળ્યો સાધન વડે જીવને !

મને તુજ સાથ હૈયામાં થયું સગપણ સ્મરણથી તે,
શી ચાલણગાડીથી તેવી, શીખ્યો છું ચાલતા પથપે.

પ્રભુ તુજ નામઆધાર, મળ્યો શો ડૂબતા જનને !
બધાએ શા હૃદયબળથી, હૃદય પકડી જ રાખ્યો છે !

હૃદય તુજ નામને સ્તવતાં, જીવનપોરો ચઢેલો છે,
હવે તો આર કે પાર, પૂરેપૂરું થવાનું છે !

હરિઃૐ

## સ્મરણ નૂપુરઝંકાર

સ્મરણ નૂપુરઝંકાર, હૃદય વહાલા હરિનો છે,
હરિની આવવાકેરી, સ્મરણછડી શી બજાવે છે !

સ્મરણથી તો પ્રભુ કેવો ! જીવનનો પો'જ ફાટ્યો છે,
કિરણ તેજસ્વી, જીવનમાં સ્મરણથી શાં પ્રવેશ્યાં છે !


સ્મરણના કારણે કેવો જીવનઉજાસ પ્રગટ્યો છે !
નવાં ઉલ્લાસ, રસ, શક્તિ જીવનમાં ફૂટી નીકળ્યાં છે !

સ્મરણ એ તો દીવાદાંડી, જીવનનો ધ્રુવતારો છે,
સ્મરણનાં તે હલેસાંથી, જીવનનો રાહ કાપ્યો છે !

હરિઃૐ

## ખંડ - ૩

# અમારે પંથ



અમારે પંથ શી શી તે, મુસીબત કૈં નડેલી છે,
ભલા, ઈતિહાસ તેનો તે ન પૂછો દર્દીને, અમને.

હરિઃૐ

## પશ્ચાત્તાપ અગ્નિ

અમે ખરડાયેલા કેવા ! અમોને અમ પરે નફરત,
થઈ કેવી હૃદયમાંથી ! અમારી શી થઈ ગફલત !

શું પશ્ચાત્તાપ અગ્નિથી, હૃદય ભડકે બળેલું તે !
ચરણ તારાં પકડતાંમાં હૃદય ઠંડક વળેલી છે !

અમે જેવા હતા તેવું, તને તે તે જણાવ્યું છે,
કશું બાકી ન રાખ્યું છે,હવે છૂપું ન તુજથી તે !

નિવેદન સર્વ કરવાની, અમારે તો ચરણ તારે-
પડી ગઈ ટેવ કેવી તે, હવે છૂટે ન છોડી તે !

હરિઃૐ

# જીવન આરંભે

જીવનમાં ભાનયે સહેજે, નહોતું તુજ વિશે હૃદયે,
કશીક બીજી ગરજથી તે સ્મરણ તેં શું કરાવ્યું છે !

ગરજને કારણે કેવું, હૃદય તુજ નામ લીધું છે !
હૃદયમાં પાસ પ્રભુ કેવો, કૃપા કરી તેં લગાડ્યો છે !

શરૂશરૂમાં હૃદયપ્રેમ, ન ઊછળેલો હતો તુજ પર,
છતાંયે શી રહમ કરી શો પ્રભુ તેં પ્રેમ ઢોળ્યો છે !

તને દિલ ખુશ કરવાનું, મને દિલ ભાન નહોતુંયે,
હૃદયના વહાલથી શો તેં, મને રાજી કરેલો છે !

હરિ:ૐ

## ગરજ જાગી

અઇકલો સાવ શો મૂઢ ‘જીવન શું’ તે સમજતો ના,
ગરજ જાગી સ્મરણ લેવાતણીથી ભાન જાગ્યું ત્યાં !

કરાવ્યાં શાં ભજનકીર્તન, કર્યાં કરી પ્રાર્થના ચરણે,
હૃદયથી આત્મનિવેદન નિરંતર શું કરેલું છે !

હૃદયસંબંધ બંધાતાં, પછી શો સ્વાદ લાગ્યો છે !
તને સંબોધવા હૃદયે, જીવન ધંધો થયેલો છે !

હૃદય સન્મુખ રાખીને જીવનના રાહબરને તે,
અખંડ શો નિરંતરનો અમે એને બનાવ્યો છે !

હરિઃૐ

# કૃપા

જીવન કેવું હતું બોદું ! કશોયે ખ્યાલ જેનો ના,
બતાવ્યું સ્પષ્ટ તે સર્વે, કૃપા દર્શાવી કેવી છે !

નરકમાં શો સબડતો'તો ! નરકના શ્વાસ લેતો'તો,
છતાંયે ભાન ના જાગ્યું, ખરેખર મૂર્ખ કેવો તે !

જુગુપ્સા કેવી તે ઉપર પ્રભુ ઉપજાવીને હૈયે,
મને ઉપરામ તે સૌથી, પમાડ્યો કેવી રીતિયે !

કરેલા ઉપકારો તે, પ્રભુ અગણિત શા તુજ છે !
હૃદયમાં લાગણી કેવી, હવે તુજ પરની પ્રગટી છે !

હરિઃૐ

## બધું તે તે કરે તું તે

મને તેં શો સુધાર્યો છે ! વળી ઘરમાં સુવાડ્યો છે,
નધણિયાતો હતો તેને, હવે શિરછત્ર માથે છે !

જરીક કંઈયે થતાંમાં તો, કહી દઉં છું બધું તુજને,
અને કરવા સમું જે હો, બધું તે તે કરે તું તે !

ન મારે કંઈ જ કરવાનું, બધી સંભાળ તું લે છે,
મને ખવરાવી, પહેરાવી, રૂડા સાજે સજાવે છે !

બનાવીને જ શોભિતો, બધાંના દેખતાં મુજને,
લડાવે લાડ મુજને શા ! હૃદય રાજી બનાવે છે !

હરિઃૐ

# પ્રભુની કરામત

તને ના જાણતો હૃદયે, પ્રભુ કેવો હશે તું તે !
ન અણસારો કશો તેનો હતો બુડથલ બધી રીતે !

દઈને રોગ શો મુજને, પ્રભુ તુજ નામ હૃદયે તે,
કરામત શી કરી મુજને, સિફતથી લેવરાવ્યું છે !

પ્રભુ તુજ નામનો જાદુ, જીવન પ્રત્યક્ષ કેવો છે !
છતાં ના કોઈ જાણે છે, કળા શી એવી તારી છે !

'મનેયે કેટલી વાર, અનેકે ગડમથલ પછીયે,
હૃદય સમજણ પડેલી તે' કૃપા તારી ખરેખર છે !

હરિઃૐ

# જગતદર્શન

પ્રભુ, બાથોડિયાં કેવાં ! અહીંતહીં મારતો રહેતો !
જીવનની ના કશી સમજણ ઊગેલી'તી હૃદયમાંહે !

કરાવી કામ સહુનાંયે, જગત ધક્કા જ ખવરાવ્યા
વળી ધવરાવિયો કેવો ! નકામો ખાલી ખાલી ત્યાં !

હૃદય તેં સાન પ્રેરી શી ! અજાયબની કળાથી તે,
જગત સંસારની કેવી, કરામતની ખબર થઈ છે !

હવે શા ખેલ સમજાયે, જગત વ્યવહારના તે તે,
છતાંયે જાણતો ના હોઉં, જીવન તે રીતે વર્તાયે !

હરિ:ૐ

## મહેરબાની

જગાડ્યો તો જગાયું છે, જિવાડ્યો તો જિવાયું છે !
ઉઠાડ્યો તો ઉઠાયું છે, હરિ જો છે : બધુંયે છે !

મતિ શું કામ આવે છે, મને રસ્તો બતાવે છે,
નડ્યે, ઉકેલ દઈ દે છે, પ્રભુની મહેરબાની છે !

કર્યે જાવું કર્યે જાવું, સતત મંડ્યા જ રહેવાનું,
પરિણામતણી ફિકર, ન કરવાની જ સ્વપ્નેયે !

કદીક પથ આડુંફેલું જે ચઢી આવી સતાવે તે,
થવા મુક્ત કરી યત્નો, તને પોકાર પાડ્યો છે !

હરિઃૐ

## તત્પરતા

ખરેખર જોશ પ્રગટેલું, તને મળવાનું દિલમાં જે,
કદમ ઉઠાવી, ઉઠાવી, મને ફાળ ભરાવે છે !

તને મળવા હ્દયમાં જે, શી તત્પરતા જ લાગી છે !
કરે તે કેવી દોડાવ્યા, ઊભો રહેવા જ ના દે છે !

હ્દયની ભાવનામાં તે, ફૂટી જુવાની નીકળી છે,
જુવાનીની હ્દય મસ્તી, બધી શી કામ લાગી છે !

અમારે તો બધી રીતે, હ્દયથી સજ્જ રહેવું છે,
બધી તૈયારી રાખીને, પછીથી રાહ જોવી છે !

હરિઃૐ

# તૈયારી

કદીક તું આવશે એવાં, હૃદય સ્વપ્નાં જ સેવ્યાં છે,
હૃદય તૈયારી કરવામાં, પૂરા લાગી પડેલા તે.

તને સત્કારવા હૃદયે, કઈએ વેળથી કેવા !
થઈ શા ઉન્મની હૃદયે, અમે બેઠા નિરાંતેયે,

જરૂર તું આવવાનો છે, અમારે દિલ ધરપત છે,
અમેયે તો કમીના કૈં કશી ના બાકી રાખી છે.

અમારા દિલમાં હોંશતણા શા શા ઉમળકા છે !
હૃદયમાં કોડ કેવાય, તલસતા દિલનાયે છે !

હરિઃૐ

## કર્મપરાયણ

અમારે તો હવે ના કૈં, કશી પંચાત કરવી છે,
બધું જે તે યથાકાળે યથાયોગ્ય થવાનું છે !

છતાંયે ભાગનું કર્મ હૃદય કરવાનું જે તે છે,
કર્યાં કરવા વિશે તે તે, અમે દિલને લગાડ્યું છે !

અમારે ભાગ આવેલું પૂરું કરવું જ છે સૌ તે,
નિરાંતે બેસી રહેવાનો ન અમને ક્યાંય વારો છે.

અમારાથી થતું જે જે, પડે મુશ્કેલીઓ તે તે,
કદીક જો જય મળે છે તે, બધું ચરણે જ ઠાલવિયે !

હરિઃૐ

## ન કિસ્મતનીય પરવા છે !

કદીક ભોંઠો પડું છું જ્યાં, દઉં ગાળો હું કિસ્મતને,
અરે ! શું સાવ બુઠ્ઠો છે ! મતિ કૈં બહેર મારી છે !

હૃદય તુજ દોષ જોવાનો મૂકી દઈ, વ્યર્થ દોડે છે,
ચગળવા મૂર્ખ કિસ્મતને ! જરીક વિચાર દિલ દઈને !

ન કિસ્મતનીય પરવા છે, હરિને દિલ ધરવા છે,
હૃદય ભાવ નીતરવા છે, તમન્ના એવી દિલની છે !

નિવેદન દિલનું ભાવે, ચરણમાં તે કરી કરીને,
જીવનમાં તે પૂરેપૂરું શું હળવાફૂલ ઠરવું છે !

હરિઃૐ

# ગુણસંબંધ

બધું ચલવી, બતાવીને, કરી જે જે મળેલું તે,
ન આણ્યો અણગમો દિલ છે, કંઈકને દિલ રીઝવ્યા છે !

બધી રીતના અનાગ્રહને, જીવી જીવી બતાવ્યા છે,
અનાસક્તિ શી દિલની, કૃપાથી તે જણાઈ છે !

કહ્યું કરવાની આદતને, કૃપાથી આચરાઈ છે,
હૃદય શી નમ્રતા ધારી, અમે જીવી બતાવ્યું છે.

હૃદયથી આવડત જે તે, બધાં કર્મોતણી કેવી,
અમારે દિલ હતી, તેનો ન અણસાર થયેલો છે.

હરિઃૐ

# નમ્રતાથી શૂન્યતા

ખપ્યા મૂર્ખા વિશે કેવા ! કંઈક અપમાન વેઠ્યાં છે,
ન નાનમ દિલ લગાડીને, અમે હસતા રહેલા તે.

ચીંધેલાં કામ સહુનાંયે, ઉમંગેથી કરેલાં છે,
ગધેડા જેમ જીવનમાં, અહા ! શો ભાર ખેંચ્યો છે !

હૃદય ત્યારે પ્રભુ મારે, ન તે કૈં ભાર જાણ્યો છે,
પ્રભુ સેવાતણો મહિમા, અનુભવમાં ગણેલો છે.

જીવનની નમ્રતાને શો, લઈ જઈ શૂન્યની ટોચે,
અનુભવની દશાનો શો, જીવનનો કાળ અદ્‌ભુત તે !

હરિઃૐ

# મસ્તી

જીવનમાં સૌ સહેલું તે, પ્રભુભક્તિથી દિલ ભાવે,
ખરેખર તેથી તો મારું, ન દિલ પાછું પડેલું છે !

જીવન-ઉન્માદ-ખુવારી, હૃદય ત્યારે પ્રવર્તેલી,
કશી તેની ન કોઈને, ખબર સરખીય નહોતી શી !

પડેલી ના હતી અમને, કદરની કોઈની કૈંયે,
વખોડ્યા ઊલટા અમને, હૃદય ના ઝંખવાણું છે !

કંઈક ટીકા થયેલીથી, હૃદય ના નંદવાણું છે,
ઘવાયું ના હૃદય તેથી, પૂરી સમજણ પડેલી છે !

હૃદય અલમસ્ત ત્યારે શા ! ભજનભાવે ખીલેલાને,
નહોતી કોઈની પરવા, ન કોને તે જણાયું છે !

હરિઃૐ

# સહિષ્ણુતા

બધી દરકાર જીવનમાં બધાંનીયે લીધેલી છે,
છતાં દરકાર કોઈએ, અમારી ના લીધેલી છે !

'બધાંનુંયે અમો કરવા પૂરા બંધાયેલા હો તે'
બધાં શા એમ સમજીને, અમોને ચીંધતાં જે તે.

અમારી પર ખફા કોઈ, નકામા શા થયેલા છે,
અમે તેઓની પર તોયે, ન નારાજી બતાવી છે.

પ્રભુ સાથે હૃદય નાતો, અમારે શો અમારો તો !
હૃદય બંધાયેલો ત્યારે, નિવેદેલું બધું પદ તે.

હરિઃૐ

# શું વધાવ્યું છે !

‘ગધેડોયે’ કહી અમને, નવાજ્યો છે, નવાજ્યો છે,
હૃદય તે ના લગાડીને, હૃદયથી શું વધાવ્યું છે !

ગધેડાની સમું પૂર્ણ, જીવન જ્યારે બની જાશે,
પ્રભુનું પ્રેમ સામ્રાજ્ય, પ્રકાશી ઝગમગી ઊઠશે !

થતું જે જે, થતાંમાં તે, જીવનઘડતરની સમજણને
વધાવી તે, હૃદય મહાલી, જીવનને મેળવેલું છે.

જીવનઆદર્શ ઝળહળતો, બધામાં મોખરે જેને,
જીવનહેતુની સમજણમાં, હૃદય ચેતેલ તે રહે છે.

હરિઃૐ

# રળી શાંતિ

ખફા વહોરી લીધેલી છે, ખફાથીયે હૃદય અમને,
તટસ્થ તે થવાકેરી, હૃદય સમજણ મળેલી છે.

ખફાથી કૈં ન લાગ્યું છે, થયું જ્યાં તેમ વર્તન તે,
અરે ! આને ન કૈં લાગે, ખરેખર ભોટ જેવો છે.

અમોને તો મળેલાંયે, નમાલો શો ગણેલો છે !
રહેલા શા છીએ રાજી, હૃદયમાં તો બધાં પર તે !

અમારો કોઈ દાવો ના, કર્યાનો, ના કર્યાનો કે,
બધાં સાથે હૃદય ભાવે જીવી, શાંતિ રળેલા તે.

હરિઃૐ

# સહેવું

સહેવામાં, સહેવામાં જીવનનો હેતુ રાખ્યો છે,
સહેવું તેથી તો હૃદયે, અમોને વહાલું લાગ્યું છે !

મહામોંઘામૂલું કેવું, જીવનનું તપ 'સહેવું' તે !
સહેવાથી થયેલું શું જીવનઘડતર નિરાળું છે !

સહેવાનું થતાં અમને, હૃદયમાં હર્ષ જાગ્યો છે,
જીવન મઢવાની રૂડી તે હવે પળ આવી પહોંચી છે.

સહેવું તો પડે સહુને, સહેવું તો વધાવીને,
હૃદય પધરાવવા હરિને અમે તે પુષ્પ માન્યું છે.

હરિઃૐ

# પ્રભુને પાત્ર બનવાની

બધાંનુંયે કહ્યું કરતો, કશાની પાડી ના મેં ના,
હૃદયમાં હેતુ સમજણને દૃઢાવી વર્તતો ત્યાં ત્યાં.

પ્રભુને પાત્ર બનવાની, હૃદયની ભાવનાથી તે,
બધું જે તે કર્યાં કરતો, હરિનો ખ્યાલ રાખીને.

નિરાગ્રહી ને અનાસક્ત થયા વિના પૂરેપૂરું,
ચરણની પાસ પ્રભુ તારાં ન કોઈથી અવાવાનું.

હૃદય સમજણ શી ઊગી ને જીવન તે રીત ગાળ્યું છે,
ચરણની ભક્તિ જાગીને ચરણરસમાં ભળાયું છે.

હરિઃૐ

# અમે સહકાર સાધીને

કદી તકરાર કો' સાથે અમે તો ના કરેલી છે,
બધે સહકાર સાધીને, અમે જીવન ચલાવ્યું છે.

અભય ને નમ્રતા, મૌન, વળી એકાંતના ગુણને,
ખીલવવાને અમે જે તે બન્યું તે સૌ કરેલું છે.

જીવનવિકાસને ફળવા અમારાથી થયું જે જે,
હૃદય સાહસથી પ્રેરાઈ દઈ દિલ તે કરેલું છે.

પથે ગૂંચથી જ રોકાયા કદી થાકે ન અટક્યા તે,
કરી દિલ પ્રાર્થના ત્યારે, અમે ઉકેલ શોધ્યો છે.

હરિઃૐ

# જુદો ચોકો

જરીક શી ભૂલ થતાં અમ પર, બધાં કેવા તૂટેલા છે ?
વઢી વઢીને અમારી શી બધાંએ ધૂળ કાઢી છે !

અમે સામે કહ્યું ના છે, લીધેલું સાંભળી તે છે,
કશો બળવો કર્યો ના છે, અમે જેવા છીએ તે છે !

અમારો પંથ એનો એ, બીજાંનો પંથ ન્યારો છે,
અમે ભેળા છતાં જુદા, જુદો ચોકો અમારો છે !

બને છે સર્વ સંગાથે, વળી છે મેળ સહુ સાથે,
વળી દિલ છે બધાં સાથે, છતાં અમ દિલ જુદું છે !

હરિઃૐ

## કહ્યું તે તે કરેલું

જીવનના ધ્યેય વિનાનું, બધાંનું જે કહેલું તે,
કહ્યું તે તે કરેલું છે, કર્યું છે વર્તવાનું તે.

જિગરના હાર્દને સાબૂત, પૂરેપૂરું જ રાખીને,
બરાબર જીવતું કેંદ્રિત, અમે ધાર્યાં કરેલું છે.

ચઢાણો આકરાં કેવાં ! કસોટી થઈ જીવનની છે,
ધીરજ, બળ, ખંત, હિંમતથી, શું ઉદ્યમથી ટકાયું છે !

હૃદયમાં જીવતો પૂરો, ભરોંસો શો પ્રભુ પરનો !
જીવનપથ ચાલવામાં તે ખરો ખપમાં જ લાગ્યો છે.

હરિઃૐ

# પ્રાર્થના સ્તવન

અમારે પંથ હકીકતમાં, કંઈ મુશ્કેલીઓ આવી,
સમર્પણ પ્રાર્થના કરતાં, હૃદય અજવાળું પ્રગટ્યું છે !

હવે જાણે પૂરા ડૂબ્યા, ન બચવા ક્યાંય આરો છે,
કરંતા પ્રાર્થના તુજને, શી ગેબી સહાય આવી છે !

પથે જ્યાં ડગમગ્યા પગ છે, ગબડવાની નિશાની છે,
હૃદય સ્તવતાં સ્મરંતાંમાં, તું શો ત્યાં દોડી આવ્યો છે !

બહુ વેરાયેલા કંટક, અમારે પંથ ભાળ્યા છે,
લઈ સાવરણી તુજ હાથે, પ્રભુ શા સાફ કીધા છે !

હરિઃૐ

## હૃદયસંગ્રામ

જીવનમાં કારમો કેવો, હૃદયસંગ્રામ જામ્યો છે !
અતુલ બળશક્તિ પ્રેરીને, ઊભો કેવો રખાવ્યો છે !

કંઈક વેળા પડું પાછો, છતાં પળ જોઈને હૃદયે,
ધીરજ, હિંમત વળી ખંતે થઈ બેઠો, ધપું પંથે !

નયન અંધાર શાં વળતાં ન આશાનાં કિરણ મળતાં,
ન એંધાણો મળે પંથમાં છતાં તું સાથ ત્યાંયે છે !

ગમે તેવું થતાં તોયે, મચક કૈંયે ન આપી છે,
ટટારી રાખી શી દિલથી, કૃપાથી પંથ કાપ્યો છે !

હરિઃૐ

## અભય

જીવનને પાંગરાવાને, અભયના પાઠ શીખવ્યા છે,
ભયંકર સ્થળ સુવાડીને, પ્રયોગો તેં કરાવ્યા છે !

હૃદયની નમ્રતાનેયે, શિખરની ટોચની ટોચે,
તબક્કામાંથી શા શા તે પસાર તેં કરાવ્યો છે !

બધી સંસારની વાતે, પળાવી મૌન મુજને તેં,
ન લેવા ભાગ ત્યાં દઈને, સ્મરણધૂને મચાવ્યો છે !

લઈ એકાંતમાં જઈને, મને તેં સુવરાવ્યો છે,
વળી એકાંતની હૃદયે, મને ફાવટ લગાડી છે !

હરિઃૐ

# મંથન

મને શો મારીમચડીને, પથે સીધો રખાવ્યો છે,
કદીક વાંકો પથે વળતાં, તહીં લપડાક ચોઢી છે !

ભટકવામાં, ભટકતાં તે મતિ અંદર સુઝાડીને,
પથે વાળ્યો મને સીધો, મહત ઉપકાર કેવો તે !

ભૂલ્યો શો ભુલભુલવણીમાં, ન સૂઝતો'તો કશે રસ્તો,
હૃદયપોકાર જ્યાં પાડ્યો, તુરંત આવી ઊભેલો છે !

બધી બુદ્ધિતણો પૂરો, તને દિલ ખોળવામાં શો !
ખરો ઉપયોગ કરવાને, મને કેવો મથાવ્યો છે !

હરિ:ૐ

## સાધનાપથે

'મને શું મૃત્યુ ભેટ્યું તે', ઘણીયે વેળ લાગ્યું છે !
છતાં ફળ્યું ધ્યેય હજી ના છે, ન મરવા ત્યાં સુધી દિલ છે !

પથે શો વજ્રના જેવો, હૃદય નિશ્ચય દૃઢાવ્યો છે,
મને શો પર્વતો સામે, ઊભો મક્કમ રખાવ્યો છે !

લથડતાં કંઈક અધવચ્ચે, મને પકડી જ રાખ્યો છે,
ગબડતાં પંથ વચગાળે, મને ઊંચકી લીધેલો છે !

સહાનુભૂતિથી એવી ટકાયું છે, જિવાયું છે,
હૃદય તુજ એકલાની શી, મળેલી ઓથ મુજને છે !

હરિઃૐ

## પોકાર

કઈ રીતે જીવનમાં તે હવેયે ચાલવાનું છે,
પડે ગમ કોઈ રીતે ના, મહામુશ્કેલી કેવી છે !

ચલાવી જોઈ શી બુદ્ધિ, છતાં ત્યાં કૈં ન સૂઝે છે,
પછી પોકાર પાડ્યો છે, મદદ કરવા પ્રભુ તુજને !

કદીક તું દોડી આવે છે, કદીક સાંસા પડાવે છે,
કદીક બોલાવી બોલાવી, હૃદય થાકું ન બોલે છે !

છતાં તોયે પ્રભુ તુજને હૃદય પોકારવા વિના,
બીજો ઈલાજ મુજ પાસે, સમર્થ કોઈએ ના છે !

હરિઃૐ

## હૃદયમાં સજ્જ

અમારે પંથ શી શી તે, મુસીબત કૈં નડેલી છે,
ભલા, ઇતિહાસ તેનો તે ન પૂછો દર્દીને, અમને.

મુસીબત છો ભલે આવી, અમારી છાતી જબરી છે,
સહેવાને ઊભા છીએ, હૃદયમાં સજ્જ સૌ રીતે !

મુસીબતની હૃદય દીધી, પ્રભુ શી જાણકારી તેં !
જવાયું ચેતીને સામો, ઊભો તત્પર હું મેદાને.

પડે આવી જ ઓચિંતી, ન ચેતાતું જ તત્કાળ,
કરી ત્યાં એકઠું બળને, સફાળો શો ભરું ફાળ.

હરિઃૐ

# પ્રભુપ્રીત્યર્થે જ

પ્રભુ ગરદન જીવનમાં તે, અનેકે વાર માર્યા છે,
ઉપરથી ઠોક શા દઈને, નરાતાર હરાવ્યા છે !

અરે ! છોને ગમે તેયે, બને તેની ન પરવા છે,
ફના જીવન કરી ચૂક્યા, થતું તે સર્વ મંજૂર છે !

તને શો એકલો એક હૃદય દિલબર ગણેલો છે,
જીવનનો તાગ મેળવવા, અમોને શો મળેલો છે !

હજારો વાર ફાંસીએ, ચઢાવી તું ભલે દેજે,
હવે તો માત્ર તુજ માટે, અમારે જીવવાનું છે !

હરિઃૐ

## શ્રદ્ધા

હૃદયમાં પાડવા પકડી જીવનમાં દોટ મૂકીને,
જીવનને હોડમાં મૂકી, શરત કેવી લગાડી છે !

હૃદય તે દોડવા વિશે, સતત ચિંતવન થતું રહે છે,
'તને પકડી જ પાડીને, હૃદય ભરી રાખવો શો છે !'

હૃદયમાં યાદ તારી શી, હજારો વાર જાગે છે !
તને શો દિલ સંભારી, હૃદય લેવાનું સુખ તે છે.

'કદીક ઓચિંતી શી તારી નજર અમ પર પ્રભુ પડશે',
હૃદય વિચારથી તેવા સદા હસતા રહીએ તે !

હરિઃૐ

## હૃદય હાજર થવાનો છે

પ્રભુ તારી, પ્રભુ તારી, કરી ખિદમત ઉમળકાથી,
હૃદયના કોડ સંતોષી, અમારે રાજી રહેવું છે !

અમે પરવારીને દિલથી, હૃદય તુજ રાહ નીરખીને,
છીએ બેઠા નિરાંતે કે પ્રભુ તું આવવાનો છે !

‘અરે ! તું મૂર્ખ નાહકની, ઘડે ઘટમાળ અમથી શી !’
થતાં તૈયારી સૌ પૂર્ણ હૃદય હાજર થવાનો છે !

જીવન કેવો છુપાયેલો રહેલો છે, ન દેખાયે !
કંઈકના ઢૂંઢવાકેરા પ્રયત્નો વ્યર્થ નીવડ્યા છે !

હરિઃૐ

# એક લક્ષ્ય

અમારે એક કર્તવ્ય જીવનમાં છે, જીવનમાં છે,
'તને પામી જ કૃતકૃત્ય' અમારે દિલ થવાનું છે !

'જીવન પહોંચાડશે ઠામે' હૃદયમાં એમ જાણીને,
પ્રભુ સંગાથ તારો મેં અનુભવીનો લીધેલો છે !

કદીક અદૃશ્ય થઈ જાયે, તને ત્યાં બૂમ પાડીને,
નજરમાં આવતાં પથમાં, જહેમત શી પડાવે છે !

થતું જે જે બધાં વિશે, હૃદય વિચારતું તુજને,
હૃદય શું ફેલું પેઠું તે ! બલા શી તારી કેવી છે !

હરિઃૐ

## ધ્યેય પ્રતિ અવિરત ગતિ

નજરમાં રાખી રાખીને, તને સામે જીવનમાં મેં,
હૃદયકેરા ઉમળકાથી ભર્યાં ડગ છે, ભર્યાં ડગ છે.

હૃદય વિશ્વાસ કે અંત, કદીક તો આવવાનો છે,
સતત શું ચાલવાનું તે, પ્રભુ રાખેલું મેં તો છે.

કહીં ના રાહ જોઈ છે, ન બેઠો થાક ખાવાને,
સ્મરી સ્મરીને હૃદય તુજને, નજર સીધી જ માંડી છે.

હૃદય કકળાટ કો' વેળા બહુ ઉકળાટથી પાડે,
પ્રભુ ત્યારે તને હૈયે, સ્તવી શો સાદ પાડું છું.

હરિઃૐ

# અભિલાષા

જીવનને આંગણે હરિને, હૃદય નોતરવો મારે છે,
જીવનમાં સાથિયા કેવા, કળાથી મેં પૂરેલા છે !

કદીક કોઈક આવીને અજાણી કોઈ પળે છાનું,
અરે ! ઓચિંતુંયે આવી, બધું તે ભૂંસી નાખે છે,

અરેરે ! ધ્રાસકો ત્યારે, હૃદય કેવો પડે મુજને !
બગાડી બાજી શી મારી ! હતાશા દિલ ઉગાડી છે !

હૃદય બેહોશી ટાળી તે, ટટારી મેળવાયે છે,
હૃદય નોબત વગાડીને, ફરીથી નોતરું હરિને.

હરિઃૐ

## રમત

હૃદયમાં હાર કે જીતની, કશી ના ગણતરી ધરી છે,
રમત શી માત્ર રમવાને, અમે તો દાવ માંડ્યો છે !

રમતને ખેલવાકેરી, હૃદયની મોજ કેવી છે !
રમતનો માત્ર ખેલાડી, સમજી માણી શકે છે તે.

હૃદયના સર્વ સાહસથી, હૃદય હિંમત ધરી ધરીને
કરી જુક્તિ સિફતથી શો, અમે તે દાવ ફેંક્યો છે !

રમત ખેલાડીની સાથે, હૃદય આનંદ રમવાને,
શી રાતોરાત જાગીને, અમારે મહાલવાનો છે !

હરિઃૐ

## સતત મંડ્યા જ રહેવાનું

શું પથ પર કેટલું ચાલ્યો, સતત ચાલ્યા કરેલું છે,
જરા ના થાક ખાવાયે, ઊભું રહેવાનું કીધું છે !

નજર એકીટશે માંડી, હૃદય બસ નેમ લીધો છે,
'સતત મંડ્યા જ રહેવાનો' બીજું લક્ષે ન લીધું છે !

હૃદય સમજણ મને ઊગતાં, હવે મુજ ભૂલ ભાંગી છે,
કૃપા કરીને પ્રભુએ શો ! મને ચલાવ્યા કરેલો છે !

જીવનમાં ખૂબ અંધારાં, છવાયાં કેટલાં કેવાં !
કૃપાકિરણ સૂરજ ઊગતાં, બધાં ભાગી ગયાં છે શાં !

હરિઃૐ

## હૃદયઉકેલ

હવે તારે ચરણ પડીને, કશો ફફડાટ ના દિલ છે.
બધી ચિંતા ફિકર જે જે, ચરણમાં ઠાલવેલી છે !

નડ્યે નડતર હૃદય તેનું, અમે ચિંતવન કીધેલું છે,
હૃદય અજવાળું દેવાને, હરિને સાદ પાડ્યો છે !

પડેલા સાદમાં તે તે, વ્યથાની બૂમ કેવીયે !
ચરણમાં પ્રાર્થનાભાવે, હૃદય ઉકેલ શોધ્યો છે !

ખરેખર જેનું ચિંતવન છે, હૃદય ઉકેલ દઈ દે છે,
ઘણી વેળા અનુભવ તે, અમારે દિલ થયેલો છે.

હરિઃૐ

## ભજન ગાતાં

ભજન ગાતાં, ભજન ગાતાં, હૃદય મશગૂલ થતું ન્યારું,
ભજનની મસ્તીનું ડોલન, પ્રગટતું કેવું નીરખાતું !

કદીક લોકોનીયે વચ્ચે, ભજનની ઘેલછા ધૂને,
હૃદય મદમસ્ત નાચંતાં, પડી છે* ધૂળ શી માથે !

ન ત્યારે કૈં જ પરવા છે , ન તે ખંખેરી નાખી છે,
ભજન ગાતાં, ભજન ગાતાં, અમે ચાલ્યા જ કીધું છે !

કદીક પાછળ પડેલાં શાં ! કદીક રંજાડતાં બાળક,
હુંયે ત્યારે કૂદીનાચી, ભજનહાક વગાડી છે.

---

* નડિયાદમાં ભજન ગાતાં ગાતાં જ્યારે મસ્તીની ધૂનમાં શ્રીપ્રભુકૃપાથી નાચવાનું થતાં, છોકરાં મારા ઉપર ધૂળ ઉરાડતાં હતાં.

હરિઃૐ

# હિસાબ

જીવનનો કાઢવા તાગ, ચરણ તારાં જ પકડ્યાં છે,
બધાંનો અંત સરવાળો, શરણ તારા વિશે શો છે !

ગયો ગણતો હિસાબો શો ! ન છેડો ક્યાંય આવ્યો છે,
બધીએ પળતણો અંત, શરણ તારે મળેલો છે !

જીવન શો પાઈ પાઈનો, બધોએ મેળ રાખ્યો છે !
શરણ ઢળવાની તેથી તો હૃદય કિંમત સૂઝેલી છે !

શરણ ઢળવા ચરણમાં તે, ન આંધળિયાં કર્યાં મેં છે,
ગણીને ભાવનું મૂલ્ય, હૃદયમાં ભાવ બઢવ્યો છે !

હરિઃૐ

# અનુભવથી

હૃદય સમજણ, ખરી સમજણ અનુભવથી જ આવી છે,
અનુભવથી પ્રભુપથની, મળી ગઈ કેડી કેવી તે !

અનુભવ એકથી એક, ચઢિયાતા જુદા શા છે !
છતાં તે મધ્ય દિલ તાર શું સંધાતો સતત રહે છે !

થતાં અનુભવ, થયા અનુભવ થકી તો ભાન સ્ફુરીને,
હરિનું ભાન જાગીને, જીવનચેતન ફૂટેલું છે !

જીવન જે રીત વીત્યું છે, કૃપાથી તેમ ગાયું છે !
કૃપાથી મોહ-કામાદિ-પ્રસંગોએ જિવાડ્યો છે !

હરિઃૐ

# નિવેદન

તને સંબોધવાની શી પડેલી ટેવ મુજને છે !
તને જે તે કહ્યા કરીને, હૃદય હળવો બનેલો જે !

નિવેદન ભાવથી જાગ્યું, પ્રભુ તુજ ઠામઠેકાણું,
કહ્યા કરવાથી જે તે સૌ હૃદય સંબંધ બંધાણો !

થતાં સંબંધ હૈયાનો, પરસ્પરનો પ્રભુ તુજથી,
પછી પોકારતાં તુજને, ઝરે આહ્‌લાદ શો દિલથી !

રજેરજના નિવેદનથી, ન કંટાળ્યો જરા હૃદયે,
અને ઊલટો પ્રભુ તેં શો મને પોરો ચઢાવ્યો છે !

૧હરિઃૐ

# પ્રાર્થના

સ્મરણ ને પ્રાર્થના હૃદયે, ભજનકીર્તન કર્યાં કરીને,
નિવેદીને થતું જે જે, તને સામે જ  રાખ્યો છે !

સ્તવન કરતાં સ્તવન કરતાં, ચરણમાં દિલ લગાડીને,
પ્રભુ તુજ પર અમોને શો હૃદયમાં ભાવ ફોર્યો છે !

ઊંડાં ચિંતવન, મનન, હૃદયે થયાં કરતાં પ્રભુ તુજ તે,
ઊંડે ઊંડે જીવન વિશે, પથે ઊતરાયું કેવું છે !

સ્મરણ હૃદયે સ્તવનભાવે, પ્રભુ તુજ કેવું ચાલે છે !
થયો છું રાજી હું પોતે હૃદય શો વારી અમ પર તે !

હરિઃૐ

## અમે ડગલાં ભરેલાં જે

જરીક અમથા જ નાનકડા, ભરેલા એક ડગલાની,
કશી કિંમત મતિ મનથી, અમે તો ના ગણેલી છે !

પરંતુ ચાલતા જ્યારે, બરાબર પૂરતું શીખ્યા,
ભરેલા એક ડગલાની, ખરી કિંમત જણાઈ છે !

પ્રભુ તુજ કાપવા માર્ગ, અમે ડગલાં ભરેલાં જે,
ભરાવેલાં જ તારાં જ તે, હવે સમજાયું અમને છે !

નકામી શી બડાશો શેં, અમે માર્યાં કરેલી છે,
પરંતુ જાણ્યું જ્યાં દિલ કે 'કરાવેલું કરેલું છે !'

હરિઃૐ

## મુસીબતની કથની

ન જાણ્યું કે મહોબતથી, મુસીબત કેવી કેવી છે !
છતાં દિલને શી ભાવી છે, અજબ બલિહારી ન્યારી છે !

જીવનની તે મુસીબતની જુદી જુદી શી કથની છે !
મહા શો દાટ કાઢ્યો છે, ન જીરવાયો, સહ્યો શો છે !

સહેવાયાં, સહેતાંયે, અનુપમ શા અનુભવ છે !
કહીંક પછડાટ ખાધી તો, કહીંક કૂદકો મરાવ્યો છે !

હૃદય એકંદરે લાગ્યો પવન સુસવાટ કરતોયે,
ઉછાળીને કહીં ફેંક્યો, ન કળ તેની વળેલી છે !

હરિઃૐ

## ભસ્મની કફની

જીવન નીચું જ ઘાલીને, વિતાવ્યા તે કરેલું છે,
કદી ના કોઈની સામે ઊંચું માથું કરેલું છે !

જીવનમાં જંપવાવારો, હવે પદ કૈંક લાધ્યો છે,
હૃદય ચરણે લગાડી તેં, અમોને ભેખ દીધો છે !

જૂનું જે જે બધું બાળી, શરીરે ભસ્મ ચોળી તે,
પહેરી ભસ્મની કફની હવે ફકીરી લગાવી છે !

હૃદય સ્મરવા, હૃદય ભજવાતણો ધંધો લીધેલો છે,
કમાણી શી કરી કરી તે, પદે સૌ સોંપવાની છે !

હરિઃૐ

## હરિબળથી

શરીરના રોગથી જે તે, બધું કથળી ગયેલું છે,
શરીરથી જોઈતું કર્મ હવે ના લઈ શકાયે છે !

છતાં વહાલા હરિબળથી, બધે જ્યાં ત્યાં ફરાયે છે,
'ઘટી તાકાત શી ગઈ છે ! હરિ છે સહાય' અનુભવ તે !

હરિના પ્રેમના બળથી, નિભાવ્યો શો નભેલો જે,
વળી સંકલ્પ ફળવે છે, થવા કૈં શક્ય ના જે છે !

જીવનસંબંધ શા શા તે મને શો મેળવી દે છે !
હૃદય સંકલ્પને ફળવા મને ઉપયોગ આવે છે !

હરિઃૐ

# ખીલે બાંધેલ

જીવનમાં શી ભુલામણ છે, ભૂલા ક્યાં શા પડેલા તે !
ચરણની ભક્તિથી મતિમાં, સુધારો શો થયેલો છે !

ચરણની ભક્તિથી કેવા કરણમાં ફેરફારો છે !
બહેકી ઇંદ્રિયો કેવી ગયેલી, ઠામ હાવાં છે !

ખીલે બાંધેલ વાછરડું, ગમે ત્યાં છો ચરી ખાતું,
પરંતુ તે ખીલેથી ના, હવે જરીકે ચસકવાનું !

રહમ તારી થઈ શી શી ગણાવી શું શકું તે તે !
થયો ઉપકાર અનહદ છે, ભુલાયો ના ભુલાયે તે !

હરિઃૐ

# મતિ વિચાર કરવાને

અમારે તો હવે તારે, ચરણ દરબાર ઢળીને તે,
પછી દરકાર શી વાતે, અમારે રાખવાની છે !

તહીં લપડાક ચોઢીને, પ્રભુએ તો સુઝાડ્યું છે,
'તને આપેલ છે કેવી મતિ વિચાર કરવાને !'

પ્રભુ મેં કાન પકડીને, ખરે ! મુજ ભૂલ સ્વીકારી છે,
સ્મરી દિલ પ્રાર્થીને તુજને, મતિ ઉપયોગ કીધો છે !

પથે જ્યાં ગૂંચ આવી છે મતિ કામે લગાડી છે,
ન જ્યાં ઉકેલ લાધ્યો છે, તને પોકાર પાડ્યો છે !

હરિઃૐ

# ઓચિંતી ભાળ

જીવનમાં ના કશી ખટપટ હવે બાકી રહેલી છે,
મળ્યો છે જ્યાં પ્રભુ મુજને, હૃદય રાહત મળેલી છે !

બધે ફાંફાં ઘણાં માર્યાં, ન પત્તો ક્યાંય લાગ્યો છે,
પછી ઓચિંતી દિલ ક્યાંથી પ્રભુ તુજ ભાળ લાગી છે !

ગળે વળગી પડી તુજને, હૃદય ડૂમો ભરેલો જે,
બધોએ ઠાલવી દઈને હૃદય હળવાશ લાગી છે !

હૃદય ટાઢું પડી ચરણે, ચરણમાં શ્વાસ લીધો છે,
ચરણ ઓવારણાં લઈને, ચરણને શા નવાજ્યાં છે !

હરિઃૐ

## કદીક

જીવન જો છે પ્રભુનું છે, જીવનનું સર્વ કૌવત તે,
કદીક શૂળીએ ચઢાવે, તો કદીક સન્માન શો દે છે !

કદીક કાંટા તું પથ વેરે, મુલાયમ શાં બિછાનાં છે !
કદીક ખિદમત ઉઠાવે, તો કદીક ધપ્પા પડેલા છે !

બધાંએ માનઅપમાન હૃદય શીખવા મળેલાં છે,
જીવન કેવું ખીલેલું છે, સમજવા તે મળે જે તે !

હરિઃૐ

# ચરણમાં અર્પીને

ખૂણેખૂણેથી શોધીને, બધી મિલકત જીવનની તે
ચરણમાં અર્પી અર્પીને, જીવનશક્તિ ખરીદી છે !

બધું જે જે પડ્યું નજરે, નજરમાં ના ચઢ્યું તેયે,
નજરમાં લાવી લાવીને, ચરણમાં સોંપી દીધું છે !

પૂરેપૂરું જ તે મૂલ્ય, હૃદય હરખાઈ-હરખાઈ,
હરિદર્શન થવા કાજે, અમે ચૂકવી દીધેલું છે !

અમે ને શો હરિ વહાલો પરસ્પર एक એ હૃદયે,
જીવનમાં ખેલ રમીએ તે, પરસ્પરને જ સમજણ છે !

હરિઃૐ

## પછી રંગત

પ્રભુબળથી સહેલું છે, બડાશો તારી ફોગટ છે,
પ્રભુએ શો ઉછેર્યો છે ! તને એણે બનાવ્યો છે !

હૃદયમૈત્રી બરાબર જ્યાં થઈને જામી દિલ સાથે,
ટીખળ કરવાની તુજ સાથે,પછી રંગત અનેરી છે !

મને તું ક્યાંય છોડે છે ? રવાડે શો ચઢાવે છે !
કંઈક નખરાં કરી કરીને, મને કેવો તું પજવે છે !

નયનપાટા જ બાંધીને, કહીંનો કહીં જ લઈ જઈને,
પછી શા અવનવા દેશે, અમોને છોડી મૂકે છે !

હરિઃૐ

## ચરણ તારે

પ્રભુ તુજ ભાળ કાઢીને, અમે આવ્યા ચરણ તારે,
હૃદયમાં હાશ મેળવવા, તહીં લપડાક ચોઢી છે !

અમે દિગ્મૂઢ શા બનિયા ! અમારે બોલવાનું ના,
પનારે તે પડેલાની વ્યથાની શી પડી કોને !

અમે તુજ ઠામ આવીને, જહીં બેઠા ઠરીઠામે,
અમોને દમ ભિડાવી શો ! ઉચાળા ત્યાં ભરાવ્યા છે !

કહીં કહીં તેં જ રખડાવ્યા, જરી ઠરવા દીધા ના છે,
કહીંનું વેર કાઢીને, હૃદય પજવ્યા કરેલા છે !

હરિઃૐ

# પાઠ ભજવ્યે જા

હૃદય ધાર્યું'તું કે મુજને, પ્રભુ તુજ પાસ આવીને,
હૃદય ટાઢક કંઈક વળશે, કશો પત્તો ન લાગ્યો છે !

અરે ! મુજ સમ મૂરખ કોઈ જગતમાં કોણ બીજો છે ?
હૃદય આશાઅપેક્ષા શી ! શરણમાં જે ઢળેલાને !

મળેલાં કર્મ સાધનને, હૃદયની પ્રેમભક્તિથી,
કર્યો જાતાં કર્યે જાતાં, બધુંએ ઠીક થવાનું છે !

તું તારો પાઠ ભજવ્યે જા, રખે ગફલતમહીં રહેતો,
કઈ ઓચિંતી પળ ક્યાંથી, કદીક શો આવશે દોડી !

હરિઃૐ

## હૃદયજ્વાળા

અમારે તો સમજવાની, હવે કૈં ના કડાકૂટ છે,
હવે બસ ચાખવાકેરી લહેજત એકલી બસ છે !

બધું આવી મળે જે જે, થવા અનુભવ મળે તે તે,
નિશાની તે ચરણની છે મળી દિલ તે ગયાની છે !

પ્રભુ તારે ચરણ વસવા કહીં કો' કાળથીયે તે,
હૃદય અરમાન કેવાયે અમારે દિલ જાગ્યા છે !

હૃદય સંતૃપ્ત જ્યાં કેવું, થતાંમાં તો ભભૂક્યું છે,
વધુ સંતોષ મેળવવા, હૃદયજ્વાળા ઊઠેલી છે !

હરિઃૐ

# ગરીબીમાં બાદશાહી

ન જ્યારે કોડી મળતી'તી, ન કોઈ સામું જોતું'તું,
ન કો લેતું'તું પડછાયો, મને ત્યારે મળ્યો સામો !

કંઈક દિનના ભૂખ્યાને શો જરીક ટુકડો, મલીદો છે,
નવાજિશ શી કરી મુજને, મને શો ન્યાલ કીધો છે !

ધણીધોરી ખરું કોઈ ગરીબનુંયે જગતમાં છે,
પરંતુ શું ખરેખર તે ગરીબ બનવું ન સહેલું છે !


ચરણ તારાં મળ્યાં જેથી, ગરીબ બનવાનું સૂઝ્યું છે,
ગરીબાઈમહીં કેવી જીવનની બાદશાહી છે !

અમે ના ખાલી ગાયું છે, અનુભવી બાદશાહી તે,
ઝૂકે છે સર્વ અમનેયે, અમારો બોલ પાળે છે !

હરિ:ૐ

## ખંડ - ૪

# રહેમત છે, રહેમત છે



રહેમત છે, રહેમત છે, હવે તારી રહેમત છે,
રહેમતથી પ્રભુ તારી જીવન કેવું વહેલું છે !

હરિઃૐ

# મને કેવો ઉગાર્યો છે

જીવન ઝોલાં જ ખાતું જ્યાં, ભરોંસો સહેજ પણ ન હોતો,
ઊગરશું કે મરી જાશું, પ્રભુ ત્યાં હાથ દીધો છે !

શરૂશરૂમાં હ્રદય મુજને ભરોંસો તે, પ્રભુ તુજ પર,
જરા સરખો ન બેઠેલો, છતાં તેં વહાર કીધી છે !

ન સાચો મેં તને જાણ્યો, પિછાણ્યો ના તને હ્રદયે,
સહારો શો છતાં દઈને, મને કેવો ઉગાર્યો છે !

હવે જ્યારે હ્રદય તારું, ખરું સગપણ નિહાળ્યું છે,
કળાથી શી મને ખેંચ્યો ! થઉં છું ખુશ અનુભવી તે !

હરિઃૐ

## અચાનક

ભયંકર ભુલભુલવણીમાં પડેલો શો હતો ત્યારે !
અચાનક ધોલ ચોઢીને, કીધો વિચારતો મુજને !

જટિલ અટવિ વિશે જ્યારે, રખડતો શો હતો સઘળે !
ન કેડી શોધવી પડીયે, તહીં શો હાથ ઝાલ્યો છે !

જગતના બહુ અનુભવથી, પડી છે ટાલ માથામાં,
મહીં ને મહીં મુઝાઈને, શરણ તારે ઢળેલો છે !

હરિઃૐ

## હાથ ઝાલીને

કહીં કહીં શા અમે રખડ્યા, ન સીધો રાહ મળતો'તો,
તનેયે યાદ કરવાનું, અમે ભૂલી ગયા'તા શા !

પથે અથડાઈ-અથડાઈ તહીં થાક્યા પૂરેપૂરા,
પ્રભુ તું યાદ આવ્યો જ્યાં, તને પોકાર પાડ્યો છે !

પછી તો હાથ ઝાલીને, અમોને રાહ પર લઈને,
બધો રસ્તો કપાવ્યો છે, પ્રભુ તારી કૃપા શી છે !

હૃદયથી પાસ તુજ આવ્યા, અમારું કૈં ન જોયું છે,
અમારું સૌ મઠાર્યું છે, હૃદય એવો દયાળુ છે !

હરિઃૐ

# ગરજ જગવી

શરણમાં જે ઢળેલાની મતિ, મન ને ગતિ શાં તે !
જગતજન કાં પૂછો છો તે શરણ આવી જુઓને તે !

શરણમાં આવવાકેરી, જીવન લાગી ગરજ ના છે,
કરંતાં કોટિ ઉપાયે ન વળવાનો ચરણમાં તે !

'શરીરના રોગને કેવો ખરેખર રોગ માન્યો તે',
ભયંકર અણસમજ મારી, કૃપા અણમોલ કેવી તે !

ગરજ તે રોગથી જાગી, ગરજથી ભાન જાગીને,
સ્મરણના ઝોકથી કેવું, ચરણમાં સ્થાન મળિયું છે !

હરિઃૐ

# મતિ જાગી

પડેલા શા ભૂલા તોયે, ન તેની સાન જાગી'તી,
જહીં છક્કડ શી ખાધી છે ! શરણ ઢળવા મતિ જાગી !

જગત જંજાળમાં કેવી, બહુ અટવઈ મરેલો શો !
તને પોકારવાનીયે મતિ નહોતી જરીકેયે !

તને જાણ્યો હૃદય નહોતો, તું જાણે ક્યાંયે નહોતો,
બધે બેફામ શો વર્ત્યો ! હવે શો ઠામ આવ્યો છું !

નધણિયાતો થયેલો હું, ન જેનું ઠામઠેકાણું,
હૃદય ઠરવા ચરણ તારે, હાવાં હું શો ઢળેલો છું !

હરિઃૐ

# શી કરામતથી

કૃપાથી રાહ પર લઈને, ધીરે ડગ શાં ભરાવીને-
કદીક ચાબુક લગાવીને, જીવનરાહે ચલાવ્યો છે !

મતિ, મન, પ્રાણ, દિલ, ચિત્ત સૌ ન સહમત તે હતાં પૂરાં,
જીવનના ધ્યેયના પંથે ખુશીથી માંડવાં ડગ તે !

પરંતુ શી કરામતથી, બધાંને તે મનાવીને,
ચરણમાં વાળિયાં કેવાં ખૂબી તુજ એવી ન્યારી છે !

હવે તે સર્વને તારા વિના ઘડી પળ ન ચાલે છે,
નિરંતર તારી સેવામાં, સદા ગુલતાન શાં રહે છે !

હરિઃૐ

## પથે તે તેં ચઢાવ્યો છે

ન સમજણ કંઈ હતી જેની, ન જેની ભાળ નહોતી ને-
ન જેનું ભાન પણ નહોતું, પથે તે તેં ચઢાવ્યો છે !

કદીક ખચકી ગયો'તો હું, કદીક રવડી પડ્યો'તો ત્યાં,
બળદ ગળિયો થયો'તો શો ! તહીં તેં હાથ આપ્યો છે !

કશી સૂધબૂધ રહી'તી ના, નયન અંધારું છાયું'તું,
ન આગળ ક્યાંય દેખાતું, તહીં તેં તેજ પાડ્યું છે !

લથડિયાં બાળ ખાતો'તો, ચલાતું ના હતું ડગલું,
ધીરજ શી ખોઈ બેઠો'તો, તહીં શો સાથ આપ્યો છે !

હરિઃૐ

# ધણીનો આશરો મળતાં

નરકમાં સાવ રમતો'તો, ન તેનુંયે હતું ભાન,
લપેટાયેલ તેનાથી, મને તેમાંથી કાઢ્યો છે !

ગરક કાદવ વિશે કેવો, પૂરેપૂરો ગળ્યો'તો ને-
પ્રયત્ને ઊલટો ડૂબ્યો, પ્રભુ ત્યાં મહેર કીધી તેં !

અમારું કૈં ન નીવડ્યું છે, છતાંયે શા મથાવીને-
અમોને પંથ રાખ્યા છે ! કૃપા શી એવી તારી છે !

જીવનમાં પ્રાણ પણ નહોતો, પૂરા મડદાલ જેવા શા !
ધણી તુજ આશરો મળતાં, ખબરદારી મળી શી છે !

હરિઃૐ

# ખુલ્લું થવાયું

કહેતાં ફાવતું નહોતું, શરૂ શરૂમાં મને તુજને,
જ્યહીં તેં ભાવ દેખાડ્યો, શું ખુલ્લું પદ થવાયું છે !

પછી તો હુંય તે મારું બધું પાછળનું વીસર્યો છું,
હવે તો માત્ર ભક્તિમાં, ચરણ વળગી રહેલો છું !

ચરણની ભક્તિની દુનિયા જીવનમાં કેવી લાધી છે !
બધું મુજ ફેરવાતું તે મને લાગ્યા કરેલું છે !

નવી દુનિયા, જીવન નવલું, બધા રંગો જ નવતર છે !
નવી દૃષ્ટિ, નવી મતિને, બધું જે તે નવું નવું છે !

હરિઃૐ

## પહેલાં

ગમે ત્યાંયે ચરેલું છે, ઘણાં ડફણાં પડેલાં છે,
બહુ ઠોકર શી ખાધી છે ! પછી શરણે ઢળેલો છે !

પ્રભુ બુદ્ધિ હતી તોયે, ઊંધું દેખાયું ના તેને,
બધે બાથોડિયાં માર્યાં, પછી શરણે ઢળેલો છે !

ખરો રસ્તો હતો શો તે, ન જાણેલો હતો ક્યાંયે,
શું પસ્તાતાં હૃદય ભારે, પછી શરણે ઢળેલો છે !

રઝળતાંયે, રઝળતાંયે, વીંટાયાં ઝાંખરાં બહુયે,
મર્યા અટવાઈ કેવાયે ! પછી શરણે ઢળેલો છે !

હરિ:ૐ

# હવે

અઠંગ જુગારીની જેમ, કરીને એકઠું સાહસ,
રમતમાં દાવ ફેંકીને, જીવન હારી ગયેલો છે !

હવે બાજી ન હાથે છે, કરામત કૈં ન ફાવી છે,
કશું જ્યારે સૂઝ્યું ના છે, શરણ તારે ઢળેલો છે !

બધું હારી ચૂકેલો છે, ન રમવા કૈં રહેલું છે,
હવે જ્યાં કૈં ન ચાલ્યું છે, શરણ તારે ઢળેલો છે !

ગમે તેવો છતાં તોયે, રહમ કરીને ચરણમાં જે,
પડી રહેવા દીધો મુજને, કૃપા-બલિહારી તારી છે !

હરિઃૐ

## પછી શરણે ઢળેલા તે

અમે રખડેલ કેવા તે, મૂકી શા માલમલીદાને,
ગમે તેવું અમે ખાધું, પછી શરણે ઢળેલા તે !

અમારું નામનિશાન, કશું રહેવા ન દીધું છે,
કર્યું ઊડઝૂડિયું જે તે, પછી શરણે ઢળેલા છે !

ન ક્યાંયે સંઘરાયો છે, ઘણાં ફાંફાં જ માર્યાં છે,
કશું નવતર જડ્યું ના છે, પછી શરણે ઢળેલો છે !

બધે ક્યાં ક્યાં જ ભટક્યો છે, મહા રવડી મરેલો છે !
કશું જ્યારે સૂઝ્યું ના છે, પછી શરણે ઢળેલો છે !

હરિઃૐ

## મઠાર્યો

રહેવા ઠામઠેકાણે, મને કેવો મઠાર્યો છે !
વળી ઠપકારીને મુજને, સીધો તેં શો રખાવ્યો છે !

હજારો વાંક ને ગુના કરેલા શા જીવનમાં તે !
ચરણ ઢળતાં, ન તે સામું પ્રભુ તેં કૈં જ જોયું છે !

વળી શી હાશ ને ટાઢક, હૃદય તે વેળ મારે તે !
અજંપો સૌ ટળી જઈને, હૃદય વળગી પડ્યો તુજને !

ચરણની આવતાં વહારે, મને તારો બનાવીને,
મને શું શું થયેલું છે, જ્યહીં તેં થાબડી પીઠ છે !

હરિઃૐ

# પગલાં ભરાવ્યાં

તને મળવાની દિલમાં જ્યાં, થતાં દાનત પૂરેપૂરી,
ગતિ, મતિ કામ લાગીને, મને પગલાં ભરાવ્યાં છે !

કહીંક શી દૂરથીયે જ્યાં, નજર તુજ પર પડી ત્યાં તો,
હૃદય, મતિ,પ્રાણ,મન, ચિત્ત, સૌ ન ઝાલ્યાં કર રહેલાં છે !

ગતિ તે વેળની કેવી ન માપ્યામાં જ આવે છે,
છલાંગો પર છલાંગોની અહા ! શી દોટ મારી છે !

શું સંકલ્પો વિચારોએ કશા ફૂટી ન નીકળ્યા છે !
બધું એકીટશે તુજ પર, હૃદય શું ધ્યાન લાગ્યું છે !

હરિઃૐ

# નવી આશા

મતિ નહોતી, મતિ તેને કૃપા કરી આપી કેવી છે !
જીવન નવતર બનાવીને, નવી આશા જગાડી છે !

નવી આશા જગાડીને, મથામણ શી કરાવીને !
નવું નવું શું સુઝાડીને, ચરણમાં સ્થિર બનાવ્યો છે !

હૃદય વિશ્વાસ શ્રદ્ધાને પુનર્જીવન શું બક્ષ્યું છે !
હવે શી હામ તેને છે, જવા ઊડી પાર નભનેયે !

ચરણમાં જ્યાં શરણ ઢળતાં હૃદયશાતા મળેલી જે,
ઊઠેલા તે જીવનકેરી અકલ્પ્ય શક્તિ કેવી છે !

હરિઃૐ

## તારે ઈશારે

હૃદયથી રાડ કેવીયે ચરણ પાડ્યા કરેલી છે !
ચરણમાં કેટલુંયે તે, રડ્યા મેં તો કરેલું છે !

દશા એવી જુદી જુદી વિશે જીવન વીતેલું છે,
છતાં તે તે વિશે કેવા, ચરણ તો કેંદ્રબિંદુ છે !

ચરણથી તો હવે ચસવા કદી ના મન થયેલું છે,
છતાં સાવધ રહેવાની બધી તુજ કામગીરી છે !

અમે બંદર પ્રભુ તારા રમત જે શિખવાડી છે,
ઈશારે જેમ તારે તે અમારે ખેલવાનું છે !

હરિઃૐ

# સદ્‌ભાગ્યે

ભયંકર ભૂલ કરેલી છે, બહુએ ખોટ ખાધી છે,
કશી નાનમ ન આણી છે, પ્રભુ એવો શરણ તુજ છે !

તને લાયક રહ્યો ના છે, તને ગમતું કર્યું ના છે,
બધે રખડ્યા કરેલું છે, છતાં એવો શરણ તુજ છે !

ન મર્યાદા જ પાળી છે, લવ્યા જે તે કરેલું છે,
ગમે તે કર્મ કીધાં છે, છતાં એવો શરણ તુજ છે !

પ્રભુ તારો અને મારો, ન પાટો ક્યાંય સરખો તે,
છતાં કોઈક સદ્‌ભાગ્યે મળેલાં, તો નિભાવી લે !

હરિ:ૐ

## જીવન દેતાં, જીવન દેતાં

પ્રભુ શું એક પછી એક, તને દેવાનું શિખવાડી,
જીવન દેતાં, જીવન દેતાં હૃદય આખર વરેલો છે !

બધું કૈં તેં જ શીખવ્યું છે, બધે જ્યાં ત્યાં ચલાવ્યો છે,
જરૂર પડતાં નમાવ્યો છે, પથે મુજને નિભાવ્યો છે !

મને દોષ બતાવ્યા છે, મઠારાવ્યા વળી શા તે !
મઠારાવી ચરણમાં તે હૃદયથી શા મુકાવ્યા છે !

કદીક ભૂલતાં તને હૃદયે, મને શો ચેતવ્યો તેં છે !
ખુમારી દિલમાં સમજણની હૃદય તે પળથી જાગી છે !

હરિઃૐ

## ચરણમાં

અમે જેવા હતા તેવા, તને પાછા કરીને તે,
ચરણ તારે પડેલાને, ઉધામા શા કરાવે છે ?

ચરણ જે દિલ લાગ્યું છે ગમે તેમ દિલ કરતાંયે,
ચરણમાંથી હવે કેમે, ન હઠવાનું કદીયે છે !

ભલે ઝોલાં કદી ખાતું, ભલે દેખાય અથડાતું,
છતાંયે ઠેરનું ઠેર ચરણમાં શું રહેવાનું !

ચરણ વિના હવે ક્યાંયે ન ઠેકાણું જ એને છે,
ચરણને છોડીને ક્યાંયે હવે તે ના જવાનું છે !

હરિ:ૐ

# મને વિશ્વાસ હૈયામાં

જ્યહીં ત્યહીંથી જીવનમાં શો મને તેં તો ઉગાર્યો છે !
ઉગારીને, બચાવીને, ચરણ તારે જ રાખ્યો છે !

ભટકવાયે મને દીધો થવાને ભાન મુજ તે તે,
પછી તેં વાળીને સીધો કર્યો કેવો બરાબર તે !

ખીલે બાંધેલ વાછરડું ગમે ત્યાં છો ચરી ખાશે,
પરંતુ તેની મર્યાદા ન આવ્યા વિણ તે રહેશે !

મને વિશ્વાસ હૈયામાં પૂરેપૂરો જગાડ્યો છે,
જતાં કૈં આડેઅવળે શો સીધે દોરવશે તું મુજને !

હરિઃૐ

# અનોખી ચાલ

ન જાણે કેમ ઓચિંતી હૃદયફાળ પડેલી તે,
શું કેમેયે કરી કળ તે મને દિલ ના વળે છે જે !

'હૃદય ચૂક્યો હઈશ મારું જીવનકર્તવ્ય લીધેલું',
કૃપા કરી આ રીતે મુજને હૃદયમાં ભાન પ્રેર્યું છે !

જીવનકર્તવ્યમાં મારા, ઊગેલી દિલ જિજ્ઞાસા,
તમન્નામાં કમીના શી જરી પડતાં, જગાડે છે !

હૃદય ચેતાવવા તારી રીતો જુદી જુદી શી છે !
શી શી અજમાવતો મુજ પર અનોખી ચાલ તારી છે !

હરિઃૐ

## ભલા માટે

કંઈક ઘડીઓ પ્રભુ એવી, જીવનમાં કેવી આવી છે !
ઊથલપાથલ કરી જે તે, બધું ઊંધું વળાવ્યું છે !

કર્યું ને કારવ્યું પ્રભુ તે, બધુંએ ધૂળ કરાવ્યું છે !
કરાવેલું જ મંડાણ, બધું ઊતરાવી નાંખ્યું છે !

ઊગેલી શી મઝાની તે, બધી વણસાડી ખેતી છે,
લીલુંછમ જે હતું સહુ તે, બધું ઉજ્જડ કરેલું છે !

ભલા માટે, ભલા માટે, પ્રભુનાં સર્વ કરતૂક તે,
અનુભવી દિલ પ્રગટાવી, હૃદય સમજણ મને તે તે !

હરિઃૐ

# ગરીબનો બેલી

'પ્રભુ બેલી ગરીબનો છે' ન ગણશો માત્ર કહેવત તે,
હકીકતમાં ખરેખર શો જીવનનો તે અનુભવ છે !

ગરીબ એકવાર થઈ જુઓ, ગરીબ થઈને ચરણ ચૂમો,
ગરીબ થઈને શરણ પામો, પછી તે દિલ સમજાશે !

જીવનમાં નમ્રતા ટોચે, પૂરેપૂરા જ્યહીં પહોંચો,
ગરીબીમાં પછી પગલાં તહીં શાં માંડવાં રહે છે !

ગરીબ એ તો હૃદય ઊગવું ચરણ સંપૂર્ણ શરણે જે,
ગરીબી પ્રાણપ્યારી જે, કૃપાથી દિલ વરેલી છે !

હરિઃૐ

# કૃપા-સૂરજ-કિરણથી

બધા વ્યવહારની કેવી પડી સમજણ ગયેલી છે !
કૃપા-સૂરજ-કિરણથી શી ! નજર ઊઘડી ગયેલી છે !

જગત વ્યવહારમાં કેવી ગરજ દુનિયા અનોખી છે !
જતાં લાગી ગરજ હૃદયે ભળાઈ શું જવાયે છે !

ચરણ તારાં પરે કેવી ગરજ મુજને લગાડી છે !
ચરણમાં દિલ લાગ્યાથી ખૂલી કિસ્મત ગયેલું છે !

ચરણની ખુશબો લાગી જીવનના રોમરોમે તે,
હૃદય રોમાંચકારી શો ચરણ અનુભવ થયેલો છે !

હરિઃૐ

# ચમત્કાર

કદીક વારો લથડવાનો પ્રભુ આવી પડે છે શો !
કૃપા તારીથી ત્યાં કૌવત કહીંથી ફૂટી નીકળે છે !

'ચમત્કાર પ્રભુ આવા, કૃપા તુજ શક્તિના કેવા !
જીવનમાં કૈં મળેલા છે !' હૃદય વિશ્વાસ તેથી છે !

જીવનમાં શી કદીક છેક, હૃદય હિંમત ખૂટી ગઈ છે,
ગળિયું શું થવાયું છે, ઉઠાયું ના ઉઠાયે છે !

ચમત્કારિક શી રીતે હૃદય ઓચિંતું બળ મુજને,
જમીનને તોડીફોડીને, કહીંકથી આવી મળિયું છે !

હરિઃૐ

## મને શો સાચવેલો છે

કણકની જેમ ગૂંદીને જીવનમાં કેળવ્યો શો છે !
ગમ્યો છું કે ગમ્યો ના તે, કશી મન ના ગણતરી છે !

ગમી મુજને ગયો તું છે, હૃદય વસી તું ગયેલો છે,
મને ભાવી ગયેલો છે, મને તુજ એટલું બસ છે !

નજર બેસી ગયેલો છું, હૃદય ગમ તુજ પડેલી છે,
જીવન તુજ ભાળ લાગી છે, જીવન રસ્તો મળેલો છે !

ગ્રહી મુજ કર ચલાવ્યો છે, જીવન દરકાર રાખી છે,
જીવનની પગથી પગથીએ, મને શો સાચવેલો છે !

હરિઃૐ

## જીવન ત્યારે ઘડાયું છે

તને ભૂલી ગયો'તો છો, છતાં ભૂલ્યો ન તું મુજને,
હૃદય તુજ પ્રેમ કેવો છે ! કશા સાથે મળે ના તે !

અલૌકિક, ભવ્ય, મૌલિક તે કળાકાર અનોખો છે !
જીવનને એકલો તે જ ઘડી જાણે, ઘડી જાણે !

મને છોલાયું કેવું છે ! વળી તેં કાપ્યું ક્યાં ક્યાં છે !
શું પારાવાર રગડ્યો છે, જીવન ત્યારે ઘડાયું છે !

તને એકવાર જીવનને જહીં ઘડવા જ સોંપ્યું છે,
પછી આકાર દેવાને બધી મરજી તમારી છે !

હરિઃૐ

## મને તારો ગણેલો છે

થતાંમાં ને થતાંમાં શું ! જીવનઘડતર ઘડાયું છે,
શું કેવું કેવું છોલાયા ! પ્રભુની તે કરામત છે !

ઘડામણની ક્રિયાગતિમાં જીવનઝોબા મળેલા છે,
રહમ તારી નિહાળ્યાથી પૂરા પથ શા વળેલા છે !

પડ્યો નીચે થઈ ઘાયલ, ન ઊઠવા હોંશ સહેજે છે,
કૃપાનો કર દઈ મુજને ફરી બેઠો કરેલો છે !

કૃપાની તે મદદ-તોલે મદદ બીજી ન આવે છે,
હૃદય સમજાયું તેથી તો, મને તારો ગણેલો છે !

હરિઃૐ

## કૃપાથી તેં ચલાવ્યો છે

હૃદય વિશ્વાસ જન્મ્યાથી, બધુંએ પાંગળાપણું તે,
કૃપા તારી થકી કેવું ! સરળતાથી જ પીગળ્યું છે !

જીવન હિંમત શી આવીને હૃદય ઉત્સાહ વ્યાપીને,
સ્મરણ તારું ઉમંગેથી કર્યાં કરવા જ પ્રેર્યો છે !

પ્રભુ કાયરપણા સામે લગીર પણ તેં ન જોયું છે,
પ્રભુ મુજ થાબડી પીઠ હૃદય હિંમત શી દીધી છે !

અને સાહસ ભયંકર જ્યાં ન કોની હામ ચાલે છે,
મને ત્યાં તેમ કરવાને કૃપાથી તેં ચલાવ્યો છે !

હરિઃૐ

## ઝંઝાવાતમાં

શું ઝંઝાવાત આવ્યા છે જીવનમાં કેટલા કેવા !
ટકી શકવા કૃપાથી તેં હૃદય હિંમત શી દીધી છે !

છવાયાં કેટલી વાર, નયન અંધારપટ કેવાં !
ન સૂઝે એક ડગલુંયે, કિરણ શાં તેં પ્રસાર્યાં છે !

બધી જ્યાં ખોઈ હિંમત છે, બધી ધીરજ ખૂટી ગઈ છે,
નિરાશા છેક વ્યાપી જ્યાં, હૃદય સ્મરતાં તું આવ્યો છે !

તને બોલાવતા વહારે હૃદયના આર્ત ને આર્દ્ર
પુકારે સાદ દીધો છે, તહીં તુજ હાથ ભાળ્યો છે !

હરિઃૐ

## ઉગાડ્યું-શીખવ્યું

હતો લાચાર નામર્દ, જીવન શો હું બધી રીતે !
સ્મરણનું જ્ઞાન તેં બક્ષી, મને ઉગારી લીધો છે !

સ્મરણ કરતાં, સ્મરણ કરતાં, ભજન કરવાનું હૈયે તે,
મને કેવું સુઝાડેલું, હજીયે યાદ આવે છે !

વળી તેં પ્રાર્થના કરતાં હૃદયથી શિખવાડી છે,
થતું જે તે બધું તે તે કહી દેતાં, ઉગાડ્યું છે !

નિવેદન સૌ તને કરતાં હૃદય હળવું બનેલું તે,
તને ત્યારે હૃદય ભજતાં, ઉમળકે દિલ નાચ્યું છે !

હરિ:ૐ

# ભાન જગવ્યું છે

કદીક નાદાન હું કેવો ચઢેલો પથ પરે, તોયે-
ગયો છું સાવ લપસીને, તહીં તેં ભાન જગવ્યું છે !

વળી પાછો ઉપર આવી તને દિલથી જ વળગીને,
ચરણ વળગી, હૃદય વળગી, તને શું હેત કીધું છે !

વળી તે ભૂલીને સઘળું અનાચારે વળ્યો કેવો !
પડ્યો ભૂલો, તને ભૂલ્યો, ભયંકર કેવું રખડ્યો છું !

પ્રભુ તુજ યાદ સરખીયે કદી હૃદયે ન આવી છે,
હૃદય મુજ લાત મારીને મને કેવો જગાડ્યો છે !

હરિઃૐ

# કૃપાની વાત ન્યારી છે

કશું સામર્થ્ય મારું ના, કૃપાસામર્થ્ય હરિ તુજ છે,
હૃદય અનુભવથી જાણ્યું તે, કૃપાની વાત ન્યારી છે !

થયા વિના હૃદયભક્ત પ્રભુ તુજ પ્રેમજીવનના,
કૃપાની શી કરામતને ન કોઈ ઓળખે છે તે !

પરિચય તે કશા વિના જણાયે કોઈનું ના તે,
કૃપા-બલિહારી શી તુજ તે સહજ તોયે ન સમજાયે !

ભજન ને પ્રાર્થના, સ્મરણે નિવેદનના જ અભ્યાસે,
હૃદય સગપણ કંઈક સમજ્યો જીવનમાં હું કૃપાથી તે !

હરિઃૐ

## હૃદય આકાર દીધો છે

કરી તોફાન, કેવીયે બડાશો ખૂબ મારી છે,
વળી નાદાનિયતની શી અવળચંડાઈ કીધી છે !

રહમ કરીને છતાં મુજને, સીધો શો વાળી દીધો છે !
નહિતર શી દશા હોતે, ન કલ્પી તે શકાયે છે !

પ્રભુ તુજ પથ તરફ વળતાં, નયનનો કેફ પીગળ્યો છે,
બધું હુંપદ ચરણ ગળતું સ્મરણ ઔષધથી લાગ્યું છે !

નરમ માટીતણો લોંદો મુલાયમ છેક કીધો છે,
પછી ઘડવા મને માંડી, હૃદય આકાર દીધો છે !

હરિઃૐ

## મને તેં ઠામ પાડ્યો છે

નરાધમ છેક કેવોયે ન તુલના કોઈ સાથે છે,
ચરણ તારા તરફ વળતાં પછી તેં કૈં ન જોયું છે !

કંઈક વેળા પડ્યો હેઠો, અને છોલાયું પગમાં છે,
વળી પાછો થઈ બેઠો, રહમ શી તારી માગી છે !

ક્ષમા તુજ માગતાં મુજને શરમ દિલ કેવી લાગી છે !
ધરી ધીરજ, લઈ હિંમત પથે ડગ શાં ભર્યાં મેં છે.

લથડિયાં કેટલાં ખાધાં, અને શો આથડ્યો ક્યાં ક્યાં !
જીવનના ધ્યેયના ભાને, મને તેં ઠામ પાડ્યો છે !

હરિઃૐ

## નાદાન આ વળગ્યો

તને નાદાન આ વળગ્યો, તને ના સુખ દીધું છે,
લવારો શો કરી કરીને, તને પજવ્યા કરેલો છે !

છતાં કંટાળી મુજને તેં ન આડો હાથ દીધો છે,
હૃદય આળું થતાં પુષ્કળ તને ગાળો દીધી મેં છે !

ન તેં તેનેય ગણકારી, ન તેં મનથી લીધું કૈં છે,
અહા ! શા આંખ આડા તેં, દીધા કર ઊલટા પ્રીતે !

મને તેં કેટલી વાર રહમથી છાવરેલો છે,
બધું જાણું-પ્રીછું તે તે છતાં કચવાટ દિલથી છે !

હરિઃૐ

# કૃપા-બલિહારી

અમારું બોલવું, રડવું અને ફરિયાદ કરવાને,
ચરણ પ્યારા વિશે કેવું, અમારું એક સ્થળ તે છે !

કદીક રડીને, કદીક હસીને ફરી ફરી સંભળાવ્યું છે,
હકીકત એકની એક, છતાં ના રંજ કીધો છે !

થયો નારાજ ના અમથી, કદીયે તેં ન વાર્યો છે,
થવા દીધું બધું જે તે, ખૂબી એવી પ્રભુ તુજ છે !

ન ગમતુંયે તને કીધું, અજીઠુંયે જ આપ્યું છે,
છતાંયે તેં ન તરછોડ્યો, કૃપા-બલિહારી તારી છે !

હરિઃૐ

# છતાં તેં-

પૂરેપૂરા જ ના-લાયક પ્રભુ તુજ પાસ ઠરવાને,
છતાં તેં આવવા દીધા નજીક તારી કૃપા તુજ તે !

હૃદયમાં વહાલ જ્યાં ઊછળે, કશું જોવા ન રહેવાતું,
સડક થઈને ચપોચપ ત્યાં નજીક જઈ કેવું પહોંચાતું !

મને નથી સહેજ તુચ્છકાર્યો, નથી કે અવગણ્યો લગીરે,
પ્રભુ ઊલટો હૃદયથી તેં કરી શાં વહાલ ખેંચ્યો છે !

પ્રભુ તુજ વહાલની તોલે, જીવન લાખો ખરચાંયે,
ન આવી તે કદી શકશે પ્રભુ તુજ વહાલ અદ્ભુત છે !

હરિઃૐ

# સ્મરી સ્મરી

જીવનમાં કેટલી વાર જીવનનું ભાન આવીને-
બધું ચાલી ગયું છે ને પૂરું દેવાળું કાઢ્યું છે !

જીવનઆદર્શ જાગેલો હૃદય તેને વળગવાને,
કર્યા કર્યું જે હતું તેથી વળી પાછું ઉઠાયું છે !

જીવનના ધ્યેયને પૂરી વફાદારીની ભક્તિથી-
વળગવાને ફરી ફરીને કદમ કેવા ઉઠાવ્યા છે !

થતાં ગફલત સ્વીકારીને, વળી પાછો શું મંડ્યો છું,
સ્મરી સ્મરીને, ચહી તુજને, વળી વળી દિલ સ્થાપ્યો છે !

હરિઃૐ

# તું ના ભૂલ્યો મુજને

તને ભૂલ્યો, તને ભૂલ્યો, છતાં તું ના ભૂલ્યો મુજને,
ખરેખર તારી મુજ પરની હૃદયની પ્રીત સાચી છે !

અને એ ભાવના તારી, હૃદય ચોંટી ગયેલી છે,
તને તેથી વફાદાર રહેવાયું જ મુજથી છે !

ધીરે ધીરે ઉઠાવીને, મને પથ પર ચલાવીને,
ભરોંસો દિલ જગાડીને, મને ચેતાવ્યો દિલ તેં છે !

નજર જ્યાં પહોંચતી નહોતી જવાના ઠામ પર સહેજે,
હૃદય હિંમત ભિડાવીને મને ત્યાં લઈ ગયો શો છે !

હરિઃૐ

## વળગતાં શીખવ્યું કેવું !

અભય ને નમ્રતા મૌન વળી એકાંત સાધનને,
વળગતાં શીખવ્યું કેવું, મને નાદાનને હેતે !

હૃદયથી વળગી તે સાધન, થયા કરતાં થયા કરતાં,
બીજું તેમાંથી નવતર શું સૂઝ્યા કર્યું છે હરિ મુજને !

અને એમ ઊગતાં સૂઝ, હૃદય તે પર ધરી ધ્યાન,
ખરેખર વર્તતાં તેમ જીવનમાં પ્રાણ જાગ્યા છે !

હૃદય તારા પરે મારો પૂરો આધાર કેવો છે !
પથે ઓળંગવા કેવું, મને તેં જોમ દીધું છે !

હરિઃૐ

## સાન જાગી

જીવનને પ્રીછવા કેવો, હૃદય ઉત્સાહ દીધો છે !
ચલાવીને પથે મુજને હૃદય વિશ્વાસ બક્ષ્યો છે !

પડીને શો ભૂલો પંથે જહીં પછડાટ ખાધી છે,
તને બોલાવવા સહાયે, હૃદયમાં સાન જાગી છે !

પડ્યાનું ભાન જાગંતાં, હૃદય ઊઠવાનું ચેતીને,
ફરી ડગ શાં પથે માંડ્યાં શૂરાતન દાખવી હૈયે !

પડ્યા તોયે ન ગભરાયા, ફરી ઊઠવાનું ચિંતવન ત્યાં-
કૃપાથી કેવું ચાલ્યું છે, જીવન એથી રળાયું છે !

હરિઃૐ

# વહાલ છૂટે છે

કૃપા કરીને મને કેવો, જીવનમાં તેં જગાડ્યો છે !
જગાડીને પથે પાછો મને કેવો ચલાવ્યો છે !

‘હૃદય તે ભાન જાગંતાં, હૃદયથી વહાલ છૂટે છે-
પ્રભુ તુજ પર શું ધસમસતું’ અમારું કેવું કિસ્મત તે !

પ્રભુ કેવો મળ્યો અમને મથંતા-શોધતા હૃદયે,
જીવનમાં તો હવે કેડો ન તારો મૂકવાનો છે !

હરિઃૐ

## અમારો ઝોક

અમે નાદાનની પર શો કૃપા વરસાદ વરસ્યો છે !
થયા શા દેખતા, તેથી પ્રભુની મહેરબાની છે !

અમારો ઝોક અમ પર ના, હવે શો ઝોક પદ પર છે,
મહત્ત્વ તે જીવનનું છે, જીવનનું સત્યયે તે છે !

હૃદયનો પ્રેમ પણ તે છે, જીવનનો ભાવ પણ તે છે,
જીવન સર્વસ્વ પણ તે છે, પ્રભુ એવો અમારો છે !

અમે શા આંધળા પૂરા ! અમોને દેખતા કીધા,
વળી જોતા કરી અમને જીવનનું મૂળ બતાવ્યું છે !

હરિઃૐ

## જીવનરસ તરબતર શું છે !

મળ્યું જે જે પથે અમને, અમે રસથી જ ચાખ્યું છે,
હૃદય ચાખી હૃદયમાં શો અનુભવ નોંધી રાખ્યો છે !

ન સારું કે કશું નરસું, ન ગણના કાંઈ કીધી છે !
હરિનાં તે ચરણકમળે, બધું ઓગાળી નાખ્યું છે !

હવે જીવન વિશે અમને, હરિના તે ચરણરસને,
પૂરેપૂરો જીવન સીંચી જીવનરસ તરબતર શું છે !

હરિ:ૐ

# પૂરી દરકાર રાખી છે

શરણ તારે પડી ચરણે, તને ગમતું થવા કાજે !
હૃદયથી રાજી થઈ થઈને તને ગમવા મથેલા છે !

અમે નાખુશી તુજ વહોરી થતાં ઘડતર જીવનનું તે,
તને વાળી લઈ હૃદયે, અમે રાજી કરેલો છે !

કંઈક વેળા અમે ભૂલથી ગયેલા ઊલટા તુજથી,
છતાં તેં ક્રોધ આણ્યો ના, સહિષ્ણુ શો જણાયો છે !

થયો આડો ભલે તોયે ચલાવી તેં લીધો મુજને,
જીવન ઘડવા છતાં શી તેં પૂરી દરકાર રાખી છે !

હરિઃૐ

# રહેમત છે

રહેમત છે, રહેમત છે, હવે તારી રહેમત છે,
રહેમતથી પ્રભુ તારી જીવન કેવું વહેલું છે !

જીવનઝરણું વહી ક્યાં ક્યાં પથે અફડાટ ખાધો છે !
પછી પાછું લઈ ટક્કર વહેલું સડસડાટે તે !

કહીં તો ખીણ આવી છે, કહીં આડા પહાડો છે,
થયું વહેવું સરળ કહીંયે, જુદી દિશા, જુદી ગત છે !

કુટાતાં સાવ અથડાતાં, છતાં ચહી ચહી ચરણ તારે-
મથી મથીને અમે આવ્યા, હવે શરણે લીધેલા છે !

હરિઃૐ

# બધે જેમાં અને તેમાં

જીવનના ઢંગ જોયા છે, જીવનના રંગ મહાલ્યા છે,
જીવનના વેશ બદલ્યા છે, જીવન આધાર લાધ્યો છે !

મળ્યું જે જે નવાજ્યું છે, થયું તે તે નિહાળ્યું છે,
ઊગ્યું તે તે અનુભવ્યું છે, મળ્યું રમવું, રમેલા તે !

ઊભા ત્યાંયે અમે ચાલ્યા, ઊંઘ્યા લાગ્યા છતાં જાગ્યા,
અમે જ્યાં દોડતા લાગ્યા, છતાં ત્યાંયે ઠરેલા શા !

જીવનની દિનચર્યામાં અમારે તો રમત એક જ,
બધે જેમાં અને તેમાં અમારે एक રમવો છે !

હરિ:ૐ

## બલિહારી કૃપાની છે

શરીરના આકરા કેવા પ્રસંગોએ દગો મુજને-
શરીરે ના દીધો, એ તો બલિહારી કૃપાની છે !

ભયંકર શા પ્રયોગો તે તવાવાના મળેલા છે,
ટકી તોયે રહેવાયું, કૃપા શી તારી કેવી છે !

જીવનમાં કેટલી વાર જઈ હારી જ તળિયે તે
પ્રભુ શો છેક બેઠો છું, મને ત્યાં તેં ઉઠાવ્યો છે !

પ્રભુ તારા વિના સાચો, મદદગાર ન કોઈ છે,
મને પ્રત્યક્ષ જીવનમાં, અનુભવથી બતાવ્યું છે !

હરિઃૐ

## બધું જીરવાય છે

શરીરને માત્ર તારવવા, મળેલાં દર્દ શાં શાં તે !
હરિની શી કૃપા મુજ પર, જીવનવર્ષા થયેલી છે !

હૃદય તે જાણવાથી તો, મહાસદ્‌ભાગ્ય માન્યું છે,
જીવનની લહાણ પામીને જીરવવું યોગ્ય ધાર્યું છે !

'જીરવવું' બોલવું એવું ખરેખર સાવ મિથ્યા તે,
બધું જીરવાય છે એ તો કૃપાબળની જ તાકાતે !

પ્રભુની વહાર કેવી છે ! ગરુડે શો ચઢી આવે-
હૃદયમાં યાદ કરતાંમાં, ખડો પ્રત્યક્ષ કેવો છે !

હરિઃૐ

## જીવ્યા છીએ રહેમતથી

‘જુદા જુદા અનુભવથી, અને કેવા પ્રયોગોથી’,
પ્રભુ તું સાથ મારી છે, હૃદય એવું ઠસાવ્યું છે !

હૃદયમાં ભાન પ્રત્યક્ષ ઠસાવીને કરાવ્યું છે,
હવે ભૂસ્યું ન ભુસાયે, કદી કાળે કશાથીયે !

હૃદય શો દમ પરે દમ તું, પ્રભુ તું માત્ર દમવાળો,
મરણ થાતાં બચવનારો, જીવનનો બક્ષનારો છે !

અમે જો હોઈએ જીવ્યા, જીવ્યા છીએ રહેમતથી,
કળા તારી કરામતથી અમે ઊગરી ગયેલા તે !

હરિઃૐ

## કરામત

જતાં ઓવારી તુજ પર શા ! અમારાથી થયું શું શું !
હવે તે ગણતરી કરવું, નકામું વ્યર્થ સઘળું છે !

અમારાથી થયું તે તે, કહેવું સર્વ મિથ્યા છે,
હૃદયના ભાવજુસ્સાએ થયેલું સર્વ તે તે છે !

પ્રભુ તારા તરફ મુજને, કરામતથી જ ખેંચ્યો છે,
કૃપાલીલા કળા કેવી થકી મહોબત લગાડી છે !

હવે તો એક તુજ પાછળ, હૃદય મસ્તાન ગાંડું થૈ,
હરિરસની ધૂને કેવું બધે ચોમેર ઘૂમે છે !

હરિ:ૐ

# હવે ઊકલી ગયું

વીતેલું કેવું કેવું તે તને મેં સંભળાવ્યું છે !
હવે તે વાત કહેવાની જરૂર મારે રહી ના છે !

કરે ઉભળાવવાનું કૈં હવે ઊભળી શકે ના તે,
ઊભળવાનું રહ્યું ના છે હવે ઊકલી ગયું સહુ છે !

જીવન ચરણે નવા દેશે, પ્રયાણ શું કરેલું છે !
નવાં ચશ્માં ચઢાવીને નીરખવાનું નવું નવું છે !

તને જુદી જુદી રીતે, જુદા જુદા નવા વેશે,
નવા શા રંગ ને ઢંગે અનુભવવો રહેલો છે !

હરિઃૐ

# પ્રભુનો કૉલ

અમારે તો હવે જીવન નવી કો' ભાતનું તે છે,
હૃદયરસ એકના એકે, સદાયે મસ્ત કેવું છે !

પ્રભુમાંયે મળીને તે, પ્રભુમાંયે ભળીને તે,
પ્રભુમાંયે ગળીને તે, વળગવાનું પ્રભુરમતે !

દઈને હાથમાં હાથે પ્રભુએ કૉલ દીધો છે-
'જીવન તુજ સાથ ઊભો છું, રમી લે તું રમત હોંશે !'

ખુમારીથી ભર્યું કેવું ખમીર પ્રગટાવનારું શું !
હરિ તે તારું આશ્વાસન જીવનમાં શક્તિ પ્રેરે છે !

હરિઃૐ

## અમારો દાવ

અમારો દાવ આવ્યો છે, હરિ સાથે શું રમવાને !
‘વળાશે પહોંચી કે ના તે’ કશું ના જાણીએ કૈં તે !

હરિની સાથ રમવાનું જીવનમાં જે મળેલું છે,
હૃદયના ભાનથી તેવા જીવનની મસ્તી કેવી છે !

હરિ ઉસ્તાદ કેવો છે ! પડી નજરે જતો રહે છે,
જતો રહી, સાવ સંતાઈ નજર ના ક્યાંય આવે છે !

મળ્યો છે તો હવે શાનો મળ્યો ના તું થવાનો છે !
હવે ના ભુલભુલવણી છે, જિગરની યારી પાકી છે !

હરિઃૐ

## મહામુશ્કેલીની વાત

જીવનમાં હૂંફ શી મુજને હૃદય આપ્યા કરેલી છે !
મદદ કેવી પ્રભુ મુજને અનેકે વાર કીધી છે !

કઠણ આ કાળમાં મળવી રકમ દસ લાખની શી તે-
મહામુશ્કેલીની વાત, પ્રભુ તેં શી ફળાવી છે !

મળેલાં કર્મની પ્રત્યે વફાદારી હૃદયની તે,
પ્રભુને મોખરે રાખી, ખરેખર શી બજાવી છે !

જીવનમાં સાથ જે તે-નો મળ્યા કેવો કરેલો છે !
કૃપા તારીતણો મુજને અનુભવ શો થયેલો છે !

હરિ:ૐ

# અણુ અણુમાં

જગતનું સર્વ જે તે કૈં બધી લીલા હરિની છે,
બધાં કરતૂકની પાછળ હરિ સંતાયેલો શો છે !

રમત જે તે હરિકેરી હૃદયરસ શો સમજવાને-
જ્યહીં ત્યહીં સર્વ ઠેકાણે બધી રસની જ લીલા છે !

જગતમાં રસ વિના ક્યાંયે બીજું મંડાણ ના કૈં છે,
અણુયે શો અણુમાં તે લીલાશક્તિ જ ખેલે છે !

હરિઃૐ

## જીવન 'મોટો'

હરિની શક્તિ જીવનમાં કંઈક પરખાય તે રીતે,
જીવન જીવવાનું વહાલાએ અમોને તો બતાવ્યું છે !

પરખવાનેય દિલભક્તિ હૃદય જેને જ લાગી છે,
ખરેખર એકલાને તે ગતાગમ એની સૌ પડશે !


કંઈક સંકલ્પ ભગીરથ શા પ્રભુએ લેવરાવીને-
પૂરા કેવા કરાવ્યા છે, કૃપાશક્તિ હરિની છે !

ન જેની શક્તિને કોઈ બરાબર પારખી શકિયું,
લગાડીને કરામત શી જીવન 'મોટો' બનાવ્યો છે !

હરિઃૐ

# ખંડ - ૫

## હુકમનું શાસ્ત્ર પરખે જે -



હુકમ મળતાં હૃદયથી તે હુકમને શો વધાવ્યો છે !
હુકમ સૂરજ ઊગવાની છડી કેવી પુકારે છે !

હરિઃૐ

## હુકમપાલનતણું સાધન

પ્રથમ મતિ, મન, હૃદયને ના પૂરેપૂરો હતો મેળ,
અચાનક ત્યાં હુકમપાલનતણું સાધન મળ્યું જીવને !

હુકમ કરનાર જીવનનો અમારો સદ્‌ગુરુ તે છે,
અમે વેચાયેલા એને 'હુકમ દીદાર દિલબર છે !'

હુકમ-આદર્શ-પાલનથી હૃદયનો ભાવ તે ખીલે,
તરવનારો જીવનને તે હુકમપાલન અનેરું છે !

હુકમના પાલને કેવો જીવનને તારવા કીમિયો !
હુકમ શો સદ્‌ગુરુકેરા હૃદય ચેતનતણો તણખો !

હરિઃૐ

# ઈશારે ને હુકમથી તે

જીવનને તારવા કાજે શરણ જેનું ગ્રહેલું છે,
સદા તેને હૃદયમનથી અમે ચાહ્યા કરેલું છે !

અમે ચાલ્યા હુકમ એને, ઈશારો શો મળેલો તે !
ઈશારાના વિશે અમને, મળી શું શું જતું'તું તે !

ઈશારે ને હુકમથી તે હૃદયથી ચાલતાં પંથે,
તને દિલમાં ખડો કરતાં, મતિ, મન, પ્રાણ, ખીલ્યાં છે !

તને તાબે રહેવાતાં, હુકમ તારો ઉઠાવાતાં,
નજર તારી વિશે રહેતાં, જીવનનો ફાલ ફાલ્યો છે !

હરિ:ૐ

## હુકમ એટલે શું ?

હુકમ તે માત્ર ના શબ્દ, હુકમ શો પ્રાણ ચિનગારી !
હુકમને તો જીવન ઘડવાતણી માની કરામત છે !

હુકમને પાળતાં દિલમાં, હુકમની જાણકારીથી-
હૃદયભક્તિથી ઓવારી, હુકમને આવકાર્યો છે !

હુકમ એ તો હુકમ નહોતો કૃપા ચેતનની ચિનગારી,
જીવન ઉઠાવ કરવાને, મળેલી શી નિસરણી તે !

હુકમ મળતાં હૃદયથી તે હુકમને શો વધાવ્યો છે !
હુકમ સૂરજ ઊગવાની છડી કેવી પુકારે છે !

હરિઃૐ

# હુકમનું કાર્ય

અહા ! બુદ્ધિતણી કેવી ! ભયંકર તે મડાગાંઠો,
હુકમના પ્રેમપાલનથી, ખરેખર ઓગળી ગઈ છે !

અહમ્ શું વજ્ર જેવું તે, ન તૂટ્યું તે કદી તૂટે,
હુકમ-આદર્શ-પાલનથી અહમ્ પીગળી ગયેલું છે !

અનંત જન્મનું કેવું ! ભરેલું ચિત્તમાં કિલ્મિષ,
હુકમના પ્રેમઅગ્નિથી, ઊડી કેવું ગયેલું છે !

પ્રકૃતિ-પ્રાણના પટ શા ! પડેલા આદિના તે છે,
હુકમપાલનતણા વહેણે, બધા ખોદી જ કાઢ્યા છે !

હરિઃૐ

## જડીબુટ્ટી હુકમ શો છે !

હુકમને પાળતાં બુદ્ધિતણા જે પૂર્વગ્રહ સઘળા-
જતા ઓગળતા જીવનમાં, અનુભવથી જણાયા છે !

હુકમને પાળવાનીયે, અનોખી રીત કોઈ છે,
જીવનને શોધવાકેરી જડીબુટ્ટી હુકમ શો છે !

હુકમને તો જીવનમાંના છુપાયેલા રહેલાની-
હૃદયથી પામવાકેરી ગુરુકિલ્લી ગણેલી છે !

હુકમ મળતાં 'ખુદા મળવાતણી નોબત બજેલી છે !'
હૃદયની એવી સમજણથી, હુકમ પ્રેમે બજાવ્યો છે !

હરિઃૐ

# હુકમનું મુખ્ય પત્તું

હુકમ એ આંધળા જનની, ગ્રહેલી લાકડી કરની,
અહીંતહીં સ્પર્શી સ્પર્શીને, પથે શી જાય છે દોરી !

બહુ વાંકાપણું દિલનું હુકમથી તોડી નાખ્યું છે,
અવળચંડાપણું કેવું, હુકમપાલનથી સુધર્યું છે !

હુકમ એ તો જીવનકેરા હુકમનું મુખ્ય પત્તું છે !
ખરી જે આવડત એની, વિજય તે ખેંચી લાવે છે !

હુકમના પાલને કેવું ! જીવન કુરબાન કરતાંયે,
હુકમપોરો ચઢેલો તે હુકમનો ભક્ત જાણે છે !

હરિ:ૐ

## સૂક્ષ્મ ચાવી

હુકમ ચેતનની ચિનગારી, જીવન પ્રગટાવવા કાજે,
મહા કો' ભાગ્યશાળીને હુકમ શિરપાવ મળતો છે !

હુકમ મળતાં હૃદયમાં શો મદોન્મત્ત ભાવ જાગ્યો છે !
હુકમને પાળતાં કેવા ગુરુ નીરખ્યા કરેલા છે !

જીવનના ધ્યેય-હેતુનું હૃદયમાં ભાન જીવંતું-
હુકમ ઉઠાવતાં પ્રેરી હુકમપાલન કરેલું છે !

હુકમ એ તો ગુરુગમની અગમ્ય સૂક્ષ્મ ચાવી છે,
હુકમમાં ભાવ એવો જ્યાં હુકમ તેને ચઢાવે છે !

હરિઃૐ

# કળાનું હાર્દ

જીવનને પામવાકેરી કળાનું હાર્દ હુકમ છે,
રહસ્ય જાણવાકેરી ખૂબીનું હાર્દ હુકમ છે !

હુકમના પ્રેમ પાલનથી ગતિ શી ઉન્મુખી થઈ છે !
હુકમના હાર્દમાં લાધ્યું : 'ગુરુ ચેતનની મૂર્તિ છે !'

હુકમના જ્ઞાન પાલનથી ઉલંઘાતું હતું ના જે-
જવાયું છે વટી તેને, હુકમની શી ખૂબી તે છે !

જીવન મર્યાદવાળું, જે હુકમને પાળવાથી તે-
અમર્યાદિત થયેલું છે, હુકમ જાદુ અનેરો છે !

હરિઃૐ

# હુકમપાલન

ઊછળતા દિલ મસ્તીથી, જીવનની લહેર છોળોથી,
જીવનને ઊર્ધ્વ તારવવા, હુકમપાલન કરેલું છે !

જીવનના ધ્યેય-હેતુની હૃદયની પાકી સમજણથી,
ગુરુ જીવતા કરી હૃદયે, હુકમપાલન કરેલું છે !

હુકમ શા માટ મળિયો છે, હુકમનો હેતુ પ્રીછીને,
હુકમનું જ્ઞાન જાણીને, હુકમપાલન કરેલું છે !

'હૃદય અવતારવા ચેતન, થરેથર સ્પર્શવા ચેતન'
હૃદય ઉદ્દેશથી તેવા, હુકમપાલન કરેલું છે !

હરિ:ૐ

# હુકમની શી કળાલીલા

હુકમના મસ્ત પાલનથી, જીવન શું ફૂલ્યુંફાલ્યું છે !
હુકમની ના અપેક્ષાયે અમે તો દિલ ધારી છે !

રહમ જ્યારે અમારી પર થવાની હો ખુદાની તે,
હુકમ પ્યારા ખુદાકેરો જીવનમાં શો મળેલો છે !

હથોડા કેટલા વજ્ર પડ્યા શિર પર અમારે છે,
જીવન ઘડવાતણો રૂડો હથોડો શો હુકમ તે છે !

હથોડો ખુશનસીબીનો, જીવનનો શો ચમત્કાર !
હુકમની શી કળાલીલા હુકમનો ભક્ત જાણે તે !

હરિઃૐ

## જીવનરસનો છડીદાર

હુકમ એ તો અમારે દિલ, નૂપુરઝંકાર ખુદના છે,
હુકમ શો મધ્ય દરિયામાં દીવાદાંડી અમારી છે !

હુકમને શા અમે તાબે, જીવનના ધ્યેય-હેતુની,
હૃદયભક્તિ થકી કેવા છીએ તરબોળ ઉન્મત્ત !

હુકમ એ તો અમારો છે જીવનરસનો છડીદાર,
હુકમને પાળતાં પામ્યા જીવનના સર્વ શણગાર !

'જીવનભંગાર કેવું આ' હુકમથી તારવેલું છે,
હુકમ એ તો ગુરુ દિલના કૃપાસાગર પ્રભુનો છે !

હરિ:ૐ

## શરત

હુકમને જાણવાકેરું, હુકમને તે સમજવાનું,
હુકમને દિલ પરખવાનું હૃદય જીવતું જરૂરી છે.

હુકમને પાળવા કાજે, જીવનભક્તિ જરૂરી છે,
હૃદયની મસ્તી-ભક્તિથી હુકમ પાળે, હુકમ પ્રીછે !

હુકમ જીવન અમારું છે, હુકમથી પ્રાણ મળિયા છે,
હુકમથી ભાવ જાગ્યો છે, હુકમ તો દિલ અમારું છે !

હુકમ મળતાં જ મસ્તીની,હૃદય છોળો ઊછળતી'તી,
પથે આગળ શી ધપવાની હુકમ એ તો નિશાની છે !

હરિઃૐ

## હુકમનો ભક્ત પ્રીછે છે

હુકમનો પ્રેમઆદેશ મળ્યો તે વેળથી કેવું !
પરિવર્તન થયું જીવન, હૃદય તે એકલો જાણું !

હુકમ નિશાન જાણે જે, હુકમનું શાસ્ત્ર સમજે જે,
હુકમ અભ્યાસ જેને છે, હુકમને તે જ પરખે છે !

હુકમ બુડથલ સમો એક કરે પાલન શું જડતાએ,
અવર જે જ્ઞાનભક્તિથી, ઉભયમાં શો તફાવત છે !

'હુકમમાં શાં જીવનકર્મ હૃદયભક્તિ, હૃદયજ્ઞાન-
સમાયેલાં રહેલાં છે' હુકમનો ભક્ત પ્રીછે છે !

હરિઃૐ

# હુકમના હાર્દનો ભાવ

જીવનનો મર્મી છે તેને ગુરુગમની ગતાગમ છે,
હુકમના હાર્દનો ભાવ, ખરેખર તે જ સમજે છે !

અમારો શો હુકમ રાજા ! હુકમના શા અમે ચેલા !
હુકમને પાળતાં મહાલ્યા, હુકમ બલિહારી એવી છે !

હુકમને પાળતાં પ્રેમે, ગુણો અલમસ્ત વિકસ્યા છે !
અભય ને નમ્રતા, મૌન વળી એકાંત સાધ્યાં છે !

હુકમને શા ગુરુ ધારી, કરી પ્રત્યક્ષ તે હુકમે,
હુકમને તે રીતે પાળી હુકમનું હાર્દ પામ્યો તે !

હરિઃૐ

# ફળપ્રાપ્તિ

મળ્યું શું શું હુકમથી તે ગણાવું શી રીતે તમને ?
હુકમને પાળવાથી, તો સકળ આગ્રહ મટેલા છે !

હુકમને પાળતાં પ્રેમે, અહંકાર ઘટેલો છે,
બધી સમજણ, વળી ટેવો હુકમપાલનથી છૂટી છે !


બધાએ મતમતાંતર તે હુકમ ઉઠાવવાના શા !
હુકમની શી કરામતથી, શરણમાં ઓગળેલા છે !

હુકમ એ તો અમારે દિલ ગુરુભક્તિનું લક્ષણ છે,
હુકમને પાળતાં કેવા તદાકાર થયા છીએ !

હરિઃૐ

## ખંડ - ૬

# 'માત્ર શરણું છે'



અમારે તો જીવન હાવાં, પડી રહેવાનું કરવાનું,
બીજી કૈં ના ગતાગમ છે, ચરણનું માત્ર શરણું છે !

હરિઃૐ

# પૂરા પરવારીને

પૂરા પરવારીને નીકળ્યા, ન દહેશત ક્યાંય અમને છે,
રખોપું સાથ રાખ્યું છે, મૂક્યો ટોલ્લે પદે ભય તે !

થઈ સાવધ પૂરેપૂરા કદીક હથિયાર વાપરતા,
કદીક સામા થઈને શા અમે તો પંથ કાપ્યો છે !

હતો સાથે, છતાં અમને હૃદયમાં બોધ આપ્યો છે-
મદદને માગી માગીને, લડત લડવાની જાતે છે !

હૃદય મંડ્યા રહેલાની શી રોનક ઓર પ્રગટે છે !
હૃદયની ભાવમસ્તીની ખુમારી કેવી બહાલે છે !

હરિ:ૐ

# અમારો તું

જીવનભરમાં તને મળવા હૃદય ઉમંગે કેવાયે !
ભરેલા ને ઊછળતાયે ભરી ઉદધિની મસ્તી છે.

હવે નાહવું-નિચોવું ના, ફિકર ચિંતા મટી ગઈ છે !
કશો વ્યવહાર બાકી ના, હવે વ્યવહાર एक જ છે !

અમારો તું, અમે તારા, હવે તો એ જ સગપણ છે,
અમારી એ જ દુનિયા છે, હવે સંસાર જુદો છે !

અમારાં ને અમારાંનાં, નયન કેવાં મળેલાં છે !
પરસ્પરને ટગર નયને હૃદયે એકીટશે નીરખે !

હરિઃૐ

## તુજ શરણે

હૃદયનો ભાવ નીરખવા, કસોટીએ ચઢવવાને,
ગતકડાં તે હૃદય સાથે તમે શાં શાં કરેલાં છે !

અમારી તે શી ગુંજાશ ! ટકી શકવા જ તુજ સાથે,
નભ્યા જે આજ સુધી તે, નભાવ્યા તો નભ્યા છીએ !

અમારે બાપ તુજ શરણે પડી રહેવાની મરજી છે,
ગમે તેવું ભલે થાયે અમે તૈયાર તે કાજે !

હૃદયની તુજ માટેની હૃદયની લાગણીથી તે-
અમારે તો તને પ્રેમે, હૃદયથી ખુશ જોવો છે !

હરિઃૐ

# બધું હરિનું જ

હૃદયના સર્વ ભાવેથી જવા હોમાઈ તત્પરતા-
રહી છે થનગની જેની, ખરા શા પાત્ર રસિયા તે !

અમારે તો હૃદયકેરી બધી તૈયારી હરિ પોતે,
હરિને જેમ ફાવે ત્યમ ભલેને દાવ નંખાવે !

હવે તો હારવું-જીતવું બધું જે તે હરિનું છે,
કશી લેવા ન દેવા છે જીવનમાં તો અમારેયે !

પરસ્પરના જ સંગાથી અમે ને શા હરિ બંને,
સદાયે સાથ હોવાના, પરસ્પરમાં રહેલા તે !

હરિઃૐ

## મહોબત દિલ લાગી છે

ન જાણું શી રીતે તુજ તે મહોબત દિલ લાગી છે,
ગળે મુજ દોરી રેંસીને, હવે શો ખેંચતો રહે છે !

ડૂમો કેવો ભરાયે છે ! પડે છે શોષ કેવાયે !
જરીય ના શ્વાસ લેવાયે, છતાં ફરિયાદ ના થાયે !

રિબામણ ને ફસામણની, હૃદયકથની વ્યથાની તે,
મહોબતની મળેલી તે, શું વહાલી વહાલી લાગી છે !

ભલેને જેમ હોયે તે પ્રસાદી તે નજરની છે,
નજરનોયે અનેરો તે જુદો ઈતિહાસ છાનો છે !

હરિઃૐ

# માત્ર શરણું

અમારે તો જીવન હાવાં, પડી રહેવાનું કરવાનું,
બીજી કૈં ના ગતાગમ છે, ચરણનું માત્ર શરણું છે !

કરવશે ખેલ જેવા તે અમારે ખેલવાના છે,
હૃદયની ભાવમસ્તીથી પૂરેપૂરા ભજવવા છે !

કશી હરકત હવે શી છે ! નજર મંડાયેલી જ્યાં છે !
સતત જોતો રહે છે તું, અમારે એટલું બસ છે !

જીવન જેને હતું મળવું, હવે તે શો મળેલો છે !
મળેલો છે છતાં પાછો રમત કેવી રમાડે છે !

હરિઃૐ

# શરણાગતિ તારી

પ્રભુ શરણાગતિ તારી હૃદય સ્વીકારી લીધી છે,
હૃદય તેવી દશા મારી ચરણસેવાથી ફાલી છે !

ચરણસેવા મળી મુજને, મહાસદ્‌ભાગ્ય લાધ્યું છે,
જીવનની ઊઘડી બારી નીરખવાનું જ નવતર છે !

નવું નવું શું નીરખવામાં હૃદય આનંદ પામે છે,
હૃદય આહ્‌લાદ શો ઊછળી રસે જે તે નવાજે છે !

થયું સગપણ પ્રભુ સાથે જીવનમાં બળ મળ્યું મુજને,
અને તે બળથી કેવુંયે, બધું જીવન ફરેલું છે !

હરિઃૐ

# કરે જે તું મુબારક છે

પ્રભુ તારાં ચરણ અમને, મહામૂલાં જીવનમાં છે,
ચરણ સોંઘાં નથી, એવી હવે તેની પડી ગમ છે !

હૃદય માગ્યું બધું મળશે, હૃદયમાં એમ જાણીને,
ચરણ જ્યાં આશરો લીધો, દગો-ફટકો મળેલો છે !

શું ધોકાબાજ હરિ તું છે ? શરણજનને સતાવે છે ?
ભલે જો તેમ તું રાજી, કરે જે તું મુબારક છે !

નજીક સરકી જ હું આવ્યો, ચરણમાં શિર નમાવાને,
પડી ત્યાં લાત છાતીમાં તહીં શી સાન આવી છે !

હરિ:ૐ

## શરણનું ઠામ

ગરજમાર્યા શરણ તારે, કહીં કહીં શોધી શોધીને
બહુ રખડ્યા છીએ ત્યારે, શરણનું ઠામ લાધ્યું છે !

ચરણમાં ઠામ મળતાં તે હવે દિલ હોંશ જાગી છે,
'કમાઈ રોટલો શકશું' ખબરદારી મળી શી તે !

અમારે રોટલા ભીખના હવે ખાવા રહ્યા ના છે,
ચરણના તે શરણમાંથી કમાવાનું અમારે છે !

અમે રોજીતણા રાજા, પછી ફિકર અમારે શી !
કમાણી રોજની રોજે પૂરી છે પેટભરની શી !

હરિ:ૐ

## સેવક ચરણના

અમારે તો ચરણ તારે ન માથાઝીક કરવી છે,
પડી રહી છાનુંમાનું શું અમારે ચૂપ મરવું છે !

જીવનમાં તે ધણીધોરી ગરીબનો એકલો તું છે,
છતાં ટપલા ગરીબને શા પડ્યા કરતા જગતમાં તે !

હૃદયથી તે ગ્રહી રાજી કૃપાની શી પ્રસાદી છે !
જીવન ઘડવા મળેલી છે, હૃદયની એવી સમજણ છે !

ગરીબ છીએ પૂરેપૂરા, પરંતુ શા ચરણના તે
જગતના દાસ ના છીએ, અમે સેવક ચરણના તે !

હરિઃૐ

## શરણ આવ્યો

શરણ આવ્યો ઝૂરી ઝૂરીને ચરણ તારે દીનાનાથ !
'હવે ટાઢક હૃદય વળશે' હૃદય એમ આશ ધારીને !

હૃદય ટાઢક શી વળવી તે, ગઈ તે દૂર ભાગી છે,
થથરતાં ટૂંટિયું વાળી પડી રહેવાનું આવ્યું છે !

પસારો શો અમારે તો ચરણ તારે પડી રહી ત્યાં-
હૃદય કરવો અમે ધાર્યો ! તહીં મૂક્યા ભગાડી શા !

જઈશું ભાગી ભાગી ક્યાં ! ન ઠરવા ઠામ ક્યાંયે છે,
ચરણ શા એકલા માત્ર પડી રહેવાનું સાધન છે !

હરિઃૐ

# હૃદય નૈવેદ્ય

અમારે તો પ્રભુચરણે હૃદય નૈવેદ્ય ધરવું છે,
ધરી ધરી શો હૃદય તુજને, અમારે તો રીઝવવો છે !

લઈ છટકે પ્રભુ તારે, પૂરા પરવશ બનાવ્યા છે,
'નહીં લટકાવશે અધવચ કદી અમને' શી ધરપત છે !

અમે શા આપમેળે તે શરણ આવ્યા ચરણપદ્મે,
સપાટામાં લઈ તારા પૂરા બેહાલ કીધા છે !

હવે છૂટકો અમારો ના, ન ચૂં કે ચાં થઈ શકશે,
ફસાયેલા ચરણમાં શા ! અમે કમબખ્તી વહોરી છે !

હરિઃૐ

# પ્રભુની મહેરબાની છે

અમારું ને તમારું જે ખરું સગપણ જીવનભરનું,
ટકાવી રાખશે કોણ ? અમે કે કોઈ તે બીજું !

ગરજ જેને હશે તેઓ ટકાવી રાખશે સગપણ,
હૃદય તુજ પર શા મોહ્યાથી, અમેયે રાખશું દિલ પણ !


અમારે તો બધુંએ છે, નથી તો ના કશુંયે છે,
હરિનો સાથ જીવનમાં, બધું તો તો મળી રહે છે !

ભિખારીનો અમારો શો જીવનમાં સ્વાંગ ફૂટડો છે !
જીવનઆનંદ લહેરે છે, પ્રભુની મહેરબાની છે !

હરિઃૐ

# ખંડ - ૭

# ચરણની જે હકીકત છે



જગતજન તે નહિ સમજે, ચરણની જે હકીકત છે,
જવા સમજાવવામાં તે ન માથાકૂટ કરવી છે !

હરિ:ૐ

## જીવન ઈતિહાસ કથની

શી નટખટ તેવી કરવટ તે, ગઈ પલટાઈ ચરણે છે,
હતું મન વાંદરા જેવું, લપેટાયું ચરણમાં તે !

ન ઠેકાણે કદી રહેતું, બધે જ્યાં ત્યાં ભટકતું તે,
ચરણનો મનહૃદયથી શો ખરેખર સ્વાદ લાગ્યો છે !

ચરણમાં રાખવા જોડી હૃદયમન તે મથ્યું શું છે !
જીવન ઈતિહાસ કથની તે અનુપમ છે, અનુપમ છે !

હરિ:ૐ

## ચરણ એ જ સર્વસ્વ

હૃદય મશગૂલ ચરણો પર, ગમી દિલને ગયા છે તે,
ચરણ વિના કશું બીજું, હવે દિલને ન સૂઝે છે !

રટણ દિલને ચરણનું છે, જીવનના શ્વાસ પણ તે છે,
ચરણ જો છે, બધુંયે છે, ચરણ તો પ્રાણપ્યારું છે !

ચરણમાધુર્ય કેવું છે ! ન વાણી તે કથી શકશે,
અનુભવ એકલો પ્રીછી, અનુભવથી અનુભવશે !

ચરણસૌંદર્યથી મુગ્ધ જીવન શું સ્તબ્ધ બનિયું છે !
ચરણ વિના બીજે ચસવા જગા ના કો' હવે રહી છે !

હરિઃૐ

## ચરણની ભેટ લાધી છે

સ્મરણના નાદથી લાધ્યા, હૃદય વહાલા પ્રભુપદ તે,
સ્મરણ કરતાં અહર્નિશ શી ચરણની ભેટ લાધી છે !

સ્મરણની ધૂન જ્યાં લાગી, પરોવાતાં હૃદય ધૂને,
ચરણ ઊપસી ઉપર આવી, ચરણની છાપ લાગી છે !

નશો હૃદયે સ્મરણ ચઢતાં, ચરણનો પાસ લાગ્યો છે,
સ્મરણમાં લીન થઈ ડૂબતાં, ચરણ સહારો મળેલો છે !

સ્મરણની લત અજબ લાગી, ચરણ તેમાંથી નીપજ્યા છે,
ચરણની તો હવે દુનિયા અમારે માત્ર એક જ છે !

હરિઃૐ

## ચરણલગની

સ્મરણ લત લાગી દિલ તેથી ચરણ અનુભવ થયેલો છે,
સ્મરણ ધૂને ચરણલગનીતણી દિલ ચોટ લાગી છે !

ચરણરજની પ્રસાદીની, હૃદય લહાણી જ લાધી છે !
અહા ! શું ફેરવાઈ તે, ચરણકમળે ગયું મુખ છે !

સ્મરણનો નાદ જે પળથી હૃદય મધુરો શું લાધ્યો છે !
ચરણ અમૃતતણા રસનું પીવાને પાન મળિયું છે !

સ્મરણને કારણે કેવી પ્રસાદી પદની પામ્યો છું !
ચરણ તે પળથી હૈયામાં જડાઈ તે ગયેલા શું !

હરિઃૐ

## ચરણને સેવતાં

શરૂમાં ના ચરણ જાણ્યા, ચરણદૈવત ન જાણ્યું છે,
થવા દિલ પાસ ચરણોથી, ચરણસેવક બન્યા છીએ !

ચરણને સેવતાં લાધ્યો, ચરણનો પ્રેમ અઢળક તે,
ચરણમાં પ્રીત લગાડીને, હવે બસ જીવવાનું છે !

ચરણ વિના અમારે તો, ભલે અમૃત ન ખપનું છે,
ચરણમાં વાસ કરવો છે, ચરણ દિલ પ્રાણપ્યારા છે !

ચરણથી તો જીવન લાધ્યું, બધું મળવાનું મળિયું છે,
ચરણના ભક્તને જીવને, ચરણ શા કામધેનુ છે !

હરિઃૐ

## ચરણની ઓથ

ચરણ પકડી ધીમે ધીમે જીવનનો રાહ કાપ્યો છે,
મુસીબત આવતાં વચ્ચે ચરણની ઓથ લાધી છે !

જીવનમાં એકલો ચાલ્યો, ન લાગ્યું એકલું તોયે,
ચરણનો સાથ હંમેશાં હૃદય લાગ્યા કરેલો છે !

ચરણની સાથ મહોબત તે જીવનથીયે વધારે છે,
ન મૂલ્યાંકન ચરણકેરું કશાથીયે થવાનું છે !

જીવન સર્વસ્વ દેતાંયે, ચરણ ના મૂલવી શકશો,
ચરણ મળતાં, જીવનમાં શા તમે નિર્ભર ટકી શકશો !

હરિઃૐ

## જીવનનું મૂળ

અમારે જીવવાકેરું જીવનનું મૂળ ચરણે છે,
ચરણ સાહી, ચરણ સાહી પહોંચ્યા મૂળમાં છીએ !

પથે અધવચ ચરણથીયે, પડી વિખૂટા ગયેલા જે,
રવડતા શા હતા ! ત્યારે વળી પાછા જડેલા છે !

પછી તો શા હૃદય ચાંપી, વિખૂટા શા પડેલાની-
વ્યથા શી શી પડેલી તે, ચરણમાં સંભળાવી છે !

ચરણ ના તે પછી છૂટ્યા, કદી અધવચ ન તે તૂટ્યા,
ચરણનો સાથ હૈયાનો, પછી તો શો ટકેલો છે !

હરિઃૐ

## ચરણને અશ્રુથી ભીંજવી

ઘણી વેળા પ્રભુ તુજથી હું ફેંકાઈ ગયો દૂર છું,
હૃદય સમજણ જ્યહીં પડતાં વળી દોડી હું આવ્યો છું !

ચરણ તુજ વહાલથી ભેટી હૃદયના ભાવજુસ્સાથી,
ચરણને વળગી ભેટીને, હૃદયથી આંસુ સાર્યાં છે !

ચરણથી દૂર થવાકેરું હૃદયથી શૂળ લાગ્યું છે,
હૃદય નાદાનિયત પર શી બહુ પસ્તાળ પાડી છે !

શું પશ્ચાત્તાપથી દિલ તે બળ્યા કેવું કરેલું છે !
ચરણને અશ્રુથી ભીંજવી હૃદય શાંતિ વળેલી છે !

હરિઃૐ

## નસીબ ઊઘડી ગયેલું છે

હૃદયથી શું ચરણ સાથે અમે કિસ્મત લગાડ્યું છે !
ન જાણ્યું શી રીતે ‘અમ તે નસીબ ઊઘડી ગયેલું છે’ !

અમે માર્યા જ માર્યા શા ! ફર્યા કરતા હતા જ્યાં ત્યાં,
બધે રખડ્યા જ કરતા’તા, તહીં શો હાથ ઝાલ્યો છે !

ગતાગમ ત્યાં પડી અમને ‘અમારુંયે શું કોઈક છે !’
‘ગરીબનો કર પકડનારું જગતમાં કોઈ એવું છે !’

ગરીબની ભાળ લઈ લઈને ચઢાવ્યો રાહ પર શો તેં !
કદીક ખત્તા જ ખવરાવી હૃદય શો બોધ આપ્યો છે !

હરિઃૐ

# ચરણનો કીમિયો

સ્મરી સ્મરીને, હૃદયમાં શો ચરણમાં પ્રેમ ઊગ્યો છે !
હવે તે પ્રેમના ભાવે જીવન ઉન્મત્ત થયેલું છે !

ચરણ ભજતા નિરંતર તે ચરણમાં ચિત્ત ચોંટ્યું છે,
અહં,મન, પ્રાણ ને દિલ પણ ચરણ લાગી ગયેલાં છે !

ચરણ જે જે બધું લાગ્યું, બધું તે ફેરવાયું છે,
ચરણનો કીમિયો કેવો, ચરણનો ભક્ત પ્રીછે છે !

ચરણમાં લાડથી સૂવું જીવન લહાવો અનેરો છે,
ચરણ ભાવે લપેટાવું લગોલગ, શો અનુભવ તે !

હરિઃૐ

## ચરણ તે માત્ર સાધન છે

જીવનનું મૂળ નીરખવા, ચરણ તે યોગ્ય સાધન છે.
જીવનની માણવા મોજ, ચરણ તે માત્ર સાધન છે !

જીવનમાં શોધી શોધીને, ચરણને શોધી કાઢ્યા છે,
ચરણ જડતાં સકળ જડવાતણી કર ચાવી લાધી છે !

હતા તેનાથીયે જુદા બનાવી શા દીધા છે તે !
ચરણનો જાદુ એવો તે જગત શી રીત પિછાને ?

ચરણ દિલની મહોબતથી જગત સાથેય મહોબત છે,
બધે જ્યાં ત્યાં ચરણકેરાં હૃદય દર્શન જડેલાં છે !

હરિઃૐ

## ચરણના જાદુએ

ચરણની પ્રેમભક્તિની અજબ દુનિયા નિરાળી છે,
ચરણના જાદુએ જીવન સમૂળગું બદલી નાખ્યું છે !

જીવનરસનું હવે ઝરણું અમારે શું ચરણનું છે !
ચરણ અસ્તિત્વ જો ના છે જીવન તે ના જીવન અમ છે !

જીવનરસને પીવા કાજે ચરણનું શરણું શોધ્યું છે,
ચરણની પ્રેમભક્તિથી ચરણઅમૃત શું લાધ્યું છે !

મળ્યું જે જે, બધું તે તે સમર્પિત પાદ કીધું છે,
કશુંયે ના અમારું છે, ચરણ શા એકલા બસ છે !

હરિ:ૐ

## ચરણના પ્રતાપે

જીવન આ જીવવા જેવું ચરણ મહોબતથી લાગ્યું છે,
થતાં દિલરાગ ચરણોમાં ચરણ વળગી શકાયું છે !

ચરણનો આશરો મોટો, જીવન એથી ઘડાયું છે,
જીવનનો આજ જે હું છું, પ્રતાપેથી ચરણના તે !

થવાયે દિલ ન વિખૂટું ચરણથી એકયે પળ તે,
અમે હૃદયે ચરણને શા પૂરેપૂરા લગાવ્યા છે !

ચરણની લાગતાં લગની ચરણનો સ્પર્શ માસૂમ તે,
હૃદયમાં સુખકારી શો પળેપળ લાગતો અમને !

હરિઃૐ

# હૃદયથી સેવતાં ચરણો

ચરણ હૃદયે લગાડીને ચરણથી મનને જોડ્યું છે,
હૃદયથી સેવતાં ચરણો ચરણ ટેવાયું શું મન છે !

હૃદયમન બેઉની સોબત ચરણથી જામી કેવી છે !
બધી ફરિયાદ ને ટંટા મટ્યા મનના ચરણમાં તે !

હૃદય માન્યું હતું ચરણે, છતાં અણનમ રહ્યું મન જે,
ચરણના સ્વાદથી કેવું હવે તે આપ પલળ્યું છે !

મથાવટી શી હતી મેલી ! મૂળેથી મનતણી જીવને,
ચરણ સોબત લગાડી મન, હૃદયથી ફેરવાઈ છે !

હરિઃૐ

# પલોટાયું ચરણમાં

હૃદયમનનો થતો ઝઘડો, પરસ્પર દૂર રે'તાં તે,
ધીરે ધીરે હૃદયથી, મન ચરણ પલળ્યાં કરેલું છે !

હૃદયમનની થતાં સોબત ખરેખર રંગ જામ્યો છે,
જીવન જીવવાતણી લહેજત હૃદયમાં કેવી લાગી છે !

હૃદયમનને ચરણમાં શી જીવનની યારી લાગી છે !
ચરણની ભક્તિની જાળે હવે તો મન ફસાયું છે !

હવે તકરાર મનને ના, ચરણમાં તે શમાયું છે,
પલોટાયું ચરણમાં તે, ચરણમાં તે પુરાયું છે !

હરિઃૐ

## ચરણનો શો ઋજુભાવ !

ચરણનો શો ઋજુભાવ ! હૃદયથી પ્રીછવાને તે
હૃદયમાં પ્રેમભક્તિથી ચરણને ધારવાના છે !

ચરણને પામવા કાજે, ચરણ પધરાવીને હૃદયે,
ચરણભક્તિ વિના બીજો નહીં ઉપાય કોઈ છે !

ચરણ લીલામૃતે કેવું, સભર જે તે રસીલું છે !
હૃદય આકર્ષીને કેવું, રસે તરબોળ રાખે છે !

ચરણના ભક્તને ચરણો જીવન આધાર સઘળો છે,
ચરણના તે રસામૃતથી હૃદયમાં શો રસાયો છે !

હરિઃૐ

## ચરણપૂજા

ચરણરસથી ઋજુ કોમળ અતિશય શા રૂપાળા છે !
હું નાલાયક પૂરો પાજી ચરણ તુજ ચૂમવાને તે !

ચરણરજનું તિલક પ્રેમે કરું છું હું લલાટે તે,
ચરણરજનાં કરું ટપકાં નયનનાં પોપચાં પર બે !

ચરણરજની લઈ ચપટી ચઢાવું ટેરવે જીભના !
ચરણરજને લગાવું છું હૃદયના અગ્રભાગોમાં !

લગાવીને ભભૂત તન પર ચરણની શો હું અલમસ્ત !
સહારે તે ચરણકેરાં, ફરું જ્યાં ત્યાં જ મદમસ્ત !

હરિઃૐ

# ચરણ અભિષેક

ચરણની ભક્તિ કરવાને જીવન સઘળું સમર્પ્યું છે,
ચરણનું હાર્દ સંપૂર્ણ હજી તોયે મળે ના તે !

ચરણ મળતાં હૃદય કેવો ચરણનો ભાવ ઊગ્યો છે !
હૃદયથી વારી વારીને જઉં છું તેથી ચરણોએ !

ચરણની ભક્તિના જળથી છલોછલ દિલ ઊભરાયે,
ચરણમાં તે અભિષેક ચઢાવું પ્રેમભક્તિએ !

ચરણ વ્યાખ્યા જીવનમાં છે અમર્યાદ ચરણપ્યાસ,
બધે જ્યાં ત્યાં ચરણકેરું મહાસામ્રાજ્ય વ્યાપ્યું છે !

હરિ:ૐ

## કરી યાહોમ

કરી યાહોમ ઝુકાવી ચરણમાં ઝંપલાવ્યું છે,
ઉભય કરથી મને કેવો હૃદયથી ઝીલી લીધો છે !

ચરણ મળતાં, મળ્યા સઘળાતણો આનંદ લૂંટ્યો છે,
હૃદય જેમાં અને તેમાં, ચરણરસ કેવું પીવે છે !

મળ્યાનો દિલ આનંદતણો ચસકો જ લાગ્યો છે,
હવે બસ ઝંખના ઉત્કટ, પીવા રસની શી લાગી છે !

પીતાં પીતાં ચરણરસને કદી દિલ ના ધરાયું છે,
જીવનસાટાની બદલીમાં ચરણને દિલ રાખ્યા છે !

હૃદયને શી લગન લાગી ચરણને સેવવા હૃદયે,
હૃદયની સેજ બિછાવી ચરણને શા સુવાડ્યા છે !

હૃદયને સુખ લેવાનું હૃદયથી ભેટી ભેટીને,
અભેદાનંદ-રસ-લહાવો અનુપમ ઓર લાધ્યો છે !

હરિઃૐ

# રૂપાંતર

હૃદય મહોબત થતાં ચરણે સિકલ કેવી ફરી ગઈ છે !
ઊલટ શી વ્યાપી દિલ ગઈ છે, હૃદય તે એક પ્રીછે છે !

અમારી ઠેકડી કેવી જીવનમાં તે થયેલી છે !
જરી તેનું ન લાગ્યું છે, ધણી ધીંગો શિરે જ્યાં છે !

અતિ અક્કલતણું કામ, વ્યવસ્થાનુંય તે કામ,
મહામુશ્કેલયે કામ, કરી તે શું દીપાવ્યું છે !

અમો પર ધૂળ ફેંકાઈ, થઈ છે મશ્કરી કેવી !
ગણતરી ના કશી જગમાં અમારી તો થયેલી છે !

ગણાઈ ભોટ દુનિયામાં ન કિંમત કોડીનીયે તે !
છતાંયે શી ભજનમસ્તી થકી દિવસ વિતાવ્યા તે !

હરિઃૐ

## ચરણનો વારસો

ચરણનો વારસો અમને, જીવન કેવો મળેલો છે !
જીવન શોભાવવા એથી અમારી જિંદગાની છે.

જીવન ચરણો તળે વાટી અમે તે કેવું ગૂંદ્યું છે !
નવો શો ઘાટ ઘડવાને મથ્યા કેવું કરેલું છે !

ચરણના પ્રેમથી હૈયું ફના કેવું થયેલું છે !
ચરણ વિના હવે એને ન બીજું કૈં જણાયે છે !

ચરણ દુનિયા, ચરણ જીવન, ચરણ સંસાર એને છે,
ચરણના તાનમાં મસ્ત, જીવન સર્વસ્વ ઝૂક્યું છે !

હરિઃૐ

## ચરણરસ ભક્તિ-જળ-છાલક

ચરણરસ ભક્તિ-જળ-છાલક, હૃદય છાલક પરે છાલક,
તને હરિ મારી મારીને, પ્રભુ નવરાવવાનો છે !

ચરણના પ્રેમભાવાગ્નિતણો જ્વાળામુખી ફાટ્યો,
અને લાવારસેથી શું બધુંએ ભસ્મ બનિયું છે !

રસાળ દિલભૂમિકા થતાં શી વાર લાગી છે !
જીવનગાળો જ અધવચલો તવાવામાં ન બાકી છે !

પ્રભુ તેં પોકરાવી છે, હૃદય તોબા, હૃદય તોબા !
ઊકળતા તે ચરુ જેવી જલનમાં શો જલાયો છું !

પ્રભુ તેયે હજી તારી કૃપાની કેવી બલિહારી
થવા પધરામણી કાજે, જરૂરી તે હતું કેવું !

હરિઃૐ

## અનુપમ દિલઆકર્ષણ

ચરણ ચૂમતાં, ચરણ ચૂમતાં હૃદય શો સ્વાદ લાગ્યો છે !
હવે તે સ્વાદનો નેડો, હૃદય અલમસ્ત લાગ્યો છે !

ચરણમિલન થતાં હૃદયે, અનુપમ દિલઆકર્ષણ,
પડે તૂટી હૃદય કેવું ! અહા, શું કારમું તડપન !

મળ્યું તે, શું મળ્યાનો શો હૃદયઆનંદ ન્યારો છે !
મળે હજી ઓર એવો શો હૃદયતલસાટ જાગ્યો છે !

મળ્યાં છીએ, છતાં તોયે હૃદય હજીયે મળ્યાં કરીએ,
હૃદયમાં ખેંચ એવી તે શું વારંવાર ઝબકે છે !

મળ્યાથી ના હવે ધરપત, નીરખવાથી ન ચાલે છે,
ચરણરસના ઝરણમાં શું હવે બસ નિત્ય નાહવું છે !

હરિઃૐ

## ચરણની પ્રેમમસ્તી

ચરણમાં ચિત્ત લગાડીને, ચરણને જે ભજે ભાવે,
ચરણની પ્રેમમસ્તીનો, હૃદય શો છંદ લાગ્યો છે !

ચરણને દિલ લપેટીને, ચરણને ભેટી ભેટીને,
ચરણ નયને લગાડીને, ચરણમાં દિલ લગાડ્યું છે !

ચરણ ભજતાં નિરંતર શો ! ચરણનો ભાવ ફાલ્યો છે,
લીલુંકુંજર બન્યું જીવન, ચરણની તે પ્રસાદી છે !

ચરણ લાગે હૃદય વહાલા, ન હાથે છૂટનારા તે,
ચરણમાં લોટી લોટીને, નિજાનંદે મલકવું છે !

હરિઃૐ

## ચરણ મળતાં

હૃદય, ચિત્ત, પ્રાણ ને મનને, ચરણ ભક્તિતણા રસથી,
છલોછલ જળ વડે, મસ્તી થકી નવરાવવાના છે !

સુખામૃત પદકમળકેરું હૃદયને શું ચખાડ્યું છે !
થઈ આતુર દિલ ઝંખે, સતત એ કાજ તલસે છે !

ચરણ કોમળ, સુખદ શાતા, હૃદય શા પ્રેરનારા છે !
હૃદય ચાંપી ચરણ ભાવે, રસામૃત દિલથી પીવું છે !

ચરણ મળતાં જીવનમાં કો' કમીના કૈં ન બાકી છે,
ચરણમાં સોડતાણીને સૂવા લહાવો અનેરો છે !

હરિઃૐ

## ચરણભાવના

ચરણની શી અજબ દુનિયા, ચરણમાં સહુ સમાયું છે,
મને ચરણે નવાજીને, ચરણમાં સ્થાન આપ્યું છે !

ચરણ પહોંચાડે ઠેકાણે, ચરણ તો લઈ જતા ધામે,
બધાંને તો ચરણથી શી ટટારી દિલ જન્મે છે !

ચરણ વિના ન કૈં બનશે, ચરણ ઊભા રખાવે છે,
ચરણ વિના ગતિ ના છે, ચરણ આધાર સૌના છે !

થવા પથને પૂરો કેવા ચરણ ઉપયોગના શા છે !
ચરણ એવાંતણો જેણે લીધો આશ્રય, તરે છે તે !

હરિઃૐ

## ચરણ શક્તિરૂપે

ચરણ વિના ખબરદારી, કશી ના કોઈની રહે છે,
ચરણ શા ચાલવા કાજે ખરેખર શક્તિરૂપે છે !

ચરણને દિલ સ્થાપીને ચરણની શી થઈ ભક્તિ !
ચરણસેવા થતાં હર્ષે ચરણની અવતરી શક્તિ !

ચરણને પામતાં પ્રથમે ચરણની રજનીયે રજ તો-
થવું પડશે ઉમળકાથી, હૃદય મળવાનું મળશે સૌ !

ચરણમાં તે સમૂળગીયે કૃપા પ્રભુની સમાઈ છે,
ચરણ પોતે ખબરદાર પૂરા સૌ રીત શા રહે છે !

હરિઃૐ

## ચરણપ્રભાવ

જીવનના નિમ્ન પાપીને ચરણ આશ્રય હૃદય દે છે,
પતિતને તે કરી પાવન પ્રભુ લાયક બનાવે છે !

ચરણની ભક્તિથી લાધ્યો ચરણ અણમોલ મહિમા તે,
હૃદયમાં સંઘરી ચરણો જીવનસંચાર કીધો છે !

ચરણમાં શિર નમાવીને કરી પ્રણિપાત શા હૃદયે !
હૃદયથી કરગર્યાં કરીએ, જીવન વ્હાલો રીઝવવાને !

ચરણ વ્હાલા પ્રભુકેરાં જીવન સર્વસ્વ માન્યાં છે !
ચરણમાં તો પડી રહીને અમારે જીવવાનું છે !

હરિઃૐ

## ચરણની ભક્તિથી

હૃદયની પ્રેમમસ્તીથી ચરણસેવા બજાવી છે,
હવે મેવા મળ્યા ચરણે, ચરણની શી કરામત તે !

જીવનની સર્વ મહોબતને અમે ચરણે લગાડી છે,
જીવન સર્વસ્વ જઈ ડૂલી શરણ ચરણે જ રાખ્યું છે !

ચરણની ભક્તિથી ઓથ હૃદય-જીવને જ ઊગી છે,
હૃદયબળ, શક્તિ, હિંમત શાં ખરાં જાગ્યાં કૃપાથી તે !

ચરણ તો માત્ર જીવન છે, જીવન જીવવાની ચાવી છે !
ચરણદીક્ષા મળી તે તો મહાસદ્‌ભાગ્ય લાગે છે !

હરિઃૐ

## હૃદય ગુલતાન ચરણો પર

ચરણ જેને મળ્યાં તેનું જીવન ઊગરી ગયેલું છે,
ચરણની ભક્તિની શક્તિતણી તોલે ન કૈં ટકશે !

મળ્યું કૈં જો જીવનમાં હો ચરણનું તત્ત્વ એક જ તે,
હૃદયથી હું કૃપાને તે સતત ગાતાં ન થાકુંયે !

ચરણ હૃદયે લગાડીને ચરણ સાક્ષી જ રાખીને,
ફર્યાં નિશ્ચિંત જ્યાં ત્યાં હું કરું ચરણો ધરી શિરપે !

કૃપા બલિહારી ચરણોની શી વારંવાર ગાવી તે !
હૃદય ગુલતાન ચરણો પર થઈ દિલથી વરેલું છે !

હરિઃૐ

## ચરણપ્યાર

ઝૂકી ઝૂકી ચરણ તારે સલામો શી ભરેલી છે !
હૃદય શ્રદ્ધા ચરણમાંથી 'બધું મળવાનું જે તે છે !'

નમી લળી ભક્તિભાવેથી કદમબોસી કરેલી છે,
ચરણને ભાવઅશ્રુથી સતત મેં શાં પખાળ્યાં છે !

ચરણને સેવી સેવીને જડી હૃદયે દીધેલા છે,
હૃદયમાં પ્યાર કરવાને હૃદય તે શા જરૂરી છે !

બધુંએ ઓળવી દઈને ચરણને સંઘરેલા છે,
હૃદય સંતોષવા ભૂખ તે રસામૃત શું પીધેલું છે !

હરિઃૐ

## સમર્પણ

જીવનની મોજ ચરણોમાં, જીવનઆનંદ ચરણો છે,
જીવન પામ્યો ચરણ લીધે, જીવનનું કેંદ્ર ચરણો છે !

જીવનની મૂડી ચરણો છે, જીવનની શક્તિ ચરણો છે,
બધું જંગમ અને સ્થાવર, ખરેખર શ્રીજી ચરણો છે !

કદી પાછા પડે છે ના ચરણની સહાય જે લે છે,
કદી પડતાં પથે પાછા, ચરણ ઊંચકી ઉપાડે છે !

ચરણની ભક્તિથી દિલમાં ચરણ દિલચસ્પી લાગી છે,
ચરણ મહોબત થકી મુજને વધારે ના જીવનમાં છે !

હરિઃૐ

# આનંદદર્શન

ચરણમાં દિલ લાગ્યાનો હૃદયે આહ્‌લાદ કેવો છે !
હૃદયને શો અનુપમ તે ચરણનો રંગ લાગ્યો છે !

હૃદય-ઉલ્લાસ-લહરીએ જીવન લહેરાયેલું રહે છે,
ચરણના છંદની ઘૂમરી વડે દિલ નાચતું રહે છે !

ચરણ સોબતથી કેવુંયે જીવન પલટાયું લાગે છે !
હૃદયને લાગતાં નારો ચરણનો ભાવ ફોર્યો છે !

ચરણના ભાવથી મૌલિક થયું દર્શન જીવનનું છે,
ચરણની રંગતે લાગ્યો જીવનનો રસ ખરેખર તે !

હરિઃૐ

## ચરણમાં દિલ

ચરણ આળોટી આળોટી, ચરણમાં દિલ પરોવ્યું છે,
ચરણની રજ લઈ લઈને ચરણની પ્રીત લગાડી છે !

ચરણ મિલકત હૃદય રળવા ચરણ આશ્રય લીધો દિલ છે,
ચરણની કુરબાનીમાં અમે દિલ હોડ મૂક્યું છે !

ચરણ વિના બીજું અમને જીવનમાં કંઈ ન ખપનું છે,
કદમબોસી ચરણ કરવા જીવન તૈયાર કીધું છે !

ચરણચારી કરી કરીને ચરણ રસબસ થયું દિલ છે,
ચરણ મહોબતથી દિલ કેવું લપેટાયું ચરણમાં છે !

હરિઃૐ

# મૈત્રી

ચરણમાં એક થઈ દિલથી ચરણનું તત્ત્વ જાણ્યું છે,
ચરણ પૂરા સમાઈને ચરણ પોતે જ બનવું છે !

ન મારે છે ચરણ જુદા, ચરણદિલની શી મૈત્રી છે !
ચરણદિલની જુગલજોડી મળી શો પ્રેમ જામ્યો છે !

ચરણદિલ ઉભયે એક થઈ શા તે ચરણરસને-
હૃદય મસ્તીથી શો રસબસ પીધાં કેવો કીધો છે તે !

ચરણની ભક્તિથી દિલમાં ચરણનો શો અનુરાગ !
હૃદય રોમરોમે તે ચખાડ્યો, આવે ના તાગ !

હરિઃૐ

## ચરણરસ

નયનનીરથી ચરણ ધોઈ ચરણ સૂંઘ્યા કરેલા છે,
ચરણની ખુશબો લેવા, અમે બસ નેમ લીધો છે !

ચરણ જોડે જીવન જોડ્યું, ચરણથી લગ્ન કરવાને,
હૃદય મન એક થઈ નેહ ચરણ પૂરો લગાડ્યો છે !

હૃદયમનને ગળાવીને ચરણ-રસ-અમૃતે પૂર્ણ-
થઈને રસબસે મસ્ત, ચરણમાં एक જીવવું છે.

જુદાઈ ના રતીભરની સહેવાયે ચરણથી તે,
હવે ના જીવવું મરવું, અમારે તો ચરણ બસ છે !

હરિઃૐ

## ચરણસેવા

હૃદયના ભાવ ઉન્માદે ચરણ હર્ષે પલાળ્યાં છે,
નયનનાં નીરથી કેવાં ચરણને ભીંજવેલાં છે !

ચરણમાં શિર નમાવીને, લળી લળીને સ્તુતિ કરતો,
ચરણનું દિલમાં ચિંતવન કર્યાં કરી દિલ હરખે છે !

ચરણની સોબતે કેવી જીવનશાખ વધેલી છે !
ચરણ સેવાથી શું હૈયું બન્યું કોમળથી કોમળ તે !

ચરણની વાત માંડીને કરંતાંયે કરંતાંયે-
કથા તેની કર્યા કરતાં કદી ના દિલ થાકે છે !

હરિઃૐ

## વાત ન્યારી છે !

ચરણની ભક્તિ વિનાની, ચરણની જે હકીકત છે,
ન પ્રીછી તે કદી શકશે અનુભવ વાત ન્યારી છે !

ચરણકેરાં સ્મરણતાને જીવનમાં દિલ જાગે છે,
હૃદયનું જાગવું બનતાં અભિનવ સૃષ્ટિ જન્મે છે !

ચરણનો ભાવ દિલ જામ્યો શો આડંબર જતો રહે છે !
ચરણલગની હૃદય દૃઢતાં જીવન શો સ્વાંગ બદલે છે !

શરણ ચરણે જ સંપૂર્ણ થતાં હૈયું ભભૂકે છે,
હૃદયનાં વહાલ ઉષ્માની અનુપમ કેવી સુરખી છે !

હરિઃૐ

## ચરણ અસ્તિત્વ

હૃદયમાં કારમો કેવો ચરણનો ઈશ્ક લાગ્યો છે !
રખે ભૂલું છતાં તોયે ભુલાવા દે ન ચરણોને !

પ્રભુની યાદ ચરણોમાં, સ્તવન હરિનું ચરણમાં છે,
ભજન પ્રભુનું ચરણમાં છે, હૃદય કીર્તન ચરણમાં છે !

સ્મરણની શક્તિના બળથી ચરણને મેળવેલાં છે,
જીવન સર્વસ્વ આપીને, ચરણને શા ખરીદ્યાં છે !

ચરણને મૂલવ્યા તોયે, ચરણ મૂલવી શકાયે ના,
અનોખું આગવું કેવું ચરણ અસ્તિત્વ જીવને છે !

હરિઃૐ

## ચરણ અનુભવ

લગોલગ દિલમાં ચરણે ઉમળકે સ્પર્શી ચૂમે છે,
હૃદયનો ભાવઉન્માદ, શો અંગેઅંગ ફૂટે છે !

થતાં રોમાંચ ભાવાશ્રુ, શું રોમેરોમ પ્રગટે છે !
નવી તે જિંદગાનીનો અનુભવ ન્યારો લાગ્યો છે !

ચરણ, દિલ, બે થતાં एक ઉભયથી એક લાગે છે,
ચરણની ભક્તિનો કેવો ચમત્કાર જીવનમાં છે !

ચરણ સુરમો નયન આંજ્યો, નયનશોભા શી ઝળકે છે !
શરાબી પ્યાર ચરણોનો પીતાં મશગૂલ થયા તે છે !

હરિઃૐ

## ચરણને સંપડાવ્યા છે

ચરણના ઈશ્કની દુનિયા અજબની ને ગજબની છે,
ચરણ ડૂલ્યા જ તે માત્ર ચરણનો પ્રેમ ચાખે છે !

ચરણમાં ભસ્મ બનવાને જીવન કુરબાન કીધું છે,
જીવનની ભસ્મ ચરણોમાં ચઢાવીને વધાવ્યું છે !

સ્મરણમાં દિલ ગુલતાન, થતાં ચરણો જડેલા છે,
ચરણને તો હવે જીવને જડેલા દિલ રાખ્યા છે !

નિરંતર શી સ્મરણકેરી હૃદય દિલચસ્પી લાગી છે,
સ્મરણમાં દિલ મરી મટીને ચરણને સંપડાવ્યા છે !

હરિઃૐ

## અનુપમ સખ્ય

ચરણને ચૂમતાં, ચૂમતાં જીવન વિતાવવાનું છે,
ચરણમાં દિલ લગાવીને ચરણથી સુખ લેવું છે !

ચરણ ચૂમી, ચરણ ચૂમી જીવન બહેલાવવાનું છે,
ચરણ ચૂમી, ચરણ ચૂમી જીવન આનંદ લૂંટવો છે !

ચરણ ભેટાવી દિલ દિલથી મઝા શી ચાખવાની છે !
હૃદય દિલનો જ આનંદ હૃદય જોડાયેલાં પ્રીછે !

હૃદય દિલ રસભર્યો નાતો ચરણ દોસ્તીથી લાધે છે,
હૃદયને શું ચરણકેરું અનુપમ સખ્ય લાધ્યું છે !

હરિઃૐ

## ચરણને ભેટતાં

ચરણને બાઝી બાઝીને અમારે ગેલ કરવો છે,
ચરણને ચૂમી તે રસથી, હૃદયથી મસ્ત જીવવું છે !

ચરણનો રસ રસીલો છે, હૃદય તે એક પ્રીછે છે,
ચરણને ભેટતાં પ્રીતે, હૃદય નવનીત ચાખે છે !

ચરણને ભેટવા કાજે વખાં કેવાં હૃદયને છે !
હૃદય તલસે, હૃદય તલસે ચરણ-રસ-પ્રેમ પીવાને !

તલપ દિલની મીટવવાને, ચરણ આશ્રય લીધેલો છે,
પીતાં પીતાં હૃદયથી બસ પૂરા ચકચૂર બનવું છે !

ચરણને વળગી વળગીને અમે શો પંથ કાપ્યો છે !
થયાં દીદાર-દર્શનથી જીવનમાં જંપ વળિયો છે !

હરિઃૐ

## ચરણ આસક્ત

ચરણને ચૂમી ચૂમીને, રસામૃત પાન પીવું છે,
હૃદયની ઝંખના ઉત્કટ શી તાલાવેલી લાગી છે !

તલપ શી લાગી હૃદયે છે તલપને દિલ શમવવી છે,
હવે બસ દિલ તમન્ના છે ચરણને બાઝી જીવવું છે !

ચૂમી ચૂમી દિલ ભરવું છે, ચરણ આસક્ત ઠરવું છે,
કદમબોસી કરી અમૃત જીવનમાં ચાખવાનું છે !

હવે છૂટ્યા છૂટે ના, તે જીવનદાતા ચરણ શા છે !
ચરણ બાઝી ચરણરસને હૃદયથી મહાલવાનો છે !

હરિઃૐ

## ન્યાલ કીધો છે !

હૃદયની ભૂખ લાગેલી, ટળે કેમે કરી ના તે,
ચરણની પાસ આવીને શરૂ ખાવા કરેલું છે !

ચરણની પાસ ઢૂંકતાંયે મને મોરાં જ બોલ્યાં છે,
છતાં ના છાલ છોડ્યો છે, મથી મથી પાસ આવ્યો છું !

હૃદય સંતોષવા ભૂખ, ચરણને વળગી વળગીને,
ચરણરસ જે મળ્યો તેને ચૂસી ચૂસી દમ શો કાઢ્યો છે !

કૃપા માંગલ્યકારી તે શી અપરંપાર તારી છે !
ચરણમાં શો સ્વીકારીને મને તેં ન્યાલ કીધો છે !

હરિઃૐ

## ચરણની હૂંફ

ચરણ તારે શરણ લેતાં, કશી જંજાળ ના કૈં છે,
ચરણકમળે શયન કરીને નિરાંતે સૂઈ રહેવું છે !

ચરણની ઓથ જ્યાં લાધી, ચરણથી હૂંફ વળેલી છે !
જીવનશાતા હવે તો શી ચરણરસથી મળેલી છે !

ચરણકેરો જીવન અમને સહારો માત્ર એક જ છે,
જીવનનો ધ્રુવતારો ને દીવાદાંડી અમારી છે !

હરિઃૐ

## ચરણમાં એકરસ બનતાં

ચરણ નયને હૃદય ચાંપી ચરણને વહાલ કરી કરીને,
ચરણ પર વારી જઈ જઈને, ચરણની ભક્તિ કીધી છે !

ચરણ સ્તવતાં, ચરણ ભજતાં, ચરણનું માહાત્મ્ય સૂઝ્યું છે,
ચરણમાં એકરસ બનતાં, ચરણની ખૂબી લાગી છે !

ચરણને ચૂમતાં પ્રેમે, ચરણરસ મિષ્ટ લાગ્યો છે,
જીવનના રોમરોમે તે, બધે પ્રસરી, ખીલ્યો શો છે !

ચરણરસ દિલ અનુભવતાં જીવનના રંગ ન્યારા છે,
જીવન પલટાય છે ત્યારે, નવાંકુર ભાવ ફોરે છે !

હરિઃૐ

## ચરણમાધુર્ય

ચરણમાં દિલ પરોવાતાં, ચરણમાધુર્ય ચાખ્યું છે !
હૃદય તે ચાખતાં નવલાં અનુપમ રૂપ ખીલે છે !

સ્મરણ કરીને નિરંતર દિલ, હૃદય ઝાંખી થયેલી છે,
ચરણને દિલ વળગશે જે, ચરણ તેને વરેલા છે !

ચરણની ભક્તિથી હૃદયે, ચરણ બલિહારી લાગી છે,
જીવનની મોજની તાસીર અલૌકિક ઓર પ્યારી છે !

ચરણની ભક્તિથી જે તે બધું નવલું જ ભાસે છે,
નવીનતા શી પળેપળની ! શી મૌલિકતા જ ઝળકે છે !

હરિઃૐ

# ચરણદરબાર

અમે સર્વસ્વ જે તે કંઈ ચરણમાં હોમી દીધું છે,
થયા શા ખાલીખમ ચરણે ! ચરણ લહેર્યાં જ કરવું છે !

હૃદય યૌવનની મસ્તીથી ચરણને ભેટી પીસીને,
ચરણ રસબસ થતાં પૂર્ણ, હૃદય મલકાટ વ્યાપે છે !

ચરણદરબાર અમ કેવો ! નજરમાં ના ખૂંપે છે તે,
પૂરેપૂરો નજરમાંયે, નજર ના લક્ષ આવે છે !

પકડવો પૂર્ણ છે એને, અમારું પૂર્ણ તેયે તે,
પૂરેપૂરું હૃદય પૂર્ણ, છતાં અમને ન લાગે છે !

હરિઃૐ

## હૃદયદર્શન

અમારે દિલ બહેલવવા ચરણ તે એકલા બસ છે,
ચરણને દિલ ચોંટાડી ખુશી ખુશી થવાનું છે !

ચરણ શા દિલ મહોબતની અજાયબ મસ્ત દુનિયા છે,
ચરણ ખુશબોથી કેવું આ જીવન મહેકી ઊઠેલું છે !

ચરણ પ્રત્યક્ષ નજરોએ નથી નીરખ્યા જ કોઈએ,
છતાં તોયે અનુભવમાં મળ્યા ભક્તિથી શા અમને !

નથી પ્રત્યક્ષ અસ્તિત્વ ચરણકેરું કશે ક્યાંયે,
છતાં અમને ચરણનાં તે હૃદયદર્શન થયેલાં છે !

હરિઃૐ

## ચરણ એ જ જીવન

જીવન હાવાં નભવવાનું અમારે તો ચરણ પર છે,
ચરણમાં ચોંટી ચોંટીને હૃદયથી પ્યાર લેવો છે !

અમારે સ્વાદ લેવાનો ચરણમાંથી જ સર્જ્યો છે,
ચરણ વિના બીજો સ્વાદ જીવનમાં કો' રહ્યો ના છે !

જીવનનો સર્વ જે સાર ચરણ ઢળતાં મળેલો છે,
ચરણથી જે હૃદય લાગ્યો કદી છૂટ્યો ન છૂટે છે !

જીવનમાં મહાલવાને શા ચરણ મળિયા કૃપાથી તે !
લળી લળી, વારી વારી જૈ ચરણમાં વંદનાઓ છે !

હરિઃૐ

## ચરણ પ્યારા, ચરણ વહાલા !

ચરણના પ્રેમસાગરમાં હૃદય છોળો શી ઊછળી છે !
પલાળી અંગ અંગોને ભીંનાં કેવાં કરેલાં છે !

અમારે ખેલવા કૂદવા ચરણ એક જ જીવનમાં છે !
મળ્યા, સદ્‌ભાગ્ય કેવું તે કહી શકીએ કઈ રીતે ?

ચરણનો આશરો જબ્બર મળ્યો જીવન વિશે જેને,
બધી રીતે જ નિશ્ચિંત, પૂરેપૂરો રહે છે તે !

ચરણ પ્યારા, ચરણ વહાલા હૃદયથી શા હૃદયમાં છે !
ચરણને વળગી વળગીને, જીવનને મહાલવાનું છે !

હરિઃૐ

## જીવન મહેકી ઊઠ્યું

ચરણરસમાં નાહવાની શી રેલમછેલ લાગી છે !
ઉરાડી છાલકો કેવી બધું તરબોળ સ્પર્શે છે !

ચરણરસથી મહાલીને જીવન આખું ખીલેલું છે,
ખીલીને પુષ્પસુવાસે બધું શું મહેકી ઊઠ્યું છે !

છલોછલ શું ભરેલું છે ! બધે આનંદ રેલ્યો છે,
પ્રકાશે સર્વ જે તે કૈં, બધે ઉજાસ વ્યાપ્યો છે !

હૃદય દરિયો શો ઊછળીને કિનારાનેય ઓળંગી-
જઈ શો પાર ઘૂઘવે છે, ન આવે પાર કોઈથી !

હરિઃૐ

## મળી ચૂક્યું

અમારે જીવવું મરવું, હવે તો માત્ર ચરણે છે,
ચરણ લાધ્યાં પછી બીજું શું મેળવવું જ બાકી છે ?

મળી ચૂક્યું, મળી ચૂક્યું, મળી ચૂક્યું બધુંએ છે,
ચરણ તારાં પ્રભુ કેવાં, ખરેખર કામધેનુ છે !

ચરણની લહે હૃદય જેને, અજબ સૃષ્ટિ ચરણની છે,
ચરણને સેવતાં કેવો હૃદય-રસ-સિંધુ ઘૂઘવે છે !

અમે ડૂબ્યા, અમે ડૂબ્યા, ચરણના પ્રેમસિંધુમાં,
હવે બાથોડિયાં તરવા, જરાયે મારવાનાં ના !

હરિ:ૐ

## પરમ શ્રદ્ધા

ચરણ મળતાં, ચરણ મળતાં, બધુંએ તે મળેલું છે,
હજીયે જોઈશે તે તે, ચરણ તે આપશે અમને !

અમારે ભીખ કો પાસે, હવે ના માગવાની છે,
જીવનમાં શા મળેલા છે અમોને શેઠ ચરણો તે !

અમે જે તે બધુંએ તે ચરણ સર્વસ્વ મૂક્યું છે,
હવે જે જોઈશે ત્યારે, લઈ લેવું ચરણથી છે !

ચરણ કેવા રસીલા તે ! અમારે દિલ ભાવ્યા છે,
જીવનની ખુશનસીબી કે, ચરણ શા હાથ લાગ્યા છે !

હરિઃૐ

## જીવનસર્વસ્વ

અમોએ તો ચરણકેરી, હૃદય સોબત લગાડીને,
ચરણની ભક્તિને કેવો જીવનમાં ઓપ આપ્યો છે !

નયન ચમકાર જુદો છે, હૃદય શું મહોરી ઊઠ્યું છે !
ચહેરો શો ખીલેલો છે ! ચરણના શા પ્રભાવે તે !

જીવનનો વૈદ ચરણો છે, જીવનગુરુ જ ચરણો છે !
જીવનનો સૂર્ય ચરણો છે, જીવનના પ્રાણ ચરણો છે !

ચરણ એ તો નયનકેરી નૂતન રશ્મિની કીકી છે,
ચરણ એ તો જીવનકેરાં નૂતન દિલની શી ઉષ્મા છે !

હરિ:ૐ

## પડેલાં તે ચરણ જાણે !

ચરણની સારવારે તો હૃદય શો હર્ષ લાગે છે !
અને એ હર્ષની ધૂનમાં જીવનની મસ્તી લાધી છે !

હૃદય ઘેલું બનેલું છે, નયન ઘેરાયેલાં શાં છે !
હવે તોફાન-મસ્તી ના કશાં મનને રહેલાં છે !

હૃદય, મતિ, પ્રાણ, મન, ચિત્તે ચરણ કેવાં વસેલાં છે !
બધાંને મસ્ત ભાવ્યાં છે, ચરણને સર્વ બાઝ્યાં તે !

ચરણ આકર્ષણે જે તે નયન ઊલટાં થયેલાં છે,
ચરણની કેવી દુનિયા છે પડેલાં તે ચરણ જાણે !

હરિઃૐ

## જીવનના પ્રાણ

અમારે તો ચરણ તારે બધું જે તે વસેલું છે,
ચરણ એ તો અમારે શી ગરીબની કામધેનુ છે !

જવાનું ક્યાંય ના દૂર છે, બધું જે જોઈએ તે તે,
ચરણ પાસે નજીક જઈને જણાવી, માગવાનું છે !

ચરણ ખિદમત હૃદય કરીને, ચરણસેવા જીવનશ્વાસ,
જીવનના પ્રાણ ચરણો છે, ચરણના શા અમે દાસ !

જીવનશ્વાસતણું સુખ, અમારે તો ચરણમાં છે,
બીજે ક્યાંયે કશે ફાંફાં હવે ના મારવાનાં છે !

હરિઃૐ

## પરમ સદ્‌ભાગ્ય

પ્રભુ જ્યાં તુજ ચરણ હૃદયે, સમજવાનું હવે શું છે ?
ચરણમાં પ્યાર લાગ્યાથી, હૃદય શાતા વળી ગઈ છે !

બધું મળવાનું જે તે સૌ, ચરણ પામ્યાથી મળિયું છે,
હવે તો એક પ્રભુ તારાં, નયનવિલાસનું સુખ છે !

પરમ સદ્‌ભાગ્યથી ચરણે પ્રભુ તારે અવાયું છે,
કશી ના ખોટ મારે છે, ધણી જ્યાં તું સમો શિર છે !

અમારે ને હવે તારે હૃદયથી પ્રીત લાગી છે,
સતત એ ચિંતવને તારે વિતવવાના દિવસ સૌ છે !

હરિઃૐ

## ચરણ શા જ્ઞાનરૂપે છે !

ચરણ જે જે મળે તેને તિરસ્કાર કરે છે ના,
મળે તેને સ્વીકારીને પૂરો ઉપયોગ લઈ લે છે !

ગમે તે તે કરે પોતે બધાંનો સાક્ષી પોતે છે,
છતાં પાછો જુદો પોતે કરે તોયે અલગ શો છે !

સુંવાળા ને કઠણ વચ્ચે, હૃદય તે ભેદ સમજે છે,
ઉભય મળતાંય સ્વીકારી, ગતિ સરખી ઉભયમાં છે !

બધુંયે શું કરે પોતે, છતાં જાણે કરે ના તે,
પૂરા અલિપ્ત, નિઃસ્પૃહી, ચરણ શા જ્ઞાનરૂપે છે !

હરિઃૐ

## જીવનને પામવા કાજે

ચરણ અલબેલું સાધન તે, ચરણનો જે ઉપાસક છે-
જીવનને પામવા કાજે ચરણ તેને મળેલા છે !

થવા અનુભવ હૃદય પૂર્ણ, ચરણ પોતે ગુરુ શા છે !
જીવન સંપૂર્ણ પ્રીછવાને જુઓ વર્તી ચરણ રીતે !

વિરોધાત્મક ગુણો જે જે પળે પ્રત્યેક પ્રત્યક્ષો-
પરસ્પરમાં પરસ્પરથી ભળેલા છે ચરણમાં તે !

હૃદય સાચો અનુભવ તે અનુભવને સમજવાને-
ચરણ પ્રત્યક્ષ પોતે છે, છતો કરવા અનુભવને !

હરિઃૐ

# ચરણસામર્થ્ય

કને તુજ લાવવા મુજને, સમર્થ શા ચરણ પોતે !
ચરણની હોશિયારી છે, છતાં ના તે જણાયે છે !

મહા શા શક્તિવાળા છે, છતાં શક્તિ વગરના તે-
પૂરેપૂરા જ લાગે છે, ચરણ બલિહારી એવી છે !

ચરણની ચામડી બરછટ, છતાં તે સૂક્ષ્મ પરખે છે,
જહીં સ્પર્શે ચરણ જેને, બધાંની જાત પ્રીછે છે !

ચરણ કેવા કઠણ પોતે, છતાંયે શા મુલાયમ છે !
ચરણની ખૂબી શી શી તે, ચરણના ભક્ત જાણે છે !

હરિ:ૐ

## ચરણ પ્રતીક

નિરાગ્રહી શા ચરણ પોતે, અનાસક્ત વળી તે છે,
હૃદયને પ્રેમ કરવાને, ચરણ વિના બીજું ના છે !

ચરણ સાધન શું ઉત્તમ છે, હુકમ પાલન કરે શા તે !
નિરાગ્રહી તે ખરેખર છે, અનાસક્ત જ બધી રીતે !

જીવનની નમ્રતાકેરાં, ચરણ પોતે પ્રતીક શા છે !
રહે નીચે છતાં કેવું, મહત્ત્વ પદ ધરાવે છે !

હૃદય ગતિશીલ રહેવાને સદા ઉત્સુક વળી પોતે !
જરૂર પહોંચાડી દે ધામે, ચરણ કેવા જ ખપના છે !

હરિઃૐ

# ચરણમાં સૌ મળેલું છે

અમારે તો હરિ તારાં, ચરણમાં સૌ મળેલું છે,
ચરણ એ તો અમારી શી જીવનની મોંઘી મૂડી છે !

તપશ્ચર્યા કરી ભારે ચરણનું ચૂકવી મૂલ્ય-
જીવન સર્વસ્વ ખર્ચીને, ચરણને શા ખરીદ્યા છે !

ચરણ શા તે અમારા છે, છતાંયે ના અમારા તે,
બધાંનાયે ચરણ તો છે, છતાં તે તે અમોમાં છે !

બધાંનું સર્વ અસ્તિત્વ ચરણ કેવું સમાયું છે !
ચરણથી જ બધુંએ જે શું વ્યક્ત તે થયેલું છે !

હરિઃૐ

## મળેલું છે

જીવનમાં જે કશું કૈં છે, ચરણ અસ્તિત્વ માત્ર જ છે,
ચરણને કારણે જે તે બધું ચાલી રહેલું છે !

ચરણ એવાતણી હૃદયે મહોબત તેં લગાડી છે,
બધું જે આપવાનું તે ચરણમાં આપી દીધું છે !

બધું જે માગવાનું છે મળી તે તે ગયેલું છે,
હવે તો બાદશાહી તે ન ભોગવવી રહેલી છે !

હરિ તું એકલો અમને પૂરેપૂરો જ બસ શો છે !
હૃદય મહાલી સતત સાથે ઉમળકે ગેલ કરવો છે !

હરિઃૐ

## અનુભવ

જીવનના રોમરોમે ને શરીરના બિંદુ બિંદુએ-
ચરણ વહાલા પ્રભુકેરાં કહીં કહીં રેલી ચૂક્યા છે !

ચરણની ખુશબોયે દિલ પ્રવેશીને જીવનતળનો-
ખરેખર સાવ તળિયામાં પહોંચી રસ જમાવ્યો છે !

ચરણરસ કામગીરીની બહાલી કેવી કેવી છે !
બધે પહોંચાડી રસ નિજનો હકૂમત શી ચલાવે તે !

મહાસદ્‌ભાગ્યથી ચરણો કૃપાથી શા મળેલા છે !
જીવનમાં ત્યારથી કેવો ફરી ચહેરો ગયેલો છે !

હરિઃૐ

## ચરણસામ્રાજ્ય

અમારે તો કશાનો ના જીવનમાં ક્યાંય ટોટો છે,
બધે જ્યાં ત્યાં ચરણકેરું મહાસામ્રાજ્ય વ્યાપ્યું છે !

ચરણના શા પ્રતાપેથી અમારી ગાડી ચાલે છે !
ચરણના તે પ્રભાવેથી અમારું સર્વ ગબડે છે !

ન કોઈ ભાવ પૂછતું'તું, નજર ના નાખતું કોઈ,
ન કો' દરકાર કરતું'તું, રહમ હાવાં બધાંની છે !

કશી નહોતી જરા કિંમત, હવે કિંમત પુછાયે છે,
બધી બલિહારી વહાલાનાં ચરણ અંબુજતણી શી છે !

હરિઃૐ

## રમત

હૃદયના ભાવમાં તારાં ચરણનો રસ પડેલો છે,
હૃદયના ભાવમાં તેથી કંઈ સુવાસ પ્રગટી છે !

થયો ભેળો જીવનમાં તું સ-રસ જીવન થયું શું છે !
બલિહારી હૃદયથી શી પ્રભુ હું ગાવું ફરી ફરીને !

ચરણ તારાં હૃદયથી શા હજારો વાર નીરખ્યાં છે !
છતાંયે શા નયનપટથી રમાડ્યાં, તોય છટકે તે !

ભલે છટકે, ભલે છટકે, જઈ જઈ ક્યાં છટકશે તે !
હૃદયથી વેગળા ક્યાં તે, જવાના છે, જવાના છે !

હરિઃૐ

## સથવારો

જીવનનો એક સથવારો પ્રભુ તારાં ચરણનો છે,
જીવનનો બેલી સાચો શો અમોને તું જ મળિયો છે !

હવે બેડો અમારો તો જરૂર પાર ઊતરવાનો,
હૃદય વિશ્વાસ પાકાથી ચરણનેડો પમાડ્યો છે !

ચરણ જે વેળથી પકડ્યા, તહીંથી તો હૃદયથી તે-
થયેલા ત્યાગ ને તપથી, જીવનની સૂઝ પડેલી છે !

હરિઃૐ

## બધે નીરખું

ચરણને ભાવ ધરી હૃદયે, અમારે ગેલ કરવો છે,
ચરણને ચૂમી ચૂમીને, હૃદયની પ્રીત બઢવવી છે !

અમારે દિલ બહેલવવું, તને જ્યાં ત્યાં બધે નીરખી,
જીવનરસ, કેંદ્રબિંદુમાં કહીં શી ખોળી રમવું છે !

તને જ્યાં જ્યાં હૃદય નીરખું તહીં તહીં શો હૃદય રસ છે,
નજર તેથી રહે છે શી ચરણનાં મધ્યબિંદુએ !

ચરણ અમૃતથી ઝરતા છે, ચરણ ખૂબી ભરેલા છે,
ચરણમાં જામ રસના છે, ચરણ કેવા રસીલા છે !

હરિઃૐ

## ન્યારી ન્યોછાવરી

તને મારું બધું પ્રેમે, સતત આપ્યા કરેલું છે,
દઈ દઈને ચરણ સઘળું, તને ભરી રાખવો દિલ છે !

અમારે તો ચરણ તારે નિરાંતે સૂઈ રહેવું છે,
કશી લપછપ ન બાકી છે, ચરણ પકડી જ જીવવું છે !

જગત બીજું અમારે ના, ચરણની માત્ર દુનિયા છે,
ચરણમાં શા સમાયેલા શરણ રસબસ છવાયું છે !

ચરણમાં શા પડ્યા છીએ, ડૂલ્યા મહોબતથી ચરણોયે,
જીવન લાખો ચરણની પર દઈ દેતાંય ઓછું છે !

હરિઃૐ

## ચરણની જે હકીકત છે

જગતજન તે નહિ સમજે, ચરણની જે હકીકત છે,
જવા સમજાવવામાં તે ન માથાકૂટ કરવી છે !

જીભાજોડી નકામી છે જગતજનને કહેવું તે,
અમારે તો ચરણમદિરા હૃદય પી મસ્ત જીવવું છે !


ચરણ એ એકલી માત્ર જીવનની સર્વ દોલત છે,
ચરણનો રસ હૃદયમાંનો જીવાદોરી અમારી છે !

જીવનનું જીવવા જોમ અમારે તો ચરણ પર છે,
જીવનસૌભાગ્ય અમ કૈં જે અમારું સર્વ ચરણો છે !

હરિઃૐ

# ખંડ - ૮

# હરિની શી રમતલીલા !



હરિને એકલા નજરે, હૃદયથી રાખી રમવું છે,
બધા તે પેંતરા-દાવતણી અમને પડી ના છે !

હરિઃૐ

# જ્યાં સુધી

હડિયે જ્યાં સુધી તારી ચઢ્યા ના, ત્યાં સુધી ઠીક છે,
ચઢ્યા જો એકવારે તો, પૂરી બદબોઈ લખાઈ છે !

જગતજન માનશે તમને જગતની કોઈ રીતિયે,
પ્રભુના માનવાકેરી, જગતને ના ગતાગમ છે !

પ્રભુએ શો તમારો તે ગતકડાં કંઈક શા કરીને,
અહીં ને તહીં જ ફંગોળી, પૂરો કસ કાઢી તે જોશે !

સહેવાની પૂરેપૂરી હૃદયમસ્તીની તાકાત-
જીવન પ્રગટેલી જો હો તો, પ્રભુચરણે જીવન ઢળજો !

હરિઃૐ

## જીવન ઘડનાર

હરિ અમને જીવનમાં શો ખરો ઉપયોગ આવ્યો છે,
કદીક એણે હરાવ્યા છે, હરાવીને જિતાડ્યા છે !

રમત શી શી રમાડી છે ! જીવન શી ભાત પાડી છે !
જીવન ઉઠાવ કીધો છે, વળી અધ્ધર ઉપાડ્યો છે !

મને ફટકા લગાવ્યા છે, પડેલા સોળ કેવા તે !
હજીયે યાદ આવે છે, કૃપાલીલા હરિની તે !

ઘડે શી રીત જીવનને ન આગળથી જણાયે તે,
મુલાયમ જે થયેલાને ઘડાવાનું સુગમ તે છે !

હરિઃૐ

# ચાહવું

જગત વ્યવહાર પણ તું છે, જીવન સથવાર પણ તું છે,
જીવન સગપણ હરિ તું છે, અમારું જે તે સૌ તું છે !

પ્રભુ તુજ પગલે ડગલે તે, અમારે ચાલી ચાલીને,
બધું તે નીરખી, નીરખી હૃદય લેવાનું પ્રીછીયે !

સમજવાની હવે પડી ના, અનુભવવું અનુભવવું,
અનુભવીને હૃદય જે તે, ભલે સમજાય તે ઠીક છે !

અમારે ચાહવા વિના બીજું ના કર્મ કોઈ છે,
તને દિલથી ચાહવામાં બધાં કર્મો સમાયાં છે !

હરિઃૐ

## મુનીમગીરી

અમારો શેઠ પણ તું છે, હજૂરિયોયે વળી તું છે,
તું સ્વામીનો જ સ્વામી છે, મહારાજા અમારો છે !

જીવનની રોજનીશી તે મુનીમની પેઠ દઈ તુજને-
અમે ખાલી અને ખાલી પૂરેપૂરા પદે છીએ !

અમારે ના કમાવાનું, કમાવાનું પ્રભુ માટે,
પ્રભુને તે ધરી ચરણે, ચરણ કરવાની સેવા છે !

જીવનના કર્મયજ્ઞોની હૃદયની ભક્તિથી કરીને,
ચરણ ભાવાંજલિ અર્પી, સમર્પણ સર્વ કરીએ તે !

હરિઃૐ

## ધણીના ગૂઢ ઈશારે

કશું કૈં આમ કે તેમ હવે ના પૂછવાનું છે,
જરૂર જેની પડે, તે તે હરિ દર્શાવવાનો છે !

કશું ના જોઈ રહેવાનું અમારે તો હવે કૈં છે,
ધણીના ગૂઢ ઈશારે શું વર્તી મહાલવાનું છે !

કશી ના યોજના મન છે, કશાના ના વિચારો છે,
મનન ચિંતવન હૃદયભાવે ચરણમાં તે ગળેલું છે !

અમારે તો ધણી વહાલો જીવનમાં સાથ કેવો છે !
જીવનરંગતની તે લહાણી હૃદયની ઓર પ્યારી છે !

હરિઃૐ

# ધણીના ઘોડલા શા

અમારે રાહ જોવાની કશી ના ટેવ એવી છે,
કહીં રોકાઈ શકીએ તે ન રોક્યા કોઈનાયે તે !

ગતિમાં રાખનારો છે હરિ વહાલો અમારો તે,
લઈ જવું જ્યાં હશે એને અમારે ત્યાં જવાનું છે !

અમે નિશ્ચિત ઠેકાણું ન ક્યાંયે તે કરેલું છે,
અમારે એવી ખટપટ ના, હરિ કરશે જે મંજૂર છે !

ધણીના ઘોડલા શા તે ચલાવેલા જ ચાલીશું,
લગામેય ધણી હાથે, બધી મરજી ધણીની છે !

હરિઃૐ

## બાજીગર

ધણીનાં સર્વ કરતૂતો કળા તેની અનેરી છે,
ન તેને કોઈ જાણે છે અગમ્ય રીત હરિની છે !

કદીક લે જાણી જંબૂરો શી બાજીગરતણી બાજી !
ગમે તેવો ભલે ભક્ત, શકે ના જાણી હરિબાજી !

ખરેખર ભક્ત જે કો' છે, ન એને જાણવાકેરી-
હૃદય સહેજે પડેલી છે, હરિમાં મસ્ત એ તો છે !

હૃદય માશૂક-આશક જે, પૂછોને તેમને જઈને,
પરસ્પર શાં પરસ્પરમાં થયેલાં મસ્ત ચિંતવનમાં !

હરિઃૐ

## અનુપમ રસ

પ્રભુ તુજ સાથ દુનિયાની લહેજત શી ચખાડી છે,
ચખાડીને અમોને તેં હૃદય બેસાડી દીધા છે !

હૃદય બેસાડીને ખેલ મને શા શા બતાવ્યા છે !
હૃદય અચરજ હું પામી શો, લહ્યો જુદો જુદો તુજને !

જુદા જુદા ભલે વેશ બહુરૂપી સમા તે તે,
છતાં તે સર્વમાં एक છબી તારી નિહાળી છે !

અનુભવ શા જુદા જુદા, જુદા જુદા પ્રસંગોયે-
કરાવીને મને કેવો અનુપમ રસ પમાડ્યો છે !

હરિ:ૐ

## બધું તું છે

અમે ખુલ્લા પૂરેપૂરા થયેલા તે છીએ હૃદયે !
અમારે તે પ્રભુ કેવો હૃદય ફટકો કશો ના છે !

હવે કહેવાનું-કથવાનું અમારે ના રહ્યું તુજને,
અમારે તો હવે હાકલ તને શી પાડવાની છે !

અમારે શિશુની પેઠે સમજવાનું નથી કશુંયે,
ન જાણીયે શું શું જોઈએ, છતાં શી ભાળ રાખે છે !

અમારો એક છે માત્ર પિતા, માતા, સખા, બંધુ-
સહોદર, પત્ની, માશૂકયે, બધું જે તે હરિ તું છે !

હરિઃૐ

## રમત રમીએ

રમતના દાવ હરિકેરા, અમે ના જાણીયે છીએ,
રમત રમીએ અમે તો શા પૂરા રસમાં ડૂબેલા તે !

હરિને એકલા નજરે, હૃદયથી રાખી રમવું છે,
બધા તે પેંતરા-દાવતણી અમને પડી ના છે !

રમતમાં શા અમોને તો, હરિએ ભિલ્લુ બનવ્યા છે,
હૃદય એ જાણકારીથી હૃદય હર્ષે શું ઊછળે છે !

'કૃપાસાગર હરિ કેવો !' પડી એની હવે ગમ છે,
હૃદય બલિહારી તુજ નીરખી, જઉં શો ઓગળી ભાવે !

હરિઃૐ

# ભિલ્લુની જોડી

અમારે તારી સંગાથે, રમત રમવાની રંગત છે,
રમાડીને ન્હવાડે શો રમતરસની જ છોળોયે !

રમત તે તે ન જાણું હું, જુદી જુદી રમત માંડે !
છતાંયે જ્યાં રમાડે તું અમારે ખેલ રમવો છે !

હૃદય ધરપત અમોને કે અમારી સાથ હરિ તું છે,
ન આવડતું, તું શિખવાડી અમોને રાખશે સાથે !

અમારી ને હરિકેરી, રમત ભિલ્લુની જોડી છે,
હવે તોડી ન તૂટવાની, જીવનભરની સગાઈ છે !

હરિઃૐ

## ચીંધ્યે માર્ગે

અમારાં કર્મમાં અમને, જીવનમાં સહાય દીધી છે,
પ્રભુ વહાલો અમારો શો બધો બદલો ચૂકવશે તે !

કશી ગુંજાશ મારી ના, અમારી શક્તિયે ના છે,
ન કૈં હિસાબ રાખ્યો છે, ધણી બધુંયે જ સમજે છે !

બધું કરવાનું કરશે તે, છતાં મરજી પ્રમાણે તે,
હૃદયમાં ફાવશે તેને જરૂર શો વર્તવાનો છે !

કહેવાનું અમારે ના પ્રભુને કૈં રહેલું છે,
અમારે તો ચીંધ્યે માર્ગે સરળસટ વહી જવાનું છે !

હરિ:ૐ

## અમારી જિંદગાની

જીવનમાં શેઠના હુકમે, અમારે વર્તવાનું છે,
બધુંયે શેઠનું માની રજેરજ તેમ કરવું છે !

'કરવું છે તેમ' એવુંયે, બકવું મિથ્યા અમારું છે,
અમારે કૈં ન કરવાનું, બધી મરજી હરિની છે !

હિસાબે જોખમે એને, બધું માથે ઉપાડીને,
બધું એને નિવેદીને, બધું કરવાનું જે તે છે !

કશું ના છોડી દેવાનું, અમોને જે ચીંધેલું છે,
કર્યાં તે તે જ કરવાનું, અમારી જિંદગાની તે !

હરિ:ૐ

## હરિ સાથે સીધી વાત

કદીક તુજ સાથ ટંટોયે હૃદય કરવાનું દિલ થાયે,
છતાં કેવો ખરેખર છે નઠોર છેક પાજીનો !

કદીક શી ગાળ દઈ તુજને શું ફેરવી મુખ દઉં છુંયે,
તહીં રહેવાતું ના મુજથી, રિસાવાનું મૂકી દઉં છું !

પ્રભુ તુંયે શું ફંફોસે હૃદય ઊતરી ઊંડો ઊંડો,
હજી મુજ પર શું સંપૂર્ણ તને વિશ્વાસ ના બેઠો ?

પ્રભુ તારું બધુંએ તે હૃદયમાં પ્યારું લાગે છે,
હૃદયના પ્યારની રીસથી બને શું ભાંડવું તુજને !

હરિ:ૐ

## ન્યારી રીત

અમારે તારી સંગાથે ન છેડા ફાડવાના છે,
અરે ! તુજ સાથ શો ઊલટો અમે તો મેળ રાખ્યો છે !

અમારે દિલ તુજ કાજે, કૂંણી કૂંણી લાગણી શી છે !
તને કોઈ રીતથી હૃદયે, મનાવી દિલ લેવો છે !

પ્રભુ તુજ માટ શા શા તે, હૃદય અમ કોડ જાગ્યા છે !
તને સુખ આપવાકેરાં હૃદયનાં સ્વપ્ન શાં શાં છે !

તમારે કાજ જીવનની હૃદયની લાગણી શી છે !
તને દર્શાવવાની તે અમારે ના પડેલી છે !

હરિ:ૐ

## હરિ વહાલો

અમારે દિલ હરિ વહાલો, હરિ વહાલો અમારો છે,
નયન દેનાર કેવો તે ખૂબીનો શો ભરેલો છે !

હૃદયથી ખાલી ખાલીયે ન નાટારંગ કરવા છે !
અમારે તો હૃદય-પ્યારે પ્રભુ તુજ સાથ નાહવું છે !

હૃદય તુજને, નયન સામે નીરખી નીરખી જ જીવવું છે,
અમારું એ જ જીવન છે નિભાવેલું હરિથી જે !

હરિએ શા ઉછેર્યા છે ! હરિએ શા જગાડ્યા છે !
હરિએ શા રમાડ્યા છે ! કરાવ્યા લાડ શા શા છે !

હરિઃૐ

# તું-હું

અમારી ને હરિકેરી જીવનભરની રમત જે છે,
પરસ્પર એકલા પોતે અમે તે જાણીએ છીએ !

જુદા શા એકબીજાથી, કંઈક પલટા અનેરાયે !
સમજવાને પરસ્પરને જીવન પ્રગટ્યા કરેલા છે !

'મને સમજી તું લે પૂર્ણ, મને તે યોગ્ય લાગે છે !'
પરંતુ હું તને કેવી રીતે સમજી શકું દિલ તે ?

હૃદયમાં તે સમજવાની હવે તુજને ન મરજી છે,
હવે તો માત્ર દિલમાં તે, રમત રમવાની મરજી છે !

હરિઃૐ

# અમારો વારો

રમત રમવાતણો સાથે અમે શો ખેલ માંડ્યો છે,
તનેયે શોધી લેવાનો હવે વારો અમારો છે !

દઈને હાથતાળી તું ગયો સંતાઈ એવો કે -
ન ક્યાંયે હાથ આવે છે બધે ફાંફાં મરાવે છે !

રમત એવી વિશે કેવો હૃદય ગુલતાન ડૂલ્યો છું,
તને બસ ખોળી લઈ હૃદયે, બથોબથ ચૂમી ભરવી છે !

ભલે શો દૂરનો દૂર જશે ભાગી છતાંયે તે,
અમારા દિલથી ક્યાં તું જઈ છટકી જવાનો છે !

હરિઃૐ

# હરિની શોધ

હૃદયના માત્ર અણસારે તને શો શોધવાનો તે-
મથ્યા છે કેટલુંયે શું ! છતાં બરકત ન આવી છે !

મળ્યા અણસારથી જાણ્યું, પ્રભુ અસ્તિત્વ તારું છે,
પરંતુ ક્યાંય ઠેકાણું, ન તારું શોધ્યું જડતું છે !

બધે જ્યાં ત્યાં રખડી રખડી શી ખોળંખોળ કીધી છે,
બધે જ્યાં ત્યાં પૂછેલું છે, ન તોયે હાથ લાગ્યો છે !

પ્રભુ તેં યારી આપી શી ! ગયું કિસ્મત શું ઊઘડી તે !
બરાબર તે જણાયું છે નજીક ઠેકાણું પાસે છે !

હરિઃૐ

## બાકી છે

તમારે ને અમારે તો, નયન અણસાર કાફી છે,
હવે મળવાની ખટપટની, જરૂર પણ ક્યાં રહેલી છે ?

મળ્યાં જ્યાં દિલ, મળવાની શી લમણાઝીક રહેલી છે !
ખબર અંતર પરસ્પરની હજી પૂછવાની બાકી છે ?

અડોઅડ શાં પરસ્પર છો, ને સન્મુખ છો પરસ્પરયે,
છતાં ક્યાં શું હજી નયને, નીરખવાનું જ બાકી છે !

હૃદયની ને નયનની તે રમતને ના જ છેડો છે,
નયન, દિલ શાં પરસ્પર તો, કદીક ઝઘડી પડે છે તે !

હરિ:ૐ

# મહોબતની યારી

અમારે ને તમારે શી ! મહોબતની જ યારી છે,
હૃદયની યારી તે કેવી જીવનમાં પૂર બહાલી છે !

પરસ્પરને પરસ્પરથી હૃદયથી ખુશ કરવાને,
પરસ્પરયે કરે કેવા હૃદયના ખેલ તે કાજે !

પરસ્પરનાં નયનથીયે પરસ્પર રાજી કેવા છે,
સમજ શી આપમેળેયે પડી જાયે હૃદયમાં તે !

હૃદય તલસે, નયન તલસે, અહાહા ! પ્રાણ પણ તલસે,
હૃદય મહોબતની યારીની વ્યથા શી કારમી તે તે !

હરિઃૐ

# દોસ્તી

અમારે ને તમારે તો, જીવનની દોસ્તી લાધી છે,
પરસ્પર એકબીજાના હૃદયમાં ભીંસ કેવી છે !

પરસ્પરને પરસ્પરથી, હૃદય આનંદ લાધ્યો છે,
મળંતાં તે હૃદયપ્રેમ, પરસ્પર પાંગરે શો છે !

ન બોલો, તોય બોલાયે હૃદય તે એકબીજાની,
નજીકનીયે નજીક શું તે, જવાને કેવું તલસે છે !

હૃદય ખુશી ખુશી કેવું નજર પડતાં જ ડોલે છે !
હૃદયની કામગીરી શી, છૂપી તોયે ન છૂપી છે !

હરિઃૐ

## હરિનો છું, હરિ મારા

ખરેખર તુજ પરે મુજને, હૃદય શો ભાવ ઊમટે છે !
જડાયેલો હૃદય કેવો જીવંતો શો રહે છે તે !

હૃદય નેડો મને લાગ્યો, સ્મરાવે છે નિરંતર જે,
'હરિનો છું' 'હરિ મારા' હૃદય કેવા રમે છે તે !

રમે પોતે, રમાડે છે કરી લટકાં નયનથી જે,
હૃદય લટ્ટુ બનાવીને પૂરો શો ભેળવી દે છે !

હરિની શી રમતલીલા જીવનમાં ઓતપ્રોતે તે !
પ્રભુમય શો બની પોતે ! પ્રભુમાં શો બિરાજે છે !

હરિઃૐ

## જીવનનો રાહબર

અમારે હાથ ઝાલી તુજ હવે તો ચાલવાનું છે,
જીવનનો રાહબર તું છે ચલાવી જાય શો પંથે !

જીવનના કેટલાયે તે પ્રસંગોમાં પતિતને તેં,
મદદ ઓચિંતી તત્કાળ શી અણધારી કરેલી છે !

વિના તેડ્યો તું દોડીને વિના બોલાવિયો કેવો !
ચીંધાડીને રવડતાને સીધો રસ્તો બતાવ્યો શો !

હૃદય છે આત્મવિશ્વાસ, 'તું નોધારાતણો બેલી-
જીવનમાં એક સાચો તું' શી મુજ પર તુજ કૃપા રેલી !

હરિઃૐ

# અમારો ધંધો

‘જીવનમાં શા હરિ ભજવા’ અમારો એ જ ધંધો છે,
સતત એવી કમાણીમાં જીવનની રોજગારી છે !

હવે તે રોજગારીમાં શૂરાતન શું ચઢેલું છે !
હૃદય તે ધૂન લાગી છે, નશો કેવો ચઢેલો છે !

કશી કૈં આડફંટે તે નજર ના ફેંકવાની છે,
લગોલગ ચોંટી રહેતી શી ! હૃદયભાવે ચરણકમળે !

નજરનેયે અમારી તે ચરણ વિના બીજે ક્યાંયે-
ન પોષાયે જ ઠરવાનું, ચરણ ઠેકાણું માત્ર જ છે !

હરિઃૐ

## જીવન સગપણ

અમારે તો હરિ સાથે, જીવન સગપણ હૃદયમાં છે,
ખરેખર સાચવીશું તે, મુસીબતથી જડેલું છે !

ખરેખર એક કાવડિયો ગરીબીમાં મળેલો જે,
ગરીબને તે હૃદય કેવો પૂરા શા લાખ જેવો છે !

વખાનો શો પ્રભુ માર્યો જઈ રવડી રખડતો' તો,
કશું ઠેકાણું પડતું ના તહીં તેં ભાળ લીધી છે !

મને શો સાથ રાખીને કમાવાનું ભણાવ્યું છે !
કમાઈને હવે સૌ તે ચરણ પધરાવવાનું છે !

હરિ:ૐ

## એક તું જ !

પ્રભુ તુજ એકલાનું તે, હૃદયમાં ધ્યાન લાગ્યું છે,
બધાં દેખાય છે જે તે, અમારે એક તું બસ છે !

નજર જ્યાં ત્યાં બધાં પર છે, છતાં ચરણે નજર તે છે,
નજર તે ને નજર પદની મહીં કેવો તફાવત છે !

ચરણમાં જે નજર લાગે, નજર તે સોંસરી ચોંટે,
નજર શી આરપારે તે પહોંચી પાર કરી દેશે !

નજરનીયે નજર શી છે ! નજર કોઈક બાંધે છે,
નજરબાંધી, નજરમાંનું શું કિસ્મત ભવ્ય અજવાળે !

હરિઃૐ

# હરિનું વહાલ

ધણીને હાક દેવાની જરૂર તે ના હવે રહે છે,
શિશુને માડી સંભાળે અમારી ભાળ શી લે છે !

રડ્યા વિનાય, વિણ માગ્યા સમય થાતાં જ ધવરાવે,
જરીયે ના ભૂલી જાય તને ચિંતવન અમારું છે !

લપેટાયેલ નરકે શા ભલેને હોઈએ, તોયે
હૃદયથી લઈ કરે કેવો પ્રભુ તું સ્વચ્છ અમને તે !

કરે તું વહાલ શું અમને ! દઈ પોષણ ઉછેરે છે,
અમે અમ ના કશું કરીએ, બધું જે તે કરી લે છે !

હરિઃૐ

## અકળ

અમારે તો હરિ વિના, બીજો કંઈ ના લવારો છે,
હરિના ભાનથી હૃદયે નશો કેવો ચઢેલો છે !

નશાના કેફથી લવરી, અમે કેવી કર્યા કરીએ !
ન કોઈને કશા અર્થતણી તેમાં ગતાગમ છે !

અમોને ભાન પૂરું છે, કૃપાથી શી હરિની તે,
કયા હેતુથીયે અમને રમત રમવા મૂકેલા છે !

રખાવી ભાન તેનુંયે, અમોને ચેતવેલા છે,
હરિલીલા નીરખવાને અનુભવવા જીવન અમ છે !

હરિ:ૐ

# ધણી ધીંગો

શિરે ગર્જંત હરિ તું શો, વળી પીઠ થાબડે જ્યાં તું,
હૃદય શું જોશ પ્રગટાવી, અશક્ય શક્ય કરી દે છે !

'શકે ના શું બનાવી તું !' સમર્થ શો બધી રીતે !
'ધણી ધીંગો મળ્યો એવો, નસીબનો શો તું બળિયો છે !'

અમારે તો હરિ સાથે બધાએ ખેલ રમવા છે !
ન બાકી રાખવો એકે પૂરો કસ કાઢી લેવો છે !

હરિની સાથ મહોબતની, રસીલી કથની ન્યારી છે,
જીવનની તે ખુમારીને, ન કોઈએ જ જાણી છે !

હરિ:ૐ

# પ્રભુ બેલી

પ્રભુ બેલી, પ્રભુ બેલી, પ્રભુ બેલી જીવનનો છે,
જીવનની મધ્ય, કર્મોથી હૃદય એવો જણાયો છે !

બધી તેથી હૃદય ચિંતા મટી પૂરી ગયેલી છે,
હવે સંભાળશે મુજને ધણી મારો હરિ જે છે !

મને જોતો રહેલો છે, તને લાગેલું મારું છે,
તને મારી પડેલી છે, તને મારું હૃદય હિત છે !

પૂરેપૂરો થઈ ખુલ્લો બધું મારું જણાવ્યું છે,
પ્રભુ તું એકલાને મેં જીવન સર્વસ્વ ધાર્યો છે !

હરિઃૐ

# પ્રભુ સાથે

અમારે તો પ્રભુ સાથે ગતકડાં નિત્ય કરવાં છે,
કંઈક તોફાન મચવીને તને કેવો ખીલવવો છે !

જુદા જુદા હૃદયભોગ, ચરણ તારે ધરી ધરીને,
તને દિલ ખુશ કરવાને, હૃદયમાં ઓરિયા શા છે !

'હૃદય મારા વિશે કોડ, અનેકે શા ખીલે છે તે,
થતા દિલ કોડ ચિંતવનથી' કદીક હસવું તને આવે !

સતત તારા જ ચિંતવનની રમત ચાલી રહેલી છે,
અને એમાં મને મોજ, અહાહા ! કેવી ઊછળે છે !

હરિઃૐ

# હરિને કાજ

જગે બે બોરની કિંમત, ન જેની કોઈ ગણતું'તું,
જગતબત્રીશીએ તેને ચઢાવી નૂર બક્ષ્યું છે !

અમારી કેટલી કિંમત, ન ગણના એની અમને છે,
અમારે તો હૃદય કિંમત, હરિની એકલાની છે !

જીવનમાં ગણતરી જો હો, હરિની એકલાની છે,
બધે જ્યાં ત્યાં હરિની શી નજર અમને ખૂંપેલી છે !

હરિને કાજ જીવન આ અમે મસ્તીથી ખર્ચ્યું છે,
બધા જીવનની કિંમત દઈ, જીવનને મેળવેલું છે !

હરિઃૐ

# હવે પરવા ધણીની

અમારે તો હવે પરવા ધણીની એકલાની છે,
ધણી વિના જીવનમાં તે બીજું સૂઝે કશું ના તે !

ધણી મરજીથી ચાલીને ધણીને શા રીઝવવા છે !
ધણીને શી રીઝવવાની અમારી તે કમાણી છે !

ધણી ખાતર અમારે તો, બધું કરવાનું જે તે છે,
ધણીના દિલતણું વહાલ, જીવનચેતન અમારું છે !

અમારા તે ધણી જેવો બીજા કોનો ધણી ના છે,
ધણીની સાનમાં વર્તી, હૃદય શો હર્ષ ફાલે છે !

હરિઃૐ

# હરિ નાવિક

જીવનની નાવડીકેરો, હવે મુજ તું જ નાવિક છે,
‘ઉતારી પાર લઈ જાશે’ કશી ચિંતા ન તેની છે !

હૃદય જાગેલ વિશ્વાસ પ્રભુ તુજ પરનો જીવનમાં,
મને શો કામ આવ્યો છે જીવનના દિવ્ય ઘડતરમાં !

પ્રભુ શો કૉલ આપે છે પડેલા તે શરણજનને,
બનાવી નિજનો તેને રમત કેવી રમાડે છે !

કરે છે પ્રેમ કેવો તું ! ભુલાયો ના ભુલાયે તે,
હૃદય એકવાર પેઠેલો, સતત દિલમાં રમી રહે છે !

હરિઃૐ

## જીવન સાચું અમારું છે

ચરણ વહાલા પ્રભુનાં તે, જીવન સાચું અમારું છે,
જીવનને તો હૃદયપ્રેમે પ્રભુચરણે મૂકેલું છે !

ચરણ વિના જીવન જીવવા ન બીજું કોઈ સ્થાનક છે,
ચરણમાં શા પડેલાંની પ્રભુ દરકાર રાખે છે !

અમારી ભાળ લેવાને પડ્યો બોલાવવો ના તે,
પ્રભુ તુજ કામ સંભાળી બરાબર કેવું રાખ્યું છે !

ન બોલાવ્યો તનેયે છે તને ના હાક પાડી છે,
તું તાબડતોબ હાજર થૈ, જરૂર પડતાં જ દોડે છે !

હરિઃૐ

# હરિ કાજે

ચરણની ભક્તિમાં કેવી જુવાની દિલની પ્રગટી છે !
જુવાનીમાં જુવાનીનાં શહૂર ખુમારી કેવાં છે !

ખરેખર શી જુવાનીની હૃદયમસ્તી ખીલેલી છે !
ખીલેલી મસ્તીની કેવી જીવન રોનક ઊછળતી છે !

જુવાનીનો ટપકતો શો ચરણભક્તિથી નીપજેલો-
જીવનરસ મદ ઝરંતો તે, પ્રભુને શો ખરો ખપનો !

જીવનનું સર્વ જે તેયે, પ્રભુ ઉપયોગ માટે છે,
જીવન અસ્તિત્વ સઘળુંએ અમારું તો હરિ કાજે !

હરિઃૐ

# કૃપા સામર્થ્ય

મને લ્યાનત હૃદય મુજ પર ખરેખર કેવી આવી છે !
વળી મૂર્ખામી મારી પર, શરમ કાળી વળેલી છે !

હતો તું કેટલો પાસે છતાં જાણી શક્યો ના તે,
મદદ કરવા પૂરો તત્પર છતાં ના હાક મારી છે !

સહોદર શો ! હૃદયમિત્ર, ન જેની જોડ મળશેયે,
હતું એવું સગું પાસે, છતાં તુજને ન જાણ્યો છે !

બધી ભૂતકાળની વાતો હવે મારી નકામી છે !
મને એથી કૃપા તારીતણું સામર્થ્ય લાધ્યું છે !

હરિ:ૐ

# પ્રભુસંગે

અમારે તો પ્રભુ સાથે, જીવન આખું વીતવવું છે,
પ્રભુ વિના બીજે ક્યાંયે, હૃદય ના ખેલવાનું છે !

પ્રભુને સાથ રાખીને, જીવન કેવું રળેલું છે !
ચરણ તેને ધરાવીને જીવન કેવું રસેલું છે !

પ્રભુ સાથે રમેલું છે, પ્રભુ સાથે ગળેલું છે,
પ્રભુસંગે વળેલું છે, પ્રભુને શું ગમેલું છે !

પ્રભુની પ્રેમસોબતમાં અમારે જીવવાનું છે,
પ્રભુ વિના જીવનમાં ના, કશો આનંદ ક્યાંયે છે !

હરિઃૐ

## જીવનગાથા દીપાવી છે

હૃદય જે જે કંઈ ધાર્યું, પ્રભુએ પાર પાડ્યું છે !
મહામુશ્કેલ સંકલ્પો પ્રભુએ શા ફળાવ્યા છે !

તણખલાની સમો હું તો, થઈ હુંથી શકે ના તે,
કરી તે તે બતાવીને, શી મારી લાજ રાખી છે !

હૃદય શો 'ઢ' પૂરેપૂરો, છતાં નવતરની સમજણને-
હૃદય ઉગાડીને કેવાં જીવનસર્જન કરાવ્યાં છે !

ન મુજથી આ લખાયે જે, કૃપાથી તેં લખાવ્યું છે,
લખાવીને શરણજનની, જીવનગાથા દીપાવી છે !

હરિઃૐ

# કમનસીબી

નજીકમાંયે નજીક શો છે ! છતાં જાણી ન શકીએ તે,
જીવનની કમનસીબી શી અમે શા આંધળા છીએ !

જીવનમાં બહુ રીતે અમને, પ્રભુ તું શીખવે શો તે !
છતાં ના ભાન તેનું છે, અમે બોથડ બધી રીતે !

પરમ ઉપકારી તું તો છે, અરે ! તેયે સમજીએ ના,
તું છે એવું ન જાણીએ, અમે શા બેવફા છીએ !

અમારુંયે બધું જે તે, સહી તું પ્રેમથી લે છે,
શું તેનીયે જરા અમને, હૃદય ના લાગણી કૈં છે ?

હરિ:ૐ

## રાજાનોય રાજા

ગુરુ ગરવો અમારો તે શું રાજાનોય રાજા છે !
શરણ એને ગયેલાની, બધી તે ભાળ શો લે છે !

નયનના એક લટકાથી, મહાપુરુષાર્થી, જ્ઞાનીને,
વળી શા ભક્તને મોટા, પમાડી મોહ દીધા છે !

લઈ તુજ જાળમાં કેવા બનાવી લટ્ટુ દીધા છે !
પછીથી તુજને ફાવ્યું જે, અમોને તેમ નચવ્યા છે !

'અમારું છો ગમે તેવું ભલે બનશે, છતાંયે તે
જરૂર કલ્યાણ કરનારું' અમોને શો ભરોસો તે !

હરિઃૐ

## શરણજન

શરણજનના જીવનમાં શી ભયંકર કારમી કથની !
ચૂરેચૂરા થવાકેરી, પિલાવાની, રિબાવાની !

જરી ના રાખજે બાકી, થતું તારું બધું કરજે,
પિલાઈ છો ભલે જઈએ, દયાની માગણી ના છે !


ચરણ તારે પડી રહીને, ભલે ભૂકો થઈ જઈએ,
અમારે તો તને તોયે, હૃદયથી ખુશ કરવો છે !

અમારું તો ગમે તેવું, ચરણ ઢળતાં ભલે બનશે,
છતાં જો રાજી તું બનશે, અમોને સૌ મુબારક તે !

હરિઃૐ

**ખંડ - ૯**

# પ્રીતમના પ્રેમની દુનિયા



પ્રીતમનાં અંગઉપાંગો, બીજે જ્યાં જ્યાં વસેલાં છે,
પ્રીતમને ત્યાં હૃદય દોડી, હૃદય ભેટી શું મહાલે છે !

હરિઃૐ

## ન પૂછશો

ન કોઈ પૂછશો અમને, મુસીબત કેવી પંથે છે !
મુસીબત આવતાં અમને હૃદયમાં તાન ઊગ્યું છે !

અદીઠ હોવા છતાં કેવાં ! હૃદયનાં ખેંચ આકર્ષણ,
ખરેખર ઘેલછા કેવી, ભભૂકે ખોળવા સગપણ !

ધણી ખાતર અમે કેવું ! જીવનને ખાક કીધું છે !
અને તે ખાક ચોળીને, જીવનમસ્તી વહોરી છે !

ધણીને ખુશ કરવાને, અમે શું શું કર્યું છે તે,
ભલા ! ઈતિહાસ એનો તે, હવે ગાવો નકામો છે !

હરિઃૐ

## પ્રેમના નાતે

ખરે આ જિંદગાનીની, કમાણી શ્રીહરિ તું છે !
મથ્યો છું શોધી શોધીને, ધણીને ખોળવા પ્રીતે !

ધણીને જાણતો નો'તો, છતાં સગપણ હૃદય બાંધ્યું,
હૃદયનાતે શું સગપણના, તને પોકારવા માંડ્યું !

હૃદય પોકારમાં આર્દ્ર, હૃદયનો આર્તતાભાવ,
પ્રગટવા માંડતાં કેવું થયું સગપણ રસીલું તે !

હૃદયની ગોઠડી બાંધી, હવે તો પ્રેમના નાતે,
હૃદય સંગાથ રાખીને, હવે છે જીવવું સાથે !

હરિઃૐ

## મળ્યું સગપણ

મળ્યું સગપણ ધણીનું જ્યાં, શી મસ્તી ખીલી ઊઠી છે !
હૃદય દરબારનો કેવો ઠઠેરો ઓર જામ્યો છે !

અમે માલિક અમારાનું, હૃદયમાં ભાન જાગ્યું છે,
ગયાં કિસ્મત બધાં ઊઘડી, બધે પોબાર લાગ્યા છે !

ધણીકેરા છડીદાર, ધણી નોબત વગાડીને,
છડી પોકારશું ધણીની, ધણીના આવવા ટાણે !

અમારે શિર ધણીકેરી, બધી સત્તા ઝઝૂમે છે,
અમારી તે પછી પ્રગટી, હૃદય બુલંદ શક્તિ તે !

હરિઃૐ

## જીવન સગપણ

હૃદયભાવે ચરણ તારે, જીવન સગપણ લગાવ્યું છે,
હૃદય તુજ પ્રેમ ચાખીને, જીવન છટકી ગયેલું છે !

કૂદી વાડા ગયું સઘળા, બધી વાડો શી તોડી છે !
ન મર્યાદા કશી રાખી, અનુપમ દેશ ભાળ્યો છે !

નિરાળા દેશ એવા કૈં, અનુભવમાં શું આવે છે !
ધણીની તે કળાલીલા, ખરેખર શી અગોચર છે !

હૃદય મહાલી અનુભવરસ, હૃદયથી ગૂઢ ચાખ્યો છે,
અનુભવ છે, છતાં તોયે, શું પરખાતાં ન પરખાયે !

ધણીની તે અકળ લીલા વિશે જીવન સમજવું છે,
સમજતાં દિલ અનુભવને અનુભવવો હૃદયમાં છે !

હરિઃૐ

## પ્રીતમને, કોડ જાગ્યા છે

ચરણધૂલી ચઢાવી શિર, ચરણધૂણી ધખાવી છે,
ચરણરજની ભભૂત તન પર, લગાવી ભેખ ધાર્યો છે !

હૃદય ઝોળી સ્તવન ચરણોતણાથી શી ભરેલી છે !
સ્મરણનો ચીપિયો ગ્રહીને, અહાલેક જગાવી છે !

પ્રભુના નામધારી મનતણી લંગોટ ધારી છે,
હૃદયમનનો પતી ઝઘડો, ચરણમાં બેઉ મળિયાં છે !

જૂના સૌ વેશ બાળીને, નવાં પરિધાન પહેર્યાં છે,
હૃદય સંતોષ દેવાને, પ્રીતમને, કોડ જાગ્યા છે !

હરિઃૐ

# સ્મરણકફની ચઢાવી

ઘડીકમાં શો છતો પાછો, ઘડીક અવ્યક્ત થાયે છે,
પ્રીતમ ભક્તિનું પારખું તે જુદાઈ ના જણાયે છે !

પ્રીતમ ભક્તિની દુનિયામાં પૂરા ગાયબ થયેલા છે,
હૃદય પરવા અમારે તો પ્રીતમની એકલાની છે !

પ્રીતમના પાદ ભાવાશ્રુ થકી અભિષેક કીધા છે,
નવાજીને ચરણ નિત્યે, હૃદય સંતોષ લીધો છે !

કરી મનેન્દ્રિયો ભસ્મ, ચરણ પર શી ચઢાવી છે !
સ્મરણકફની ચઢાવી દિલ, પુકાર્યાં બાંગ કીધી છે !

હરિઃૐ

# પ્રીતમનાં લટકાં

અમારો ચાહવાકેરો, કસબ દિલનો અજાયબ છે,
વરી ચૂક્યા છતાં કેવો, અમે ટંટો ઉપાડ્યો છે !

હૃદય, મન, ઇંદ્રિયો, કરણો, બધાં શાં રસથી ડૂલ્યાં છે,
હવે થૈ રસનશે મશગૂલ, અમે ફરિયાદ માંડી છે !

સમાયો ના સમાયે છે, ટૂંકું અમ સર્વ પડતું છે,
ભરી દઈએ રજેરજ સૌ, પડે તોયે અધૂરું તે !

અમારામાં પૂરેપૂરો, પ્રીતમ તું શો લપાયો છે !
છતાં લટકાં કરી બીજે, હૃદય અમને નચાવે છે !

પ્રીતમનાં અંગઉપાંગો, બીજે જ્યાં જ્યાં વસેલાં છે,
પ્રીતમને ત્યાં હૃદય દોડી, હૃદય ભેટી શું મહાલે છે !

હરિઃૐ

# પ્રેમની કથની

અમારા પ્રેમની કથની, અમારે કૈં ન કથવી છે,
છતાં બોલ્યા વિના અમથી રહેવાતું નથી હૃદયે !

નિરાશા કેટલી વાર ! કર્યા શા ધમપછાડા છે !
કદીક નજરે પડી પાછો છુપાઈ શો ગયો તું છે !

કદીક શો હાથમાં આવ્યો રમાડી શો રમાડ્યો છે. !
છુપાઈ શી નજર રાખી, હૃદય પસ્તાળ પાડી છે !

પ્રભુ તારાં ચલાવેલાં, બધાં નખરાં અમોને જે-
હૃદય છો સોંસરાં વાગ્યાં છતાં તોયે, મુબારક છે !

હરિ:ૐ

# પ્રભુના નામ પર

પ્રભુના નામની પર શો, બધો વ્યવહાર ચાલે છે !
બધી સગવડ અમારી તું, જરૂરી પૂરી પાડે છે !

પતિતનો તુજ સમો બીજો, ન કો ઉગારનારો છે,
ગરીબનો પક્ષ લેનારો, ખરેખર એકલો તું છે !

ચરણનો એકલો માત્ર, જીવન જેને સહારો છે,
નિરંતર દિલ ભજે તેની પૂરી સંભાળ શી લે છે !

બધે જેમાં અને તેમાં, અમારો આશરો તું છે,
સતત તુજને ટીકી ટીકી નજર માંડેલી તુજ પર છે !

હરિઃૐ

## જીવનઆધાર

જીવનની આશ તુજ પર છે, જીવન તુજ પર નભેલું છે,
જીવન તારાથી ચાલે છે, જીવન આધાર પણ તું છે !

જીવનનો સ્વામી તું અમ છે, જીવનનાવિક અમારો છે,
જીવન સંભાળનારો છે, જીવનદાતાય તું અમ છે !

જીવનશક્તિ અમારી જે ચરણથી નીકળેલી છે-
ફરી ફરી તે બધે જ્યાં ત્યાં ચરણ પાછી સમાઈ છે !

જીવન અંદર પ્રભુ તું છે, જીવનની બહાર પણ તું છે,
જીવન જે જે બધું તું છે, જીવનમાં તું જ વિલસે છે !

હરિઃૐ

## સમર્પણ

જીવનનાં માન અપમાન, ચરણ ઓવારી નાખ્યાં છે,
મળે જે જે જીવનમાં તે, પ્રભુ તારી પ્રસાદી છે !

અમારા એક જીવનનો, પ્રભુ તું શ્રેષ્ઠ માલિક છે,
ગમે જે રીત તું તેવો, ભલે ઉપયોગ અમ કરજે !

અમારી ના હવે કોઈ બીજી મરજી રહેલી છે,
બધી મરજી પ્રભુ તારાં ચરણમાં તે મૂકેલી છે !

ઈશારે માત્ર પ્રભુ તારે, અમારે ચાલવાનું છે,
હવે કૈં યત્ન કરવાના, અમારે ના બીજા રહે છે !

હરિઃૐ

## રડાવે ને હસાવે છે

જીવનમાં ભાવ ઠાલવવાતણું સાધન ચરણમાં છે,
થયું, થતું ને થવાનું સૌ, ચરણમાં તે નિવેદ્યું છે !

હવે અંતર ન તુજથી છે, રમત તુજ સાથ માંડી છે,
ઘડીક કેવું રડાવે છે, ઘડીક પાછો હસાવે છે !

સમૂળગો સાવ અંધાપો, નયનપટ વાળી શો દે છે !
પ્રભુ ત્યાંયે અમીદૃષ્ટિ નીગળતી તારી નીરખી છે.

અમારે તો હવે જે તે, કૃપા તુજથી ભરેલું છે,
ન સારું કે નઠારું છે, બધે તુજ પ્રેમદૃષ્ટિ છે !

હરિઃૐ

## પ્રેમસાગર

કૃપાના પ્રેમસાગરને, ન મર્યાદા કશેયે છે,
બધે જ્યાં ત્યાં જ પ્રસરેલો, પૂરો રસથી છલોછલ છે !

પ્રવાહે જે પડે એના, પતિત કે પુણ્યશાળી જે,
કરી નિજના લઈ તે તે, હૃદય નિજને સમાવે છે !

હૃદય નિજનો ગણી જેને, શિરે નિજ હાથ મૂકે છે,
બધો આધાર જીવનનો, પ્રભુ તું શો બની રહે છે !

સ્મરણમાં ને સ્તવનમાં શું હૃદય લાગી પડેલું છે !
હવે તો શી ખૂબી તારી સ્ફુર્યાં જ્યાં ત્યાં કરે છે તે !

હરિ:ૐ

# પ્રભુરૂપનું જાદુ

સતત તુજને નીરખવાની, હૃદયમાં લત પડેલી છે,
નયન એકીટશે કેવાં ચરણ મંડાયેલાં રહે છે !

હવે તારા વિના બીજું નીરખવાનું ન સૂઝે છે,
હૃદય, મતિ, પ્રાણ, મન, ચિત્ત ને અહં ચરણે મળેલાં છે !

પ્રભુ તુજ અંગ અંગોમાં, નયન મધુરું શું નીરખે છે !
નીરખી નીરખી પળેપળ શું હૃદયમન ચોંટી ત્યાં રહે છે !

ફરી ફરી વારવારેયે, નયન શાં એકઠામે તે-
પૂરેપૂરાં વળેલાં રહે, થયું તે જાદુ એવું છે !

હરિઃૐ

## પ્યાર કરવાને

જીવનમાં પ્યાર કરવાને રસીલું કોઈ સાધન જે,
ચરણ તારાં, ચરણ તારાં, કૃપાથી શાં જડેલાં છે !

નજર, મન, દિલ ને પ્રાણ ચરણમાં શાં વળેલાં છે !
સતત નીરખ્યા કરીને તે, રસાનંદ દિલ મહાલે છે !

સદાયે એકનું એક, નીરખવાનું રહે છે તે,
છતાંયે શો ભર્યો સ્વાદ ! કદી પાછું હઠે ના તે !

વળી વળીને ફરી પાછું, ત્યહીં ને ત્યહીં શું બેસે છે !
મળે આનંદ, તોયે તે હૃદય ના હાશ વળેલી છે !

હરિઃૐ

# રસીલા પ્રેમીની સાથે

નજીક બોલાવીને હાવાં, ગતકડાં શાં કરે મુજને,
અહાહા ! પ્રેમ એવા પર જઉં છું વારી વારીને !

કદીક પાસે, કદીક આઘે, કદીક સંતાઈ જાયે છે,
કદીક દીઠો ન દેખાયે, છતાં પાસે હૃદયમાં છે !

હવે ના ખોળવો પડતો ભલે ઘૂમ્યા કરે તોયે-
ન એને પાસ આવ્યા વિણ, હૃદયથી છૂટકો ક્યાં છે ?

અમારો ભેદ ભાંગ્યો છે, બધી ગ્રંથિ તૂટી ગઈ છે,
રસીલા પ્રેમીની સાથે પ્રીતિસંબંધ લાગ્યો છે !

હરિઃૐ

## હૃદય વ્યવહાર

અમારો ને ધણીકેરો, હૃદય વ્યવહાર ન્યારો છે !
અમે બંને સમજીએ તે, ન એની કોઈને ગમ છે !

જરૂર જ્યાં જ્યાં પડે જે જે, ધણી સંભાળ રાખે છે,
બધી સગવડ પૂરી પાડે, ધણી એવો અમારો છે !

અમે લાયક નથી એને, છતાં અમનેય પોતાના-
કરી હૃદયે લીધા કેવા ! ધણી શો પ્રેમી એવો છે !

અમોને સોડમાં લઈને કરે છે હેત કેવું તે !
અમારુંયે હૃદય ત્યારે ઉમળકે કેવું નાચે છે !

હરિઃૐ

## પ્રેમની દુનિયા

ધણીના પ્રેમની દુનિયાતણી રંગત રસીલી છે,
ધણી દરબારમાં કેવા જીવનના રંગ જામે છે !

હૃદય ભેળો ધણી પોતે, છતાંયે દૂર ભાગીને,
નયનના મસ્ત ઈશારે, કંઈક નચવે શરણજનને !

હૃદયમાં પેસીને કેવી રમાડે છે રમત અમને !
હૃદયથી ગેલમાં આવી અચાનક દિલ ભેટે છે !

ધણીની સાથ હોવાનું, મળ્યું સદ્‌ભાગ્ય કેવું તે !
જીવન લાખો ધણી ચરણે, સમર્પી દઉં ઉમળકે તે !

હરિઃૐ

## ન સરખી જોડ ક્યાંયે છે

ધણી ધીંગો અમારો તે, ન તોલે કોઈની આવે,
અદીઠો ને અનોખો શો ! ન સરખી જોડ ક્યાંયે છે !

ધણી મહોબતથી મરજીવા હૃદય પૂરેપૂરા કેવા !
ધણી સામું જ નીરખીને, અમારું જીવવાનું હા !

ધણીની રાજીથી રાજી, ધણીની મરજી તે મરજી-
ધણીઆજ્ઞા 'જીવનની શી હૃદય ન્યોછાવરી પૂરી !'

ધણીના સૂક્ષ્મ ઈશારે, અમે ચાલ્યા છીએ પંથે,
ધણીપદ કેટલી વાર અમે શિરને વધેર્યું છે !

હરિઃૐ

# લટકું

અમારું ઈશ્કનું હૈયું, ધરેલું પાદ દિલબરને,
અવરને તે હવે દેવા, કશી તાકાત ના દિલ છે !

થતાં રાજી હૃદય દિલબર, જીવનનાં સર્વ લટકાંને-
કળાથી મસ્ત આચરવા, હૃદય તત્પર ઉમળકાયે !

અમારાં સર્વ લટકાંયે ખરેખર શૂન્ય તૃણવત્ છે !
ધણીના એક લટકાની કશું તોલે ન આવે છે !

નીરખવાથી ધણીલટકું, જીવન ચસકી ગયેલું છે !
ધણીલટકાથી તો કેવું જીવન બહેકી ગયેલું છે !

હરિઃૐ

## પ્રેમ-મહોબતમાં

અમારે હાથ જીવન ના, ધણી હાથે જીવન તો છે,
ધણી મરજી પ્રમાણેનું, અમારું સર્વ જીવન છે !

અમારું ચાલવું હાવાં, ધણી હાથે રહેલું છે,
કશો હુકમ અમારો ના, હુકમ ધણીનો અમારે છે !

હુકમ ઉઠાવવા કેવું ઉછાળા મારતું દિલ છે,
હુકમ મળતાં અમારું નૂર, અનેરું દિલ ઝળકે છે !

ધણીની પ્રેમ-મહોબતમાં, અમારે મસ્ત જીવવું છે,
જીવનના વર્તને એવા ધણીને ખુશ કરવો છે !

ધણીની તે અકળ લીલા વિશે જીવન સમજવું છે,
સમજતાં દિલ, અનુભવીને અનુભવવો હૃદયમાં છે !

હરિઃૐ

# સ્વરૂપ વહાલા રસીલાનું

જીવનરસ વ્યાપ્ત હરિનો છે, હૃદયરસ કેંદ્રમાંનો છે,
ઉભય રસ શા જુદા તોયે ખરેખર એકના તે છે !

હરિ ભેળો સમાયેલો પૂરેપૂરો હૃદયમાં છે,
છતાં એને જુદો જોતાં, ઉછાળો પ્રેમ મારે છે !

રમી અંતર રહ્યો જે છે, ખૂબી ન્યારી હરિની તે !
બહિર્ હરિની કળાલીલા નીરખવા શી લગન દિલ છે !

સ્વરૂપ વહાલા રસીલાનું, ટીકી ટીકી નયન માંડી,
સતત નીરખ્યા જ કરવાનો, હૃદયને શોખ લાગ્યો છે !

હરિઃૐ

# પ્રેમની મસ્તી

ધણીના પ્રેમની મસ્તીતણી દુનિયા અમારી છે,
અમારું સર્વ જીવન તે, અમારો શો અનુભવ તે !

ઊગી હૃદયે, હૃદય ફાલ્યો ફૂલ્યો, જીવન વિશે-
લીલાંકુરો વળી જ્યાં ત્યાં બધે પ્રસરેલ કેવાં છે !

ધણીના એક ઈશારે, જીવન કુરબાન કીધું છે,
જીવન જીવવાતણી ચાવી, ધણીએ આપ બક્ષી છે !

જીવનના કાયદા નોખા અમારા એકલાના છે,
ભલે નોખા પૂરા તોયે, ભળેલા શા અમે છીએ !

હરિઃૐ

# નેમ લીધો છે

હજારો વાર ચરણોને નીરખવાનો, નીરખવાને-
નયન ઉભયે મળી કેવો હૃદયથી નેમ લીધો છે !

સતત નીરખ્યા કરે તોયે હૃદય ધરપત થઈ ના છે,
ચરણ વળગેલ હૃદયે છે, છતાં ઝઘડો નયનને છે !

નયન દિલ યુદ્ધ જામ્યું છે, ચરણ માલિકી કોની છે ?
ચરણભક્તિ થતાં હૃદયે, નયન ઝઘડો શમેલો છે !

નયનમાં શી ચરણકેરી, સરસ સુરખી લગાવી છે,
હૃદયને ભાવી તે દિલ છે, પરસ્પર પદ રમાડે છે !

હરિઃૐ

# નાટારંગ

ચરણ તારાં પરે મારે, હૃદયથી મીટ માંડીને-
હવે તો જીવવાનું છે, ચરણરસ ચાખી ચાખીને !

હતો ના પાસ જ્યાં સુધી અજબ આકર્ષણે ખેંચી,
મતિ, મન, પ્રાણ, દિલ, ચિત્ત ને, અહંને શાં પલાળ્યાં છે !

સૂરત દિલના અનુભવથી જીવનમાં કેવી ઊઠી છે !
શું નાટારંગ તુજ ખેલ, હૃદય અદ્ભુત નીરખ્યા છે !

હવે તો તે લીલા તારી, નીરખવામાં જ દિલ મગ્ન-
પળે પળ કેવું મશગૂલ છે ! કૃપા તારી શી મુજ પર છે !

હરિઃૐ

## હૃદય વહાલો

અમારે તો ચરણ તારાં, સકળ દુનિયાની મિલકત છે,
લગાવી દાવ તુજ સાથે, જીવન મેં હોડ મૂક્યું છે !

શું પરવા હાર કે જીતની હવે મુજને રહી ના છે,
ભલે હારીશું તોયે શો હૃદયમાં તું ભરાયો છે !

અમારે તારી સંગાથે, જીવનની હોળી રમવી છે,
તને પડકાર દેવાને શું ઘેરૈયો બન્યું દિલ છે !

કદીક હારીશ તોયે તું હવે ક્યાં દૂર જવાનો છે ?
જઈશ ક્યાં ભાગી ભાગીને ! હૃદય વહાલો અમારો છે !

હરિઃૐ

# હૃદયની ઇશ્ક દુનિયા

ચરણને ચાહવું એવી, હૃદયની ઇશ્ક દુનિયા છે,
નિરંતર ઇશ્કમાં મશગૂલ, મદિરા પી રહેવું છે !

ન જાણ્યો'તો હૃદયમહિમા ચરણ તારાંતણો તે જે-
ચખાડી ઇશ્ક મદિરા તેં, મને ગુલતાન કીધો છે !

ન સૂધબૂધ તો કશી રહી છે, કશુંક અમ પર કરેલું છે,
તને જોયા જ કરવાનું તડપતું દિલ સતત રહે છે !

હૃદયમાં તારી સંગાથે, હૃદયથી ગોઠડી કરીને,
નયન તુજ સાથ માંડીને, નિરંતર ખેલ રમવો છે !

હરિઃૐ

# મદોન્મત્ત વહાલ

તને દિલથી લળી લળીને, હૃદયમાં તે મળી મળીને,
ઉમળકાના ઉછાળાથી, હૃદય ભેટી જ પડવું છે !

મળંતાં શો હૃદયરસ તુજ, જીવનમસ્તી ચઢેલી છે,
હવે તારા વિના બીજું, અમારે દિલ ન સૂઝે છે !

સ્મરણ હૃદયે ફૂટેલું છે, જલન દિલ તારી લાગી છે,
નિરંતર શો નીરખવાનો, હૃદયમાં શોખ મહાલ્યો છે !

હૃદયથી ભેટી ભેટીને, મદોન્મત્ત વહાલ કરી હૃદયે,
વળી વળી બાઝી ચરણોનું, હૃદયથી સુખ મહાલ્યું છે !

હરિઃૐ

# હવે તે હાથ લાગ્યો છે

અમારે તો તમારામાં, મળી સંપૂર્ણ ઠરવું છે,
ચહી ચહીને હૃદય ભળવાતણો શો માર્ગ લાધ્યો છે !

હવે તો શા હૃદય નિશ્ચિંત, કશી ફિકર રહી ના છે,
તને મળવાતણો માર્ગ હૃદયમાં સ્પષ્ટ લાગ્યો છે !

જીવનઆનંદ તે પળથી, ખરેખર કેટલો દિલ છે !
હૃદય તારા પરે કેવું ચહી ચહીને ઉમળકે છે !

ચાહવાનો હૃદયભસકો સમર્પણની કળાથી તે,
કૃપાથી શોધતાં અમને, હવે તે હાથ લાગ્યો છે !

હરિઃૐ

## બસ ચાહવું

હૃદયથી ચાહવું જો છે, પછી બાકી શી લપ હજીયે !
હવે તો આંખ મીંચીને, નિરાંતે પોઢી રહેવું છે !

નયન ચરણે લગાડીને, ચરણને ચાંપીને હૃદયે,
ચરણથી ગેલ કરી કરીને, ચરણ હોમાઈ જીવવું છે !

હૃદયના પ્રેમકેરી તે, વફાદારી અતૂટ શી છે !
હૃદય બસ ચાહવું તેના વિના કર્તવ્ય કૈં ના છે !

હૃદયના ચાહવામાંથી, ખુમારી મસ્તી ઝળકે છે,
ખમીર, દૈવત તે દોલતની, કશું તોલે ન આવે છે !

હરિઃૐ

## પ્રેમે

પ્રભુ તુજ પાસ આવીને, હવે બીજું શું કરવું છે ?
સતત હૃદયે, તને પ્રેમે ટગર નયને નીરખવું છે !

હૃદય નીરખી નીરખી તુજને, હૃદય ભરપૂર ભરેલો છે,
ભરીને દિલ બહેલાવી, તને મારે નચવવો છે !

પ્રભુ તુજ મોરલીતાને, બહુ નાચ્યા કર્યું છે મેં !
હવે વારો પ્રભુ મારો નચવવા આવિયો તુજને !

ભૂલ્યો નાદાનીમાં ધર્મ હૃદય તુજ પ્રેમનો કે શું ?
શું દેવા પ્રેમીને તકલીફ, ભૂંડો વિચાર આવ્યો શેં ?

હરિઃૐ

## વફાદારીતણો ધર્મ

હજી ઓ મૂર્ખ મન શાને, લવારો તું કરે ફોકટ ?
હૃદયથી ચાહવાકેરી, બધી તુજ વાત શું વ્યર્થ ?

તું જેને ચાહતો દિલમાં, શું વારી ના ગયો દિલ છે ?
હજી શાને અજંપો છે ? ફરી તું દિલ તપાસી લે !

તને બોલાવિયો નહોતો, જીવન ન્યોછાવરી કરવા !
હવે આવી પડ્યો છે તો વફાદારી બજાવી જા !

વફાદારીતણો ધર્મ, હૃદયથી એકલા જાતે-
પ્રણય મસ્તીથી આચરતાં, હૃદય યૌવન ફૂટેલું છે !

હરિઃૐ

## ચાહતાં ચાહતાં

હૃદય ચાહતાં હૃદય ચાહતાં, ચરણ પર વહાલ છૂટ્યું છે,
હવે તો માત્ર ચાહવામાં હૃદય આનંદ વ્યાપ્યો છે !

હવે ચાહે કે ન ચાહે, કશી પરવા ન તેની છે,
હૃદયથી ચાહવામાં તો મઝા અમને પડેલી છે !

અમારા સર્વ જીવનની બધી કુરબાની, મહોબત છે !
સતત તુજને ચાહ્યા કરવું અમારું તે જ જીવન છે !

ચાહવાનો હૃદય ઊંડો, અનુભવ સ્વાદ લીધો છે,
હવે તો બસ વિના ચાહ્યા, ઘડીએ પળ ન ચાલે છે !

હરિઃૐ

## જનમ લાખો ભલે વીતે !

અમારી બદસૂરત કેવી ! ન કોઈ પાસ ચઢવા દે,
થૂંકે કોઈક તો અમ પર, અમો પર એવી નફરત છે !

હૃદય જાણ્યું 'ચરણ ઢળવા જરૂર ના પાત્રતાની છે !'
શરમ તોયે, છતાં મુજને ચરણ સરતાં જ આવે છે !

હૃદય નિર્લજ થઈ પૂરો, ચરણમાં ઝંપલાવ્યું છે,
કરી સેવા ચરણકેરી, થવાને માત્ર સૂઝ્યું છે !

ચહાયે કે ન ચહાયે તું, તને ચાહવો અમારે છે,
જનમ લાખો ભલે વીતે, તને ચાહ્યા જ કરવો છે !

હરિઃૐ

## જીવન આખુંય ચાહવું છે

કદીક જો આડુંઅવળુંયે, ભૂલેચૂકે બકી મરીએ,
તિરસ્કારી હૃદય અમને ન ભાગી જઈશ તું દૂરે !

અમારાથી ન સહેવાશે હૃદયની તુજ જુદાઈ તે,
રિબાવીને, રિબાવી તે તને જીવતો જ રાખ્યો છે !

રિબામણની સતામણથી, હૃદય ચિંતવન થયું તુજ તે,
મનન ચિંતવન થયાથી તે, હૃદય સોબત થઈ તુજ છે !

થવું રાજી, ન રાજી તે, પ્રભુ તે તારી મરજી છે,
અમારે તો પડી ચરણે, જીવન આખુંય ચાહવું છે !

હરિ:ૐ

# ભલે ખુવાર થઈ જઈએ

અમારું કંઈ જરાકેયે તને કાં ના ગમે છે તે !
પડેલા પાછળે તારી, અમારો છૂટકો ના છે !

અમારા સર્વ જીવનની કળા કુનેહ જે જે છે,
હૃદય તુજને રીઝવવાને, બધી તે હોડ મૂકી છે !

અમારો ધર્મ તુજ પ્રત્યે સમજમાં જે ઊગેલો છે,
હૃદય આચરશું આચરશું ભલે ખુવાર થઈ જઈએ !

અમારે તો હવે પરવા, જીવનમાં એકલી બસ છે-
ચરણ તારે પડી રહીને સતત સેવા બજવવી છે !

હરિઃૐ

## જીવનસૌંદર્ય પ્રગટાવી

તને લાયક નથી દિલથી, તને ગમતું ન અમ કૈં છે,
અમારું સર્વ કદરૂપું છતાં તુજને ચાહવો છે !

અમારું મુખડું જોતાં નયન આડાં થઈ જાયે,
અઢારે અંગ વાંકાં છે, છતાં આવ્યો રીઝવવાને !

ગમે કે ના ગમે તુજને, ન અમને એની પરવા છે,
અમે પાછળ પડેલાની, વ્યથાની મોજ ન્યારી છે !

શરીરસૌંદર્ય છો ના છે, જીવનસૌંદર્ય પ્રગટાવી-
ચઢાવીને ચરણ તુજ તે-અમારો શો બનવવો છે !

હરિઃૐ

# પ્રીતમ પર ચીડ

હૃદયમાં તીવ્ર શી ચીડ, પ્રભુ તુજ પર ચઢેલી છે !
છતાં તકરાર કરવાને, ન મારું દિલ ચાલે છે !

અમે આવ્યા ચહી ચહીને, ચરણ તારે વળી વળીને,
તને ચાહવો હૃદય ભરી તે, પછી ફરિયાદ શેની છે ?

ન અમને હાક દીધી છે, ન અમને તેડું આપ્યું છે,
અમારી મેળ આવેલા, પછી ફરિયાદ કેવી તે ?

નયન ઈશારથી કેવા હૃદય લલચાવી ખેંચ્યા છે !
ખરે ! તોફાન તારું તે, બધી તુજ ચાલબાજી છે !

હરિ:ૐ

# મુસીબત પણ વહાલી

ઘવાયેલું હ્રદય પાછળ સતત તારી પડેલું છે,
નજર ના એકયે ફેંકે, કરામત કારમી તુજ છે !

કરુણા છે, દયાયે છે, વળી મુજ પર રહમયે છે,
છતાં દરકાર કે પરવાતણી તુજને પડી ના છે !

હ્રદય છો શારી શારીને, ભલે કાણાં તું પાડી દે,
ભલે રિબાવીને મારે, અમોને સર્વ મંજૂર છે !

હ્રદયના પ્રેમની કેવી ભયંકર તે મુસીબત છે !
મુસીબત કારમી તોયે, હ્રદયથી વહાલી લાગી છે !

હરિઃૐ

# હૃદયનો પ્યાર

હૃદયના પ્યારનું જીવન સમજવા દિલ ન ક્યાંયે છે,
કદર કરનાર એવું તો, પ્રભુ તુજ એકલું દિલ છે !

તને તો સંભળાવીને, પ્રભુ તુજ કાન ફોડ્યા છે,
ન તોયે ધ્યાન આપ્યું છે, રુદન ખાલી નકામું છે !

હૃદયમાં એમ લાગે છે 'અમારી ના પડી તુજને'
છતાંયે છોડી દેવાની, તને હિંમત ન દિલમાં છે !

હૃદયથી ચાહી ચાહીને, જલન જે દિલ પ્રગટી છે,
જલનની ઈશ્ક ખુમારી જગતજન કૈં ન જાણે છે !

હરિઃૐ

## તડપન કોણ જાણે ?

હૃદયથી ઊછળી ઊછળી, અમારે પ્રેમ કરવો છે,
હૃદય તુજ સાથ મહોબતની, જીવનની મોજ કાતિલ છે !

તલસતા દિલથી ચાહવાતણી મસ્તી મઝા શી તે !
ચરણભક્તિથી ઘાયલ દિલ થયું જે હોય જાણે છે !

ચરણના પ્યારથી કેવી હૃદય બેહાલી ભેટી છે !
પળેપળ ઝંખના ઉત્કટ શી સાલી તુજ રહેલી છે !

ચરણના પ્રીતના બાણે હૃદય ઘાયલ થયેલું છે,
તડપતા દિલની કહાની ભયંકર કોણ જાણે છે ?

હરિઃૐ

# રીઝવવાની રીત

હૃદયના પ્રેમના નાતે ઈજન તે પાઠવેલું છે,
હૃદય તેડાવીને હૃદયે તને પધરાવવાનો છે !

અનેકાનેક ભોજનથી હૃદયરસથી રીઝવવો છે !
તને રીઝવી અમારે બસ, હૃદયથી રાજી બનવું છે !

હૃદયનો સાહ્યબો કેવો અમારા પર રિસાયે છે !
રીઝવવા દિલ આતુર થૈ હૃદય ઉન્માદ સેવે છે !

સ્મરણ વહાલું અતિશય છે, સ્મરણ દિલથી ન તૂટે છે,
સ્મરણથી સુખ પ્રીતમનું લીધું છે તોય ખટકે છે !

હરિઃૐ

## જીવનપ્રવેશ સાધન

જીવન પ્રવેશવા કાજે અમારે કામ ક્રોધાદિક-
નિમિત્તની તે ભૂમિકામાં ખરેખર યોગ્ય શાં સાધન !

નિમિત્તે જે મળે તેમાં પૂરા તદ્રૂપ શા થઈએ !
પૂરા તેવા રસે ડૂલીએ છતાં નોખા અમે છીએ !

અનેકે સાથ સંબંધ અમારે શો હૃદયથી છે !
'અમે બંધાયેલા' એવું ન અનુભવ્યું કોઈએ તે છે !

અમારે સાથ કોઈનો કદી ના તોડવાનો છે,
બધાં સાથે જીવનરસથી અમારે જીવવાનું છે !


કંઈકને ઈશ્વરીભાવતણો અનુભવ થયો અમમાં,
જીવન શું માનવાતીત જીવે પ્રત્યક્ષ હાલતમાં !

અમે માલિક, અમારે વશ નિમિત્તે પ્રકૃતિનું તે,
નિમિત્ત ધારણા રીતે અમે જે તે જ વાપરીએ !

હરિઃૐ

# ખંડ - ૧૦

# બધી દુનિયા અમારી છે



અમે જીવવાનું જે રીતે કર્યું છે આ જગત વિશે,
બધું જાહેર જગ તે છે, છતાં ગૂઢ શા રહ્યા છીએ !

હરિઃૐ

# બધી ખટપટ મૂકી દઈને

અમે જીવવાનું જે રીતે કર્યું છે આ જગત વિશે,
બધું જાહેર જગ તે છે, છતાં ગૂઢ શા રહ્યા છીએ !

હતા કરતા બધા સાધન, ન જાણ્યું કોઈએ તે તે !
અમે મહાલ્યા અમારામાં, બીજા સૌ તેમની રીતે !

અનોખું કેવું નવતર તે, જીવન આ જીવ જીવતો' તો,
શું કોઈને સમજવાને હૃદય વિકસેલ નહોતું તે ?

ન કોઈને સમજશે કો' અવરને તો સમજવાની-
બધી ખટપટ મૂકી દઈને, સમજી લ્યો एक પોતાને !

હરિઃૐ

## હૃદય બક્ષિસ

નીચું જોવાપણું કેવું, જીવનનું સર્વ ચરણે તે,
અમે તે ધોઈ નાખીને, ઊભા સામે ધરી દિલને !

હવે કિલ્મિષ હૃદય કેવું ! ચરણભક્તિ હૃદય બસ છે ,
જીવનમાં શી કૃપા કરી તે હૃદય બક્ષિસ મળેલી છે !

થયા ઉસ્તાદ જીવનના, જુદું જુદું જીવનનું તે,
શીખી શીખી વધી આગળ, ચરણમાં અંત આણ્યો છે !

ચરણ વહાલા પ્રભુકેરાં, ગુરુનાયે ગુરુ તે છે,
ચરણની તે પ્રસાદીથી જીવન પામ્યા અમે છીએ !

હરિઃૐ

## એ જ ધંધો !

પ્રભુ ભજવો, હૃદય ભજવો હવે બસ એ જ ધંધો છે,
પ્રવેશાવી હૃદય તુજમાં, અનુભવવું હવે દિલ છે !

પૂરાં અમનચમન દિલથી, કીધો આનંદ અતિરેકે,
અનુભવતાં, અનુભવતાં ભૂમિકા એકથી એકે !

ગયા ખોડાઈ શા વચ્ચે છટકબારી ન ક્યાંયે છે !
પ્રયત્નો કૈંક કરતા શા ગયા ખૂંપી વિશેષે તે !

પરંતુ લાગી લગનીની હૃદયમસ્તીની દિલચસ્પી,
ઊંચે તે ક્યાંય ઊડવાને જીવનને શું ચગાવે છે !

જીવનસૌંદર્યના દેશે નવા શાં દૃશ્ય પ્રગટે છે !
અનેકે એકથી એકે રસે તે ઉચ્ચતમ શાં છે !

હરિઃૐ

# પ્રભુને પંથ

હૃદય અમને ખરેખર શો, પ્રભુ જ્યાં તું મળેલો છે,
ગમે તેવી સ્થિતિમાં શાં કૂંડાં રસનાં ભરેલાં છે !

અરે ! પણ રસની વાતો કાં કરે છે ? યાદ ના તુજને-
કપાવી કેટલી વાર પ્રભુને પંથ ગરદન તે !

કપાવી છે, કપાવી છે, અમે ગરદન કપાવી છે,
થઈને રાજીખુશીથી અમે સઘળું સમર્પ્યું છે !

થશે શું કેવું કેવુંયે ! ગણતરી સૌ કરેલી છે,
ફનાને પંથ ચઢેલાની ગતાગમ શી અવરને છે !

હરિઃૐ

## ફનાને પંથ

ફનાને પંથ મુસીબતની, ન કૈં ફરિયાદ કરવી છે,
અમે તે કેટલી વાર સ્વીકારીને સહેલી છે !

સહેવામાં હૃદયપ્રેમે અમે શું મેળવ્યું છે તે,
સહેવું તો અમારે દિલ નજર તીરછી જિગરની છે !

કરી નાખે ભલે ટુકડા અમારા રાજી તેમાંયે,
જિગરને ખુશ કરવાનાં, હૃદય શાં સ્વપ્ન સેવ્યાં છે !

અમારાથી ખુશી પામે, જિગર આનંદ જે રીતે,
અમારે તે રીતે જીવવામહીં આનંદ ન્યારો છે !

હરિઃૐ

## હૃદયમાં એક

કરી હેરાન દિલ અમને હૃદય શો ત્રાસ આપ્યો છે,
હૃદય રંજાડવામાં શો જિગર આનંદ પામે છે !

જિગરનાથી થતો ત્રાસ, હૃદય ના ત્રાસ લાગ્યો છે,
નવીન સર્જન થવાકેરી ભૂમિકા તેથી પાકે છે !

અમારી ના દયા ખાધી જિગરની મહેરબાની તે,
વટવવાનું કશું ના છે, અમારે તો જીવન પાસે !

અમે ને એ જિગર અમ શા પરસ્પર દિલ સમજીને,
પરસ્પરથી પરસ્પરમાં, હૃદયમાં એક રહીશું તે !

હરિઃૐ

# જીવનની મૂડી

અમારે શો તમારી પર, જીવન આધાર સઘળો છે,
બધું રખડી જ રવડીને, ચરણ તારે ઢળેલો છે !

નજીક સરતાં, નજીક સરતાં ઊઠ્યો છે વસવસો દિલ શો !
સરકવાનું છતાં પાસે સતત રાખ્યા કર્યું મેં તો !

પ્રભુ ત્યાં તો કરી પહોળા ઉભય કર તેં હૃદય મુજને,
શું આકર્ષણ કરી કેવો, ચરણની પાસ ખેંચ્યો છે !

હવે તારાં ચરણ એ તો ગરીબ જીવનની મૂડી છે,
ચરણ શા સેવી સેવીને, લીધા કરવાનું જે તે છે !

હરિઃૐ

# પ્રભુની કૃપા

અમારે શી કડાકૂટ તે હવે કરવાતણી ક્યાં છે ?
અમે જ્યાં જ્યાં જઈએ ત્યાં ત્યાં બધે તું સાથ કેવો છે !

ગબડતાંયે, લથડતાંયે ઝડપ દઈ હાથ દઈ દે છે,
કદી પડવા ન તું દે છે, અમારો નાથ એવો છે !

અમે અનુભવથી નીરખ્યું છે, ધણી ગર્જત માથે છે,
વળી સંભાળ લેતો તે કમીના કૈં ન રાખે છે !

અમે નાના શિશુ જેમ કદીક ખરડાઈએ કેવા !
કદીક વહાલે, કદીક ગુસ્સે થઈ તું સાફ કરી દે છે !

હરિ:ૐ

# રસીલી રીત

હૃદય ખાલી વળી ખાલી, ભરેલું છેક ભરચક તે,
ઉભયનો સાથ અનુભવ તે, જુદી શી ભાત પાડે છે !

રસીલી રીત ને ચાલ જુદી અદ્‌ભુત તારી છે,
મળ્યું છે હાર્દ તારું જો, પછી એને ફિકર શી છે !

પછી ઉદ્ધાર કરવાની બધી તે વાત ફોકટ છે !
હવે તો ઊંચકી મુજને બધે ફરવાનું તારે છે !

કશું વીંઢારવાનું તે હવે મારે રહ્યું ના છે,
પ્રભુ મારું જ તારે તો બધું ઉપાડવાનું છે !

હરિઃૐ

# ચૂકવણી

પ્રભુની દિલ મહોબતને ખરીદીને લીધેલી છે,
હૃદય કિંમત શી ચૂકવી છે ! છતાં ચૂકવાતી ના તે છે !

હતું તે તે દઈ દેતાં, બધુંએ આપતાં તે તે,
હજી પણ તારી તે પૂરી ન કિંમત ચૂકવાયે છે !

હૃદયમાં ચૂકવી દીધાતણું ગૌરવ થયેલું જે,
હવામાં ક્યાંય શું ઊડી ગયેલું છે, ગયેલું છે !

હૃદય મહોબતતણા રસના શું બિંદુ એકનું મૂલ્ય,
સકળ બ્રહ્માંડ તે સામે દઈ દેતાં ન પૂરતું છે !

હરિઃૐ

# પ્રભુનું વહાલ

હવે ના ગડમથલ રહી છે પકડવાની ન આંગળીયે,
કદીક તું આંગળી પકડી કદીક બેસાડતો કેડે !

કદીક કેવો રમાડીને, ચહી ચહી ચૂમી શો લે છે !
ઉમળકેથી ઉછાળીને, મને શો તું ઝીલી લે છે !

કંઈક ફંદા જ એવા શા કરાવીને પ્રભુ મુજને,
હૃદયરંજન થતો તું શો ! બહુ રીતે રમાડીને !

જગત સંસારના કેવા પ્રભુ તુજ ખેલ નીરખીને,
હૃદયમાં રાજીનારેડ થઈ કેવા અમે જઈએ !

હરિઃૐ

## વહાલપની રીત

હવે સંભાળ શી મુજ લે બધીએ બાબતે જે તે !
નીરખવા વારો મારો કૈં ન તું તો આવવા દે છે !

થયો શો આફરીન તુજ પર, છતાં શી બોલવાનીયે-
કદર કરવાની જુદાઈ હૃદય રહેવા ન દીધી છે !

કરે તું જેમ તુજ ગમતું થતું તે તે નિહાળીને,
ખરેખર તુજ પરે મારે હવે બસ ખુશ થવાનું છે !

કદીક બે હાથમાં લઈને ઉછાળીને ચૂમી લે છે,
હૃદય સરસો જ ચાંપીને મને તું વહાલ દઈ દે છે !

હરિ:ૐ

# આઠે કોઠે દીવા

રમત તુજ નીરખી નીરખીને હૃદય શું રાજી રાજી છે !
નથી જંજાળ કૈં હાવાં ન નાહવું કે નિચોવું છે !

હૃદય આઠે જ કોઠે શા દીવા તે ઝગમગેલા છે !
હવે અંધારું ક્યાંયે ના જરા જોવાય મળતું છે !

કરે છે તું રહમ જ્યારે પૂરેપૂરી શી ઢોળે છે !
ગરીબને શો તવંગર તું ઘડી પળમાં બનાવે છે !

કૃપા તારી પ્રભુ એવી જીવનમાં શી નિહાળી છે !
નિહાળીને પ્રભુ તુજ પર જવાયું વારી વારીયે !

હરિ:ૐ

# નયન લટકાં નિહાળીને

હરિ સાથે, હરિ સાથે જીવન રમવાની રંગત છે,
હૃદય શી તે રમત રમવા જીવન શું વહાલું લાગે છે !

ઘડીક શો પાસ આવીને કંઈક નખરાં કરી કરીને,
નયન લટકાં નિહાળીને, હૃદય હારી ગયેલો છું !

બધું સમજણનું ડહાપણ તે ચરણ પધરાવી દીધું છે,
હવે સમજણ કને તારી હૃદય લેવાની મારે છે !

જીવન જે જે મળ્યું તે તે, જીવન અણસાર જાણ્યો છે,
પ્રભુની એવી સમજણથી જીવનઘડતર થયેલું છે !

હરિઃૐ

## સાક્ષીભાવ

હવે સંભળાવવાનું તે તને બાકી રહ્યું ના છે,
બધું જે તેય કરવાનું હવે મુજ હાથ ના કૈં છે !

પૂરેપૂરો નિરાધાર બધીએ રીતનો મુજને-
બનાવીને હવે કેવો છૂટો મૂકી દીધેલો છે !

બધું જે તે થતું રહે છે પડે સમજણ હૃદય તે તે,
સરળતાથી સહજ રીતે થયા કરતું રહે છે તે !

હવે તો જે કરે તે સૌ, બધાં તે તે વિશે હૃદયે-
જીવંત સાક્ષીની કેવી પ્રભુ મો'ર મરાવે છે !

હરિઃૐ

# સૌંદર્ય

લઈ બે કર મને ઊંચે નયન નયને મિલાવીને,
હૃદય તુજ વહાલ શું ફૂટે ! મલક મુખ મલકી મલકે છે !

ખુશીથી મુખની શોભા છવાઈ સુરખી સૌંદર્ય,
કળા સોળે ઉષાકેરી ગગન કેવી છવાઈ છે !

રમાડે છે, રમાડીને હૃદય તુજ પ્રેમ છૂટે છે,
નદીનાં પૂરના જેવો હૃદય ખાળ્યો ખળે ના તે !

પ્રભુ સમ પ્રેમનો દર્દી ન શોધ્યો ક્યાંય તે જડશે,
જીવન બલિહારી શી મુજ કે મળ્યો એવો અમોને છે !

હરિઃૐ

# પ્રભુની રમત

બધું બદલાવનારી છે રમત પ્રભુની જીવનમાં તે,
કશું ના એકનું એક રહેવાનું કદીયે તે !

હૃદય વિશ્વાસ બેઠો કે જરૂર જેવી પડે જ્યારે,
શરીરનું તેવું બદલાવી જુદી રંગત જમાવે છે !

હૃદય આનંદની સાથે, હૃદય અસ્તિત્વ અનુભવને-
હૃદય છે ભાન તેનુંયે, ત્રણેનો મેળ સાધે છે !

અનુભવ જે હૃદય એવો ત્રણે જુદાં છતાં ભેળાં,
સભર રસમાં પરસ્પર તે હૃદય કેવાં મળેલાં છે !

હરિઃૐ

# રૂપદર્શન

હૃદય નિશ્ચિંતતા શી છે ! પ્રભુ જ્યાં તું નિયંતા છે,
અનેકે વાર દોરીને, અનુભવ તેં કરાવ્યો છે !

પ્રભુના દિવ્ય જીવનનો હૃદયઆનંદ જીરવવા,
શરીરનુંયે ખમીર કોઈ અનેરું જોઈશે કેવું !

પ્રભુજીવનની ભૂમિકા અનેકે દિવ્ય શક્તિની-
રમતથી શી છવાયેલી ખરેખર સૂક્ષ્મ કેવી છે !

ઊંડે ઊંડે હૃદય અંતર જતાંમાં શી જતાંમાં તે-
ધરે છે તે ન જોયેલાં નવાં અદ્‌ભુત શાં રૂપ તે !

હરિ:ૐ

# ભરપૂર ભરેલું છે

અમારે જીવવું, મરવું હવે તો ક્યાં રહેલું છે ?
રસે એક બધું કેવું સભર પૂરેપૂરું શું છે !

બધે આનંદ ઉષ્માની લહેરો પર લહેરો છે,
ખુશીની ખુશબોએ શું બધું જે તે ખીલેલું છે !

અહા ! શું હર્ષ ઉન્માદે બધાં રોમાંચ નાચે છે !
બધુંએ પ્રેમના રસથી અહા ! ભરપૂર ભરેલું છે !

પડે જ્યાં જ્યાં નજર ત્યાં ત્યાં બધે રેલાયેલો રેલો-
હૃદયરસનો પ્રવર્તેલો, શું ફેલાયે જ ફેલાતો !

હરિઃૐ

# અમારું જીવન

હૃદયમાં છે, હૃદયમાં છે. પછી તે ક્યાં જવાનો છે ?
જઈ જઈને જશે ક્યાં તે હરિ શો રોમરોમે છે !

હરિને ને અમારે શો હૃદય નાતો જીવંતો છે !
પરસ્પરની રમતમાં તો કંઈક જીવન વીતેલાં છે !

છતાં શી લાડ કરવાની હરિને, લત હૃદય લાગી,
હૃદય એમાં મઝા અમને અહાહા ! કેવી લાગે છે !

હૃદય વહાલા પરે રાજી રહેવાનું અમારે છે-
સ્વીકારેલું હરિથી જે, અમારું એ જ જીવન છે !

હરિઃૐ

# વિરહ

હવે તારા વિના મુજને હૃદય ચેન પડે ના તે,
ન છોડી મન શકે તુજને, મને શો પ્યાર લાગ્યો છે !

હૃદયના પ્રેમને ઉત્કટ થવા કાજે વિરહ શો તે !
ભણાવ્યા પાઠ એવાયે ઝુરાવીને ઝુરાવીને !

હૃદયની તુજ સંગાથે પ્રભુ શી દિલચસ્પી છે !
હવે તો વાત કરવાને તને દિલ જોઈએ મારે !

હૃદય કેવો સતત નીરખી હૃદય આનંદ લીધો છે !
હૃદય આનંદના જળથી તને નવરાવિયો શો છે !

હરિઃૐ

## રમત તુજ

મનો શો આમથી તેમ ભલે ફગવે, ભલે ફગવે !
રમત શી તારી ન્યારી તે નજર મુજ કેવી હરખે છે !

બધી તુજ ચાલમાં હેતુ રહેલો ગૂઢ કેવો તે !
અનુભવથી મને તેં તો જીવન કંઈ વાર શીખવ્યું છે !

બધું જે તે થતું રહે છે લીલા તુજ શી પ્રવર્તે છે !
બધી તે તે રમત તુજ છે, નિરાંત શી વળેલી છે !

અનુભવથી સમજ હૃદયે મને જે જે ઊગેલી છે,
ચિરંજીવી રહી દિલમાં મને ધરપત વળાવે છે !

હરિઃૐ

## મહાઆનંદની છોળે

અનુભવવો અનુભવવો પ્રભુ તું એકલો મુજને,
હવે જ્યાં ત્યાં રમ્યા કરતો જીવનમાં લાગતો દિલ છે !

ઉષાકિરણો સૂરજનાં શાં પ્રભાતે તે ખીલેલાં છે !
પ્રભા તેવી પ્રભુ તારી જીવન મારે ખીલેલી છે !

મને તેની હૃદય સમજણ, ખરેખર શી પડેલી છે !
મહાઆનંદની છોળે જીવનમસ્તી ચઢેલી છે !

જીવનમસ્તીની ભરતીમાં ઊંચું જે તે બધું આવે,
ચરણમાં સૌ સમાઈ તે ચરણની મોજ માણે છે !

હરિઃૐ

## વરરાજા

પ્રભુએ વેશે બદલાવ્યો, બનાવ્યો છે શું વરરાજા !
અમે શા શોભતા રૂડા ! અમોને એકલાને તે !

અમે અમને હૃદય ગમતા, અમારી સાથ પ્રીત અમને,
અમે શા ગેલ કરી હૃદયે અમારી સાથ રમીએ તે !

જીવનની તે રમત કેવી અમારી કોણ જાણે તે !
હૃદય અમને, અમો સાથે મહોબત મસ્ત લાગી છે !

અમે, અમને હૃદય પ્રીછી પરસ્પર મેળ ખાધો છે,
પરસ્પરને પરસ્પર શા ! પરસ્પરથી જ જાણ્યા છે !

હરિઃૐ

## પ્રભુમય જીવન

જીવનની પ્રેમ મસ્તીની હૃદય રોનક શી સળગી છે !
અમોને સર્વ તેથી તો જગત ન્યારું જણાયે છે !

પ્રભુની પ્રકૃતિ તેયે પરા પોતે બનેલી છે,
રસીલો સ્વાંગ સર્જીને પ્રીતમની સોડ બેઠી છે !

અમારે તો ગતકડાં શાં હરિની સાથ કરવાં છે !
થયું ગલગલ હૃદયભાવે હરિની સાથ રમવાને !

જીવન હરિનું બનેલું છે, જીવન ભરપૂર હરિથી છે,
જીવનનો ન્યાસ હરિમાં છે, જીવન એવું હરિ પોતે !

હરિઃૐ

# હૃદય મહોબત

હૃદય સોબત થયા કેડે, હૃદય મહોબત થયા કેડે,
લીધેલા જ્યાં શરણ છીએ, શી દોડાદોડ કેવી છે !

કળાલીલા નીરખવાની મઝા કેવી અનેરી તે !
હૃદય ભેળા સતત સાથે છતાં કેવા અલગ છીએ !

ભળેલા એક હોવાની, છતાં તે સાથ જુદાની,
-જીવનને મહાલવાકેરી લહેજત ચાખવા જેવી !

અમોએ તારી સંગાથે રમત મંડાણ કીધી છે,
રમત રમવા વિશે એક જ હૃદયમાં તાન લાગ્યું છે !

હરિઃૐ

## હૃદયદર્શન

પ્રભુ તુજ એક લટકાની પરે મોહી પડેલો છું !
હૃદય તે વેળનું તુજમાં પરોવાઈ ગયેલું છે !

તને ચાહતાં, તને ચાહતાં હૃદય ફાટી ગયેલું છે,
હૃદય ના હાથ રહે ઝાલ્યું, ભયંકર શી દશા થઈ છે !

હૃદય લઈને મને નિકટ નિકટ હોવા છતાં, દૂરનો-
અનુભવ કારમો કેવો ! ઘડી પળ શું કરાવે છે !

જુદા જુદા તબક્કામાં, જીવનના તે અનુભવમાં,
જુદાં જુદાં સ્વરૂપકેરાં, હૃદયદર્શન થયેલાં છે !

હરિઃૐ

# પ્રભુને ખાતર

હૃદય ઝંખી તને રહેવું જીવન સદ્ભાગ્ય કેવું તે !
જીવનરસના રસીલા તે અનુભવી મહાલશે પ્રીતે !

તને શો એકલો એક, હૃદયમાં તો જડી લઈને,
વળી શો બહાર કાઢીને, તને બથમાં ભરવવો છે !

જવાશે ના હવે ભાગી, હૃદયને દેવનું મંદિર-
બનાવીને તને કેવો પ્રભુ પધરાવિયો મેં છે !

કરીશ સેવા હૃદય તારી, લગાવીશ ભોગ હું તુજને,
પહેરાવીશ શણગાર તને ગમતા, રીઝવવાને !

હરિઃૐ

# અનુભવ

અમારે તો ચરણ તારે ઢળ્યા રહી મોજ લેવી છે,
હૃદયની મસ્તીની છોળો, શી છલકાઈ પ્રસરતી છે !

જીવનનો બહાર ખીલ્યો છે, બગીચો ફૂલ સુવાસે શો !
મહેકી મહેકી પમરે છે, જીવન ખુશબો બહાલી છે !

જીવનને મહાલવા રસથી સમય કેવો મળેલો છે !
સકળ જે જે બધાંની તે ખરી અસ્તિ મિટાવી છે !

ભળેલા ને ગળેલા છો બધાં જે તેની સંગાથે,
છતાંયે નોખું અસ્તિત્વ અનુભવથી અનુભવ છે !

હરિઃૐ

# થઈ ખુલ્લાં

અમે કેવા છીએ તેની પ્રીતમને જાણ પૂરતી છે,
અમે પ્રીતમથી છાનું કૈં જરાકેયે ન રાખ્યું છે !

થઈ ખુલ્લાં રજેરજથી જીવન કણકણથી દર્શાવ્યું,
કશું જોવાનું ના બાકી અમારામાંનું હરિને છે !

અમે મુસ્તાક તેથી દિલ રહેલા મસ્ત ચરણો પર,
જીવન આપી સકળ હાવાં પ્રસાદી પદની માગી છે !

જીવનને યજ્ઞમાં હોમી સકળ જે જે હતું તેને,
રહ્યું જે બાકી ભોગવવા, પ્રસાદી ચરણે ચાખી છે !

હરિઃૐ

# જીવન ડૂલી ગયેલું છે

ચરણ શા પીગળીને તે વહાવ્યો છે જીવનરસ જે-
શું રેલમછેલ વ્યાપીને ભરી ભરચક દીધું સૌ તે !

હૃદયમાં રસતણો ઘૂંટડો પીતાં પીતાંમહીં શો તે-
બધુંએ ભાન ભૂલી શા અમે ડૂલી ગયેલા તે !

અમારું સર્વ ડૂલ્યું છે, ડૂલી જીવન ગયેલું છે,
ડૂલી જીવન ગયેલાની ન કિંમત કોઈ જાણે છે !

જગત જાણે, ન જાણે તે અમારે કૈં ન પરવા છે,
હરિ વહાલો અમારો જે, અમારું સર્વ જાણે છે !

હરિઃૐ

## અનુભવનું જીવન

શરીરનું દોદળાપણું જે, ઘડીક તો શું ઊડી ગયું છે !
શરીરને પાંખ આવી છે, વિસારે સૌ પડેલું છે !

જીવી પ્રત્યક્ષ, જે તે સૌ અમારે મહાલવાનું છે,
બધાંનેયે બતાવ્યું છે, છતાં તે ના જણાયું છે !

નથી છાનું કશું તોયે થયેલું છે નજર સામે,
વળી સાક્ષી અમે છીએ છતાં, છાનું રહેલું છે !

પ્રભુની જેમ પ્રત્યક્ષ છતાં તે જેમ ના દીસે,
જીવન અનુભવનું તેવું છે, અનુભવી એકલો પ્રીછે !

હરિ:ૐ

# મસ્તી

હૃદયથી પ્યાર કરી જાણ્યો નશો કેવો ચઢેલો છે !
અને રંગત શી લાગી છે જગતપડદો ખસેલો છે.

શરીરની નસનસે ખુન્નસ મદિરાની અસર શી છે !
શરીરનું બિંદુ બિંદુએ ઉપર ઊપસી શું આવ્યું છે !

અહા ! શું પૂર આવ્યું છે કિનારા બેઉ છલકાયા,
વળી છલકાઈને કેવા બધે વહેતા થયેલા છે !

જીવનની મસ્તીની કથની ન છાની તે રખાતી છે,
બધે રેલાઈ વહેતી શી ! સમાઈ ના સમાતી છે !

હરિ:ૐ

## આ જીવન

અમારી મસ્તી એવી છે, ન દુનિયાને ગતાગમ છે,
અમારું સહેવું ને લહેવું અનોખી જાતનું શું તે !

જીવનના પ્રેમ જાદુની કળાની જે ખૂબી કંઈ કંઈ-
બીજાંને શી ખબર તેની ! બીજાં આશ્ચર્ય પામે છે !

જીવન આ એકલું ના છે, જીવન જ્યાં ત્યાં ભળેલું છે,
જીવનખુશબો અનુભવવા, અમારે માટ જે તે છે !

બધાં માટે અમોએ તે, છતાં ના કો' બીજાંનાએ,
અમારી જાણ ના કૈં છે, અમે છાના મરેલા તે !

હરિઃૐ

## બધાંને શી રીતે કથવું ?

જીવનની ફિલસૂફી કેવી ન શબ્દોમાં વણાયે તે,
અનુભવમાં અનુભવથી ખરેખર શો અનુભવ છે !

છીએ જે સાથ તે જેવા મળેલા ને ભળેલા તે,
છતાં અસ્તિત્વ નોખું છે, ન તેની જાણ કોને છે ?

અમારું બોલવું ન્યારું વળી છે વર્તવુંયે તે -
અનોખી ભાતનું કેવું ! બધાંને શી રીતે કથવું ?

ન સમજાવી શકાયે તે, વળી સમજાવતાં તે તે,
ન તેને તે રીતે કોઈ હૃદય સ્વીકાર કરતાં છે !

અસલ જીવનની જે વાતો જગત રીતથી શી જુદી છે !
જગતજનને ન પાલવશે છતાં તોયે અમે સાથે !

હરિઃૐ

## સર્વવ્યાપી પરમાત્મા

જવું જ્યાં હોય વિચરજો અમે બહાલી જ આપી છે,
'કહીં કહીંની જુદી વાતો પડે સમજણ' અનુભવ તે !

અમે ક્યાં ક્યાં જઈ વિચર્યા ન ઇચ્છા તેતણી મૂળે,
બધે પ્રસર્યા છતાં કેવા, મૂળે કોરા રહેલા છે !

લઈએ સ્વાદ શા નોખા ! અનુભવ પ્રકૃતિકેરા,
વળી જે જે સ્વભાવો તે અનુભવથી જણાયા છે !

બધી દુનિયા અમારી છે, બધે પ્રસરેલ મૂળિયાં છે !
અમારા વિણ અસ્તિત્વ કશે ના કોઈનુંયે છે !

હરિઃૐ

## રસીલું પ્રેમજીવન

જીવનનો અંત ક્યાંયે ના, બધે પ્રસરેલ કેવું છે !
જ્યહીં આદિ અનુભવતા, કશુંક આદિની આગળ છે !

જીવનનાં સર્વ પાસાંમાં જીવન ઉપરનું જુદું છે,
જીવન અંતર્ગતે જે છે અમારે મહાલવાનું છે !


જીવનનું વહેણ અંતરનું જુદા કાળે જુદું જુદું-
છતાં ત્યાંયે અનુભવનું જીવન શું एक ભાતીલું !

જીવન એ ખાલી જીવન ના, જીવન તો શી કૃપાલીલા
પ્રભુની વ્યક્તતાનું છે, રસીલું પ્રેમજીવન તે !

હરિઃૐ

# ખંડ - ૧૧

# પ્રભુપ્રીત્યર્થ જે તે સૌ



સળગી રોનક જીવનકેરી બધે ફેલાયું અજવાળું,
છતાં ના કોઈએ ભાળ્યું, મહાઅચરજ ખરેખર શું !

હરિઃૐ

## જીવનકર્મો

જીવનમાં જે થયાં કર્મો, ભગીરથ કેટલાંયે તે-
થયાં છે પ્રેરણા તુજથી, હૃદય તુજ બળથી સૌ તે તે !

વીજળી ગોળા વિશે દીવો બળી કેવો પ્રકાશે છે !
પરંતુ તેનું અજવાળું ન ગોળાનું જ નિજનું તે !

પ્રભુ એવી રીતે મુજને હૃદય અનુભવથી લાગ્યું છે,
તને શો ત્યારથી જાણ્યો, નિયંતા તું જીવનનો છે !

જીવન કેવો મને દોર્યો, જીવન કર્મો થયેલાં જે,
શી આંટીઘૂંટીથી નીકળ્યો, કરામત એવી તારી છે !

હરિઃૐ

## સાધનાકર્મ

અનુભવવા અમે કેવી જીવનમાં દોટ મૂકી છે,
બધાંએ સર્વ જોયું તે, છતાં કોઈએ ન જાણ્યું છે !

જીવનમાં એકલાયે તે જીવન જીવી બધાં સાથે,
જીવન જુદું રમ્યા કેવું ખબર તે એકલાને છે !

જીવનનો ધર્મ જે જે તે અમે મસ્તીથી પાળ્યો છે,
જીવનની પાર જઈ બેઠા હવે રોનક અનેરી છે !

સળગી રોનક જીવનકેરી બધે ફેલાયું અજવાળું,
છતાં ના કોઈએ ભાળ્યું, મહાઅચરજ ખરેખર શું !

હરિઃૐ

# મુનીમનો હિસાબ

જીવનમાં શી મુસીબત તે અમારે પથ પડેલી છે !
પડ્યા માથે જ બહુ ટપલા, પડેલી ટાલ કેવી છે !

જીવન ઈતિહાસ ડગ ડગનો, શરણ આવ્યા પછીનો જે-
વીતેલાં કર્મકથનીનો, તને પદમાં સુણાવ્યો છે !

અમારે શિર રહેલો છે હવે તો ભાર ન સહેજે,
મુનીમની જેમ રજરજનો, તને હિસાબ આપ્યો છે !

તને જે તે બતાવીને અમે તો સર્વ સોંપ્યું છે,
બધું જે તે તપાસી લે, કશું ના પાસ રાખ્યું છે !

હરિઃૐ

## પ્રભુપ્રીત્યર્થ જે તે સૌ !

હૃદયના પ્રાણ પાથરતાં મને ના વાર પણ લાગે,
તને આરામ, સુખ દેવા હૃદય તે રીત વર્તે છે !

સતત વહાલો હૃદય રાખી, નજર સામે કર્યા કરતો-
મળેલાં કર્મ ચહી ચહીને, પ્રભુપ્રીત્યર્થ જે તે સૌ !

કરી કરી કર્મ જે તે સૌ, ચરણકમળે સમર્પું છું,
તને જે તે નિવેદીને પ્રભુ ખાલી રહું છું હું !

મને આધાર તારો છે, હૃદય વિશ્વાસ એક જ તે,
ધણી નીરખ્યા કરી મુજને હૃદય શી પ્રેરણા દે છે !

હરિઃૐ

# પ્રભુપદમાં ફૂલ

ચરણ તારે પડી રહીને, ચરણસેવા બજવવી છે,
ચરણસેવાથી શા મેવા, મને મળતા રહેલા છે !

ચરણસેવાથી જે મળશે, હૃદયઅમૃત તોલે તે,
ન સારા કે ન નરસાની કશી ત્યાં ગણતરી રહે છે !

હવે તો સર્વ કરવાનું, જીવનમાં સાંપડે છે જે-
પ્રભુપ્રીત્યર્થનું તે છે, હૃદય પ્રેરાઈ તુજથી તે !

હૃદયબળ ના હવે મુજ છે, બધું જે તે હરિનું છે,
થતું જે તે પ્રભુપદ્મે ચઢેલાં ફૂલ જેવું છે !

હરિઃૐ

## જીવન ન્યોછાવરીથી

મહોબતના ભર્યા રસથી ચહી ચહી જીવવાનું છે,
જીવન ન્યોછાવરીથી શો કટોરો પ્રેમ મળિયો છે !

હૃદય એ ભાવ જાગ્યાથી નવાંકુર રસ વડે જીવન-
ભર્યું ભર્યું શું લીલુંછમ છે ! હરિયાળું બન્યું જે તે !

ઠર્યાં નયનો, ઠર્યું જે તે, ઠરી છે તંગ નસ નસ તે,
ઠર્યું છે સર્વ ઊભળેલું, ઠર્યું જીવન સમગ્રે તે !

ઠરેલાનું અનુપમ છે બધું જે જે જીવન એનું,
બધું દેખાય એનું એ, છતાં ન્યારું અનોખું તે !

હરિઃૐ

## તને પોકાર પાડીશું

ચરણ તારે, ચરણ તારે અમારે તો ઢળી ઢળીને,
લળી લળીને ચહી ચહીને, અમારે જીતવો તુજને !

કરી તુજ કામ સેવાનાં, મઝેનાં ને રીઝે એવાં,
કરી ખિદમત હૃદય તુજને અમારો શો બનવવો છે !

બને કે ના બને તોયે, અમારાથી બને જે જે-
રીઝવવાને તને તે તે, કરી છૂટવું અમારે છે !

જરા ના બાકી રાખીશું અમે સઘળું કરી ચૂકશું,
છતાં જો થાકશું ત્યારે તને પોકાર પાડીશું !

હરિઃૐ

## કર્મયજ્ઞ

ચરણસેવક થઈ તારા, ચરણનું કામ કરી કરીને,
કરીને યજ્ઞ સેવાનો, જીવન આખું વીતવવું છે !

કદી આ સૂર્ય ને ચંદ્ર, કદી પૃથ્વી શું થંભ્યાં છે ?
સતત તે કર્મ કરતાં છે, કૃપાથી બોધ લાગ્યો છે !


સકળ જે દૃશ્ય, અદૃશ્ય, સતત ગતિશીલ તે તે છે !
પછી કઈ રીત તું બેઠો રહી શકશે નકામો તે ?

પ્રભુ દરબારમાં તારા અમારીયે ગણતરી છે,
અમારી બાદશાહી કે પ્રભુ તુજ મીટ અમ પર છે !

હરિઃૐ

# ખંડ - ૧૨

# અમારાં છે, અમારાં સૌ !



પ્રભુ શો ગૂઢ છૂપો જે બધાંનામાં વસેલો છે !
છુપાયેલા પ્રભુને તે છતો કરવા હૃદય જીવીએ !

હરિઃૐ

## જીવનનો ખેલ

હૃદયથી પ્રાણ રેડીને, પ્રભુ કાજે પળેલાને-
જીવનનો યજ્ઞ કેવો તે પૂરેપૂરું જ કરવાને !

જીવનમાં આદરેલું જે પ્રભુપ્રીત્યર્થ ભાવે તે,
કરણ, ઇંદ્રિયમાં ધારી પ્રભુને કર્મ કરવાં છે !

વળી તે કર્મ જો પાછાં સમર્પિત પાદ કરી ભાવે-
અમારે ખાલી રહેવું છે, પૂરેપૂરું ગળી જઈને !

અમારે તો પ્રભુ સાથે હૃદયની ગોઠડી થઈ છે,
અમારે ને પ્રભુ સાથે જીવનનો ખેલ ચાલે છે !

હરિઃૐ

# બેડો પાર

ગરીબ પર ન્યાલ થઈ થઈને નવાજિશ* શી શી આપી છે !
ચરણ કુરનિસ* બજાવીને હૃદય ધારણ કરેલી છે !

ચરણ પોકારી અહાલેક શી ભગવી કફની ધારીને-
ધરી લંગોટ, લઈ ઝોળી અમે શો ભેખ લીધો છે !

કમાણી જે મળેલી છે બધો હિસાબ આપીને,
બધું સુપરત કરી દઈને અમે નગ્ન થયા શા તે !

અમે ગમીએ તને હાવાં પૂરેપૂરી રીતે હૃદયે,
નજર તુજ સહેજ પડતાંમાં, બધો ત્યાં પાર બેડો છે !

*બક્ષિસ, *સલામ

હરિઃૐ

# પ્રભુનું એકલાનું છે

નજરની ગમ પડે તેને પ્રણયવાળું હ્દય જે છે,
અમારે તો પ્રણય વિના હવે હકીકત ન કોઈ છે !

જીવન અસ્તિત્વ જો કૈં હો, પ્રભુનું એકલાનું છે,
અમારે તો પ્રભુ સાથે હવે પાનાં પડેલાં છે !

જીવનમાં દિલચસ્પી તે પ્રભુ વિનાની ફોકટ છે,
સકળ દિલ પ્રેમ દેતાંયે, અધૂરો શો પડે તે છે !

હ્દયથી ગેલ કરી દિલમાં નિરંતર શો પ્રભુ સાથે !
અમારે ગોઠડી પાકી હ્દય તે રીત ધરવી છે !

હરિઃૐ

## આ જીવન

ચરણનો રસ હૃદય મળતાં જીવન ખૂબી નિરાળી છે !
પીતાં પીતાં અજબ રસ તે ખુમારી શી ચઢેલી છે !

ચઢેલી આ ખુમારીથી, ખમીર તેજસ્વી પ્રગટે છે,
જીવન અલમસ્ત થઈ કેવું મદોન્મત્ત તે નશાથી છે !

હવે જીવનતણા લહાવા-અનુભવ-રસતણી કથની,
જીવનના શા અણુઅણુમાં જઈ પ્રસરી વિલાસે છે !

જીવન એ ના જીવન અમ છે, જીવન જુદી દિશાનું છે,
જીવન દુનિયાતણું આ ના, અવર ઇલમતણું કો' તે !

હરિઃૐ

# અમારી રીતરસમ

અમારી જાતને અમથી પ્રિછાવી ના શકાશે તે,
કદીક બતલાવશું તોયે, પ્રીછી શી ના પ્રિછાશે તે !

અમે તો ભાન ભૂલેલા, વળી સૌ સાન ચૂકેલા,
બન્યા બેફામ શા દિલના ! તમો માટે નકામા શા !

અમારી રીતરસમ તમને બરાબર લાગશે ના તે,
ઉપરથી છાપ કેવીયે લગાડી દિલ દેશો તે !

અમારે તો જીવન જીવવા વસંતે બહાર ખીલી છે !
જીવનનો બહાર કેવોયે પૂરેપૂરો મહાલ્યો છે !

હરિઃૐ

# પ્રભુ રેઢો નથી ક્યાંયે !

સ્વજન વહાલાં જગતનાં હે ! તમે આવો પ્રભુચરણે,
હૃદયથી વહાલ કરી જુઓ ! પ્રભુનો પ્રેમ કેવો છે !

તમારાંને તમે ચાહતાં, છતાં તેયે તમારાં ના,
અનુભવથી તમે નીરખ્યું, ભરાયાં છો છતાં ત્યાં કાં ?

ચઢી જુઓ પ્રભુ પડખે, મતિ, મન, પ્રાણ, દિલ દઈને,
કયું સગપણ વધુ વહાલું ! પછી તે દિલ સમજાશે !

તમારે ના પડી પ્રભુની, પ્રભુ ભજવા નકામા કાં ?
અમસ્તી દોટ મૂકો છો રખે ગબડી પડો, જોજો !

તમારે પુત્ર, પરિવાર, સખા, પત્ની, સહોદરની-
પડેલી શી પૂરેપૂરી ! બિચારો વેગળો પ્રભુ શો !

નકામા કો' ન ભરમાશો, પ્રભુ રેઢો નથી ક્યાંયે !
મફતમાં તે ન મળવાનો, ગનીમત સ્વાર્થ તમને તે !

હરિ:ૐ

## ભલા ! ભગવાનને માટે કરો છો કેટલું કહેશો ?

ગળા સુધી ભરેલો છે બધો સંસાર જ્યાં તમને !
પછી ભગવાનની વાતો નકામી વ્યર્થ કરવી તે !

તમે સંસારને માટે મહા શું કષ્ટ વેઠો છો !
ભલા ! ભગવાનને માટે કરો છો કેટલું કહેશો ?

તમે સંસારને માટે કહો ! શું શું ન દીધું છે ?
ભલા ! ભગવાનને માટે, ગણાવો શું શું આપ્યું છે ?

હૃદય, મન, પ્રાણ, ધનને, તમે સંસારને દીધાં,
પ્રભુને આપવા કાજે, પછી બાકી રહ્યું શું ત્યાં ?

ભલો સંસાર તમને તે મુબારક હો ! મુબારક છે !
તમે અભડાવી મારો ના પરંતુ તે બિચારાને !

હરિઃૐ

## હૃદય તાકાત કેવી છે ?

બધે જેમાં અને તેમાં જગત વહાલું અતિશય છે,
હરિ ભજવાતણી વાતો પછી કરવી નકામી છે !

પ્રભુ સત્કારવા કાજે મતિ, મન, પ્રાણ, હૈયાની-
કશી તૈયારી જ્યાં ના છે, કહીં તે બેસશે આવી ?

તમે સંસારને પૂરા હૃદય વળગેલ છો રંગે,
વળગશો શી રીતે પછીથી, તમે પ્રભુને હૃદયપ્રીતે ?

બધુંએ જોઈએ એને, પ્રભુ તો સર્વ માંગે છે,
હૃદય દાનત તમે પરખો, હૃદય તાકાત કેવી છે ?

હરિઃૐ

# સંસારીને

હૃદય સંસારની સાથે તમારે પ્રેમ કરવો છે,
કરી લ્યો પેટ ભરી ભરીને, છતાંયે તે ન રિઝાશે !

કબૂલે છે મતિ તેવું અનુભવમાં જ આવ્યું તે,
છતાં સંસારને દિલથી અમારે તો વળગવું છે !

ભલે વળગો ! ભલે વળગો ! મુબારક રાહ તમને તે-
'પછી વળગ્યા પ્રભુને છો' ન એવી વાત કરશોયે !

નકામો છોડી દ્યો પ્રભુને, કશો ના કામનો તે છે,
ભલા ! સંસાર તમને તો ખરેખર કેવો ખપનો છે !

હરિઃૐ

# કર્યું શું શું ?

અમારે પંથ આવીને, તમે જો મેળવ્યું ના છે,
ભલા ! ફરિયાદ તેની તો તમારા દિલને પૂછોને ?

ભલે પંથે પધાર્યા છો, પૂછું તમનેય તમ દિલને,
કર્યું શું શું ? કરો છો શું ? જરા તે તે ગણાવોને ?

બધો સંસારને માટે સમય આપી દીધેલો છે,
પ્રભુને છેક વચગાળે લટકતો સાવ રાખ્યો છે !

વળગશો ના વળગશો ના નકામા કોઈ ઠાલી તે,
વળગવું દિલ વિનાનું વળગવું સાવ મિથ્યા છે !

હરિ:ૐ

## ગણતરીથી દીધેલું જે

અરે ! મોટા ! તમે શું શું અમોને સંભળાવો છો !
અમે તો કેટલું આપ્યું ભલા થઈને ગણી જુઓ !

તમારી પાસ ઢગલો છે, અને તેમાંથી કણ માત્ર-
તમે જો આપ્યું, કાં તેને હૃદય ગણ ગણ કરો છો શાં !

ગણતરી આપવામાંયે, ગણતરી છે બધાંમાંયે,
ગણતરીથી દીધેલું જે તમોને ના ઊગી નીકળે !

વળગવું હો જુઓ વળગી હૃદયની નેક દાનતથી,
મતિ, મન, પ્રાણ, દિલથી સૌ પ્રયોજી, વળગી જુઓને !

હરિઃૐ

## હૃદયથી પ્રાર્થના તમને !

તમે જે આપ્યું છે અમને, અમે રાખી મૂક્યું ના તે,
તમારું આપ્યું તે પાછું જીવી, ચરણે ધરેલું છે !

અમે તો ખાલી ના ખાલી, ભરેલા એક પ્રભુથી તે,
વરેલા એક ધણીને તે, અમારું તે જ સઘળું છે !

અમારે જોઈશે જે જે પ્રભુ વહાલો જરૂર દેશે,
તમે નિમિત્ત સઘળાં છો, ધણીના હાથરૂપે તે !

ભલે જે આપવું હો તે તમે દેજો હૃદયથી તે,
'ગણતરી રાખશો ના કૈં' હૃદયથી પ્રાર્થના તમને !

હરિઃૐ

# તમારી ગરજે

અમારે પંથ કોઈને નહિ બોલાવવાનાં છે,
તમારું માનતું હો દિલ, તમારી ગરજે આવોને !

ગરજ પાક્યા વિના પૂરી પડ્યા કૂદી રખે પંથે !
અહીંના કે તહીંનાયે, રહેશો ના કહીંનાયે !

તમારું દિલ શું મદ, મોહ, અહં, કામાદિના વળણે-
પૂરું વળગેલ છે, ક્યાંથી તમે વળગી શકો બીજે !

કરો જે જે, કરો તે તે, તમારા હિતને કાજે,
અવરનુંયે તમારું તે ગણી ચહીને કરો જે તે !

હરિઃૐ

# રંગવાનો ધંધો

જીવનને રંગવાનો શો અમે ધંધો ઉપાડ્યો છે !
કશું એમાં નવું ના છે, ખરો ધંધો અમારો તે !

જીવનકેરી કળા જે જે ચરણરસથી મળેલી છે,
હૃદયભક્તિ વિશે ઊંડા ઊતરવા કામ લાગી છે !

મળ્યું જે જે જીવનમાં તે, હૃદય ખપમાં લીધેલું છે,
કશું ઉપયોગ વિનાનું જીવનમાં ના કરેલું છે !

ખરેખર તો જીવનમાં શો બધાંનોયે ખરો ખપ છે,
સુમેળે તેથી ચાહીને જીવનરંગત બિછાવી છે !

હરિઃૐ

## જીવવાનો હેતુ

હરિ વહાલો અમારો શો ! છૂપો કેવો રહેલો છે !
અમોનેયે જીવન જીવવાતણી શી રીત શીખવી છે !

બધાં સાથે અમે જીવીએ, બધાં સાથે મળી ભળીએ,
અમારો જીવવાનો શો ન કોઈ હેતુ જાણે છે !

પ્રભુ શો ગૂઢ છૂપો જે બધાંનામાં વસેલો છે !
છુપાયેલા પ્રભુને તે છતો કરવા હૃદય જીવીએ !

જીવનમાં શી શી રીતોએ રમત માંડી પ્રભુએ છે !
અમારે રીતરસમથી તે રમ્યા કરવાનું જીવન છે !

હરિઃૐ

## હરિ છે સાથે

જીવનની ગૂંચ તેઓની કંઈક કો' લોક આવીને-
અમોને સંભળાવીને કહે, ઉકેલ કરવાને !

કળા ના જાણીએ તેવી, ગતાગમ એવી ના કૈં છે,
ચરણમાં સર્વ તે તેયે હૃદયથી સૌ સમર્પીએ !

ન કૈં ખાલી જવા દઈએ, અમારે કૈં ન મિથ્યા છે,
બધું જે જે મળે તે તે હરિને કાજ વાપરીયે !

પળેપળ શા હરિને દિલ હવે તો રાખીને જીવીએ !
'હરિ છે સાથ' દિલ સમજી હવે ફક્કડ પૂરા છીએ !

હરિઃૐ

## હૃદયમાં પેસવા કાજે

મળેલાંને ચાહ્યાં હૃદયે, હૃદયમાં પેસવા કાજે,
જીવનની તેમની રીતે, ન ફાવટ કૈં જ આવી છે !

ભલે હો તેમ તે તોયે અમારે તેય મંજૂર છે !
કદીક તો તેય પણ જાણી હૃદય વહાલો જ સ્મરશે તે !

વળગવાનો અમારો જે જીવનહેતુ પ્રભુનો છે,
કરવવું જેમ વહાલાને હશે, તે તેમ છો કરશે !

બધી બાબત વિશે રાજી રહેવાનું અમારે છે,
ધણીના સર્વ ધક્કેલે વહેવાનું અમારે છે !

હરિઃૐ

## ગરજ

ગુરુ મુજને બનાવીને, હવે શીખવા કંઈક આવે,
પરંતુ કોઈને દિલમાં ખરી ચાનક ન લાગી છે !

ગરજ શીખવા ન ઉત્કટ છે, ગરજનાં લક્ષણો ના છે,
ગરજની ના નિશાની છે, ગરજની નમ્રતા ક્યાં છે ?

ગરજ જ્યાં દિલ લાગે છે, ન આડુંતેડું નીરખે છે,
ગરજની વાતમાં લક્ષ સતત તેનું રહેતું છે !

ગરજ જેની હૃદય જાગે, સદા દિલ તે વિશે લાગે,
ગરજના હાર્દને ગ્રહવા સદા આતુર દિલ રહે છે !

હરિઃૐ

## તમારા સ્વાર્થને લક્ષે

અમે વટલેલની ભાળ જગે મળવાની ના તે છે,
રહેલા શા છીએ જગમાં, નિરાળી ચાલ તોયે તે !

હૃદય મળવા તમોને જો ખરે દિલ ચાહના તે છે,
હૃદય લગની થતાં પોતે સમજ પાડી બધી દેશે !

તમારા સ્વાર્થને લક્ષે ધરી મળવા ચહેલું છે,
પછી બરકત ન આવે જો, કહીં ફરિયાદ કરવી તે ?

છતાંયે દોષ દેશો તો અમારો વાંક સઘળો છે,
બધું જોનાર બેઠો છે, હજારો હાથવાળો તે !

હરિઃૐ

# પ્રભુના બંદા

અમારો વાદ ના કરશો, અમારી રીત જુદી છે,
અમારું બોલવું જુદું, અમારું સર્વ ઊલટું છે !

પ્રભુના તો અમે બંદા, જગતના છો તમે બંદા,
અમારા ને તમારા તો સદાના છે નવા ફંદા !

અમારે તો પ્રભુ સાથે પડ્યાં પાનાં જીવનમાં છે,
નજર જેમાં અને તેમાં અમારી શી પ્રભુ પર છે !

નિરંતર સ્વાર્થમાં મસ્ત પૂરેપૂરા ડૂબેલા જે-
બીજાંને તે મૂલવવાનાં તમારાં વ્યર્થ ફાંફાં છે !

હરિઃૐ

# રમતને પૂરી કરવી છે

ન છંછેડો કદી અમને કદીક ભારે પડી જાશે !
ભલામાં સર્વના છીએ, ન કોઈનું બગાડ્યું છે !

ન નિસ્બત કોઈ સાથે છે, પ્રભુ વહાલો, અમે, ઉભયે-
જીવનમાં દિલથી ખેલીને, રમતને પૂરી કરવી છે !

ભલેને હારીએ, જીતીએ, ન પરવા કંઈ કશી તે છે !
અમારે તો હવે પરવા, ધણીની એકલાની છે !

જીવન સર્વસ્વ ધણીનું છે, ધણી મરજી પ્રમાણે તે,
હુકમ ઉઠાવીને પ્રેમે, અમારે જીવવાનું છે !

હરિઃૐ

# મળ્યા સંબંધ સૌ જે જે

મળ્યા સંબંધ સૌ જે જે, ફળવવા કર્મ શાં શાં તે !
કૃપાથી સાથ શો દઈને પૂરું જે તે કરાવ્યું છે !

જીવનમાં એકલે હાથે થઈ જે ના શકે, તે તે-
મળેલાંયે કૃપા કરીને મદદ કરી, શાં ફળાવ્યાં છે !

હૃદય તેથી કહ્યો તુજને, 'હજારો હાથવાળો છે !'
અનુભવ શો જીવન મુજને પ્રભુ એવો કરાવ્યો છે !

હરિઃૐ

# સૌ અમારાં છો

અમારા ને તમારા તે હવે જુદા જુદા પથ છે,
પછી જીવનની સમજણનો કહીંથી મેળ ખાશે તે ?

ભલે છો મેળ ના ખાય, તમેયે શાં અમારાં છો !
અમારાં શાં અમે માની, તમે સાથે જીવીશું તો !

તમે ચાહો જુદી રીતે, અમેયે તે જુદી રીતે,
છતાંયે મેળ બંનેનો કઈ તે રીત પડવાનો !

પ્રભુજીવન વિશે હૃદયે બધાંનો મેળ પડવાનો,
અમારાંથી જુદા તોયે, અમારાં છે, અમારાં સૌ !

હરિઃૐ

## હજારો હાથવાળો !

મને સંબંધ શા શા તેં જીવનમાં શોધી આપ્યા છે,
હજારો હાથવાળો તે કરી સાબિત બતાવ્યું છે !

બધા સંબંધ તે તે શા મને ઉપયોગ આવ્યા છે,
બઢવવા શાન તુજ વિશ્વે મને તે કામ લાગ્યા છે !

બધાં તુજ હાથની મદદે ચીંધ્યાં કર્મો થયેલાં છે,
ખરેખર શા હું તૃણવત્‌થી થયું હોતે કશું ના તે !

પ્રભુ મોટો, પ્રભુ મોટો, જીવન કેવો મળેલો છે,
હૃદય એ ઓથના ભાને હું શો મગરૂર ખરેખર યે !

હરિઃૐ

# પ્રતીતિ

થયા સંકલ્પ કંઈ જે જે કૃપાથી તેં ફળાવ્યા છે,
'રહ્યો છે તેથી મુજ સાથે' પ્રતીતિ એવી દિલ થઈ છે !

સુઝાડ્યાં કામ કરવાનાં ન કોઈને સૂઝેલાં છે !
છતાં પાંખે પ્રતિષ્ઠાની મને ના તેં ચડાવ્યો છે !

ગરીબનો એ ગરીબ જીવને રહેવા શો દીધો મુજને,
કૃપા બલિહારી એવી તુજ સદા ગાતો રહું હૃદયે !

નભ્યો છું રાંક હું તો શો કૃપાબળના જ આધારે !
ગજું નહોતું કશું મારું જીવન આ રીત ટકવાને !

હરિઃૐ

# લગન

‘જવાની લહે હૃદય લાગી’ ન તે પૂછ્યા કરે છે કૈં,
સતત દિલની લગનમાં શા પરોવાયેલ તે રહે છે !

લગન શી એકની એક હૃદય સળગેલ છે જેને !
જીવનનો પંથ તેવાનો કપાતો જાય કેવો તે !

લગનની ધૂનમાં એને કશું બીજું ન સૂઝે છે,
હૃદયની લગનીમાં ઊંડો મજા રસ ઓર ચાખે છે !

જબરજસ્ત નશાની તે લગનની મસ્તી કેવી છે !
બધી ‘જીવવૃત્તિ જીવ’ની શી મહીં પીગળી જ જાયે છે !

હરિઃૐ

# પડી જુઓ

જીવનમેદાનમાં પ્રેમે પડી જુઓ પડી જુઓ !
અહા ! શા મસ્તીમાં આવી હૃદય શો રંગ જામે છે !

પૂરેપૂરા જ હોમાઈ જીવનના યજ્ઞમાં ભાવે,
પ્રભુપ્રીત્યર્થ જે તે કૈં સમર્પીને કરેલું છે !

જીવનનો ભાવ જેમાં છે, હૃદય, જેને ચહેલો છે,
હૃદય તેને જ અર્થે જે કરીએ, વહાલું લાગે છે !

અમારે તો હરિ કાજે હૃદય કરવાનું જે તે છે,
હૃદય ગમ્મત પડે હરિને અમારે એમ જીવવું છે !

હરિઃૐ

## અમે ના એકલા છીએ

જીવનના પ્રેમ સાગરનો કિનારો હાથ લાગ્યો છે,
બધી સિકલ જીવનકેરી અમારી શી ફરી ગઈ છે !

ભલે તે ડૂબીએ દરિયે, અમે ડૂબવા પડેલા ત્યાં,
અમારી બહાર ઊભેલા અરે ! ચિંતા કરો શાને ?

અમારી ના દયા ખાશો, કશો કકળાટ ના કરશો,
હૃદય ફિકર ન કંઈ કરશો, ભલે ડૂબતા જ દેખાઈએ !

અમે ના એકલા ક્યાંયે, જિગર અમ સાથ કોઈક છે !
તમોને તે ન દેખાયે, ભરોંસો શી રીતે દઈએ ?

હરિઃૐ

## અનુભવ શા મીઠાખાટા !

કિનારો ક્યાંય ભાળ્યો ના, જુદે જુદે જુદું મહાલ્યા,
જિગરના પ્રેમસાગરની મહોબત શી રસીલી છે !

જિગરના પ્રેમ લટકાંથી અમે લટ્ટુ થઈ શા તે !
જીવન एના ઈશારાથી અમે જ્યાં ત્યાં ફગાવ્યું છે !


જીવન અફળાયું, ત્યાં ત્યાંના અમે શા વાયરા ખાધા !
અનુભવ શા મીઠાખાટામહીં તુજ સ્વાદ ન્યારો છે !

જુદા જુદા અનુભવમાં, ચરણરસ માત્ર એક જ છે,
અનેકેયે અનુભવનો નિચોડ એકસરખો છે !

હરિઃૐ

# ખંડ - ૧૩

## હવે –



જગતની ફાની દુનિયાની હવે કોને પડેલી છે ?
હવે કાં ભય મને તેનો ભલા ! બતલાવશો ના તે !

હરિઃૐ

## હવે –

તને પૂછ્યા કરી જે તે, હૃદય ચીંધ્યા કરી તુજને-
તને જે તે નિવેદીને અમે જે તે કરેલું છે !

હવે મેળે જ કરવાનું અમે કૈંયે ન રાખ્યું છે,
બધાં પર છાપ તુજ મારી, અમે વ્યવહાર કીધો છે !

હવે ના બાદબાકી કે ન સરવાળો જ કરવાનો,
જીવનમાં કોઈ હિસાબ હવે ના રાખવાનો છે !

હવે વત્તું ન ઓછું છે, બધું જે તે જ સમરસ છે,
તમારાથી થયેલું છે, વળી મંજૂર કરેલું છે !

હરિ:ૐ

## મધલાળ લાગી છે

ખીલેલાં પુષ્પના જેવું જીવન કેવું અમારું છે !
ન કરમાવાપણું હાવાં અમારે તો રહેલું છે !

ખીલેલું ને ખીલેલુંયે, સદાકાળ ખીલેલું છે,
જીવનરસથી જ ઊભરાતું રહેવાનું વહેતુંયે !

જીવનઝરણું થયું વહેતું, ચરણરસના પ્રતાપે જે,
સતત કેવું વહ્યા કરીને જીવનરસ શો વહેતો છે !

હૃદય ચાખી, હૃદય ચાખી હવે મધલાળ લાગી છે,
જીવનના તાર તારે શું હવે બસ એ જ લગની છે !

હરિઃૐ

# નાચવાનું છે

હવે કજિયા નથી કોઈ, ન લડવાનું રહ્યું કૈં છે,
હવે તો તુજ નજર વિશે અમારે નિત્ય રહેવું છે !

અમારી રાજીખુશીથી અમે તુજ પાસ આવીને,
નજર તારી મિલવવાને અમે શું શું કરેલું છે ?

બધું તે બોલવું મિથ્યા, અમો માટે કર્યું તે તે,
ગરજથી શી અમારીયે અમારાથી થયેલું છે !

અમારે તો હવે તારી ગરજ પર જીવવાનું છે,
નજર તારા પરે રાખી, અમારે નાચવાનું છે !

હરિઃૐ

# કશી ના આળપંપાળ

મૂડીમાં જો કશું હોયે ગરીબડા દીનની પાસે,
જતનથી સાચવેલી જે ચરણની માત્ર મૂડી છે !

ચરણની તે મૂડીથી શો બધો વ્યવહાર ચાલે છે !
કશું અટકી પડે છે ના, મળે છે જોઈતું જે તે !

કશી ઈચ્છાય કરવાની ન કૈં ઉમેદ જાગે છે,
જરૂર પડતાં જ તે પહેલાં ખડી કરી તું પ્રભુ દે છે !

સમર્થ કેટલો મોટો ધણી જ્યાં શિર ગર્જે છે,
કશીયે આળપંપાળ હવે કરવાની ના રહે છે !

હરિઃૐ

## અહોભાગ્ય

અમારે તો પ્રભુ તારાં ચરણ ગ્રહીને જ જીવવું છે,
હવે બીજી કશી એવી જીવન મુરાદ ના રહી છે !

સતત તારા ભણી નીરખી, હૃદયથી મીટ માંડી છે,
અમે તુજ દિલ સંગાથે નજર તારી મિલવવાને !

નજર જ્યાં દિલ તુજ મળતાં હૃદય શું કૂદી ઊઠ્યું છે !
બધી સૂધબૂધ ગુમાવીને થયા તરબોળ કેવાયે !

અહા ! તે ધન્ય જીવન છે ! અહા ! શી ધન્ય તે પળ છે !
જીવનનું શું અહોભાગ્ય નજર કે તારી દીઠી છે !

હરિઃૐ

# વહાલની પ્રસાદી

જીવનના પ્રેમની સોબત જગતજનથી ન જીરવાશે,
ન સમજાશે, ન પ્રિછાશે, નકામું વ્યર્થ તે ગણશે !

ભલે તો તેમ હો, તોયે અમારે તેમ પ્યારું છે,
પ્રસાદી તેય વહાલાની, અનુપમ પ્રેમની શી છે !

ખરેખર ચિત્રની શોભા ઊઠવવા ચિત્ર પાછળનું-
રહ્યું અસ્તિત્વ, તે યોગ્ય જીવનને મહાલવા કાજે !

અમારે કાજ જે તે છે જરૂર જ્યારે પડી તે તે-
અમારી પાસ આવ્યું છે, અમે સૌ મહાલી જાણ્યું છે !

હરિઃૐ

# વેશ કાઢ્યો છે

અમારે તો ચરણ તારે હૃદયથી ઝૂઝવાનું છે,
જીવનના શૌર્યની કિંમત જણાવાની હવે શી છે !

હૃદય કૌવત હવે કેવું ! વળી મર્દાનગી શી તે !
હૃદય ન્યોછાવરીની તે હવે કિંમત થવાની છે !

તને વરવાનું ચાહ્યું'તું સરળતામાં પતી જાશે,
તહીં શો આંચકો લાગ્યો ! 'મહામુશ્કેલ કેવું તે ?'

ભલે જો ઊઘલીને શા અમે નીકળ્યા છીએ રંગે,
પૂરેપૂરો ભજવશું તો અમે જે વેશ કાઢ્યો છે !

હરિઃૐ

# અમેયે કેમ છોડીશું !

અમોને નોતરી જમવા રૂડાં પકવાન દર્શાવી,
કંઈક લાલચ શી બતલાવી ! હવે શા છેતર્યા અમને !

જ્યહીં તુજ પાસ આવ્યા છે, ભરી ડિંગો બતાવે છે,
ઉપરથી તું હસે શો તે ! કરે છે મશ્કરી શી તે !

હૃદયનાં પ્રેમ-મહોબતની જીવનમૈત્રી અનેરી છે !
હવે તે ચાખવા વારો અમારો આવિયો શો છે !

અમેયે કેમ છોડીશું ! અમારો વારો જ્યાં આવ્યો-
તને ડગલે જ ને પગલે, પજવી હેરાન શા કરશું !

હરિઃૐ

# હવે કોને પડેલી છે ?

જગતની ફાની દુનિયાની હવે કોને પડેલી છે ?
હવે કાં ભય મને તેનો ભલા ! બતલાવશો ના તે !

ભલું, બૂરું પ્રભુ મુજ શો બધું કરનાર બેઠો છે !
ઉઘાડી આંખવાળો છે, નજર ચોગમ શી એની છે !

ગમે તેયે હોઉં કરતો, ગમે ત્યાંયે હોઉં ભમતો,
મને શો રક્ષનારો તે પૂરો સાવધ રહેલો છે !

અનુભવ જ્યાં હૃદય તેવો અનેકે વાર પ્રગટ્યો છે,
પછી કેવી રીતે બીજું શકે પેસી હૃદયમાં તે !

હરિ:ૐ

# બધું રસબસ થયેલું છે

અમે જીવ્યા, અમે જીવ્યા જીવન નવતર અમે જીવ્યા,
જુદી જુદી નવીન રંગતતણી શી મોજ મહાલી છે !

અમારી મોજની દુનિયા બધી ભીતર રહેલી છે,
ઉમળકો ઊછળે ત્યાં શો નયન ચમકાર ઝબકે છે !

હૃદયમાં મોજ ના માયે, કિનારા સ્પર્શીને ક્યાંયે,
ઉછાળા મારી મારીને કહીંની કહીં જ સ્પર્શે છે !

જ્યહીં જ્યહીં સ્પર્શ લાગ્યો છે, હૃદય ભીનાશ સ્પર્શી છે,
અને શી પુષ્પકુમાશે બધું રસબસ થયેલું છે !

હરિઃૐ

## અનુભવ જેમ વ્યાપ્યો છે

જીવનમાં ભાવ જ્યાં જાગ્યો, બધે ત્યાં ભાવની અસરો-
થયેલી શી અનુભવી છે ! ખબર ત્યારે પડેલી છે !

થતું જે જે અસર તેની અનુભવથી જણાયે છે,
પછી અનુભવ અસર કેવી ઊંડે ઊંડે જ વ્યાપે છે !

બધે વ્યાપી જઈને શી ન કોઈ ઠામ ઠાલું તે,
કશું બાકી ન રાખે છે, છલોછલ કેવી છલકાયે !

અનુભવ જેમ વ્યાપ્યો છે, અસર ઉદ્દામ થયેલી છે,
થતાં તે વ્યાપતાં કેંદ્રે, ભભૂકો શો થયેલો છે !

હરિઃૐ

## અમારો વેશ

પ્રભુથી વ્યાપ્ત દુનિયામાં અમારો વેશ ન્યારો છે,
અનુભવવા, અનુભવવા પ્રભુનો ભાવ કેવો તે !

જૂનાં બદલી અમે ચશ્માં, નવાં ચશ્માં ચઢાવ્યાં છે,
પ્રભુ રંગત નીરખવાને અહા ! તે લહેર કેવી છે !

મહાસાગર ઊછળતો શો ! ન અવધિ જેની ક્યાંયે છે,
બધે સમરસ થઈ કેવો જઈ પીગળી ઠરેલો છે !

હવે તે કોઈને કશુંયે કહેવાનું ન બાકી છે,
અમારું સર્વ કૈં કેવું રસાયેલું રસેથી છે !

હરિ:ૐ

## બધાંની સાથ ભળવાનું

હરિનો રંગ જીવનમાં જરીક લાગી શકે માટે,
બધાંની સાથ ભળવાનું હરિએ તો રખાવ્યું છે !

હરિએ કામ સોંપ્યાં છે, જુદાં જુદાં સ્વજન તે તે-
પ્રભુ તુજ કર્મની ભાળે જીવનમાં શાં મળેલાં છે !

અમારે તો બધાં પાસે પ્રભુનું કામ લેવું છે,
અને તે હેતુને માટે અમોને સૌ મળેલાં છે !

થતું જે તે બધાં માટે કૃપાથી સૌ કરેલું છે,
કશું ફળવું, ન ફળવું તે હરિહાથે રહેલું છે !

હરિઃૐ

## મહોબત

મહોબતની અમારી શી હૃદયની ગોઠડી તે છે,
મહોબતના વિના જીવન, અમારે સર્વ ફોકટ છે !

મહોબત મોખરે રાખી, જીવન જીવવા કરેલું છે,
મહોબત મોજની મસ્તી હૃદયરસથી ફળેલી છે !

મહોબત કૈં ન જાણે છે, કશી હરકત કશાનીયે,
કશા સાથે શું અફળાતાં મહોબત ઓર ઊછળે છે !

મહોબતને સીમા ના છે, સીમા મહોબત ન જાણે છે,
કશાનીયે સીમા જ્યાં ના, મહોબત ત્યાં શી ફાલે છે !

હરિઃૐ

# અમારી ખૂબી

ધણી બેઠો શિરે, જે તે બધું અમ જોઈ લેતો છે,
જીવન હંકારતો અમને ઈશારે શા નયનના તે !

હુકમથી ચાલીએ છીએ છતાં પરવશ નથી ક્યાંયે,
ન લાચારી કશાની છે ખૂબી એવી અમારી છે !

હૃદય સંપૂર્ણ શા તાબે ધણીને તો અમે છીએ !
છતાંયે તે પૂરેપૂરા સ્વતંત્ર મસ્ત શા છીએ !

વિરોધાભાસ કૈં આવો, ઉપરથી લાગતો જે તે,
અમારે દિલ કશું ના તે પરસ્પર એકભાવે છે !

હરિઃૐ

# ગરજ તારી

શરમ કે લાજ કંઈ ના છે, નફ્ફટ કેવો બનેલો છે,
પૂરો નટખટ થયેલો છે, હવે તો તુંય જોઈ લેજે !

અમારે શું ! અમારે શું ! અમારું શું જવાનું છે !
અમારે લાજ શેની છે ! વર્યા જાહેર રીતે તુજને !

અમારી ખોડખાંપણની હવે ફરિયાદ શેની છે ?
હવે તો તેં સ્વીકાર્યો છે, ન જોવાનું અમારે છે !

અમારી સર્વ માથાકૂટ બધી ચાલી ગયેલી છે,
બધી સંભાળ લેવાની ગરજ તારી થયેલી છે !

હરિઃૐ

## હવે વારો અમારો છે

હૃદયમાંયે તને કેવું પજવવાનું ગમે અમને,
કદીક દિલ એમ થાયે કે તને હેરાન કરવો છે !

જલી જલી દિલ શા તુજથી, હૃદય તોબા પુકારી છે,
શું ગલગલિયાં તને કરવા હવે વારો અમારો છે !

ઘડીકમાં હાથ તું આવે, ઘડીક તું દૂર ભાગે છે,
રમત કેવી રમાડીને વખા કેવા પડાવે છે !

પ્રભુ તારું બધું જે તે અમોને દિલ મુબારક છે,
હૃદય ઝૂરવું, થવું રાજી બધું અમને ગનીમત છે !

હરિઃૐ

# પ્રેરણા તે છે

પહેલાં વજ્ર જેવો શો પૂરેપૂરો હૃદય નિશ્ચય,
હવે ઢીલો પૂરો કેવો ઢગ જ જાણે મુલાયમ શો !

હવે આગ્રહ કશા ના છે, કશી સમજણ ન ટેવો છે,
ન કંઈયે આમ કે તેમ, હવે તો ચાલવાનું છે !

હવે મરજી કશી ના છે છતાં જો છે, હરિની છે,
ઈશારો માત્ર એનો છે, જીવનસહકાર માત્ર જ તે !

બધે જેમાં અને તેમાં, હરિ સર્વસ્વ વહાલો છે,
જીવનમાં એ જ ભાવ્યો છે, જીવનની પ્રેરણા તે છે !

હરિઃૐ

## પ્રભુ તેં ઠામ પાડ્યો છે !

ભયંકર કેટલી કેવી પથે ભૂલથાપ ખાધી છે !
કદીક લપ્પડ લગાવીને નયન જોતો કરેલો છે !

મળેલા દેશ, પથ કેવા હતા ના ભાળ જેની તે-
કઈ રીતે સમજવું તે પ્રભુ તેં શિખવાડ્યું છે !

હૃદયથી માનીને સાચું કહીંક આડો જ રખડ્યો છું,
છતાં કરુણા શી વર્ષાવી હૃદય સમજાવ્યું છે સાચું !

નજર જે દૃશ્ય દેખાતું ભલેને દિવ્ય, ભવ્ય જ હો,
મહા શી ભુલભુલવણીમાં પથે એણે પડાવ્યો છે !

કંઈ અણધારી રીતે ત્યાં પથે પડખે જ શી મારે-
ચઢી વહારે, રઝળતાને પ્રભુ તેં ઠામ પાડ્યો છે !

હરિઃૐ

## કશું છાનું ન રાખ્યું છે !

તને ખુલ્લે જ ખુલ્લું સૌ જણાવ્યા મેં કરેલું છે,
જરાકે પણ તારાથી કશું છાનું ન રાખ્યું છે !

થયું જે તે, થતું જે જે, થયા કરતું પથે જે જે-
જણાવી તે સકળ તુજને પથે ચાલ્યા કર્યું મેં છે !

પૂરું પૃથક્કરણ નિર્દય ઊંડામાં ઊંડું ઊતરીને-
કર્યાં કરીને, સમજી જે તે, પથે વર્ત્યાં કરેલું છે !

સહારા તુજ પરે કેવો અટલ વિશ્વાસ હૃદયે કે-
'ગણેલો તુજ મને જ્યાં તેં હૃદય તારો બનાવ્યો છે !'

હરિઃૐ

## જીવનમાં હલમલાવ્યો છે

મને તેં કેટલી વાર જીવનમાં હલમલાવ્યો છે,
હૃદયમાં ભાન એ રીતે મને કેવું જગવિયું છે !

ઊંધે પાટે ચઢી જાતાં ઈશારો શો કરી મુજને-
લઈ રાહે, મને કેવો સીધે પાટે ચઢાવ્યો છે !

પ્રભુ ઉપકાર એવા તે કઈ રીતે ગણાવું હું ?
નભાવ્યો તો નભેલો છું, પનારે તુજ પડેલો છું !

પથે ધપવું કઈ રીતે અને વળી ક્યાં થઈ થઈ તે-
નહોતો ભોમિયો એનો, થયો શો રાહબર પ્રીતે !

હરિ:ૐ

## મને તેં દોરવેલો છે

ગ્રહીને આંગળી મારી મને તેં દોરવેલો છે,
હતી સમજણ ન રસ્તાની કૃપાથી પથ બતાવ્યો છે !

લથડિયાં કહીં કહીં ખાતાં, ટટારી તેં દીધી શી છે !
શૂરાતન બક્ષી શો પાછો સજીવન બાળ કીધો છે !

પ્રભુપથ ચાલતાં બઢતાં પડી મુશ્કેલી શી શી તે !
હૃદય હિંમત દઈ દઈ તેં મને બળ કેવું પૂર્યું છે !

'પ્રભુ મુજ સાથ છે' એવા હૃદયના આત્મવિશ્વાસે-
ભયંકરમાં ભયંકર શા વમળથી ઊગરાયું છે !

હરિ:ૐ

## ઝઝૂમવું એ જ જીવન છે

મહાદ્દુર્લભ, મહામૂલી અખૂટ તે શાંતિને કાજે,
હવે હવાતિયાં મારે ન ક્યાંયે મારવાનાં છે !

અશાંતિ થાય એવાં શાં કૃપાથી દર્દ મળિયાં છે,
છતાં સહેવાય છે ભાવે, પ્રભુની મહેરબાની છે !

ખરેખર વેદનાને તો હૃદયથી વેઠવાની છે,
જીરવવાનું જીવન મોજે, પચવવાનું હૃદયથી છે !

જીવનની પ્રેમમસ્તીથી સહેવું ઊગી નીકળે છે,
સહેવું તે સહેવું ના, ઝઝૂમવું એ જ જીવન છે !

હરિઃૐ

# નવો અવતાર દીધો છે

લથડિયાં ખાઈ ખાઈ શી ગુલાંટો કૈંક ખાધી છે,
બહુ પછડાઈ, છોલાઈ, શું રગદોળાઈ જવાયું છે !

'ગુલાંટે એવી પ્રત્યેક જીવન બદતર થયેલું છે'
ગતાગમ તે પડાવી તેં જીવનપલટો કરાવ્યો છે !

કૃપા ઓચિંતી અણધારી ઝબકી વીજળીની પેઠે તે,
નવાં દર્શન કરાવીને નવો અવતાર દીધો છે !

રહસ્ય જે જૂનામાંનું નરી આંખે બતાવ્યું છે,
ચરણ તેથી ઢળી ઠરવાતણું સુખ તેં અપાવ્યું છે !

હરિઃૐ

## પ્રભુપદ હોમવાનાં છે

અમારે જે સંબંધો છે, કશા અંગત ન તે તે છે,
પ્રભુપ્રીત્યર્થનાં કર્મે અમારે હોમવે ખપ તે-

કૃપાથી કર્મનો યજ્ઞ અમે શો આદરેલો છે,
અને આહુતિ દેવાને બધાં જે તે મળેલાં છે !

પ્રભુની મહેરબાનીથી જીવનને તે ફળવવાને,
નિમિત્ત સંજોગથી પોતે અમોને શાં મળેલાં છે !

મળ્યાં સંબંધી-સંગાથી ખરેખર વાપર્યા વિના-
રહી શકીએ કઈ રીતે ? બધાંને સંભળાવું ક્યાં ?

હૃદય પ્રવેશવા સાધન અમારે પ્રકૃતિ શી છે !
ચરણમાં વાળવાનો કો' અમારો હેતુ પ્રીછે છે ?

મળેલાં સાથ જીવનની અમારી પ્રીત પુરાણી છે,
હૃદયથી પ્રાર્થી, તે સૌને ચરણમાં હોમવાનાં છે !

**॥ હરિઃૐ ॥**

॥ હરિઃૐ ॥

# પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની તવારીખ

**જન્મ : તા. ૪-૯-૧૮૯૮, ભાદરવા વદ ચોથ, સંવત ૧૯૫૪**
સ્થળ : સાવલી, જિ. વડોદરા, નામ : ચૂનીલાલ,
માતા : સૂરજબા, પિતાઃ આશારામ, અટક : ભાવસાર.

**૧૯૧૬ :** પિતાનું અવસાન.

**૧૯૦૫ થી ૧૯૧૮ :** તૂટક અભ્યાસ-સાથે આકરી મજૂરી.

**૧૯૧૯ :** મૅટ્રિક પાસ.

**૧૯૨૦ :** વડોદરા કૉલેજમાં.

**તા. ૬-૪-૧૯૨૦:** કૉલેજ ત્યાગ.

**૧૯૨૦ :** ગૂજરાત વિદ્યાપીઠ પ્રવેશ.

**૧૯૨૧ :** વિદ્યાપીઠનો ત્યાગ. હરિજન સેવાનો આરંભ.

**૧૯૨૨ :** ફેફરુંના રોગથી કંટાળીને ગરુડેશ્વરની ભેખડ ઉપરથી આત્મહત્યાનો પ્રયાસ, દૈવી બચાવ, 'હરિઃૐ' જપથી રોગ મટાડવાનો સફળ પ્રયોગ.

**૧૯૨૨ :** 'મનને'ની રચના.

**૧૯૨૩ :** 'તુજ ચરણે'ની રચના તથા પ્રકાશન.

**૧૯૨૩ :** વસંતપંચમીએ પૂ. શ્રીબાળયોગીજી દ્વારા દીક્ષા. શ્રીકેશવાનંદ ધૂણીવાળા દાદાનાં દર્શને - સાંઈખેડા ગયા. રાત્રે સ્મશાનમાં સાધના અને દિવસભર પ્રભુપ્રીત્યર્થે હરિજન સેવા.

**૧૯૨૪ :** 'તુજ ચરણે' ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૨૬ :** લગ્ન-હસ્તમેળાપ વખતે સમાધિનો અનુભવ.

**૧૯૨૭:** સાકુરીના પૂ. શ્રીઉપાસની બાબાનું નડિયાદમાં આગમન, એમના આદેશ મુજબ સાકુરી જવું-ત્યાં મળમૂત્રની પથારીમાં સાત દિવસ.

**૧૯૨૮ :** હરિજન આશ્રમ, બોદાલમાં સર્પદંશ-પરિણામે 'હરિઃૐ' જપ અખંડ થયો.

**૧૯૨૮ :** પહેલી હિમાલય યાત્રા.

**૧૯૩૦ :** મનની નીરવતાનો સાક્ષાત્કાર.

**૧૯૩૦ થી '૩૨** દરમિયાન સાબરમતી, વીસાપુર, નાસિક અને યરવડા જેલમાં. હેતુ-દેશસેવાનો નહિ, સાધનાનો. સખત પરિશ્રમ અને લાઠીમાર દરમિયાન પ્રભુસ્મરણ-મૌન. વિદ્યાર્થીઓને સમજાવવા વીસાપુર જેલમાં સરળ ભાષામાં શ્રીમદ્ ભગવદ્ગીતાનું વિવરણ લખ્યું-'જીવનગીતા'

**૧૯૩૪ :** સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર.

**૧૯૩૪થી ૧૯૩૯** દરમિયાન હિમાલયમાં અઘોરી બાવા પાસે જવાનું બન્યું, ધુંવાધારના ધોધની પાછળની ગુફામાં સાધના. ચૈત્ર માસમાં છાણાંની ૬૩ ધૂણી ધખાવી નર્મદાકિનારે ખુલ્લામાં શિલા ઉપર નગ્ન બેસીને ૨૮ દિવસની સાધના, શીરડીના સાંઈબાબાનું પ્રત્યક્ષ દર્શન-આદેશ-સાધનાના અંતિમ તબક્કાનું માર્ગદર્શન.

**૧૯૩૯ :** તા. ૨૯-૩-૧૯૩૯ : રામનવમી, સંવત : ૧૯૯૫ કાશીમાં નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર. હરિજન સેવક સંઘમાંથી રાજીનામું. 'મનને'ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૪૦ :** (તા. ૯-૯-૧૯૪૦) વિમાનમાર્ગે અમદાવાદથી કરાંચી જવાનો ગૂઢ હુકમ.

**૧૯૪૧ :** માતાનું અવસાન.

**૧૯૪૨ :** હરિજન સેવક સંઘમાંથી છૂટા થયેલા, છતાં હરિજન કન્યાછાત્રાલય માટે મુંબઈમાં ફાળો ઉઘરાવ્યો. બે વખત સખત પોલીસમાર-દેહાતીત અવસ્થાના પુરાવા.

**૧૯૪૩ :** ૨૪, ફેબ્રુઆરીમાં ગાંધીજીના પેશાબના ઝેરી જંતુઓનું પોતાના પેશાબમાં દર્શન. નૈમિત્તિક તાદાત્મ્યનો અનુભવ.

**૧૯૪૫ :** હિમાલયની યાત્રા-અદ્‌ભુત અનુભવો.

**૧૯૪૬ :** હરિજન આશ્રમ, અમદાવાદ મીરાંકુટિરમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૦ :** દક્ષિણ ભારતના કુંભકોણમ્‌માં કાવેરી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૪**થી સુરતના કુરુક્ષેત્રમાં એક ઓરડીમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૫ :** (તા. ૨૮-૫-૧૯૫૫) નડિયાદ, શેઢી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૬ :** (તા. ૨૩-૪-૧૯૫૬) સુરત, કુરુક્ષેત્રમાં હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૬૨થી ૧૯૭૫ :** શરીરના અનેક રોગો-સતત પ્રવાસ સાથે ૩૬ અધ્યાત્મ-અનુભવ ગ્રંથોનું લેખન-પ્રકાશન.

**૧૯૭૬ :** ફાજલપુર-મહીનદીના કિનારે શ્રી રમણભાઈ અમીનના ફાર્મ હાઉસમાં તા. ૨૩-૭-૧૯૭૬ના રોજ માત્ર છ જણની હાજરીમાં આનંદપૂર્વક દેહત્યાગ. પોતાનું 'ઈંટ-ચૂનાનું સ્મારક ન કરવાનો આદેશ' અને આ નિમિત્તે મળેલી રકમનો ઉપયોગ દૂર ગુજરાતનાં પછાત ગામોમાં પ્રાથમિક શાળાના ઓરડાઓ બંધાવવાના લોકફાળામાં કરવાની સૂચના.

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

## આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિષે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્‌ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**-શ્રીમોટા**

## આશ્રમમાં ઉપલબ્ધ પુસ્તકોની યાદી

| નંબર | પુસ્તકોના વિભાગ | ટોટલ પુસ્તકો |
|---|---|---|
| ૧. | ગદ્ય પુસ્તકો | ૧૪ |
| ૨. | પદ્ય પુસ્તકો | ૫૧ |
| ૩. | શ્રીમોટા ટેપવાણી | ૧૨ |
| ૪. | પ્રવચન વાણી | ૭ |
| ૫. | સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો | ૯ |
| ૬. | સ્વજનોની અનુભવકથા તથા સ્મૃતિગ્રંથ | ૮ |
| ૭. | સંકલિત પુસ્તકો | ૨૨ |
| ૮. | જીવનકવન | ૧૧ |
| ૯. | અન્ય પુસ્તકો | ૧૪ |
| ૧૦. | હિંદી પુસ્તકો | ૧૫ |
| ૧૧. | અંગ્રેજી પુસ્તકો | ૨૨ |
| ૧૨. | કેલેન્ડર (દીવાલ અને ટેબલ) | ૧ |

### પૂજ્ય શ્રીમોટા વિરચિત ગદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસંગ્રામ | ૧૯૪૬ |
| ૨. | જીવનંસંદેશ | ૧૯૪૮ |
| ૩. | જીવનપાથેય | ૧૯૪૯ |
| ૪. | જીવનપ્રેરણા | ૧૯૫૦ |
| ૫. | જીવનપગરણ | ૧૯૫૧ |
| ૬. | જીવનપગથી | ૧૯૫૧ |
| ૭. | જીવનમંડાણ | ૧૯૫૨ |
| ૮. | જીવનસોપાન | ૧૯૫૨ |
| ૯. | જીવનપ્રવેશ | ૧૯૫૩ |
| ૧૦. | જીવનપોકાર | ૧૯૫૪ |
| ૧૧. | હરિજન સંતો | ૧૯૫૪ |
| ૧૨. | જીવનમંથન | ૧૯૫૬ |
| ૧૩. | જીવનસંશોધન | ૧૯૫૭ |
| ૧૪. | જીવનદર્શન | ૧૯૫૯ |

### પૂજ્ય શ્રીમોટા વિરચિત પદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મનને | ૧૯૨૨ |
| ૨. | તુજ ચરણે | ૧૯૨૩ |
| ૩. | નર્મદાપદે | ૧૯૨૭ |
| ૪. | જીવનગીતા (નાની) | ૧૯૩૨ |
| ૫. | હૃદયપોકાર | ૧૯૪૪ |
| ૬. | જીવનપગલે | ૧૯૪૪ |
| ૭. | શ્રીગંગાચરણે | ૧૯૪૫ |
| ૮. | કેશવ ચરણ કમળે | ૧૯૪૬ |
| ૯. | કર્મગાથા | ૧૯૪૬ |
| ૧૦. | પ્રણામ પ્રલાપ | ૧૯૪૭ |
| ૧૧. | પુનિત પ્રેમગાથા | ૧૯૪૭ |
| ૧૨. | જીવનગીતા (મોટી) | ૧૯૫૩ |

૧૩. આર્તપોકાર ૧૯૫૪
૧૪. અભ્યાસીને ૧૯૬૭
૧૫. જિજ્ઞાસા ૧૯૭૦
૧૬. ભાવ ૧૯૭૧
૧૭. જીવનઝલક ૧૯૭૧
૧૮. જીવનસૌરભ ૧૯૭૧
૧૯. જીવનઅનુભવગીત ૧૯૭૧
૨૦. જીવનસ્મરણ ૧૯૭૧
૨૧. શ્રદ્ધા ૧૯૭૧
૨૨. જીવનલહરી ૧૯૭૧
૨૩. જીવનતપ ૧૯૭૨
૨૪. જીવનરસાયણ ૧૯૭૨
૨૫. જીવનઆહ્‌લાદ ૧૯૭૨
૨૬. રાગદ્વેષ ૧૯૭૨
૨૭. નિમિત્ત ૧૯૭૨
૨૮. ગુણવિમર્શ ૧૯૭૨
૨૯. જીવનસ્પંદન ૧૯૭૩
૩૦. જીવનરંગત ૧૯૭૩
૩૧. જીવનકથની ૧૯૭૩
૩૨. જીવનસ્મરણસાધના ૧૯૭૩
૩૩. જીવનમથામણ ૧૯૭૩
૩૪. પ્રેમ ૧૯૭૩
૩૫. મોહ ૧૯૭૩
૩૬. કૃપા ૧૯૭૩
૩૭. સ્વાર્થ ૧૯૭૩
૩૮. શ્રીસદ્‌ગુરુ ૧૯૭૩
૩૯. કર્મઉપાસના ૧૯૭૩
૪૦. જીવનચણતર ૧૯૭૪
૪૧. જીવનઘડતર ૧૯૭૪
૪૨. જીવનપગદંડી ૧૯૭૪
૪૩. જીવનકેડી ૧૯૭૪
૪૪. ભાવકણિકા ૧૯૭૪
૪૫. ભાવરેણુ ૧૯૭૪
૪૬. ભાવજ્યોતિ ૧૯૭૪
૪૭. ભાવપુષ્પ ૧૯૭૪
૪૮. ભાવહર્ષા ૧૯૭૫
૪૯. જીવનપ્રભાત ૧૯૭૫
૫૦. જીવનપ્રવાહ ૧૯૭૫
૫૧. મૌનાર્થીને માર્ગદર્શન ૨૦૦૩

•

## પૂજ્ય શ્રીમોટા ટેપવાણી

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શેષ-વિશેષ | ૧૯૮૯ |
| ૨. | જન્મ-પુનર્જન્મ | ૧૯૮૯ |
| ૩. | તદ્રૂપ-સર્વરૂપ | ૧૯૯૦ |
| ૪. | એકીકરણ-સમીકરણ | ૧૯૯૦ |
| ૫. | જીવતા નર સેવીએ | ૧૯૯૧ |
| ૬. | અગ્રતા-એકાગ્રતા | ૧૯૯૧ |
| ૭. | જોડા-જોડ | ૧૯૯૨ |
| ૮. | અન્વય-સમન્વય | ૧૯૯૨ |
| ૯. | શ્રીમોટાવાણી ૧ થી ૧૪ (૭ પુસ્તકો) | ૧૯૯૨ થી ૧૯૯૫ |
| ૧૦. | ગ્રહ-ગ્રહણ | ૧૯૯૩ |
| ૧૧. | દક્ષિણ ભારતનાં સ્વજનોને સંબોધન | ૨૦૦૬ |
| ૧૨. | શ્રી ઝીણાકાકા સાથે વાર્તાલાપ | ૨૦૧૫ |

•

## પૂજ્ય શ્રીમોટાનાં પ્રવચનનાં પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટા સાથે વાર્તાલાપ | ૧૯૭૯ |
| ૨. | મૌનએકાંતની કેડીએ | ૧૯૮૨ |
| ૩. | મૌનમંદિરનું હરિદ્વાર | ૧૯૮૩ |
| ૪. | મૌનમંદિરનો મર્મ | ૧૯૮૪ |
| ૫. | મૌનમંદિરમાં પ્રભુ | ૧૯૮૫ |
| ૬. | મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા | ૧૯૮૫ |
| ૭. | મૌનમંદિરમાં હરિસ્મરણ | ૨૦૧૫ |

●

## પૂજ્ય શ્રીમોટાનાં સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મુક્તાત્માનો પ્રેમસ્પર્શ | ૧૯૮૦ |
| ૨. | દાંપત્ય ભાવના | ૧૯૮૦ |
| ૩. | સંતહૃદય | ૧૯૮૩ |
| ૪. | ધનનો યોગ | ૧૯૮૪ |
| ૫. | પગલે પગલે પ્રકાશ | ૧૯૮૯ |
| ૬. | સમય સાથે સમાધાન | ૧૯૯૩ |
| ૭. | શ્રીમોટા પત્રાવલિ ૧/૨ | ૧૯૯૫ |
| ૮. | કેન્સરની સામે | ૨૦૦૨ |
| ૯. | હસતું મૌન | ૨૦૦૪ |

●

## સ્વજનોની અનુભવકથા

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | આશ્રમની અટારીએથી | ૧૯૮૧ |
| ૨. | શ્રીમોટાની સાથે સાથે | ૧૯૯૦ |
| ૩. | શ્રીમોટા સાથે હિમાલયયાત્રા | ૧૯૯૪ |
| ૪. | શ્રીમોટાની મહત્તા | ૧૯૯૫ |
| ૫. | મળાયું પણ ભળાયું નહિ | ૧૯૯૫ |
| ૬. | મળ્યા ફળ્યાની કેડી | ૨૦૦૧ |
| ૭. | મોટા - મારી મા | ૨૦૦૩ |

●

## સ્મૃતિગ્રંથ

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસ્ફુલિંગ | ૧૯૭૩ |

●

## સંકલિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનપરાગ | ૧૯૬૩ |
| ૨. | સંતવાણીનું સ્વાગત (તમામ પુસ્તકોની પ્રસ્તાવનાનું સ્વતંત્ર પુસ્તક) | ૧૯૭૭ |
| ૩. | અંતિમ ઝાંખી | ૧૯૭૮ |
| ૪. | વિધિ-વિધાન | ૧૯૮૨ |
| ૫. | સુખનો માર્ગ | ૧૯૮૩ |
| ૬. | પ્રાર્થના | ૧૯૮૪ |
| ૭. | લગ્ને હજો મંગલમ્ | ૧૯૮૫ |
| ૮. | નિરંતર વિકાસ | ૧૯૮૭ |
| ૯. | સમર્પણગંગા | ૧૯૮૯ |
| ૧૦. | જન્મમૃત્યુના રાસ | ૧૯૮૯ |
| ૧૧. | નામસ્મરણ | ૧૯૯૨ |
| ૧૨. | શ્રીમોટા અને શિક્ષણ | ૧૯૯૪ |
| ૧૩. | ફનાગીરીનો નિર્ધાર | ૧૯૯૬ |
| ૧૪. | પૂજ્ય શ્રીમોટા વચનામૃત ૧ થી ૪ (૧ પુસ્તક) | ૧૯૯૬ |
| ૧૫. | પ્રસન્નતા | ૧૯૯૭ |
| ૧૬. | ભગતમાં ભગવાન | ૨૦૦૦ |

| | |
|---|---|
| ૧૭. દુર્લભ દેહ મનુષ્યનો | ૨૦૦૭ |
| ૧૮. દૈવાસુર સંગ્રામ | ૨૦૦૭ |
| ૧૯. પ્રસાદી (ગુજરાતી) | ૨૦૦૮ |
| ૨૦. પૂજ્ય શ્રીમોટાના બે બોલ (તમામ પુસ્તકોમાંથી લેખકના બે બોલનું સ્વતંત્ર પુસ્તક) | ૨૦૧૪ |
| ૨૧. જીવનયોગ ભાગ ૧ અને ૨ | ૨૦૧૬ |
| ૨૨. બુદ્ધિ | ૨૦૧૭ |

•

## જીવનકવન

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવન અને કાર્ય ભાગ-૧,૨ | ૧૯૭૫ |
| ૨. | પારસલીલા | ૧૯૭૫ |
| ૩. | તરણામાંથી મેરુ | ૧૯૭૬ |
| ૪. | વિદ્યાર્થી મોટાનો પુરુષાર્થ | ૧૯૮૯ |
| ૫. | મહામના અબ્રાહમ લિંકન | ૧૯૯૩ |
| ૬. | પ્રેરક વિભૂતિ મહાત્મા ગાંધી | ૧૯૯૪ |
| ૭. | શ્રીકેશવાનંદજી ધૂણીવાળા દાદા | ૧૯૯૬ |
| ૮. | ગોધરાના બાપજીનું જીવનચરિત્ર | ૧૯૯૮ |
| ૯. | મારી સાધનાકથા | ૨૦૦૫ |
| ૧૦. | પૂજ્ય શ્રીમોટાના વહાલા ઝીણાભાઈ | ૨૦૦૫ |
| ૧૧. | જીવન સાર્થકતાની કેડીએ પૂજ્ય શ્રીમોટાના વહાલા ‘ભાઈ’ શ્રી નંદુભાઈની સંક્ષિપ્ત જીવનવિકાસગાથા ભાગ-૧ અને ૨ | ૨૦૨૦ |

•

## અન્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટાચરણે | ૧૯૭૦ |
| ૨. | બાળકોના મોટા | ૧૯૮૦ |
| ૩. | શ્રીમોટા ચિત્રકથા | ૧૯૮૭ |
| ૪. | આહુતિ મંત્ર અને આરતી | ૧૯૯૫ |
| ૫. | હરિઃૐ આશ્રમ શ્રીભગવાનના અનુભવ કાજેનું સ્થળ | ૧૯૯૬ |
| ૬. | કૃપાયાચના શતકમ્ | ૧૯૯૬ |
| ૭. | ધ્યેય અને ધ્યાન | ૨૦૦૦ |
| ૮. | ચિદાકાશ | ૨૦૦૦ |
| ૯. | પ્રાર્થના પોથી | ૨૦૧૦ |
| ૧૦. | શ્રીમોટા ઉપલબ્ધિ અને ઉપદેશ | ૨૦૧૪ |
| ૧૧. | શ્રીમોટા ચરણે આંતર પ્રવેશ | ૨૦૧૬ |
| ૧૨. | શ્રીમોટા ચરણે ત્રિભાષી (ગુ. હિં. અં.) | ૨૦૧૮ |
| ૧૩. | બધું આપણામાં જ છે | ૨૦૧૮ |
| ૧૪. | સમર્થ સદ્‌ગુરુ પૂજ્ય શ્રીમોટા | ૨૦૧૮ |

•

## हरिःॐ आश्रम में उपलब्ध हिंदी पुस्तिका का लिस्ट

| क्रम | पुस्तक | प्र.आ. |
|---|---|---|
| १. | पूज्य श्रीमोटा एक संत | १९९७ |
| २. | कैंसर का प्रतिकार | २००८ |
| ३. | सुख का मार्ग | २००८ |
| ४. | दुर्लभ मानवदेह | २००९ |
| ५. | प्रसादी | २००९ |
| ६. | नामस्मरण | २०१० |
| ७. | हरिःॐ आश्रम – श्रीभगवान के अनुभव का स्थान | २०१० |
| ८. | श्रीमोटा के साथ वार्तालाप | २०१२ |
| ९. | विवाह हो मंगलम् | २०१२ |
| १०. | बालकों के मोटा | २०१२ |
| ११. | विद्यार्थी मोटा का पुरुषार्थ | २०१२ |
| १२. | मौनमंदिर का मर्म | २०१३ |
| १३. | मौनमंदिर का हरिद्वार | २०१३ |
| १४. | मौनएकांत की पगडंडी पर | २०१३ |
| १५. | मौनमंदिर में प्रभु | २०१४ |

●

## હરિઃૐ આશ્રમમાં ઉપલબ્ધ અંગ્રેજી પુસ્તકોની યાદી. જાન્યુઆરી - ૨૦૨૦

**English books available at Hariom Ashram Surat.**
**January - 2020**

| No. | Book | F. E. |
|---|---|---|
| 1. | At Thy Lotus Feet (Tuj Charane) | 1948 |
| 2. | To The Mind (Man ne) | 1950 |
| 3. | Life's Struggle (Jeevan Sangram) | 1955 |
| 4. | The Fragrance of a Saint (Paraslila) | 1982 |
| 5. | Vision of Life - Eternal | 1990 |
| 6. | Bhava | 1991 |
| 7. | Nimitta | 2005 |
| 8. | Self-interest (Swarth) | 2005 |
| 9. | Inquisitiveness (Jignasa) | 2006 |
| 10. | Shri Mota | 2007 |
| 11. | Rites and Rituals (Vidhi-Vidhan) | 2007 |
| 12. | Naamsmaran | 2008 |
| 13. | Mota for Children (Balako na Mota) | 2008 |
| 14. | Against Cancer (Cancer ni Same) | 2008 |
| 15. | Faith (Shraddha) | 2010 |
| 16. | Shri Sadguru | 2010 |
| 17. | Human to Divine (Bhagat ma Bhagwan) | 2010 |
| 18. | Prasadi | 2011 |
| 19. | Grace (Krupa) | 2012 |
| 20. | I Bow at Thy Feet (Tuj Charane) | 2013 |
| 21. | Attachment and Aversion (Raag Dhwesh) | 2015 |
| 22. | The Undending Odyssey - My Experience of Sadguru Sri Mota's Grace | 2019 |

●

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥




(ગઝલ)

**હરિનો રંગ જીવનમાં જરીક લાગી શકે માટે,**
**બધાંની સાથ ભળવાનું હરિએ તો રખાવ્યું છે!**
**અમારે તો બધાં પાસે પ્રભુનું કામ લેવું છે,**
**અને તે હેતુને માટે અમોને સૌ મળેલાં છે!**

'જીવનઅનુભવગીત', ચોથી આવૃત્તિ, પૃ. ૪૬૪

**- શ્રીમોટા**

કિંમત : રૂ. ૨૫/-